# નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો

બેલા ઠાકર



ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૩૮૦૦૧૪

આદિવાસી સંશોધન શ્રેણી પુ. ૩૪

# નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો

(કે. કે. બિરલા ફાઉન્ડેશન ફેલોશીપ અંતર્ગત કરેલ સંશોધન અભ્યાસ)

બેલા ઠાકર

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ : ૩૮૦ ૦૧૪.

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ : ૩૮૦ ૦૧૪.

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, જૂન ૧૯૯૬
પ્રત : ૧,૦૫૦
કિંમત રૂપિયા ૧૦૦.૦૦

મુદ્રણ
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય,
અમદાવાદ : ૩૮૦ ૦૧૪.

Adivasi Samshodhan Shreni-34

# Tribal Women in White-collar Jobs : Problems of Ethnic Identity and Social Change

(A Research Project sponsored under K. K. Birla Foundation Fellowship)

BELA THAKER

GUJARAT VIDYAPITH
Ahmedabad-380 014

Publisher
Vinod Revashankar Tripathi
Secretary, Gujarat Vidyapith Mandal,
Gujarat Vidyapith,
Ahmedabad-380 014

First Edition June, 1996
Copies 1,050
Price : Rs. 100.00

© Gujarat Vidyapith

Printer
Jitendra T. Desai
Navajivan Mudranalaya
Ahmedabad-380 014

# આમુખ

સિત્તેરના દાયકાના પ્રારંભથી શરૂ થયેલ વર્તમાન તબક્કામાં સ્ત્રીઓના શ્રમ અને રોજગારીના વિષયને તથા પર્યાવરણ પરના પ્રભાવને સંશોધનકાર્યમાં મહત્ત્વનું સ્થાન મળ્યું છે. આ દાયકાની સ્ત્રીઓની ઉન્નતિ માટેના કાર્યક્રમો અને નીતિવિષયક બાબતો અંગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નિર્ણાયક પગલાં લેવાયાં છે.

છેલ્લા બે દાયકાઓમાં બે સમાંતર પ્રવાહો પ્રગટ્યા છે. એક છે સ્ત્રીઓ અને વિકાસ વિશેનું સાર્વજનિક ચિંતન, બીજો છે નારીવાદી આંદોલન. સદીઓથી પોતાને મુક્ત કરવા દબાયેલા મહિલા સમાજે પોતે જુવાળ પ્રગટાવ્યો છે. આ વિશે વિશ્વભરનાં સ્ત્રી-સંગઠનો સક્રિય થઈ રહ્યાં છે.

આપણા દેશમાં પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. આઝાદી પહેલાં જેમનામાં સાક્ષરતાનું પ્રમાણ લગભગ નહીંવત્ હતું તે આદિવાસી સમાજમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને છેલ્લા બે દાયકાઓથી તો ઘણી આદિવાસી સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લઈને જુદા જુદા વ્યવસાયોમાં અગ્રેસર બની રહી છે.

બેલા ઠાકરે 'નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો'એ વિષય પર કરેલા આ સંશોધનકાર્યમાં સુશિક્ષિત અને નોકરી કરતી આદિવાસી મહિલાઓ અંગે આગવો અને ગહન અભ્યાસ કર્યો છે. ભારતમાં આદિવાસી સમાજમાં પ્રવર્તતી બે પરસ્પર વિરોધાભાસી હકીકતો તેમણે નોંધી છે. એક છે આદિવાસી ઓળખને ચોક્કસ અને સ્પષ્ટ રીતે રેખાંકિત કરતાં ચિહ્નોનો અભાવ અને બીજી હકીકત છે ભારતમાં આદિવાસી પહેચાનનું નોંધપાત્ર કહી શકાય તેટલું મોટું પ્રમાણ.

આ સંશોધનકાર્યમાં બેલા ઠાકરે નોકરિયાત આદિવાસી મહિલાઓને શિક્ષિકા, નર્સ કે ટાઈપિસ્ટ જેવા મર્યાદિત વિભાગોમાંથી લેવાને બદલે શહેરી અર્થવ્યવસ્થાના વધુ વ્યાપક વિભાગોમાંથી પસંદ કરી છે, તે આવકાર્ય છે. અહીં તેમણે પરંપરા અને આધુનિકતા વચ્ચેના સંઘર્ષ અને તેમના દ્વન્દ્વ તરીકે નોકરિયાત આદિવાસી મહિલાઓની પરિસ્થિતિને નિરૂપી છે જેને જૂનાં અને નવીન વચ્ચે સંતુલન જાળવવાની એક સતત પ્રક્રિયાના રૂપમાં જોવામાં આવી છે.

આધુનિક દુનિયામાં આદિવાસી સમાજનું આગવાપણું ત્યારે જ અર્થપૂર્ણ બને જ્યારે તેનાં પોતાનાં અંતર્ગત સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનો આદર કરીને તેમને બૃહદ સમાજમાં સંમિલિત કરવામાં આવે.

આ પુસ્તક આદિવાસી મહિલાઓ અને તેમની ઉન્નતિનાં કાર્યો વિશે રસ ધરાવનાર સંશોધકોને ઉપયોગી થાય એમ છે. આદિવાસી મહિલાઓના વિકાસ માટે અનેક નીતિવિષયક પ્રશ્નોને અભ્યાસીઓ અને આયોજકોએ વિચારણા માટે અલગ તારવ્યા છે ત્યારે બેલા ઠાકરનું આ સંશોધનકાર્ય આદિવાસી મહિલાઓના વર્તમાન દરજ્જા અને તેમના ભાવિ અંગે ચાલતી ચર્ચાવિચારણામાં મૂલ્યવાન ફાળો આપનારું સાબિત થશે એવી આશા છે.

૧૫-૬-૧૯૯૬ — **રામલાલ પરીખ**
અમદાવાદ. — કુલનાયક

## અર્પણ

# પૂ. પપ્પા – મમ્મીને...

## ઋણસ્વીકાર

'નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો' એ વિષય ઉપર ઊંડાણપૂર્વક સંશોધન કરવા માટે મને ૧૯૯૩-'૯૪ની પત્રકાર માટેની એક વર્ષની ફેલોશીપ આપવા બદલ કે. કે. બિરલા ફાઉન્ડેશન(નવી દિલ્હી)ની હું અત્યંત આભારી છું. આ ફેલોશીપ હેઠળ મેં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓમાં આવેલાં સામાજિક પરિવર્તનો પર સંશોધનકાર્ય કર્યું, જે અહીં પુસ્તક તરીકે પ્રકાશિત થયું છે.

૧૯૯૨માં ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાઈ ત્યારે સહુ પ્રથમ વાર હું આ સંસ્થામાં એમ.એ. અને એમ.ફિલ. કક્ષાનો ઉચ્ચ અભ્યાસ કરતી આદિવાસી યુવતીઓના મોટા જૂથ સાથે સંપર્કમાં આવી. છેક વલસાડ, સુરત અને પંચમહાલનાં નાનાં ગામડાંઓમાંથી અમદાવાદ આવીને આટલી બધી આદિવાસી યુવતીઓ ઉચ્ચ શિક્ષણ લે છે એનો તો આ પહેલાં બિલકુલ ખ્યાલ જ નહોતો. નોકરી મેળવવા માટે આ આદિવાસી યુવતીઓ ઉચ્ચ શિક્ષણ લઈ રહી છે. આ યુવતીઓ સાથેની વારંવાર વાતચીત દ્વારા ખ્યાલ આવ્યો કે પોતાની આદિવાસી પરંપરા અને શહેરી સંસ્કૃતિ બન્ને વચ્ચે તેઓ એક પ્રકારનો સંઘર્ષ અનુભવી રહી છે અને સામાજિક પરિવર્તનના સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહી છે.

ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના પ્રાધ્યાપકો અને સંશોધકો સાથેની ચર્ચાઓ અને મુલાકાતો દરમિયાન ગુજરાતની આદિવાસી જાતિઓ અને તેમનામાં આવી રહેલાં પરિવર્તનો વિષે વધુ જાણકારી મળી. આદિવાસી મહિલાઓમાં છેલ્લા બે દાયકાઓથી શિક્ષણ અને નોકરીનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધી રહ્યું છે તે પણ જાણવા મળ્યું. સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર જેવાં શહેરોમાં હાલ ઘણી આદિવાસી મહિલાઓ નોકરી કરી રહી છે. તેમનામાં આવી રહેલાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનો વિષે ગુજરાતમાં હજુ સુધી કોઈ સંશોધન નથી થયું, જે કરવું આ તબક્કે મને ઘણું મહત્ત્વનું જણાતાં 'નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો' એ વિષય સંશોધન માટે નક્કી કર્યો.

સંશોધન માટે વિષય, સંશોધનપદ્ધતિ, અભ્યાસનું ક્ષેત્ર વગેરે નક્કી કરવામાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના અધ્યક્ષ પ્રા. આર. બી. લાલે મને કીમતી માર્ગદર્શન પૂરું પાડ્યું. તદ્ઉપરાંત કેન્દ્રના તમામ પ્રાધ્યાપકોએ સંશોધન દરમિયાન મને અવારનવાર મદદ કરી. ગૂજરાત વિદ્યાપીઠના શ્રી કનુભાઈ નાયક તથા અન્ય સભ્યોએ પણ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું.

ગુજરાતના આદિવાસી લોકો, એમના પારંપરિક રીતરિવાજો, સંસ્કૃતિ, કલા – આ બધા અંગે પ્રખ્યાત માનવશાસ્ત્રી શ્રી હકુભાઈ શાહ સાથેની અવારનવાર ચર્ચાથી મને વિષયને સમજવાની એક નવીન દૃષ્ટિ અને વ્યાપક સમજ મળી.

સુરત જિલ્લાનાં આદિવાસી ગામડાંઓની મુલાકાત દરમિયાન વાલોડમાં 'વેડછી પ્રદેશ સેવા સમિતિ'ના મંત્રી શ્રી બાબુભાઈ શાહે સંસ્થાના કાર્યકરો સાથે આજુબાજુનાં આદિવાસી ગામડાંઓની મુલાકાત ગોઠવી આપી અને મને દરેક પ્રકારે સહાય પૂરી પાડી. શ્રી બાબુભાઈ તેમ જ તેમનાં પત્ની તરલાબહેન ઘણા દાયકાઓથી આ વિસ્તારની આદિવાસી પ્રજાના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે કાર્યરત છે. તેમણે મારા સંશોધનકાર્યમાં ખૂબ જ રસ દાખવ્યો અને આદિવાસીઓની પરંપરા, તેમના સમાજમાં સ્ત્રીનું સ્થાન અને મોભો, તેમના રીતરિવાજો અને ખાસ તો છેલ્લાં થોડાં વર્ષોથી શહેરી સમાજના સંપર્ક અને શિક્ષણને લીધે તેમનામાં આવી રહેલાં પરિવર્તનો વિશે મને ખૂબ જ ઉપયોગી અને પ્રમાણભૂત માહિતી પૂરી પાડી.

આદિવાસી ગામડાંના લોકો અને ખાસ કરીને સ્ત્રીઓએ મારા પ્રશ્નોના ખૂબ જ નિખાલસતાથી અને ભાવપૂર્વક જવાબો આપ્યા. એટલું ઓછું હોય તેમ તદ્દન નિ:સ્વાર્થભાવે મારો પ્રેમપૂર્વક આતિથ્યસત્કાર કર્યો અને તેમના સરળ, માયાળુ, લાગણીસભર સ્વભાવનો મને પરિચય કરાવ્યો.

સંશોધનકાર્ય દરમિયાન અમદાવાદની 'સેતુ' સંસ્થાના શ્રી અચ્યુત યાજ્ઞિકે આદિવાસી પ્રજા સાથેના તેમના બહોળા સંપર્ક અને અનુભવનો તેમ જ તેમની સમૃદ્ધ લાઈબ્રેરીનો મને ઘણો લાભ આપ્યો.

સંશોધનકાર્ય માટે પ્રશ્નાવલિની રચનાથી માંડીને વિશ્લેષણ સુધીના તમામ તબક્કાઓમાં ડૉ. બેલાબહેન ત્રિવેદી અને શ્રી ગૌરાંગભાઈ જાનીએ મને સ્વજન જેવી ગણીને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું.

ક્ષેત્રકાર્ય દરમિયાન તમામ ઉત્તરદાતા મહિલાઓએ મને ખૂબ જ સુંદર સહકાર આપ્યો. ઘર અને નોકરીની બેવડી જવાબદારીમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં તેમણે પ્રશ્નાવલિ ભરવા માટે અને મુલાકાત માટે મને પૂરતો સમય આપ્યો અને મારા પ્રશ્નોના વિગતે ઉત્તરો આપ્યા. મુલાકાત માટે કેટલીક ઉત્તરદાતા મહિલાઓના ઘરે ગઈ ત્યારે તેમના પરિવારજનોએ પણ મને ઉમળકાભેર આવકાર આપ્યો અને મને જોઈતી માહિતી પૂરી પાડી.

મારા સંશોધનકાર્યમાં સહાય કરનાર આ તમામ વ્યક્તિઓની હું ઋણી છું અને તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

મારી પ્રગતિમાં અને કારકિર્દીમાં જેમણે હંમેશાં ઊંડો રસ લીધો છે, મને વારંવાર પ્રોત્સાહિત કરી છે અને મારી નૈતિક હિંમત વધારીને જ્યાં જરૂર પડે ત્યાં મને મદદ કરી છે એવાં પૂ. પપ્પા-મમ્મી અને અંગત મિત્રોનો આભાર કયા શબ્દોમાં વ્યક્ત કરું?

ગુજરાત વિદ્યાપીઠે હંમેશાં નવાં નવાં સંશોધનો પ્રગટ કરવા ઉત્સાહ દાખવ્યો છે અને તેના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસીઓને લગતાં અનેક સંશોધનાત્મક અને માહિતીલક્ષી પુસ્તકો પ્રગટ થયાં છે. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા મારું આ પુસ્તક પ્રકાશિત થયું છે તેનો મને અત્યંત આનંદ છે. મારા સંશોધન-અભ્યાસને પુસ્તકરૂપે પ્રકાશિત કરવા બદલ ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલનાયક શ્રી રામલાલભાઈ પરીખ તથા કુલસચિવ શ્રી વિનોદભાઈ ત્રિપાઠીની હું ખૂબ જ આભારી છું. પુસ્તકનું મુખપૃષ્ઠ ઉમળકાભેર તૈયાર કરી આપવા બદલ મનવરભાઈ તથા અશોકભાઈનો હું દિલથી આભાર માનું છું.

હું માનવશાસ્ત્ર કે સમાજશાસ્ત્રની ઊંડી અભ્યાસી નથી. આ સંશોધનકાર્ય મેં એક પત્રકાર તરીકે કર્યું છે અને વિષય અંગે બને તેટલી માહિતી એકત્રિત કરી તેને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. મારા અભ્યાસમાં અને વિશ્લેષણો કે અર્થઘટનોમાં ક્યાંક ક્ષતિઓ રહી હોવાનો પૂરો સંભવ છે, પરંતુ વિષયની નવીનતા અને સંશોધનકાર્યની સમયમર્યાદાને ધ્યાનમાં લેતાં, વિષયના નિષ્ણાતો આ ક્ષતિઓને દરગુજર કરશે તેવી મને આશા છે.

ગુજરાતમાં નોકરિયાત આદિવાસી મહિલાઓનાં જીવનમાં આવી રહેલાં પરિવર્તનો વિષે આ અગાઉ કોઈ મહત્ત્વનું સંશોધનકાર્ય નથી થયું. આ સંદર્ભમાં આ અભ્યાસ આ વિષયના વિદ્યાર્થીઓ, સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ, આદિવાસીઓ માટે નીતિઓ ઘડનારા વહીવટી અધિકારીઓ અને આદિવાસીઓ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને જો કોઈક રીતે ઉપયોગી નીવડશે તો મારું આ કાર્ય સાર્થક સમજીશ.

અમદાવાદ

૫ માર્ચ, ૧૯૯૬

**બેલા ઠાકર**



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | આમુખ | ૫ |
| | ઋણસ્વીકાર | ૮ |
| | કોઠાસૂચિ | ૧૦ |
| **ક્રમ** | **પ્રકરણ** | **પૃષ્ઠ** |
| ૧ | પ્રસ્તાવના | ૧ |
| ૨ | સંશોધન પદ્ધતિ | ૫ |
| ૩ | ગુજરાતના આદિવાસીઓ : એક રેખાચિત્ર — દક્ષિણ ગુજરાતના આદિવાસી ગ્રામજીવનની એક ઝલક | ૧૨ |
| ૪ | ઉત્તરદાતાઓની વસતીવિષયક માહિતી અને કૌટુંબિક પૃષ્ઠભૂમિ | ૩૦ |
| ૫ | શિક્ષણ અને નોકરી : બદલાયેલો સામાજિક દરજ્જો અને ભૂમિકા | ૪૪ |
| ૬ | લગ્ન અને સામાજિક માન્યતાઓ | ૫૪ |
| ૭ | સામાજિક-સાંસ્કૃતિક પરંપરા : સાતત્ય અને પરિવર્તન | ૬૩ |
| ૮ | સામાજિક સંગઠન અને સંપર્કની તરાહમાં આવેલાં પરિવર્તનો | ૭૫ |
| ૯ | સમૂહ માધ્યમો પ્રત્યેની અભિમુખતા અને તેની અસરો | ૮૮ |
| ૧૦ | પ્રજાતીય ઓળખ અંગે નોકરિયાત આદિવાસી મહિલાઓનું દૃષ્ટિબિંદુ અને મનોવલણ | ૯૪ |
| ૧૧ | ઉપસંહાર | ૧૦૫ |
| ૧૨ | પરિશિષ્ટ-૧ : પ્રશ્નાવલિ | ૧૧૪ |
| | પરિશિષ્ટ-૨ : સંદર્ભસૂચિ | ૧૩૪ |
| | તસવીરો | ૧૩૭ |

## કોઠાસૂચિ


| કોઠા નં. | કોઠા નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ઉત્તરદાતાઓનું શહેર પ્રમાણે વર્ગીકરણ | ૩૦ |
| ૨. | ઉત્તરદાતાઓનું જાતિવાર વર્ગીકરણ | ૩૦ |
| ૩. | ઉત્તરદાતાઓનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૩૨ |
| ૪. | ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર | ૩૩ |
| ૫. | ઉત્તરદાતાઓનું શહેરમાં સ્થળાંતરનું કારણ | ૩૪ |
| ૬. | ઉત્તરદાતાઓનાં શહેરમાં વસવાટનાં કુલ વર્ષ | ૩૪ |
| ૭. | ઉત્તરદાતાઓનો વ્યાવસાયિક હોદ્દો | ૩૬ |
| ૮. | ઉત્તરદાતાઓની નોકરીનાં કુલ વર્ષ | ૩૬ |
| ૯. | ઉત્તરદાતાઓની માસિક આવક | ૩૭ |
| ૧૦. | ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો | ૩૮ |
| ૧૧. | ઉત્તરદાતાઓના પતિઓનું શૈક્ષણિક સ્તર | ૩૮ |
| ૧૨. | ઉત્તરદાતાઓના પતિઓનો વ્યાવસાયિક હોદ્દો | ૩૯ |
| ૧૩. | ઉત્તરદાતાઓની કુલ માસિક કૌટુંબિક આવક | ૪૦ |
| ૧૪. | ઉત્તરદાતાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર | ૪૧ |
| ૧૫. | સ્ત્રીશિક્ષણ માટેનાં જરૂરી કારણો | ૪૪ |
| ૧૬. | પોતાનાં શિક્ષણ માટે જવાબદાર પરિબળો | ૪૬ |
| ૧૭. | નોકરી કરવા પાછળનાં કારણો | ૪૯ |
| ૧૮. | પતિની પસંદગી કરવા પાછળનાં પ્રથમ બે મહત્ત્વનાં ધોરણો | ૫૬ |
| ૧૯. | કેટલીક સામાજિક માન્યતાઓ અંગેનાં મનોવલણો | ૫૯ |
| ૨૦. | વતનની મુલાકાત અને વતન સાથેનો સંપર્ક | ૭૫ |
| ૨૧. | શહેરમાં પોતાની જાતિના લોકો સાથેનો સંપર્ક | ૭૯ |
| ૨૨. | ઉત્તરદાતાઓના નજીકના પારિવારિક મિત્રો | ૮૨ |
| ૨૩. | ગામની અને શહેરની જિંદગી પ્રત્યેનું મનોવલણ | ૮૩ |
| ૨૪. | ભવિષ્યમાં કાયમી વસવાટની યોજના | ૮૫ |
| ૨૫. | સમૂહ માધ્યમો અને સરકારી નીતિના પ્રચાર અંગેનાં મંતવ્યો | ૯૧ |




# નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો

(કે. કે. બિરલા ફાઉન્ડેશન ફેલોશીપ અંતર્ગત કરેલ સંશોધન અભ્યાસ)

# ૧. પ્રસ્તાવના

'સ્ત્રી' છેલ્લા કેટલાક દાયકાઓથી સંશોધકો, માનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, પત્રકારો અને મનોવૈજ્ઞાનિકો માટે અભ્યાસનો એક મહત્ત્વનો વિષય બની છે. આ સદીના ઉત્તરાર્ધમાં નારીવાદનો આવિર્ભાવ થતાં પશ્ચિમી દેશોમાં સ્ત્રીવિષયક અઢળક સાહિત્ય લખાયું છે. આપણા દેશમાં પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્ત્રીઓનો મોભો, સ્થાન, શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્ત્રીઓની ભૂમિકા, કામકાજી સ્ત્રીઓની સમસ્યાઓ અને સ્ત્રીઓને સ્પર્શતા બીજા અનેક સામાજિક-મનોવૈજ્ઞાનિક વિષયો પર ઘણા સારા વૈજ્ઞાનિક અભ્યાસ થઈ રહ્યા છે. વર્તમાન સમયમાં તો સ્ત્રીજાગૃતિના પ્રશ્ને લોકોનું એટલું ધ્યાન ખેંચ્યું છે કે આજે આપણે ત્યાં આ વિષય સમૂહમાધ્યમો અને વિકાસલક્ષી સંસ્થાઓ માટે ચર્ચાનો એક સળગતો, ગરમાગરમ મુદ્દો બની ગયો છે.

આઝાદી પછી ભારતીય સમાજ ખૂબ ઝડપથી પરિવર્તનના અનેકવિધ વહેણોમાંથી પસાર થઈ રહ્યો છે. આ પરિવર્તન વત્તાઓછા અંશે સમાજના પ્રત્યેક એકમમાં આવ્યું છે, પણ કદાચ તેની સૌથી વધુ અસર ભારતીય સ્ત્રી પર થઈ છે. સમાજમાં સ્ત્રીનું સ્થાન અને મોભો વધારવા તેમ જ તેના વિકાસની દિશાઓનાં દ્વાર ખુલ્લાં થાય તે માટે સરકારે ઘણાં પગલાં લીધાં છે. બંધારણમાં પણ સ્ત્રીઓને સમાજનું નબળું અંગ ગણીને તેને માટે વિશેષ સવલતોની જોગવાઈ કરાતાં, આજે ભારતીય સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે, એટલું જ નહીં, પણ ડૉક્ટર, એન્જિનિયર, સ્થપતિ, વૈજ્ઞાનિક, પત્રકાર, વહીવટી અધિકારી, વિમાનચાલક જેવા ઉચ્ચ હોદ્દાઓ પર અને જે ક્ષેત્રો ફક્ત પુરુષો માટે જ મર્યાદિત હતાં, એમાં પણ આજે અનેક સ્ત્રીઓ સરસ રીતે કામગીરી બજાવી રહી છે.

શિક્ષિત, નોકરિયાત સ્ત્રીઓની વાત હંમેશાં ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ (upper-caste women) અર્થાત્ દેશના મુખ્ય પ્રવાહની સ્ત્રીઓના સંદર્ભમાં જ કરાતી હોય છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી એક બીજો સમૂહ પણ આ નોકરિયાત ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ સાથે જોડાઈ રહ્યો છે જેની તરફ હજુ આપણું ધ્યાન બહુ ગયું નથી. તે છે આદિવાસી સ્ત્રીઓ.

આદિવાસી એ દેશની સૌથી વધુ ગરીબ અને શોષિત પ્રજા છે. આદિવાસીઓ મૂળભૂત રીતે ગરીબ નહોતા. સદીઓથી દુર્ગમ જંગલો અને ડુંગરાળ, અંતરિયાળ વિસ્તારોમાં વસતી આ પ્રજા મુખ્યત્વે ખેતી અને પશુપાલન દ્વારા ખપપૂરતું સ્વઉપાર્જન કરી લેતી હતી. બ્રિટિશકાળમાં શાહુકારોએ આ ભોળી અને અભણ પ્રજાના અજ્ઞાનનો લાભ ઉઠાવીને તેમની જમીન કબજે કરી લીધી અને મોટા ભાગનાને આજીવન વેઠિયા બનાવી દીધા. આઝાદી પછી રાજ્યવ્યવસ્થાનો એક ભાગ બનતાં આ પ્રજા સમાજરચનાના છેક નીચલા સ્તરે આવી ગઈ. દેશની સૌથી વધુ ગરીબ, શોષિત અને નિરક્ષર એવી આ પ્રજાના સામાજિક-આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી. મફત શિક્ષણ, આર્થિક સહાય અને સરકારી નોકરીઓમાં તેમને માટે વિશેષ છૂટછાટો અને અનામત જગ્યાઓની ફાળવણી કરવામાં આવી. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોએ પણ આદિવાસીઓના પ્રશ્નોમાં ઊંડો રસ લીધો જેને પરિણામે આજે આ પ્રજા

સામાજિક-આર્થિક ક્ષેત્રે વિકાસ સાધી રહી છે અને તેમનામાં રાજકીય અને સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ પણ આવી રહી છે.

શિક્ષણના ક્ષેત્રે પણ છેલ્લા બે દાયકાઓમાં ગુજરાત સહિત ઘણાં રાજ્યોમાં આદિવાસીઓએ સારી પ્રગતિ કરી છે. જોકે હજુ પણ આદિવાસી પ્રજામાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઓછું છે પણ છેલ્લા ચાર દાયકાઓના આંકડાઓની સરખામણી કરતાં જણાય છે કે તે નોંધપાત્ર રીતે વધતું રહ્યું છે.

આઝાદી પહેલાં ગુજરાતમાં આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ નહીંવત્ હતું પરંતુ ત્યાર પછી તેમાં ધીમા દરે પણ સતત વધારો નોંધાતો રહ્યો છે. એટલું જ નહીં; કેટલીક આદિવાસી સ્ત્રીઓ તો હવે સ્નાતક અને એથી પણ વધુ ઉચ્ચ શિક્ષણ લઈ રહી છે. શિક્ષણના વધતા જતા વ્યાપ અને સરકારી એકમોમાં અનામત જગ્યાઓની ફાળવણીને પરિણામે આજે આદિવાસી સ્ત્રીઓ પોતાના ગામ અને કસબામાંથી બહાર નીકળીને શહેરોમાં કારકુન, ટાઈપિસ્ટ, શિક્ષિકા, નર્સ, વહીવટી અધિકારી, ડૉક્ટર, પ્રાધ્યાપિકા જેવા વિવિધ હોદ્દા પર કામ કરતી થઈ છે.

આધુનિકરણ, વિકાસ અને પરિવર્તનની પ્રક્રિયા જેમ નવી તકોનું નિર્માણ કરે છે તેમ કેટલીક સમસ્યાઓ પણ સર્જે છે. નોકરિયાત સ્ત્રીઓ સામે આજે ઘણા પ્રશ્નો અને સમસ્યાઓ છે, પરંતુ આદિવાસી અને બિનઆદિવાસી નોકરિયાત સ્ત્રીઓની સમસ્યાઓ એકબીજાથી ભિન્ન છે, કારણ કે આ બંને સ્ત્રીઓની સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા એકબીજાથી ઘણી જુદી છે. દાખલા તરીકે, બિનઆદિવાસી, નોકરિયાત સ્ત્રીઓ સામે આજે મુખ્ય પડકાર સત્તાશાહી પુરુષપ્રધાન પ્રણાલીને તોડીને સામાજિક સમાનતા પ્રાપ્ત કરવાનો છે જ્યારે નોકરિયાત આદિવાસી સ્ત્રી સામે આવી કોઈ સમસ્યા નથી, કારણ કે આદિવાસી સમાજમાં પહેલેથી જ સ્ત્રીઓ બિનઆદિવાસી સમાજની સ્ત્રીઓની સરખામણીમાં ઘણું વધુ સ્વાતંત્ર્ય અને સમાનતા ભોગવે છે. અહીં દીકરા-દીકરી કે સ્ત્રી-પુરુષ વચ્ચે નોંધપાત્ર સામાજિક અસમાનતા નથી અને સ્ત્રીનો સામાજિક મોભો લગભગ પુરુષની સમકક્ષ છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓની મુખ્ય સમસ્યા તેમની પ્રજાતીય વ્યક્તિમત્તા કે ઓળખ (ethnic identity) જાળવી રાખીને આધુનિકતા અને નવા વાતાવરણ સાથે અનુકૂલન સાધવાની છે.

જ્યારે શિક્ષિત, નોકરિયાત આદિવાસી સ્ત્રીઓ દેશના મુખ્ય પ્રવાહ કે હિંદુ સમાજ સાથે સતત સંપર્કમાં આવે છે ત્યારે તેમના પર આ સમાજના રીતરિવાજો, ધારાધોરણો અને મૂલ્યોની ગાઢ અસર થાય છે. આજે શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીને બિનઆદિવાસી સ્ત્રીથી જુદી પાડવી કે ઓળખવી અત્યંત મુશ્કેલ છે, કારણ કે પોષાક, ભાષા, રહેણીકરણી — આ તમામ બાબતોમાં તેમણે શહેરી હિંદુ સંસ્કૃતિને સંપૂર્ણપણે અપનાવી લીધી છે. નોકરિયાત આદિવાસી સ્ત્રીઓનું આ તો બાહ્ય અને ઉપરછલ્લું પરિવર્તન છે, પરંતુ કેટલાંક આંતરિક પાસાં જેવાં કે મનોવલણો, સામાજિક માન્યતાઓ અને નિષેધો, રીતરિવાજો, નીતિમત્તા, મૂલ્યો વગેરેમાં પણ તેમનામાં પરિવર્તન આવી રહ્યું હોય તે શક્ય છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓની સંખ્યા હજુ પણ ઘણી ઓછી છે. તેમ છતાં તેને નજરઅંદાજ કરી શકાય તેમ નથી. આગામી વર્ષોમાં આ સંખ્યા નિશ્ચિત રીતે વધવાની



છે. આ આદિવાસી સ્ત્રીઓમાં સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી છે, જેની ભવિષ્યનાં વર્ષોમાં આદિવાસી સ્ત્રી, બાળકો અને સમગ્ર આદિવાસી સમાજ પર દૂરગામી અસરો થવાની છે. આ અસર કેટલી હકારાત્મક અને કેટલી નકારાત્મક હશે તે તો ભવિષ્યનાં વર્ષો જ કહી શકશે, પણ આ પરિવર્તન અને અસર કઈ દિશામાં થઈ રહ્યાં છે તેનો થોડો ખ્યાલ આ અભ્યાસ પરથી આવી શકશે.

આ દૃષ્ટિએ આ અભ્યાસ પ્રાથમિક હોવા છતાં આદિવાસી સ્ત્રી, આદિવાસી સમાજ અને વ્યાપક રીતે સમગ્ર દેશનાં વિકાસલક્ષી પાસાંના સંદર્ભમાં ઘણો મહત્ત્વનો અને જરૂરી લેખી શકાય.

**સ્કોપ (Scope) :**

આદિવાસીઓનું પારંપારિક જીવન ઝડપથી બદલાઈ રહ્યું છે. ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને શિક્ષણના વધતા જતા વ્યાપના પરિણામે આદિવાસી સ્ત્રીઓ સામે નવા પડકારો ઊભા થયા છે, તો સાથે વિકાસ અને રોજગારીનાં નવાં દ્વાર પણ ખૂલ્યાં છે. આદિવાસીઓ માટેની સરકારની અનામત નીતિના લાભને કારણે આજે ઘણી શિક્ષિત આદિવાસી સ્ત્રીઓ તેમની પારંપરિક જીવનપ્રણાલીમાંથી બહાર નીકળીને તાલુકા કક્ષાએ અને મોટાં શહેરોમાં જુદા જુદા વ્યાવસાયિક હોદ્દાઓ પર જોડાઈ દેશના મુખ્ય પ્રવાહની સાથે સમાયોજન સાધતી થઈ છે.

આ અભ્યાસ એ નોકરી કરતી આદિવાસી મહિલાઓના અનુભવો, સમસ્યાઓ, સંઘર્ષો, સિદ્ધિઓ, આકાંક્ષાઓ અને તેમના સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને ઊંડાણથી સમજી, સંકલિત કરી, વિશ્લેષિત કરવાનો પ્રયાસ છે. આદિવાસી સંસ્કૃતિ, પરંપરા તથા પરિવર્તનના ઘટક અને વાહક તરીકે આ સ્ત્રીઓની ભૂમિકા સમજવી તે સમગ્ર અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ છે. દેશનો મુખ્ય પ્રવાહ અને આદિવાસી સમાજ, શિક્ષિત અને નિરક્ષર પ્રજા તેમ જ પહેલેથી જ બધા લાભો જેમને મળ્યા છે તે સમાજ અને વર્ષોથી તેનાથી વંચિત રહેલ સમાજ વચ્ચેની અસમાનતા પ્રત્યે આ સ્ત્રીઓનું મનોવલણ જાણવું વર્તમાન સમયમાં પ્રસ્તુત બન્યું છે. દેશના મુખ્ય પ્રવાહથી તદ્દન જુદી સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતી આ સ્ત્રીઓ શહેરમાં આવીને બિનઆદિવાસી સંસ્કૃતિ અને આધુનિકરણ સાથે તાલ મિલાવવાનો પ્રયત્ન કરી રહી છે. તેમની એક તરફ બિનઆદિવાસી, આધુનિક સહકાર્યકર સ્ત્રીઓ છે તો બીજી તરફ તેમના જ સમાજની ગામમાં રહેતી, પારંપરિક આદિવાસી સંસ્કૃતિ અને જીવનપ્રણાલીમાં જીવતી અભણ સ્ત્રીઓ છે. આ બે વર્ગોની સ્ત્રીઓ વચ્ચે તેઓ પોતાની જાતને ક્યાં મૂકે છે અને કોની સાથે કેટલું તાદાત્મ્ય અનુભવે છે; ઉપરાંત શહેરમાં ઉચ્ચ વર્ગોની સ્ત્રીઓ વચ્ચે રહીને એક 'આદિવાસી સ્ત્રી' તરીકે ઓળખાવામાં તે કેવા પ્રકારની લાગણી અનુભવે છે તે એક મનોવૈજ્ઞાનિક અને સામાજિક તપાસનો વિષય છે. આ સંદર્ભમાં આ અભ્યાસ એ આદિવાસી સ્ત્રીઓ માટે તો પ્રસ્તુત અને મહત્ત્વનો છે જ, ઉપરાંત સમગ્ર દેશના સામાજિક વિકાસની દિશા અંગે ઊંડાણપૂર્વકનો ખ્યાલ મેળવવા માટે પણ ઘણો ઉપયોગી છે.

તાજેતરનાં વર્ષોમાં સ્ત્રીવિષયક ઢગલાબંધ સંશોધનો થયાં છે અને વર્તમાનપત્રો તેમ જ સામયિકોમાં પણ તેને લગતા ઘણા લેખો છપાતા રહે છે. પરંતુ જુદા જુદા વ્યાવસાયિક

હોદ્દાઓ પર કામ કરતી થયેલી આદિવાસી સ્ત્રીઓને લગતા આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો અને પરિવર્તનો પર ગુજરાતમાં હજુ સુધી કોઈ ઝીણવટભર્યો અભ્યાસ થયો નથી. ગુજરાતમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓનું પ્રમાણ છેલ્લા દશકાથી ઝડપથી વધી રહ્યું છે તેમ છતાં તેમની બદલાતી જતી સામાજિક-સાંસ્કૃતિક જીવનશૈલીને સૂક્ષ્મ દૃષ્ટિથી સમજી શકાય તે માટેનું કોઈ વૈજ્ઞાનિક સંશોધન આપણી પાસે નહોતું. એ દૃષ્ટિએ આ અભ્યાસ માનવશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ તેમ જ આદિવાસીઓ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને કાર્યકરો માટે મહત્ત્વનો બની રહે તેમ છે.

આઝાદી પછી આદિવાસીઓના આર્થિક-સામાજિક, શૈક્ષણિક વિકાસને લગતી ઘણી સરકારી નીતિઓ ઘડાઈ છે અને અમલમાં પણ મુકાઈ છે, પરંતુ આદિવાસી સ્ત્રીઓને તેનો કેટલો લાભ મળ્યો તેનાં પરિણામો કે અસરકારકતા વિશે હજુ સુધી કોઈ જાણકારી (ફીડબૅક) પ્રાપ્ય નથી. એ દૃષ્ટિએ આ અભ્યાસ સરકારી વહીવટકર્તાઓ અને નીતિ ઘડનારાઓ માટે દિશાસૂચક સાબિત થઈ શકશે.

**અભ્યાસના હેતુઓ (Objectives of the Study) :**

આદિવાસી પરંપરા, સંસ્કૃતિ, બોલી, સમાજવ્યવસ્થા અને ધાર્મિક-સામાજિક રીતરિવાજો બિનઆદિવાસી સમાજ કરતાં અનેક રીતે જુદાં અને લાક્ષણિક છે. સદીઓથી આદિવાસી સમાજ દેશના મુખ્ય પ્રવાહ અને હિંદુ સંસ્કૃતિથી અલિપ્ત રહ્યો છે. પરંતુ આઝાદી પછી ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને આધુનિકરણની અસરો કેટલેક અંશે આદિવાસી પ્રજા પર પણ થવા લાગી છે. શિક્ષણ એ પરિવર્તનનું એક મોટું પરિબળ છે. આદિવાસી પરંપરા અને સંસ્કૃતિમાં જન્મેલી અભણ સ્ત્રીઓમાંથી ઘણી સ્ત્રીઓનું આજે શિક્ષિત, નોકરિયાત વર્ગમાં રૂપાંતર થઈ રહ્યું છે જે દેશના સામાજિક માળખામાં થઈ રહેલી એક નવીન ઘટના છે. આ સ્ત્રીઓમાં આવી રહેલાં સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનો અને આદિવાસી હોવાને કારણે તેમને અનુભવિત થઈ રહેલ સમસ્યાઓ અંગેનો વાસ્તવિક ખ્યાલ મેળવવાના સંદર્ભમાં નીચેના હેતુઓને અભ્યાસના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે:

(૧) આદિવાસી સમાજ અને સંસ્કૃતિના પારંપરિક માળખામાં આદિવાસી સ્ત્રીઓની સ્થિતિ, મોભો અને ભૂમિકા અંગે જાણકારી મેળવવી.

(૨) નોકરિયાત આદિવાસી સ્ત્રીઓના શૈક્ષણિક વિકાસ અને સ્તરને જાણવું.

(૩) નોકરિયાત સ્ત્રીઓના વ્યાવસાયિક સ્તર અને હોદ્દા અંગેની માહિતી એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરવું.

(૪) આદિવાસી સ્ત્રીઓનાં નોકરી કરવા પાછળનાં કારણો, પરિબળો, પ્રેરણાઓ અને આકાંક્ષાઓને સમજવી અને તેમની વ્યાવસાયિક સિદ્ધિઓ અને સમસ્યાઓને જાણવી.

(૫) શહેરી, બિનઆદિવાસી સંસ્કૃતિના રીતરિવાજો, મૂલ્યો, માન્યતાઓ, મનોવલણો, જીવનશૈલી અને આધુનિકીકરણની પ્રક્રિયાની આ સ્ત્રીઓ પર કેવી અસર થઈ છે અને પોતાની પરંપરાને તેમણે કેટલે અંશે, કઈ કઈ બાબતોમાં જાળવી રાખી છે તેનો અભ્યાસ કરવો.

(૬) શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓ 'આદિવાસી' તરીકે ઓળખાવામાં કેવી લાગણી અનુભવે છે અને પોતાનાં સમાજ-સંસ્કૃતિને કઈ દૃષ્ટિથી જુએ છે તેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવો.

# ૨. સંશોધન પદ્ધતિ

આ પ્રકરણમાં અભ્યાસ માટે જે સંશોધન પદ્ધતિ અપનાવવામાં આવી છે તેની ટૂંકમાં વિગતો આપવામાં આવી છે. શરૂઆતમાં અભ્યાસમાં વપરાયેલ મુખ્ય સંકલ્પના અને શબ્દોની કાર્યકારી વ્યાખ્યાઓ આપવામાં આવી છે. ત્યાર બાદ સમષ્ટિ અને નિદર્શ પસંદગી, માહિતી એકત્રિત કરવા માટેના સાધન(પ્રશ્નાવલિ)ની રચના, પૂર્વપરીક્ષણ, ક્ષેત્રકાર્ય, સર્વે અને મુલાકાતો દરમિયાન થયેલા વિવિધ અનુભવો અને છેલ્લે અભ્યાસની મર્યાદાઓનું આલેખન કરવામાં આવ્યું છે.

**કાર્યકારી વ્યાખ્યાઓ (Operational Definitions of the Key Terms Used) :**

સંશોધનનું ફલક સીમિત કરવા માટે અને અભ્યાસનાં મુખ્ય તારણો અને નિષ્કર્ષ અંગે સ્પષ્ટતા અને યોગ્ય સમજ મળે તે માટે અભ્યાસમાં જે મુખ્ય સંકલ્પનાઓ અપનાવવામાં આવી છે તેની કાર્યકારી વ્યાખ્યાઓ આ પ્રમાણે છે:

**(૧) આદિવાસી મહિલાઓ (Tribal Women) :**

ભારત સરકારનાં મિનિસ્ટ્રી ઑફ લૉ, જસ્ટિસ ઍન્ડ કંપની અફેર્સના ૨૦ સપ્ટેમ્બર, ૧૯૭૬ના ઍક્ટ નં. ૧૦૮ મુજબ ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓ(આદિવાસી)ની જે યાદી આપવામાં આવી છે તેમાં સમાવિષ્ટ થતી તમામ ૨૯ જાતિની મહિલાઓને અભ્યાસમાં આદિવાસી મહિલા ગણવામાં આવી છે.

ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની યાદી પ્રકરણના અંતે આપવામાં આવી છે.

**(૨) નોકરિયાત મહિલાઓ (White-Collar Workers) :**

સંશોધનમાં વ્હાઈટ-કૉલર નોકરિયાત મહિલાઓને સમષ્ટિ ગણવામાં આવી છે. વેબ્સ્ટરની ન્યૂ વર્લ્ડ ડિક્શનરી(૧૯૬૨)માં વ્હાઈટ-કૉલરની વ્યાખ્યા નીચે મુજબ છે:

**White-Collar :** Designating or of clerical or professional workers or the like: White-Collar workers are usually salaried employees engaged in work not essentially manual.

આ અર્થ પ્રમાણે જ્યાં શારીરિક શ્રમ ન કરવાનો હોય તે તમામ વ્યાવસાયિક કક્ષાઓમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓ જેવી કે કારકુન, ટાઈપિસ્ટ, શિક્ષિકા, પ્રાધ્યાપિકા, પરિચારિકા, ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, વહીવટી અધિકારી આદિને વ્હાઈટ-કૉલર નોકરિયાત સ્ત્રી ગણવામાં આવી છે.

**નોંધ :** પટાવાળા(વર્ગ-૪)ની કક્ષાને અહીં વ્હાઈટ-કૉલર ગણવામાં આવી નથી.

**(૩) પ્રજાતીય ઓળખ (Ethnic Identity) :**

'એથનિક આઈડેન્ટીટી' માટે હજુ સુધી ગુજરાતી ભાષામાં કોઈ શબ્દ રૂઢિગત નથી થયો. ગુજરાતીમાં તેનો પારિભાષિક શબ્દ નથી મળતો, પણ જુદા જુદા સમાજશાસ્ત્રીઓ એને માટે 'પ્રજાતીય વ્યક્તિમત્તા', 'પ્રજાતીય ઓળખ', 'પ્રજાતીય અસ્મિતા', 'સ્વત્વ' એવા શબ્દો પ્રયોજે છે.

વેબ્સ્ટરની ન્યૂ વર્લ્ડ ડિક્શનરી(૧૯૬૨)માં Ethnic (પ્રજાતીય) શબ્દની વ્યાખ્યા આ

પ્રમાણે કરવામાં આવી છે.

**Ethnic:** Designating or of any of the basic divisions or groups of mankind, as distinguished by costoms, characteristics, language etc.

પ્રજાતીય ઓળખ એટલે સામાજિક રીતરિવાજો, લાક્ષણિકતાઓ, ભાષા આદિને ધોરણે જુદાં પડાયેલાં વિવિધ માનવજૂથોમાંથી જે તે જૂથનું પ્રતિનિધિત્વ ધરાવવું. જે તે માનવજૂથની આગવી ઓળખ અને તે ઓળખને અર્થસભર કરતો સાંસ્કૃતિક સંદર્ભ એને 'પ્રજાતીય ઓળખ' કહી શકાય. આ દૃષ્ટિએ 'આદિવાસી' એ દેશની એક વિશિષ્ટ પ્રજા કે માનવજૂથ છે જેની પોતાની આગવી સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતા અને ઓળખ છે. આદિવાસી સમાજની લાક્ષણિકતાઓ, ઓળખ, ધરાવવી તેને અહીં 'પ્રજાતીય ઓળખ' ગણવામાં આવી છે.

**(૪) સામાજિક પરિવર્તન (Social Change):**

સમાજશાસ્ત્રી જોન્સન(૧૯૨૬)ના મત અનુસાર ''સામાજિક પરિવર્તન એટલે સામાજિક વ્યવસ્થાતંત્રમાં આવતાં રચનાતંત્રીય પરિવર્તનો''. રચનાતંત્રીય પરિવર્તનોમાં કાર્યાત્મક પરિવર્તનનો પણ તેઓ સમાવેશ કરે છે. તેને વિગતે સમજાવતાં તેઓ કહે છે, ''રચનાતંત્ર અને કાર્યોમાં આવતાં પરિવર્તનો એટલે સમાજનાં મૂલ્યો, સંસ્થાકીય સંગઠનો, વ્યક્તિની સામાજિક ભૂમિકાઓ અને તેનાં વલણો તથા અનુકૂલનો સાધવાની પ્રક્રિયા વગેરેમાં આવતાં પરિવર્તનો.''

સામાજિક પરિવર્તન એ એક વિશાળ ફલક છે. પ્રસ્તુત અભ્યાસમાં નોકરિયાત આદિવાસી મહિલાઓની શિક્ષણ અને નોકરીને લીધે બદલાયેલી સામાજિક ભૂમિકા, પરંપરાગત બોલી અને ધાર્મિક-સામાજિક રીતરિવાજો અને તે અંગેની માન્યતાઓ, મૂલ્યો, મનોવલણો, જૂથ અને સામાજિક સંપર્કની તરાહમાં આવેલાં પરિવર્તનો તથા પરંપરા અને આધુનિકતા સાથે અનુકૂલનો સાધવાની પ્રક્રિયા — આટલાં પાસાંઓનો જ સામાજિક પરિવર્તન તરીકે અભ્યાસ કરવામાં આવ્યો છે.

**માહિતીનું એકત્રીકરણ (Data Collection):**

મોટાં શહેરોમાં, વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં કામ કરતી શિક્ષિત આદિવાસી મહિલાઓમાં આવેલું સામાજિક પરિવર્તન એ આ સંશોધનનો મુખ્ય વિષય છે.

સંશોધન માટે સર્વે પદ્ધતિ(surve technique)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. સર્વે દ્વારા ગુણાત્મક (qualitative) અને સંખ્યાત્મક (quantitative) બંને પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવી છે, કારણ કે સામાજિક સંશોધનમાં આ બંને પ્રકારની માહિતીની અગત્યતા રહેલી છે. આ બંને પ્રકારની માહિતી એકબીજાથી ભિન્ન સ્વરૂપની હોવા છતાં સામાજિક પરિવર્તનની ઘટનાને સમજવામાં ઉપયોગી અને પરસ્પરાવલંબી બની રહે છે.

સંશોધનના વિષયમાં વ્યાવસાયિક આદિવાસી સ્ત્રીઓનાં ધોરણો, મૂલ્યો, જૂથ સાથેના સંબંધો, સિદ્ધિઓ, સંઘર્ષો અને મનોવલણો વગેરે કેન્દ્રસ્થાને છે. આ તમામ માહિતી ગુણાત્મક સ્વરૂપની છે. તેને વધુ ઊંડાણથી સમજવા જ્યાં શક્ય બન્યું ત્યાં ઉત્તરદાતાઓની અનૌપચારિક મુલાકાતો (free interview) લઈને પણ માહિતી એકત્રિત કરી છે.

કેટલીક વાર સંખ્યાત્મક માહિતી સામાજિક પ્રવાહો(trends)ને સમજવામાં તેમ જ જુદાં



જુદાં પરિવર્ત્યો (variables) વચ્ચેનો સહસંબંધ તપાસવામાં ઉપયોગી થાય છે. એથી, જ્યાં જરૂરી લાગ્યું ત્યાં ગુણાત્મક માહિતીનું વૈજ્ઞાનિક મહત્ત્વ સમજવા માટે તેનું સંખ્યાત્મક સ્વરૂપમાં રૂપાંતર કર્યું છે.

**સમષ્ટિ અને નિદર્શ પસંદગી (Universe and Sample Selection):**

અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં જુદી જુદી રાજ્ય અને કેન્દ્ર સરકારી કચેરીઓ, અર્ધ-સરકારી કચેરીઓ, મ્યુનિસિપલ કૉર્પોરેશન વગેરેમાં વર્ગ-૪ સિવાયના જુદા જુદા હોદ્દાઓ પર કામ કરતી આદિવાસી મહિલાઓ ઉપરાંત શાળા, કૉલેજોમાં કામ કરતી શિક્ષિકાઓ અને પ્રાધ્યાપિકા આદિવાસી મહિલાઓ, પરિચારિકા, ડૉક્ટર, સ્ટેનોગ્રાફર, વકીલ, ઈજનેર આદિ વ્યાવસાયિક આદિવાસી મહિલાઓ એ અભ્યાસની સમષ્ટિ છે.

ગુજરાતમાં હજુ આ જાતનો અભ્યાસ નહીં થયો હોવાથી સમષ્ટિ અંગેની કોઈ જ પ્રમાણભૂત આંકડાકીય માહિતી પ્રાપ્ય નહોતી. પરિણામે સમષ્ટિ નક્કી કરવાનું કામ વિકટ અને સમય માગી લેનારું બન્યું.

સહુ પ્રથમ અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં જુદાં જુદાં સરકારી એકમો જેવાં કે સચિવાલયનાં વિવિધ ખાતાં અને કચેરીઓ, બૅન્ક, ટપાલ અને તારખાતું, ટેલિફોન એક્સચેન્જ, મ્યુનિસિપલ કૉર્પોરેશન, રાજ્યનાં વિવિધ નિગમો, અદાલતો, સરકારી ઈસ્પિતાલો, શાળાઓ, કૉલેજો વગેરેમાંથી રૂબરૂ મુલાકાત અને સ્નો-બૉલ ટેક્નિકથી ત્યાં કામ કરતી આદિવાસી મહિલાઓનાં નામ એકત્રિત કરી તેની યાદી બનાવવામાં આવી.

યાદી બનાવ્યા બાદ જુદાં જુદાં વ્યાવસાયિક ક્ષેત્રોમાં અને જુદા જુદા હોદ્દાઓ પર કામ કરતી આદિવાસી મહિલાઓમાંથી હેતુલક્ષી નિદર્શ પસંદગી દ્વારા કુલ ૧૧૮ ઉત્તરદાતાઓનો નિદર્શ નક્કી કર્યો. નિદર્શમાં શક્ય તેટલી તમામ વ્યાવસાયિક કક્ષાઓ જેવી કે કારકુન, ટાઈપિસ્ટ, વહીવટી અધિકારી, શિક્ષિકા, પ્રાધ્યાપિકા, પરિચારિકા, ડૉક્ટર આદિનું યોગ્ય પ્રતિનિધિત્વ જળવાય તે ખાસ જોવામાં આવ્યું. યાદી બનાવતી વખતે ખ્યાલ આવ્યો કે અમદાવાદ, ગાંધીનગર જેવાં મોટાં શહેરોમાં હજુ પણ આદિવાસી પુરુષોની સરખામણીમાં વ્હાઈટ-કૉલર જૉબ કરતી આદિવાસી સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછું છે. એ દૃષ્ટિએ અભ્યાસનો નિદર્શ સમષ્ટિના લગભગ ૩૦ ટકા જેટલો છે.

**પ્રશ્નાવલિ : (The Questionnaire)**

સર્વેક્ષણ અને મુલાકાત માટેના સાધન તરીકે વિસ્તૃત પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સહુ પ્રથમ આદિવાસી સંસ્કૃતિ, સમાજવ્યવસ્થા અને જીવનશૈલી વિશે ઉપલબ્ધ ગૌણ માહિતી (secondary data) અને દક્ષિણ ગુજરાતનાં કેટલાંક આદિવાસી ગામડાંઓની મારી રૂબરૂ મુલાકાતના આધારે પ્રશ્નાવલિની રૂપરેખા તૈયાર કરી અને સૂચક પ્રશ્નોની યાદી બનાવી. તેમાં સંશોધન વિષય માટે જરૂરી અને મહત્ત્વની વિગતો તથા પ્રશ્નો સમાવિષ્ટ થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું અને પ્રશ્નોની તાર્કિક ગોઠવણી કરવામાં આવી, જેથી સમગ્ર પ્રશ્નાવલિ સાતત્યપૂર્ણ બની રહે. આ તમામ તબક્કાઓ દરમિયાન પૂર્વેક્ષણ માટે ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના વરિષ્ઠ સંશોધકો, માનવશાસ્ત્રીઓ,

સમાજશાસ્ત્રીઓ અને વિષયના અન્ય નિષ્ણાતો સાથે અવારનવાર ચર્ચા કરીને તેમાં જરૂરી સુધારાવધારા કરવામાં આવ્યા.

પ્રશ્નાવલિને ૯ વિભાગમાં વહેંચવામાં આવી છે. પહેલા બે વિભાગોમાં ઉત્તરદાતાની વ્યક્તિગત માહિતી અને કૌટુંબિક ભૂમિકાને આવરી લેતા પ્રશ્નો છે. બાકીના વિભાગોમાં સામાજિક પરિવર્તનનાં વિવિધ પાસાં — શિક્ષણ, નોકરી, લગ્ન અને સામાજિક માન્યતાઓ અને મનોવલણો, જૂથ અને સામાજિક સંપર્કની તરાહમાં આવેલાં પરિવર્તનો, બોલી, લોકકલા અને ધાર્મિક માન્યતાઓમાં આવેલ પરિવર્તન, સમૂહ માધ્યમો પ્રત્યેનું વલણ અને 'સ્વ' અંગેનો ખ્યાલ — આ વિષયોને આવરી લેતા પ્રશ્નો છે.

પ્રશ્નાવલિમાં બંધ (close-ended) અને મુક્ત (open-ended) બંને પ્રકારના પ્રશ્નો છે. કમ્પ્યૂટર દ્વારા તેનું આંકડાકીય પૃથક્કરણ થઈ શકે તે માટે અગાઉથી જ તેનું પ્રિકોડિંગ (pre-coding) કરવામાં આવ્યું છે.

**પૂર્વ પરીક્ષણ (Pre-testing) :**

પ્રશ્નાવલિની વિશ્વસનીયતા, પ્રમાણભૂતતા અને સચોટતા જાણવા માટે અમદાવાદમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓના નાના સમૂહ પર પૂર્વ-પરીક્ષણ કરવામાં આવ્યું. પૂર્વ-પરીક્ષણ દ્વારા જાણવા મળ્યું કે ઉત્તરદાતાઓને પ્રશ્નાવલિનું કદ થોડું મોટું લાગવા છતાં પ્રશ્નો ઘણા રસપ્રદ લાગ્યા. પ્રશ્નાવલિમાંથી બિનઅગત્યના લાગ્યા તેવા થોડાક પ્રશ્નો ઓછા કરી તેનું કદ થોડું નાનું કરવામાં આવ્યું અને જ્યાં ઉત્તરદાતાને પ્રશ્ન સમજવામાં સંદિગ્ધતા અથવા મુશ્કેલી જણાઈ ત્યાં એ સંદિગ્ધતા પણ દૂર કરવામાં આવી. તે ઉપરાંત જ્યાં જ્યાં પણ હિંદુ સમાજ સાથે તેમના સમાજની સરખામણીની વાત આવતી હતી ત્યાં ઉત્તરદાતાની લાગણીને ઠેસ પહોંચતી હોય તેવું જણાયું કારણ કે લગભગ દરેકનો ભારપૂર્વક પ્રત્યુત્તર હતો, ''અમે પણ હિંદુ જ કહેવાઈએ.'' આથી 'હિંદુ સમાજ' કરતાં 'બિનઆદિવાસી સમાજ' એ શબ્દ મૂકવો વધુ યોગ્ય જણાયો.

ટૂંકમાં, પૂર્વ-પરીક્ષણ દરમિયાન કેટલાક અગત્યના મુદ્દા બહાર આવ્યા જે મુજબ પ્રશ્નાવલિમાં આવશ્યક ફેરફારો કરીને તેને અંતિમ રૂપ આપવામાં આવ્યું. પૂર્વ-પરીક્ષણ એ પ્રશ્નાવલિની ભાષાને વધુ સુગમ, સરળ અને તાર્કિક બનાવવામાં પણ ઘણું ઉપયોગી સાબિત થયું.

**ક્ષેત્રકાર્ય (Field Work) :**

**(૧) સર્વે :** ક્ષેત્રકાર્ય અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા શહેરમાં કરવામાં આવ્યું. કુલ ૧૧૮ ઉત્તરદાતાઓ પાસે પ્રશ્નાવલિ ભરાવવામાં આવી. જે ઉત્તરદાતાઓ વધુ માહિતી આપવા ઉત્સુક અને તૈયાર હતા તેમની એકથી વધુ વખત મુલાકાતો પણ લેવામાં આવી. પ્રૉજેક્ટની સમયાવધિ એક વર્ષની હતી, જેમાં ક્ષેત્રકાર્ય લગભગ સાડા ત્રણ મહિનામાં પૂરું કરવામાં આવ્યું.

લગભગ તમામ ઉત્તરદાતાઓ પાસે, તેમની પાસે બેસીને, મારી પ્રત્યક્ષ હાજરીમાં પ્રશ્નાવલિ ભરાવવાથી બે લાભ થયા. પ્રથમ, દરેક ઉત્તરદાતાનો રૂબરૂ સંપર્ક અને વિશ્વાસ સંપાદિત થવાથી ઘણી આધારભૂત અને વિશ્વસનીય માહિતી મળી. બીજું, તેમની સાથેની



વાતચીતો દરમિયાન ઘણી વાર પ્રશ્નાવલિમાં સમાવિષ્ટ પ્રશ્નો ઉપરાંતની પણ અભ્યાસ-સંબંધિત ઘણી ઉપયોગી માહિતી મળી.

ઉત્તરદાતાઓની અનુકૂળતા પ્રમાણે કેટલાક પાસે તેમના કામના સ્થળે તો કેટલાકના ઘરે જઈને પ્રશ્નાવલિ ભરાવવામાં આવી. મોટા ભાગના ઉત્તરદાતાઓએ ખૂબ સરસ સહકાર આપ્યો અને પ્રશ્નોના રસપૂર્વક અને નિખાલસતાથી જવાબો આપ્યા. બે-ત્રણ નકારાત્મક અનુભવો પણ થયા. એક આદિવાસી વકીલ બહેને, પોતે આદિવાસી નથી, એમ જણાવી પ્રશ્નાવલિ ભરવાની ના પાડી દીધી. કેટલાંક બહેનોને પ્રથમ તો એવું લાગ્યું કે આ કોઈ સરકારી તપાસ છે એટલે એમને આ જાતની મુલાકાત કે માહિતી આપવાથી નોકરીમાં અડચણ ઊભી થવાની આશંકા થઈ. એક બહેને તો સરોષ જણાવ્યું કે, ''આવાં ઘણાં સંશોધનો અને અહેવાલો લખાય છે પણ પછી સરકાર બધું અભરાઈ પર ચડાવી દે છે. કોઈ પગલાં લેવાતાં નથી, ભલામણો સ્વીકારાતી નથી અને બધું માત્ર કાગળ પર જ રહે છે.'' પરંતુ, જ્યારે મેં એમને સમજાવ્યું કે આ કોઈ સરકારી તપાસ નથી, પરંતુ એક પત્રકાર તરીકે હું આ અભ્યાસ કરી રહી છું અને સમાજ સામે નોકરિયાત આદિવાસી મહિલાઓની વાત રજૂ કરવા માગું છું, ત્યાર બાદ બધી જ મહિલાઓએ ખૂબ સારો સહકાર અને પ્રતિભાવ આપ્યા. કેટલીક મહિલાઓએ તો આ વિષયમાં ખૂબ જ ઊંડો રસ લીધો એટલું જ નહીં, તેમની અન્ય સહકાર્યકર આદિવાસી મહિલાઓને પણ વિગતો અને મુલાકાત આપવા સમજાવી અને પ્રેરિત કરી.

અભ્યાસનો વિષય થોડો સંવેદનશીલ અને બહુવિધ પાસાંઓને આવરી લેતો હોવાથી તથા કેટલાક મુક્ત (open-ended) પ્રશ્નો હોવાથી એક પ્રશ્નાવલિ ભરતાં આશરે ૪૫થી ૫૦ મિનિટ જેટલો સમય લાગતો હતો.

**(૨) મુલાકાતો (Unstructured Interviews) :**

સર્વે એ સંશોધનની મુખ્ય પદ્ધતિ હતી, પરંતુ વિષયને ઊંડાણથી જાણવા અને સમજવા માટે મુલાકાત પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો. આ માટે કારકુન, શિક્ષિકા, વહીવટી અધિકારી, ડૉક્ટર આદિ જુદા જુદા વ્યાવસાયિક હોદ્દાઓ પર કામ કરતી, મુલાકાત માટે સાનુકૂળ પ્રતિભાવ અને ઉત્સાહ દાખવનારી કેટલીક મહિલાઓની વિસ્તૃત, અનૌપચારિક મુલાકાતો લીધી જેને કારણે શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓની સમસ્યાઓ, સિદ્ધિઓ અને તેમની સામેના પડકારો વિશે ઊંડાણપૂર્વકની જાણકારી મળી. ઉપરાંત તેમનાં ઘર, રાચરચીલું અને પરિવારજનો સાથેની વાતચીત અને નિરીક્ષણથી તેમનામાં આવી રહેલા સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનની તરાહ અંગે વધુ વાસ્તવિક ખ્યાલ આવ્યો.

આ તમામ મહિલાઓ અને તેમનાં પરિવારજનોએ મને તેમના કુટુંબના સભ્ય જેવી ગણીને ખૂબ ભાવસભર સહકાર આપ્યો અને તેમનાં કુટુંબ, બાળકો, તેમનું મનોવલણ, જાતિ અને તેના રીતરિવાજો, વર્તમાન સમયમાં તેમને અનુભવવી પડતી સમસ્યાઓ વગેરે અંગે ઘણી માહિતી પૂરી પાડી.

સંક્ષેપમાં, સંશોધન માટે માહિતી એકત્રિત કરવી એ સમયની અવધિ અને વિષયની સંવેદનશીલતા અને નવીનતાને કારણે થોડું કઠિન કામ હતું, પરંતુ ઉત્તરદાતાઓ સાથે માનવીય અભિગમ અને તેમની સાથે બંધાઈ ગયેલા ઘરોબા(rapport)ને કારણે પ્રમાણમાં

ઘણી સારી અને ઉપયોગી માહિતી એકત્રિત થઈ શકી.

**માહિતીનું વિશ્લેષણ (Techniques Used for the Analysis of Data) :**

અભ્યાસ અંગેની આંકડાકીય માહિતી જેવી કે આવૃત્તિ, ટકાવારી, ક્રોસ-ટેબલ વગેરેનું પૃથક્કરણ કમ્પ્યૂટર દ્વારા કરવામાં આવ્યું છે તેથી આ પૃથક્કરણ ઘણું ચોકસાઈભર્યું થઈ શક્યું છે અને માનવીય ભૂલોને નિવારી શકાઈ છે.

નિરીક્ષણ અને અનૌપચારિક મુલાકાતો તથા મુક્ત પ્રશ્નો દ્વારા જે માહિતી મળી તેનું વર્ણનાત્મક અને જરૂરી હોય ત્યાં મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**અભ્યાસની મર્યાદાઓ (Limitations of the Study) :**

અભ્યાસનો વિષય માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્રને લગતો છે જેનો મને ઊંડો અભ્યાસ નથી. એક પત્રકાર તરીકે મેં આ સંશોધનકાર્ય કર્યું છે. સંશોધનકાર્ય હાથમાં લીધું ત્યારે આદિવાસીઓની સંસ્કૃતિ, પરંપરા અને રીતરિવાજો, તેમાં સ્ત્રીનું સ્થાન, ભૂમિકા અને મોભો તથા આઝાદી પછી આદિવાસીઓમાં આવેલ સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનો — આ બધાથી હું બહુ જ્ઞાત નહોતી. આ બધી માહિતી એકત્રિત કરવા વિષયને લગતાં કેટલાંક અગત્યનાં પુસ્તકો અને લેખો વાંચ્યાં. ગૂજરાત વિદ્યાપીઠમાં કામ કરતા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરીને પણ જાણકારી મેળવી અને પ્રત્યક્ષ માહિતી મેળવવા સુરત જિલ્લાના મઢી, વાલોડ, અલગઢ, બુટવા, ઈનમા વગેરે આદિવાસી ગામોની મુલાકાત પણ લીધી. તેમ છતાં આટલા ઓછા સમયમાં આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, રીતરિવાજો વગેરેથી સંતોષજનક રીતે માહિતગાર થવું શક્ય નહોતું. પરિણામે માહિતીના વિશ્લેષણમાં કદાચ થોડી ક્ષતિ રહી હોવાનો સંભવ માની શકાય.

ગુજરાતમાં શિક્ષિત, નોકરિયાત આદિવાસી સ્ત્રીઓમાં આવેલાં સામાજિક પરિવર્તનો ઉપર હજુ સુધી કોઈ જ સંશોધન-કાર્ય નહીં થયું હોવાથી આ અંગે કોઈ જ ગૌણ માહિતી (secondary sources) ઉપલબ્ધ નહોતી. પહેલી જ વાર આ પ્રકારની માહિતી એકત્રિત કરી હોવાથી તે કદાચ અપૂરતી પણ લાગે.

કેટલીક વાર જેને ઉત્તરદાતા તરીકે પસંદ કર્યા હોય તે સમયના અભાવે અથવા અન્ય કારણસર ન મળી શક્યા એવું પણ બન્યું છે. આવા પ્રસંગે અન્ય નોકરિયાત આદિવાસી મહિલાને શોધીને, તેમને ઉત્તરદાતા બનાવ્યા છે. આમ, નિદર્શન પ્રક્રિયાને બહુ ચુસ્તપણે વળગી રહી શકાયું નથી એ આ અભ્યાસની એક મર્યાદા છે.

એક વર્ષના સમયની અવધિ આવા વિષય ઉપર ઊંડાણથી સંશોધન કાર્ય કરવા માટે ઓછી જ લાગે, પણ સમયની મર્યાદાનું બંધન સ્વીકારવાનું તો હતું જ. એક વર્ષના ગાળામાં સંશોધન કાર્ય ક્ષેત્રકાર્ય સહિત પૂરું કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

આ અભ્યાસ એ પ્રાથમિક છે અને સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનો પહેલો અભ્યાસ છે એ હકીકતને ધ્યાનમાં લેતાં સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ અને સંશોધકો તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેને દરગુજર કરશે એવી મને આશા છે.



**ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ(આદિવાસી)ની યાદી**

| | જાતિ | કુલ વસ્તી (૧૯૮૧ની વસ્તીગણતરી પ્રમાણે) |
|---|---|---|
| (૧) | બરડા | (૭૫૭) |
| (૨) | બાવચા, બામચા | (૩,૭૧૪) |
| (૩) | ભરવાડ (આલેચ, ગીર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં) | (૫૧૯) |
| (૪) | ભીલ, ભીલ ગરાસિયા, ઢોલી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલિયા, ભીલાલા પવાર, વસાવા, વસાવે | (૨૦,૩૦,૪૩૮) |
| (૫) | ચારણ (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) | (૧,૪૨૬) |
| (૬) | ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં) | (૨,૧૯,૮૯૭) |
| (૭) | ચૌધરા | (૫,૪૬૪) |
| (૮) | ધાનકા, તડવી, તેતરિયા, વાલવી | (૧,૮૫,૦૯૧) |
| (૯) | ઢોડિયા (ધોડિયા) | (૪,૪૯,૧૩૦) |
| (૧૦) | દૂબળા, તલાવિયા, હળપતિ | (૪,૬૯,૮૫૫) |
| (૧૧) | ગામીત, ગામટા, ગાવિત, માવચી, પડવી | (૨,૫૦,૮૩૭) |
| (૧૨) | ગોન્ડ, રાજગોન્ડ | (૧,૦૫૬) |
| (૧૩) | કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોન કાથોડી, સોન કાતકરી | (૨,૫૪૬) |
| (૧૪) | કોંકણા, કોંકણી, કુકણા | (૨,૦૩,૫૧૧) |
| (૧૫) | કોળી (કચ્છ જિલ્લામાં) | (૪૭,૮૭૬) |
| (૧૬) | કોળી ઢોર, ટોકરે કોળી, કોલચા, કોલઘા | (૬૨,૨૩૨) |
| (૧૭) | કણબી (ડાંગ જિલ્લો) | (૩૫,૨૧૪) |
| (૧૮) | નાયકડા, નાયકા, ચોલીવાલા નાયકા, મોટા નાયકા, નાના નાયકા | (૨,૮૦,૨૩૦) |
| (૧૯) | પઢાર | (૧૦,૫૮૭) |
| (૨૦) | પારધી (કચ્છ જિલ્લો) | (૪,૪૧૬) |
| (૨૧) | પારધી, અડવીચીચર, ફણસે પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના) | (૮૧૪) |
| (૨૨) | પટેલિયા | (૭૦,૨૩૦) |
| (૨૩) | પોમલા | (૭૯૩) |
| (૨૪) | રબારી (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં) | (૫,૦૪૭) |
| (૨૫) | રાઠવા | (૩,૦૮,૬૪૦) |
| (૨૬) | સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં) | (૫,૪૨૯) |
| (૨૭) | વાઘરી (કચ્છ જિલ્લો) | (૭,૨૦૬) |
| (૨૮) | વારલી | (૧,૫૨,૮૮૩) |
| (૨૯) | વીટોળિયા, કોટવાળિયા, બરોડિયા | (૧૭,૭૫૯) |

સ્રોત : 'અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટેની આદિજાતિ વિકાસખાતાની યોજનાઓ' નિયામક, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર, ગુજરાત

# ૩. ગુજરાતના આદિવાસીઓ : એક રેખાચિત્ર

આદિવાસી પ્રજાને ભારતના બંધારણમાં 'અનુસૂચિત જનજાતિઓ' (Scheduled Tribes) તરીકે ઓળખાવવામાં આવી છે. એક આશ્ચર્યજનક હકીકત એ છે કે આજ દિન સુધી 'આદિવાસી' શબ્દની કોઈ સર્વસ્વીકૃત વ્યાખ્યા આપવામાં આવી નથી. બંધારણમાં પણ ક્યાંય 'આદિવાસી' શબ્દની વ્યાખ્યા આપેલ નથી. વહીવટીય સરળતા ખાતર 'અનુસૂચિત જનજાતિ'ને નક્કી કરવા માટે જે માપદંડો વાપરવામાં આવ્યા છે તેમાં આદિમ રૂઢિઓ, લાક્ષણિક સંસ્કૃતિ, ભૌગોલિક રીતે દેશના મુખ્ય પ્રવાહથી અલગ થઈ ગયેલો સમૂહ, આર્થિક-શૈક્ષણિક દૃષ્ટિએ પછાતપણું વગેરે મુખ્ય છે.

આદિવાસીઓ એ દેશના મૂળ રહેવાસીઓ છે જેને અંગ્રેજીમાં 'એબરિજિનલ' (aboriginal) કહેવામાં આવે છે. 'આદિવાસી' (tribe) શબ્દનો પહેલવહેલો ઉપયોગ બ્રિટિશ વસતી ગણતરી અધિકારીઓએ તેમ જ માનવશાસ્ત્રીઓએ ૧૯મી સદીના અંતમાં ભારતના સામાજિક જૂથોની ગણતરી કરવા માટે કર્યો હતો. ૧૯૧૩ના સેન્સસમાં આવા આદિવાસી જૂથોની વિસ્તૃત યાદી મળે છે જેમને માટે 'પછાત જાતિઓ' (backward tribes) એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. ૧૯૫૦માં ઘડાયેલ ભારતીય બંધારણમાં 'પછાત' (backward) શબ્દના સ્થાને 'અનુસૂચિત' (scheduled) શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો.

ભારતની વસતીનાં કેટલાંક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે દેશની બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ છે. આવાં જૂથોના ઝડપી વિકાસ માટે તેમને માટે બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે અને તેમને વિશેષ યાદીમાં મૂકવામાં આવ્યાં હોવાથી તેમને માટે 'શેડ્યુલ્ડ' શબ્દ વાપરવામાં આવ્યો છે. આમાંના એક વર્ગને 'અનુસૂચિત જાતિઓ' (શેડ્યુલ્ડ કાસ્ટ) અને બીજા વર્ગને 'અનુસૂચિત જનજાતિઓ' (શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ મુજબ ખાસ સત્તાની રુએ રાષ્ટ્રપતિ 'અનુસૂચિત જનજાતિઓ'ની યાદી જાહેર કરી શકે છે અને આ યાદીમાં સુધારાવધારા કરી શકે છે. ઈ.સ. ૧૯૫૦માં રાષ્ટ્રપતિ દ્વારા દેશની કુલ ૨૧૨ જાતિઓને 'અનુસૂચિત જનજાતિઓ' તરીકે જાહેર કરવામાં આવી. પાછળથી બીજાં કેટલાંક જૂથોને પણ અનુસૂચિત જનજાતિઓમાં સામેલ કરવામાં આવ્યાં. હાલ દેશમાં લગભગ ૩૦૦ અનુસૂચિત જનજાતિઓ છે.

**ગુજરાતમાં આદિવાસીઓ : વસતી અને ભૌગોલિક માહિતી**

૧૯૯૧ના સેન્સસના આંકડા મુજબ દેશની કુલ વસતી ૮૪,૬૩,૦૨,૬૮૮ છે. દેશમાં અનુસૂચિત જનજાતિની કુલ વસતી ૬,૭૭,૫૮,૩૮૦ છે, જે દેશની કુલ વસતીના ૮.૦૮% છે.

ગુજરાતની કુલ વસતી ૪,૧૩,૦૯,૫૮૨ની છે. રાજ્યમાં અનુસૂચિત જનજાતિની કુલ વસતી ૬૧,૬૧,૭૭૫ છે જે રાજ્યની કુલ વસતીના ૧૪.૯૨% છે, અને દેશની સમગ્ર અનુસૂચિત જનજાતિ વસતીના ૯.૦૯% છે.

દેશમાં અનુસૂચિત જનજાતિઓની સહુથી વધુ વસતી મધ્યપ્રદેશમાં છે. ત્યાર બાદ





અનુક્રમે મહારાષ્ટ્ર, ઓરિસ્સા, બિહાર અને ગુજરાત આવે છે. આમ, દેશમાં આદિવાસીઓની વસતીની રીતે ગુજરાતનો ક્રમ પાંચમો છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં વસતા આદિવાસીઓનું પ્રમાણ ૯૧.૯% છે, જ્યારે શહેરી વિસ્તારમાં માત્ર ૮% આદિવાસીઓ વસે છે.

ગુજરાતમાં કુલ ૨૯ અનુસૂચિત જનજાતિઓ છે, જેની યાદી અગાઉના પ્રકરણમાં આપેલી છે. આ પૈકી ભીલ જાતિની વસતી સહુથી વધુ (૩૯%) છે. એક લાખથી વધુ વસતી ધરાવતી ૧૦ જાતિઓ છે, જેમાં અનુક્રમે દૂબળા, ધોડિયા, ગામીત. નાયકા, રાઠવા, ચૌધરી, કૂકણા, ધાનકા અને વારલી છે.

ભૌગોલિક વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતની મોટા ભાગની આદિવાસી વસતી રાજ્યના પૂર્વીય જિલ્લાઓમાં, ઉત્તરમાં બનાસકાંઠાથી શરૂ કરીને દક્ષિણના ડાંગ સુધી પથરાયેલી છે. આ સમગ્ર પૂર્વ પટ્ટી આદિવાસી વિસ્તાર (Tribal Belt) તરીકે ઓળખાય છે, જે મોટા ભાગે ડુંગરાળ અને જંગલોથી છવાયેલો વિસ્તાર છે. આ આદિવાસી પટ્ટીમાં ૮ જિલ્લાઓનો સમાવેશ થાય છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ.

આ ઉપરાંત જૂનાગઢ, કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં પણ કેટલીક આદિવાસી જાતિઓ રહે છે, પરંતુ વસ્તીની દૃષ્ટિએ તેમનું પ્રમાણ ઘણું ઓછું છે. સંખ્યાની દૃષ્ટિએ આદિવાસીઓની સહુથી વધુ વસ્તી પંચમહાલ જિલ્લામાં છે, જ્યારે રાજ્યની કુલ વસ્તીના સંદર્ભમાં સહુથી વધુ આદિવાસી ડાંગ જિલ્લામાં છે.

| ક્રમ | જિલ્લો | કુલ વસ્તી | અનુ. જનજાતિની વસ્તી | ટકાવારી (%) |
|---|---|---|---|---|
| (૧) | બનાસકાંઠા | ૨૧,૬૨,૫૭૮ | ૧,૪૯,૪૦૬ | ૬.૯૧ |
| (૨) | સાબરકાંઠા | ૧૭,૬૧,૦૮૬ | ૩,૨૪,૧૯૯ | ૧૮.૪૧ |
| (૩) | પંચમહાલ | ૨૯,૫૬,૪૫૬ | ૧૩,૯૫,૦૫૦ | ૪૭.૧૯ |
| (૪) | વડોદરા | ૩૦,૮૯,૬૧૦ | ૮,૨૧,૬૯૭ | ૨૬.૬૦ |
| (૫) | ભરુચ | ૧૫,૪૬,૧૪૫ | ૭,૦૩,૯૫૬ | ૪૫.૫૩ |
| (૬) | સુરત | ૩૩,૯૭,૯૦૦ | ૧૨,૨૫,૦૮૬ | ૩૬.૦૫ |
| (૭) | વલસાડ | ૨૧,૭૩,૬૭૨ | ૧૧,૮૧,૪૦૪ | ૫૪.૩૫ |
| (૮) | ડાંગ | ૧,૪૪,૦૯૧ | ૧,૩૫,૩૮૬ | ૯૩.૯૬ |

ગુજરાતની તમામ આદિવાસી જાતિઓ રીત-રિવાજ, પહેરવેશ, બોલી, સંસ્કૃતિ અને વિકાસની દૃષ્ટિએ એકબીજાથી ઘણી જુદી છે. દક્ષિણમાં ધોડિયા, ચૌધરી, ગામીત જેવી જાતિઓ શિક્ષણ અને આર્થિક વિકાસની દૃષ્ટિએ અન્ય જાતિઓ કરતાં આગળ છે, જ્યારે દૂબળા, કાથોડી, પઢાર, વારલી વગેરે જાતિઓ હજુ પણ શૈક્ષણિક અને આર્થિક વિકાસની દૃષ્ટિએ ઘણી પાછળ છે.

આદિવાસી જાતિઓના વિકાસમાં જાતિગત ઉપરાંત જિલ્લાગત પણ ઘણો તફાવત છે. જેમ કે, વલસાડમાં રહેતા ધોડિયાઓનો શૈક્ષણિક રીતે ઘણો વિકાસ થયો છે. જ્યારે ધરમપુરના ધોડિયાઓ એટલા આગળ નથી.

૧૯૯૧ના સેન્સસના આંકડાઓ પ્રમાણે ગુજરાતમાં આદિવાસીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૩૬.૪૫% છે, જેમાં પુરુષોમાં આ પ્રમાણ ૪૮.૨૪% અને સ્ત્રીઓમાં ૨૪.૧૯% છે.

આમ આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઘણું ઓછું છે.

**આદિવાસી સમાજમાં શિક્ષણ : પ્રારંભ અને વિકાસ**

ભારતમાં આદિવાસી પ્રજામાં સહુ પ્રથમ શિક્ષણપ્રસારના પ્રયાસો હાથ ધરવાનું શ્રેય ખ્રિસ્તી મિશનરીઓને જાય છે. ખ્રિસ્તી મિશનરીઓ ૧૮મી સદીમાં પોતાના ધાર્મિક સંદેશના ફેલાવાના અર્થે ભારતમાં આવ્યા હતા. ઘણા વખત સુધી તેમને તેમના કાર્યમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની કોઈ મદદ નહોતી મળી. તેમણે ભારતના અંતરિયાળ વિસ્તારોમાં પોતાના ધર્મપ્રચારનું કામ શરૂ કર્યું, પણ આ વિસ્તારમાં અત્યંત કંગાળ અવસ્થામાં જીવતી આદિવાસી પ્રજાને શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય સુવિધાઓની તાતી જરૂર છે એનો અહેસાસ થતાં તેમણે આદિવાસી પ્રજામાં શિક્ષણની સેવા આપવાનું શરૂ કર્યું. અલબત્ત, ખ્રિસ્તી મિશનરીઓના આ પ્રયાસો બહુ જ છૂટાછવાયા અને જુદા જુદા પ્રમાણમાં રહ્યા. તેમ છતાં ભારતની આદિવાસી જાતિઓમાં શિક્ષણપ્રચારનું કામ સહુ પ્રથમ ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા જ આરંભાયું.

ગુજરાતમાં સાબરકાંઠા અને દક્ષિણ ગુજરાતના કેટલાક પ્રદેશોમાં (વલસાડ, પારડી, ચીખલી, વ્યારા, ડાંગ વ.) ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા આદિવાસી લોકોના વિકાસનું કામ હાથ ધરાયું. તેમણે આ વિસ્તારમાં શાળાઓ અને છાત્રાલયો શરૂ કરી મફત શિક્ષણ, સ્વાસ્થ્યસેવા વગેરે આપવાનું શરૂ કર્યું. મિશનરીઓનું કામ ગુજરાતના અમુક જ પ્રદેશો પૂરતું મર્યાદિત હોવા છતાં આદિવાસી પ્રજામાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ લાવવામાં તેમનો ફાળો અગત્યનો કહી શકાય.

૧૮મી સદીના અંતમાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં મફત અને ફરજિયાત શિક્ષણની યોજના દાખલ કરી. આ યોજનાનો બધે અમલ થઈ શકે એમ નહોતો કારણ કે આદિવાસી લોકો (એ વખતે 'રાનીપરજ' કે 'કાળીપરજ' તરીકે ઓળખાતા લોકો) દૂર-સુદૂરના જંગલ વિસ્તારોમાં રહેતા હતા. મહારાજા સયાજીરાવે પોતે આ વિસ્તારોની અવારનવાર મુલાકાતો લઈ તેમનો ભય દૂર કરવાનો અને વિશ્વાસ સંપાદિત કરવાનો પ્રયત્ન કર્યો અને તેમને અવારનવાર અન્ન, કપડાં અને આર્થિક સહાય પૂરી પાડી.

આદિવાસીઓની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક જરૂરિયાતો તેમના ધ્યાનમાં આવતાં, ઈ.સ. ૧૮૮૫માં મહારાજા સયાજીરાવે સોનગઢમાં આદિવાસીઓ માટે 'ધાનકા વસતીગૃહ' નામે એક નિવાસી શાળા શરૂ કરી. અહીં આદિવાસી બાળકોને મફત શિક્ષણ ઉપરાંત રહેવાની, જમવાની અને કપડાંની મફત સગવડો પણ મળતી. સદીના અંતમાં આવી જ બીજી એક સંસ્થા છોકરાઓ માટે માંડવી તાલુકામાં અને છોકરીઓ માટે સોનગઢમાં શરૂ કરવામાં આવી. ઈ.સ. ૧૯૦૪માં બ્રિટિશ સરકારે પણ માંડવીમાં આવી જ એક નિવાસી શાળા 'ધ ગોડસંબા બોર્ડિંગ હાઉસ' શરૂ કરી. આમ, આ વિસ્તારના આદિવાસીઓમાં ધીરે ધીરે શિક્ષણની શરૂઆત થઈ. પરંતુ આ નવા માહોલમાં ગોઠવાતાં આ છોકરાઓને તકલીફ પડતી અને તેમનામાંથી ઘણા એક-બે વર્ષ પછી પોતાને ગામ ભાગી જતા.

ઈ.સ. ૧૯૨૦ની આસપાસ ગુજરાતમાં ગાંધીવાદી ચળવળમાં જોડાયેલા કેટલાક સંનિષ્ઠ કાર્યકરોના પ્રયત્નોથી આદિવાસી શિક્ષણની દિશામાં બહુ મોટો વળાંક આવ્યો. ગાંધીજીના નેતૃત્વ હેઠળ કામ કરતા ઠક્કરબાપા અને ઈન્દુલાલ યાજ્ઞિકે પંચમહાલમાં મીરાંખેડી ખાતે



૧૯૨૨માં પહેલી આશ્રમશાળા સ્થાપી. પંચમહાલ જિલ્લામાં આદિવાસી શિક્ષણક્ષેત્રે આ પહેલી શરૂઆત હતી. ઈ.સ. ૧૯૨૩માં દાહોદમાં આદિવાસીઓના વિકાસ માટેનું સંગઠન 'ભીલ સેવામંડળ' સ્થપાયું. તેના કેટલાક સંનિષ્ઠ અને સેવાભાવી કાર્યકરોના ઘનિષ્ઠ પ્રયાસોને લીધે ટૂંક સમયમાં જ તેની પ્રવૃત્તિઓનો વ્યાપ ઘણો વધ્યો. તેની સ્થાપનાનાં થોડાં વર્ષોમાં જ પંચમહાલમાં ઠેર ઠેર આશ્રમશાળાઓ અને છાત્રાલયો સ્થપાયાં. આદિવાસીઓમાં શિક્ષણના ફેલાવામાં આને લીધે ઘણો વેગ આવ્યો.

ઈ.સ. ૧૯૨૬માં બારડોલીમાં જુગતરામ દવેએ રાનીપરજ વિદ્યાલયની સ્થાપના કરી. પરંતુ આવી સંસ્થા આદિવાસી વિસ્તારમાં હોય એ વધુ યોગ્ય છે એમ લાગતાં તેમણે ૧૯૨૮માં તેને વેડછી ખાતે ફેરવી. જુગતરામકાકાએ સ્થાપેલ વેડછી આશ્રમ અને વિદ્યાલય આજે ગુજરાતના આદિવાસીઓ માટે ખૂબ જ મહત્ત્વની સંસ્થા તરીકે પ્રતિષ્ઠિત છે.

આમ, આદિવાસીઓમાં ૧૯૨૦ પછી શિક્ષણના પ્રસારની વ્યાપક પ્રમાણમાં શરૂઆત થઈ, પરંતુ આદિવાસી છોકરીઓમાં તો અક્ષરજ્ઞાનનું પ્રમાણ ખૂબ જ નીચું રહ્યું. માબાપ પોતાના છોકરાઓને તો આશ્રમશાળામાં મોકલવા રાજી થતાં, પરંતુ તેમની છોકરીઓને મોકલતાં નહોતાં. ઠક્કરબાપાના વ્યક્તિગત પ્રયત્નો અને સલાહસૂચનોને અંતે છેવટે ૧૯૨૩માં પાંચ આદિવાસી છોકરીઓએ આશ્રમશાળામાં પ્રવેશ કર્યો હતો.

૧૯૪૦ પછી આદિવાસી છોકરાઓ અને છોકરીઓ માટે કેટલીક નવી હોસ્ટેલો સુરત જિલ્લામાં (હાલ સુરત અને વલસાડ જિલ્લો) શરૂ થઈ. ભીલ સેવામંડળે ઈ.સ. ૧૯૩૯માં દાહોદમાં આદિવાસી કન્યા આશ્રમની સ્થાપના કરી. ૧૯૪૩માં જેસાવાડા અને ૧૯૪૪માં ઝાલોદમાં છોકરીઓ માટે અન્ય બે આશ્રમશાળાઓ સ્થપાઈ.

આમ, સામાજિક કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સુરત ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ, ભીલ સેવા-મંડળ વગેરેના પ્રયત્નોથી સુરત અને પંચમહાલ જિલ્લામાં આદિવાસી છોકરાઓ અને કન્યાઓ માટે વિવિધ શાળાઓ અને આશ્રમશાળાઓ શરૂ થઈ. ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાની શાળાઓ શરૂ થતાં ધીરે ધીરે આદિવાસી છોકરીઓમાં શિક્ષણ પ્રત્યે રસ જાગ્રત થયો. જોકે, આઝાદી પહેલાં ગુજરાતમાં આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ કેટલું હતું અને શૈક્ષણિક સ્તર કેટલું હતું તે અંગે કોઈ વિશ્વસનીય આંકડા ઉપલબ્ધ નથી. ૧૯૫૧ના સેન્સસના અહેવાલમાં પણ આદિવાસી સ્ત્રીઓના શિક્ષણ અને અક્ષરજ્ઞાનને લગતી કોઈ અલગ માહિતી મળતી નથી.

આઝાદી પછી બંધારણમાં સમાજના નબળા વર્ગો માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી, જેમાં અનુસૂચિત જનજાતિઓને પણ સામેલ કરવામાં આવી છે. આજે આ જાતિઓ માટે ઘણી કેન્દ્ર સરકારી અને રાજ્ય સરકારની યોજનાઓ છે જે તેમને શિક્ષણ માટેની આર્થિક સહાય ઉપરાંત સરકારી નોકરીની તકો પણ પૂરી પાડે છે.

આશ્રમશાળાઓની સ્થાપનાએ આદિવાસી છોકરાઓ અને કન્યાઓમાં શિક્ષણ પ્રત્યે અભિમુખતા જગાવવામાં બહુ જ મોટો ભાગ ભજવ્યો છે. અહીં તેમને છાત્રાવાસમાં મફત રહેવાસની સાથે મફત શિક્ષણ, સ્કોલરશીપ વગેરે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આશ્રમશાળાઓની સાથે ઉત્તર બુનિયાદી શાળાઓ પણ શરૂ થઈ જેણે આદિવાસીઓને ઉચ્ચ શિક્ષણ લેવા પ્રેરિત કર્યા. આશ્રમશાળાઓમાં ૧થી ૭ ધોરણનું શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે ઉત્તર બુનિયાદી શાળાઓમાં ધોરણ ૮થી ૧૦નું શિક્ષણ આપવામાં આવે છે.

આઝાદી પછી શરૂઆતના બે દાયકાઓમાં આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઓછું રહ્યું. ૧૯૬૧માં દર ૧,૦૦૦ આદિવાસી સ્ત્રીઓમાં માત્ર ૪૧ સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવતી હતી. ૧૯૭૧માં આ આંક વધીને ૬૨ સુધી પહોંચ્યો. આમ, '૭૦ પછીના વર્ષોમાં આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ વધ્યું, પરંતુ આ વધારો માત્ર ધોડિયા, ભીલ, ચૌધરી અને ગામીત જેવી કેટલીક જાતિની સ્ત્રીઓ પૂરતો જ મર્યાદિત હતો.

આ જાતિઓએ ૧૯૭૦ પછી શિક્ષણના ક્ષેત્રે ઝડપી પ્રગતિ કરી છે. ખાસ તો આ જાતિઓના પુરુષોમાં અક્ષરજ્ઞાન અને ઉચ્ચ શિક્ષણ તેમ જ નોકરીઓનું પ્રમાણ વધવાથી સ્વાભાવિક રીતે જ તેઓ પોતાની જાતિની શિક્ષિત યુવતીને પરણવાનો આગ્રહ રાખવા લાગ્યા. પરિણામે, આ જાતિઓમાં સ્ત્રીશિક્ષણને વધુ વેગ મળ્યો. તદુપરાંત સુરત, વલસાડ, પંચમહાલ જેવા જિલ્લાઓમાં ઠેર ઠેર આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓ સ્થપાતાં આ વિસ્તારોમાં શિક્ષણની સુવિધા અંતરિયાળ વિસ્તારોમાં પણ સુલભ બની અને સામાજિક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓના સતત પ્રયાસથી મા-બાપના મનોવલણોમાં પણ ફેર આવ્યો અને પોતાની છોકરીઓને આશ્રમશાળામાં મોકલવા માટે તેઓ રાજી થયાં. કેટલાંક મા-બાપે તો આ માટે પોતાની છોકરીઓને પ્રોત્સાહન પણ આપ્યું. પરિણામે, ૧૯૭૫ પછી એટલે કે છેલ્લાં વીસ વર્ષોમાં આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાન પણ વધ્યું અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું.

૧૯૬૫ સુધી મેટ્રિકથી આગળ અભ્યાસ કરનાર આદિવાસી મહિલાઓની સંખ્યા ૪૮ હતી. '૭૦માં તે ૧૮૮ની થઈ. '૭૫માં તે ૧,૦૭૪ અને '૮૦માં તે ૩,૦૮૮ થઈ (પટેલ તારા, ૧૯૮૩). આજે આદિવાસી સ્ત્રીઓમાંથી ઘણી સ્ત્રીઓ સ્નાતક કે તેથી આગળ અભ્યાસ કરીને વ્હાઇટ-કૉલર નોકરીઓમાં જોડાઈ છે અને આગામી વર્ષોમાં આ પ્રમાણ વધવાનું છે. જોકે, હજુ આદિવાસી મહિલાઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૨૪% છે, જે અન્ય પછાત વર્ગોની સ્ત્રીઓ કરતાં પણ ઓછું છે. તદુપરાંત ધોડિયા, ચૌધરી, ગામીત, ભીલ જેવી ચાર-પાંચ જાતિઓની સ્ત્રીઓ જ ઉચ્ચ શિક્ષણ લેતી થઈ છે. અન્ય જાતિઓમાં સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાન અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ હજુ પણ ઘણું ઓછું છે. આવો જ તફાવત જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ છે. માંડવી, વ્યારા, વાલોડ, સોનગઢ, મહુવા વગેરે દ. ગુજરાતના કેટલાક તાલુકાઓ અને સાબરકાંઠાના વિજયનગર અને ભીલોડા તાલુકાઓમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. એની સરખામણીમાં અન્ય તાલુકાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે.

આમ, આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ છેલ્લા બે દાયકાઓમાં વધ્યું જરૂર છે, પણ હજુ સંતોષકારક નથી, જે આદિવાસી સ્ત્રીઓના શિક્ષણ માટે વધુ સંગીન પ્રયાસોની જરૂર છે એ બાબત તરફ અંગુલીનિર્દેશ કરે છે. ઉપરાંત ચાર-પાંચ જાતિઓની સ્ત્રીઓમાં જ ઉચ્ચ શિક્ષણ વધ્યું છે. પાછળ રહી ગયેલી અન્ય આદિવાસી જાતિઓ અને ખાસ કરીને આ જાતિઓની સ્ત્રીઓના શૈક્ષણિક વિકાસ માટે વધુ સઘન પ્રયત્નો અને ધ્યાન આપવાનો સમય હવે પાકી ગયો છે.



## દક્ષિણ ગુજરાતના આદિવાસી ગ્રામજીવનની એક ઝલક

ગુજરાતની આદિવાસી જાતિઓ, તેમનાં રીત-રિવાજો, સંસ્કૃતિ, આદિવાસી સમાજમાં સ્ત્રીનું સ્થાન અને ભૂમિકા આ બધાં અંગે પુસ્તકોમાંથી તો માહિતી મેળવી પણ મનમાં સતત થતું હતું કે જ્યાં સુધી હું ખરેખર આદિવાસી ગામડાની પ્રત્યક્ષ મુલાકાત ના લઉં ત્યાં સુધી આ બધું સારી પેઠે સમજી શકીશ નહીં.

ગુજરાતમાં સુરત અને વલસાડ જિલ્લામાં આદિવાસી જાતિઓના શિક્ષણનું પ્રમાણ સહુથી વધારે છે અને તેથી વ્હાઇટ કૉલર નોકરીઓમાં પણ આ બે જિલ્લાની જાતિઓ જ વિશેષ છે. એથી સુરત જિલ્લાના વાલોડ અને વેડછીની આસપાસના આદિવાસી ગામડાંઓની મુલાકાત લેવાનું નક્કી કર્યું.

વાલોડમાં વેડછી પ્રદેશ સેવા સમિતિ નામની આદિવાસીઓના વિકાસ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાના મંત્રી શ્રી બાબુભાઈ શાહે તેમની સંસ્થામાં ઉતારાની વ્યવસ્થા કરી આપી, એટલું જ નહીં, સંસ્થાના કાર્યકરો સાથે દરરોજ આસપાસના આદિવાસી ગામડાંઓની મુલાકાત લેવાનું પણ ગોઠવી આપ્યું. આ મુલાકાત દરમિયાન પ્રત્યક્ષ નિરીક્ષણ અને અનૌપચારિક મુલાકાત પદ્ધતિ દ્વારા એકત્રિત કરેલી માહિતીનું વિવરણ અહીં રજૂ કર્યું છે.

* * * *

સુરતથી વાલોડ સુધીનો આખો રસ્તો ખૂબ સુંદર અને પ્રદેશ લીલોછમ છે. શેરડી અને કેળની વાડીઓ અને ખેતરો છે. વાલોડમાં ઉદ્યોગવાડીમાં શ્રી બાબુભાઈ શાહે ઉતારાની વ્યવસ્થા કરી આપી.

બપોરે વાલોડ મહાલના બુટવાડા ગામની મુલાકાત લીધી. વસ્તી ૧,૨૭૨ છે. હળપતિઓની મુખ્ય વસ્તી છે. પણ સાથે સાથે ગામીત, ચૌધરી અને કણબી પટેલની વસ્તી પણ છે. બધાના વાસ અલગ અલગ છે.

સૌથી ઊડીને આંખે વળગે એ તેમનાં ઘર છે. સરસ લીંપણ કરેલાં, માટીનાં, નાનાં-નાનાં સુઘડ ઘર અંદરથી ખૂબ મોકળાશભર્યાં છે. બહાર નાની ઓસરી અને અંદર ઓરડા અને રસોડું. ગામ નાનું, પણ તાલુકાનો વિકાસ ખૂબ થયો છે એટલે ગામમાં ઈલેક્ટ્રીસીટી છે. લગભગ દરેકના ઘરમાં પંખા અને લાઇટ છે. રસોઈ માટે સામાન્યતઃ ચૂલા વપરાય છે, પણ થોડા સુખી ઘરોમાં પ્રાઇમસ અને ગોબર ગેસ પણ છે. એમની જીવનશૈલીમાં પરંપરા અને આધુનિકતા બંનેનો સમન્વય જોવા મળે છે. બહાર સરસ લીંપણ કરેલ ઓસરી, તેની ઉપર પરંપરાગત ચિત્રકામ અને અંદર લોખંડની તિજોરી અને લેડીઝ પર્સ પણ જોવા મળે. સ્ટીલનાં વાસણો લગભગ બધાં ઘરોમાં છે.

સૌથી પહેલાં લલીબહેનને મળી. લલીબહેન ૧૧ ધોરણ સુધી ભણ્યાં છે. પતિ શું કરે છે એ પૂછ્યું તો થોડાં ખચકાયાં. મારી સાથે આવેલ પંથિનીબહેન સામું જોયા કરે. પંથિનીબહેને જણાવ્યું કે એમના છૂટાછેડા થઈ ચૂક્યા છે. છૂટાછેડા શા માટે લીધા એ પૂછ્યું તો લલીબહેને વિનાસંકોચે વિગતે વાત જણાવી. એમણે લગ્ન પોતાની જાતે (લવ-મૅરેજ) કર્યા હતાં. પણ પછી પતિ સાથે વિખવાદ શરૂ થયો. પતિ દારૂ પીને મારે, ગાળાગાળી કરે. છેવટે છૂટા થઈ ગયા. પંચ આગળ પતિએ ઘર પત્નીને નામ કરાવી

આપ્યું. એક દીકરી અને દીકરો લલીબહેન સાથે રહે છે. દીકરો સાતમા ધોરણમાં ભણે છે. દીકરી ૧૫ વર્ષની છે. ચાર ધોરણ સુધી ભણી છે. એને વધુ કેમ ન ભણાવી એના જવાબમાં લલીબહેને જણાવ્યું કે મારી તો ઘણી ઇચ્છા છે કે એ ભણે પણ એની ઇચ્છા નહોતી. વળી ઘરકામમાં મને મદદ કોણ કરે ? અત્યારે એ પાપડ વણવાનું કામ કરીને બે પૈસા રળી લે છે.

પોતે જાતે લગ્ન કર્યાં છે પણ દીકરીને ક્દી એમ નહીં કરવા દે એવું તેમણે સ્પષ્ટ જણાવ્યું. જાતે લગ્ન કરવાથી પસ્તાવું પડે છે, દુઃખી થવાય છે એમ તેઓ માને છે. મા-બાપ શોધે તો બધું જોઈ પારખીને કરે. દીકરીનાં લગ્ન કેટલી ઉંમરે કરશો એમ પૂછ્યું તો કહે સત્તર-અઢાર વર્ષે. છોકરો ખેતી કરતો હોય તો વધુ સારું અથવા તો પછી નોકરી. એ મારી દીકરીને કેવી રીતે રાખશે, ઘર કેવું છે વગેરે બાબતને તેઓ વધુ મહત્ત્વ આપશે એમ તેમણે કહ્યું.

જાતે લગ્ન કરવાં અને છૂટા થવું એ આ સમાજમાં વધુ સરળ છે. પંચ કહે એટલા પૈસા ભરવાથી છૂટાછેડા મળી જાય છે. પતિનો ત્રાસ સહન કરવાને બદલે એનાથી છૂટા થઈ જવું લલીબહેનને વધુ યોગ્ય લાગે છે. ઘર એમના નામે છે. પાપડ વણીને ગુજરાન ચલાવે છે. છોકરાને ભણાવે છે. પતિએ બીજાં લગ્ન કરી લીધાં છે, પણ બાળકોના ભવિષ્યને ખાતર પોતે બીજાં લગ્ન નહીં કરે એમ તેમણે જણાવ્યું. કારણ નવો બાપ બાળકોને કેવી રીતે રાખે એ કોને ખબર ? પોતે આત્મનિર્ભર છે, કોઈની પાસે હાથ લાંબો નથી કરતાં એ વાતનો સંતોષ અને ગૌરવ તેમની વાણીમાંથી પ્રગટતાં હતાં. મા-બાપ ગામમાં જ રહે છે.

લલીબહેન નાઈટ-ગાઉન પહેર્યો હતો. એમની છોકરીએ નાયલોનનું ફ્રૉક પહેર્યું હતું અને માથાના વાળ પણ એકદમ આધુનિક રીતે કપાવ્યા હતા. લલીબહેન પિક્ચર કે ટીવી નથી જોતાં પણ દીકરી પુષ્પા ક્યારેક વાલોડમાં ફિલ્મ જોવા જાય છે અને ક્યારેક ટીવી પર પિક્ચર પણ જોઈ લે છે.

સવિતાબહેન ૧૦ ધોરણ સુધી ભણેલાં છે. બુટવાડા ગામમાં બાલવાડી ચલાવે છે. પોતે ૧૦ ધોરણ સુધી ભણેલાં છે, પણ પતિ ૭ ધોરણ સુધી ભણ્યા છે અને વાલોડમાં હીરા ઘસવાનું કામ કરે છે. મા-બાપની આ ઠેકાણે પરણાવવાની ઇચ્છા નહોતી. એટલે ઘરેથી ભાગીને સાસરે જતા રહ્યાં હતાં. ત્યાં એમનાં લગ્ન થયાં. સાસરું વલસાડ જિલ્લામાં છે. પતિ સહિત છ ભાઈઓ. જેમ જેમ ભાઈઓ પરણતા જાય એમ એમ જુદા થતા જાય. લગ્ન પછી પતિ-પત્ની મોટા ભાગે મા-બાપથી અલગ, સ્વતંત્ર રહે છે.

કમાણી પતિને આપવી પડે કે નહીં એમ પૂછ્યું તો સવિતાબહેન હસી પડ્યાં. કહે, મારી કમાણી તો મારી પાસે જ રહે, પણ પતિ પણ કમાણી મને આપી દે. અમારા સમાજમાં મોટા ભાગે પતિ કમાય એ પૈસા સ્ત્રીને જ આપે છે. પત્ની ઘર ચલાવે. અમારે અમારી કમાણીમાંથી કે ઘરના પૈસામાંથી જરૂરિયાતની નાની-મોટી કોઈ ચીજ લાવવી હોય તો પતિને પૂછવાની જરૂર નહીં. જમીન ખરીદવાની હોય, ઘર બાંધવાનું હોય કે દીકરા-દીકરીનાં લગ્ન જેવી મોટી વાતનો નિર્ણય લેવાનો હોય તો પતિ-પત્ની બન્ને સાથે મળીને લે. પતિ ઘરનાં નાનાં-મોટાં કામ કચરો વાળવો, ઢોર દોહવાં, પાણી ભરવું વગેરેમાં પત્નીને મદદ કરે અને એ સ્વાભાવિક ગણાય છે. સાથે પત્ની પણ ખેતીમાં મદદ કરે.



હળપતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે, પણ સવિતાબહેન એમની દીકરીને કૉલેજ સુધી ભણાવવા માંગે છે. બોરખડી ગામે ૧૧મા ધોરણમાં ભણતી, સ્કૂલનો યુનિફૉર્મ પહેરેલી એમની દીકરી માયાને જોઈને ભાગ્યે જ એને આદિવાસી છોકરી કહેવાનું મન થાય.

સવિતાબહેને જણાવ્યું કે આદિવાસી સમાજમાં હંમેશાં માગું છોકરા પક્ષ તરફથી જ આવે. છોકરીવાળા કોઈ દિવસ સામેથી માગું ન કરે. (હિંદુ સમાજથી ઊંધું) છોકરાવાળા છોકરીને bride-price (કન્યા મૂલ્ય) આપે.

અહીં આ ગામમાં બધા માંસ-મચ્છી-ઈંડા ખાય છે. સવિતાબહેને જણાવ્યું કે મોટાં શહેર જેવાં કે સુરત, વડોદરામાં રહેતાં સગાંવહાલાં ત્યાં ઉજળિયાત કોમની વચ્ચે રહે એટલે માંસ-મચ્છી ન ખાય, પણ અહીં ગામડે આવે એટલે એ જ ખાય. શહેરમાં રહેતી, એમના સમાજની ભણેલી સ્ત્રીઓ કેવું વર્તન દાખવે એમ પૂછ્યું તો સવિતાબહેન કહે 'અમારા સમાજમાં ભણેલાનો મોભો વધી જાય. ભણેલા હોય એ ભણતરનો વટ મારે. અભણ કે ગરીબ એમના જ સમાજના લોકો – સગાં-વહાલાં તરફ તિરસ્કારથી જુએ. ક્યારેક તો બોલે પણ નહીં.'

સવિતાબહેનને ઘરે જ ઈનમા ગામના કુસુમબહેન મળ્યાં. કુસુમ ગામીત છે, પણ ચૌધરી જાતિમાં લગ્ન કર્યાં છે. માતા-પિતા લગ્નની વિરુદ્ધ હતાં એટલે ઘરેથી ભાગીને, કોર્ટમાં જઈને લગ્ન કર્યાં. કુસુમબહેન ૧૦મા ધોરણ સુધી ભણ્યાં છે. બાલવાડી ચલાવે છે. પતિ સુગર ફૅક્ટરીમાં કામ કરે છે. ગામીતમાં બ્રાઇડપ્રાઈસ તરીકે લગભગ ૪૫૦ રૂા. આપવા પડે. પહેલાં માત્ર ચાંદીનાં સાંકળાં-કંદોરાથી ચાલતું, પણ હવે ખાધે પીધે સુખી હોય તેવા ઘરોમાં સોનું આપવાનો રિવાજ વધતો જાય છે. આદિવાસી સમાજમાં છોકરી જાતે લગ્ન કરે કે જાતે છોકરો શોધી લે એની સામે મા-બાપને ખાસ કોઈ વિરોધ નથી હોતો, પણ તે પોતાની જ જાતિમાં હોય તે બહુ જરૂરી માને છે. કુસુમબહેને જણાવ્યું કે ઘરના નાના-મોટા નિર્ણય અમે પતિ-પત્ની સાથે મળીને લઈએ છીએ.

બુટવાડાના નાનીબહેન હળપતિ છે, તદ્દન નિરક્ષર છે. એ દાયણનું કામ કરે છે. અમે ગયા ત્યારે સાડી કાઢીને માત્ર ચણીયો અને બ્લાઉઝ પહેરીને સ્વાભાવિકતાથી બેઠાં હતાં. પંથિનીબહેને ટોક્યા એટલે જઈને સાડી પહેરી આવ્યાં. એ ઘણાં વર્ષોથી દાયણનું કામ કરે છે. પહેલાં કોઈ તાલીમ નહોતી લીધી, બારડોલીથી એક દાયણ બહેન ફળિયામાં પ્રસૂતિ કરાવવા આવતી એની સાથે જતાં. એમ કરતાં એ પણ દાયણનું કામ કરતાં થઈ ગયાં. પછી સરકારી દવાખાનામાં ત્રણ મહિનાની તાલીમ પણ લીધી. અત્યારે ગામમાં લગભગ બધી જ સ્ત્રીઓની પ્રસૂતિ એ કરાવે છે. બહુ ઓછી સ્ત્રીઓ દવાખાનામાં જાય છે. નાનીબહેને જણાવ્યું કે છોકરો જન્મે કે છોકરી એ સરખા જ પૈસા લે છે અને આપવાવાળાને પણ છોકરો જન્મે કે છોકરી કોઈ ખાસ ફેર નથી પડતો. બન્નેનું મહત્ત્વ એને સરખું જ હોય છે.

નાનીબહેને જણાવ્યું કે કુટુંબનિયોજન અહીં પ્રચલિત છે. પહેલાં પુરુષો જ નસબંધીનું ઑપરેશન કરાવતા, પણ હવે મોટા ભાગે સ્ત્રીઓ જ તેનાં સાધનો અપનાવે છે. કારણ પૂછતાં જાણવા મળ્યું કે સ્ત્રીઓ ઘણી વાર બીજા પુરુષો સાથે ફરતી હોય. પતિએ ઑપરેશન કરાવ્યું હોય છતાં પત્ની ગર્ભવતી બને તેવા ઘણા કિસ્સા બનતા અને ઘરમાં ઝઘડો-કંકાસ થતો. હવે સ્ત્રીઓ પોતે જ કુટુંબ નિયોજન માટે તૈયાર થઈ જાય છે. વળી અહીં એવી પણ માન્યતા છે કે પુરુષોએ ભારે કામ કરવાનાં હોય છે. ખેતી કરવી, હળ ચલાવવાનું વગેરે

ચૌધરી સમાજમાં તેઓ પી.એચડી. થનાર પ્રથમ મહિલા હશે.

આ બન્ને સ્ત્રીઓએ કરેલ સંઘર્ષ, તેમણે મેળવેલ સિદ્ધિ અને પોતાના આદિવાસી સમાજ પ્રત્યેનો તેમનો અભિગમ ખૂબ જ આકર્ષક અને પ્રભાવશાળી લાગ્યો.

સાંજે વેડછી પ્રદેશ સેવા સમિતિના સંચાલક અને મંત્રી શ્રી બાબુભાઈ શાહ અને તેમનાં પત્ની તરલાબહેન કે જેઓ આ જ વિસ્તારના કલમકૂઈ ગામમાં પ્રાથમિક શાળાના આચાર્યા છે, તેમની સાથે લગભગ બે કલાક અનૌપચારિક વાતો કરી. આ દંપતી લગભગ છેલ્લાં ત્રીસ વર્ષથી આ આદિવાસી વિસ્તારમાં આદિવાસી સમાજ અને મહિલાઓ સાથે કામ કરી રહ્યાં છે. આ સમાજને તેમણે ખૂબ નજીકથી નીરખ્યો છે અને ઘણાં વર્ષોથી તેની સાથે તેમનો ગાઢ સંપર્ક રહ્યો છે. એટલે તેમના બહોળા અનુભવ અને નિરીક્ષણને લીધે હવે આ સમાજમાં જે પરિવર્તન આવતું તેમને દેખાય છે તેની તેમણે વિગતે વાતો કરી અને આ રીતે તેમની પાસેથી આદિવાસી સમાજમાં શિક્ષણ અને શહેરીકરણને લીધે તેમ જ ઉજળિયાત કોમના સતત સંપર્કને લીધે આવી રહેલાં વિવિધ સામાજિક પરિવર્તનો વિશે ઘણું જાણવા મળ્યું.

તરલાબહેને આદિવાસી સ્ત્રીઓ અને તેમના સમાજમાં આવી રહેલા પરિવર્તન વિશે થોડી ચિંતા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે આદિવાસી સમાજમાં પહેલાં લગ્ન અગાઉ સ્ત્રીના અન્ય પુરુષો સાથેના સંબંધોને બહુ મહત્ત્વ ન અપાતું. કેટલીક વાર તો સ્ત્રી લગ્ન અગાઉ થયેલા તેના બાળકને લઈને સાસરે જતી એવા પ્રસંગો પણ બન્યા છે, પણ હવે આપણા સમાજનાં મૂલ્યોની અસરને લીધે આવી બાબતને શરમજનક માનવામાં આવે છે અને દીકરી અન્ય પુરુષ સાથે મિત્રતાભર્યો સંબંધ ન બાંધી બેસે એ કારણસર છોકરીઓની લગ્ન-વય ઘટતી જાય છે. પહેલાં મા-બાપ દીકરીનાં લગ્ન એકવીસ-બાવીસ વર્ષની ઉંમરે કરતાં, પણ હવે તેને સત્તર-અઢાર વર્ષની વયે પરણાવી દેવાનું વલણ વધતું જાય છે. એ ઉપરાંત ભણેલાં અને નોકરી કરતાં આદિવાસી સ્ત્રી-પુરુષો પોતાની બોલી, લોકગીતો, લોકનૃત્યો અને સંસ્કૃતિને છોડી રહ્યાં છે. પરંપરાગત પોષાક અને ઘરેણાં તો હવે ગામડાંની સ્ત્રીઓએ પણ છોડી દીધાં છે. શ્રી બાબુભાઈએ જણાવ્યું કે આદિવાસી સમાજમાં હવે નાનાં ગામડાંઓમાંથી કસબાઓ તરફ અને કસબાઓમાંથી શહેરમાં વસવાનો અભિગમ વધતો જાય છે. શહેરમાં વસતા ઘણા શિક્ષિત આદિવાસી લોકો પોતાની જાતને 'ઊંચા', 'સુધરેલા' માને છે અને ગામડાંમાં રહેતા, પોતાના સમાજના અશિક્ષિત લોકો તરફ તિરસ્કારથી જુએ છે. તેઓ પોતાની બોલીને ખૂબ જ નીચી માનતા થઈ ગયા છે અને પોતાનાં બાળકો આ બોલી ના શીખે, ના બોલે, ગામના બાળકો સાથે ના હળે-ભળે તેનું વિશેષ ધ્યાન રાખે છે.

વેડછી પ્રદેશ સેવા સમિતિમાં મધુબહેન ચૌધરી નામના આદિવાસી સ્નાતક બહેન કામ કરે છે. તેમણે મને કહ્યું, ''હું ગ્રેજ્યુએટ થઈને પણ અમારા ગામમાં રહું છું, ઘરે અમારી બોલી બોલું છું, મારાં બાળકોને અહીં ભણાવું છું એનું અમારા સમાજની બીજી ભણેલી અને શહેરોમાં રહેતી સ્ત્રીઓને બહુ આશ્ચર્ય થાય છે. મને એ લોકો જ્યારે મળે ત્યારે ગામ છોડીને શહેરમાં આવી જવાની સલાહ આપે છે અને ચિંતા કરે છે કે મારાં બાળકો પછાત રહી જશે. એ લોકો એમ માને છે કે ભણીગણીને શહેરમાં જ સ્થાયી થવું જોઈએ અને પોતાની 'પછાત' બોલીને ત્યજી દેવી જોઈએ.'' જો આમ જ હોય તો, આ વલણ ખરેખર ચિંતાજનક છે.



વાલોડ નજીક ઈનમા અને તીતવા નામનાં નાનાં આદિવાસી ગામ છે. ઈનમામાં લક્ષ્મીબહેન, રમીલાબહેન અને જસુ – ત્રણ જુદી જુદી પેઢીનું પ્રતિનિધિત્વ કરતી બહેનોને મળી. લક્ષ્મીબહેનની ઉંમર ૬૦ની આસપાસ છે, રમીલાબહેન ૩૫ વર્ષનાં અને જસુ ૧૯ વર્ષની. લક્ષ્મીબહેન અને જસુ ગામીત છે જ્યારે રમીલાબહેન હળપતિ છે.

લક્ષ્મીબહેન પાસેથી આદિવાસી સમાજના-ગામીત જાતિના – પહેલાંના રીતરિવાજો વિશે ઘણું જાણવા મળ્યું. તેમણે જણાવ્યું કે અગાઉ લગ્નમાં વાર-તિથિ વગેરે જોવું ન પડતું અને બ્રાહ્મણને પણ બોલાવવામાં ન આવતા, પણ હવે 'બધા સુધરવા માંડ્યા છે એટલે બ્રાહ્મણને બોલાવે છે'. જંગલમાં રહેતા લોકો હજુ આજે પણ લગ્ન વખતે બ્રાહ્મણને નથી બોલાવતા પણ અમે તો બોલાવીએ. પહેલાં છોકરીની જાન નીકળતી, હવે છોકરાની જાન નીકળે છે કારણ શહેરમાં – ઉજળિયાત વર્ગોમાં – છોકરીની નહીં, છોકરાની જ જાન નીકળે છે. લક્ષ્મીબહેને જણાવ્યું કે લગ્નપ્રસંગે છોકરીને બેડું કે વીંટી આપી દો તોપણ ચાલે. મા-બાપની જેટલી શક્તિ. પણ છોકરાવાળાએ છોકરીને કપડાં-ઘરેણાં લઈ આપવાં પડે અને જો દીકરીવાળા માગણી કરે તો પૈસા (bride-price) પણ આપવા પડે. અગાઉ માત્ર ચાંદીનાં ઘરેણાંથી ચાલતું, પણ હવે સુખી-સંપન્ન લોકોમાં દેખાદેખીથી સોનું આપવાનો રિવાજ વધતો જાય છે.

લક્ષ્મીબહેન પાસેથી જાણવા મળ્યું કે નાની નાની ચીજવસ્તુઓ લાવવા માટે પતિની મંજૂરી લેવી જરૂરી નથી. તે માટે સ્ત્રી સ્વતંત્ર છે. લગ્ન પછી છૂટું થવું હોય તો પંચ આગળ જવું પડે. છોકરાએ છૂટા થવા માટે અરજી કરી હોય તો છોકરીને પૈસા આપવા પડે ને છોકરીએ છૂટા થવા માટે અરજી કરી હોય તો તેણે છોકરાને પંચ નક્કી કરે તેટલા પૈસા આપવા પડે. બાળકો કોની પાસે રહેશે તે પંચ નક્કી કરે અને બાળકો જો મોટાં ને સમજણાં હોય તો તેમની મરજી પણ જાણવામાં આવે છે. જો બાળકો મા પાસે રહે તો બાપે બાળકના ભરણ-પોષણ માટે પંચે નક્કી કરેલ પૈસા અને ખેતી માટેની જમીન આપવી પડે. સંતાન જો છોકરી હોય તો ખેતીની જમીન આપવી પડતી નથી. છૂટા થયા પછી કે વિધવા થયા પછી છોકરી ફરી પરણી શકે છે પણ આ વખતે માત્ર છોકરો છોકરીને ઘરે આવીને તેને તેડી જાય છે, લગ્નની વિધિ થઈ શકતી નથી.

વિધવાવિવાહને આ સમાજમાં ખરાબ કે અયોગ્ય વાત તરીકે જોવામાં નથી આવતી. માત્ર લગ્નનું કે નવા ઘરનું મુહૂર્ત કરવાનું હોય કે કોઈ શુભ પ્રસંગ હોય તો તે વિધવાને ન કરવા દે. બાકી ફરીથી નહીં પરણેલી વિધવાઓનું સ્થાન સમાજમાં સારું છે. ગામીતમાં મામા-ફોઈનાં દીકરા-દીકરીનાં લગ્ન થઈ શકે છે અને ઘરજમાઈની પ્રથા પણ છે. જો કુટુંબમાં બધી દીકરીઓ જ હોય અને પિતાને ખેતીની સારી એવી જમીન હોય તો તે ઘરજમાઈ લાવે અને એમાં કશું શરમજનક નથી લેખાતું.

ગામીત જાતિમાં છોકરીની લગ્નની ઉંમર સામાન્ય રીતે ૧૮-૧૯ વર્ષની છે, જ્યારે છોકરાને ૨૧-૨૨ વર્ષે પરણાવે છે. અહીં મોટા છોકરાનું વર્ચસ્વ હોય એવું કંઈ નથી. બધા છોકરાઓને બાપની મિલકતમાંથી સરખો ભાગ મળે છે. દીકરીને બાપની મિલકતમાંથી કોઈ ભાગ મળતો નથી, પણ ભાઈઓ સારા હોય અને પરણાવેલી દીકરીની સ્થિતિ બહુ સારી ન હોય તો ઘર બાંધવા કે ખેતી કરવા જમીન આપે. દીકરા ના હોય તો મા-બાપ જમીન છોકરીને નામે કરી દે.

રમીલાબહેન હળપતિ છે. ગામીત અને ચૌધરી લોકો હળપતિઓને પોતાના કરતાં નીચા ગણે છે. કારણ કે તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તે ઉપરાંત આર્થિક રીતે પણ તેઓ બહુ પછાત છે અને હજુ પણ મોટા ભાગના હળપતિઓ મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. બહુ ઓછા હળપતિઓને પોતાની જમીન કે ખેતર છે. રમીલાબહેનની સ્થિતિ પ્રમાણમાં ઘણી સારી છે. પોતે સાત ધોરણ સુધી ભણ્યાં છે. પતિ ખેતી કરે છે. પોતાનું પાકું મકાન છે. પોતે પણ પાપડ વણીને કમાણી કરી લે છે.

રમીલાબહેને તેમના સમાજના રિવાજો જણાવતાં કહ્યું કે અમારી જાતિમાં છોકરા-છોકરી જાતે લગ્ન કરી શકે છે. જો મા-બાપની સંમતિ ન હોય તો બન્ને ભાગીને લગ્ન કરી લે. હળપતિઓમાં લગ્ન વખતે બ્રાહ્મણની ખાસ જરૂર નહીં પણ થોડા માલદાર લોકો હવે બ્રાહ્મણને બોલાવે છે. હળપતિ સમાજમાં પતિ-પત્નીને છૂટાં થવું હોય તો તે સરળ છે. પંચ આગળ રજૂઆત થાય અને જે પક્ષને છૂટા થવું હોય તે ૧૫૧ રૂા. આપી દે એટલે છૂટા થઈ શકે. રમીલાબહેને કહ્યું કે અમારા આદિવાસી સમાજમાં પંચના કાયદા-કાનૂન છે એ બહુ સારું અને સરળ છે. જલદીથી કામ પતી જાય છે અને સમસ્યાઓનો ઉકેલ આવી જાય છે. બાકી કોર્ટમાં જઈએ તો બહુ વર્ષો લાગી જાય અને પૈસા પણ બહુ થાય.

હળપતિ સમાજમાં વિધવા સ્ત્રી ફરી પરણી શકે છે અને છૂટાછેડા લીધેલી સ્ત્રી પણ ફરી પરણી શકે છે. છોકરા ના હોય અને એકલી દીકરીઓ જ હોય તો દીકરીનો બાપ ઘરજમાઈ લાવે છે જેને ખંધાડિયા તરીકે ઓળખવામાં આવે છે.

જસુ ૧૯ વર્ષની છે. બારમું ધોરણ ભણી છે. અત્યારે ઘરના કામકાજમાં મદદ કરે છે, ખેતીનું કામ કરે છે ને પાપડ વણીને થોડી કમાણી પણ કરી લે છે. એ આજની સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે. હું એને એના સમાજ વિષે પૂછતી હતી એની એને ભારે નવાઈ. મને કહે 'બહેન, તમે આ બધું શા માટે પૂછો છો !?' મેં કહ્યું 'મારે તમારા લોકો વિશે અભ્યાસ કરવાનો છે.' તો એને બહુ હસવું આવ્યું. 'આવું બધું તમારા ભણવામાં આવે ?' જસુ ખૂબ સરળ છોકરી છે. મારી સાથે ખૂબ નિખાલસતાથી વાત કરી અને આખા ગામમાં મને લઈ ગઈ. બધા સાથે મારી મુલાકાત કરાવી.

હું જસુને મળી ત્યારે એ પાપડ વણતી હતી. માત્ર ચણિયો અને બ્લાઉઝ પહેર્યાં હતાં પણ એનો એને સંકોચ નહોતો. ઘરમાં ભાઈ, બાપ બધા હતા. આદિવાસી સમાજમાં હજુયે સ્ત્રી ઓછાં કપડાં પહેરે એની તરફ કોઈ છોછની દૃષ્ટિથી જોવામાં નથી આવતું. પણ જસુની ભાભી કે જે સુરત રહે છે અને અહીં ગામડે આવી હતી તે તરત બોલી, 'બહેન, આ તો પાપડ વણતાં ફાવે નહીં એટલે ઓઢણી નથી નાખી.' આપણે શહેરી લોકો આવા પહેરવેશને શરમજનક ગણીએ છીએ, એ સુરતમાં રહેતી જસુની ભાભીના ધ્યાનમાં હતું અને એ પણ સભાનપણે શહેરી દૃષ્ટિબિંદુ અપનાવતી થઈ ગઈ હતી.

જસુને મેં પૂછ્યું કે શહેરના લોકો અને સમાજ કરતાં તમારો સમાજ તને કોઈ રીતે જુદો લાગે છે ? તો એ કહે, અમારા ગામીત સમાજમાં મામા-ફોઈનાં સંતાનોનાં લગ્ન થાય છે. તમારામાં એ ન થાય. મામા-ફોઈનાં સંતાનોનાં લગ્ન થાય એ જસુને નથી જચતું. એ કહે 'બહેન, મને અમારી જાતિનો આ રિવાજ નથી ગમતો. કારણ સમાજમાં ઉજળિયાત કોમમાં મામા-ફોઈનાં દીકરા-દીકરીઓ ભાઈ-બહેન કહેવાય. એટલે એમની વચ્ચેનાં લગ્ન યોગ્ય નથી.'



જાણીતા સમાજશાસ્ત્રી શ્રી એમ. એન. શ્રીનિવાસે જેને 'સંસ્કૃતીકરણ' તરીકે ઓળખાવી છે તે સામાજિક પ્રક્રિયાનું પ્રત્યક્ષ ઉદાહરણ મને અહીં મળ્યું. હિંદુ સિવાયની કેટલીક અન્ય કોમોમાં અને દક્ષિણ ભારતની ઘણી જાતિઓમાં સદીઓથી મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન કરવાની પ્રણાલિ છે. પણ ગુજરાતના હિંદુ સમાજમાં આવાં લગ્નોનો નિષેધ થયો છે. હિંદુ સમાજના સંપર્કમાં આવતાં, આદિવાસી સમાજ પણ તેની સંસ્કૃતિ, રીતરિવાજો અને મૂલ્યોને અપનાવતો થયો છે. ગામીત જાતિમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન કરવાની પ્રણાલિ છે, જે ઉજળિયાત સમાજના સંપર્કમાં અને અસરો હેઠળ આવેલ જસુ જેવી યુવતીઓને જચતી નથી.

જસુ બારમા ધોરણ સુધી ભણી છે, પણ હજુ ભૂવા-ભગતને માને છે. 'માંદા પડો તો કોની પાસે જાઓ?' એમ પૂછતાં તેણે જણાવ્યું કે ભૂવા પાસે જઈએ, એનાથી ના મટે તો ડાક્ટરની દવા લાવીએ. એની ભાભીની એક વર્ષની દીકરી તરફ આંગળી ચીંધીને કહે, 'મારી ભાભીને લગ્ન પછી ૧૧ વર્ષે આ દીકરી આવી. એ ભગતની જ આપેલી છે.'

ઈનમા ગામમાં લગભગ બધા જ લોકો ભૂવા-ભગતમાં હજુ પણ ઘણી શ્રદ્ધા રાખે છે. જસુને ગામીતનાં લગ્નગીતો, લોકગીતો, નાચગાનું વગેરે આવડે છે. મને ઉત્સાહભેર કહે, 'તમે ફરી વાર આવશો ત્યારે બધું ગાઈ સંભળાવીશ.'

શહેરમાં રહેતી અને નોકરી કરતી તમારા સમાજની સ્ત્રીઓનું વલણ કેવું હોય છે એમ જસુને પૂછ્યું તો એ કહે, 'બેન, શહેરમાં રહેતી બહેનોની ભાષા બદલાઈ જાય છે. એ લોકો અમારી ગામીત બોલી નથી બોલતાં. એમનાં છોકરાંઓ પણ આ બોલી ના બોલે એનું ધ્યાન રાખે. એ લોકોને હવે ગામમાં રહેવું નથી ગમતું.'

જસુ પરણવાની ઉંમરે પહોંચી છે. મા-બાપ છોકરો બતાવે એ ન ગમે તો તું શું કરે? એમ પૂછ્યું તો તરત બોલી ઊઠી. 'ની ગમે તો ના કહી દઉં.' મા-બાપ માનશે તારું કહ્યું? તો એ કહે, હા જો મને છોકરો ના ગમે તો મને પરાણે ત્યાં પરણાવવાનો મારાં મા-બાપ આગ્રહ ન કરે. અમારા સમાજમાં તો છોકરીની ઈચ્છા વિરુદ્ધ એને નથી પરણાવવામાં આવતી. શહેરી, ઉજળિયાત વર્ણોની સ્ત્રીઓ કરતાં આદિવાસી સમાજમાં સ્ત્રીઓને પ્રમાણમાં વધુ સ્વતંત્રતા છે અને સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા પણ છે તેની પ્રતીતિ આ વાતથી થઈ.

આ જ ગામનાં શારદા અને કુસુમ સાથે પણ વાતો કરી. બંનેનું પિયર અને સાસરું આ જ ગામમાં છે. પણ પતિ-પત્ની વિભક્ત રીતે રહે છે. આદિવાસી સમાજમાં વિભક્ત કુટુંબની પ્રથા ઘણી સામાન્ય છે. ત્રણ-ચાર ભાઈઓ હોય તો જેમ જેમ ભાઈઓ પરણતા જાય એમ કુટુંબથી અલગ પોતાનું સ્વતંત્ર ઘર બનાવે. શારદાએ જણાવ્યું કે ગામીતમાં પહેલાં bride-price ઘણી ઓછી હતી, હવે ૪૫થી ૫૫ જેટલા રૂપિયા વરપક્ષે આપવા પડે છે. ગામીતમાં દિયરવટું થઈ શકે છે અને પત્ની મરી જાય તો સાળી સાથે લગ્ન કરવાની પ્રથા પણ સામાન્ય છે.

અહીં રહેતી બહેનોને પૂછ્યું કે ગામડું વધુ ગમે કે શહેરમાં રહેવું? તો લગભગ બધાંએ જણાવ્યું કે ગામડું જ વધુ ગમે. ગામડું ખુલ્લું છે, ચોખ્ખું છે. બધાં જોડે વાતો થાય છે. શહેર તો ગંદુ હોય છે. વળી ત્યાં બંધિયારપણું લાગે છે. જોકે એવું પણ જણાવ્યું કે અહીં રહેલી અને ઉછરેલી બહેનો શહેરમાં વસી જાય પછી એમને અહીં ગામડે બહુ ગમતું નથી.

કુસુમ આંગણવાડીનું કામ કરે છે. ગામની ગર્ભવતી બહેનોને રસી મુકાવવા લઈ જવી, કુટુંબ નિયોજન માટે તૈયાર કરવી વગેરે કામ પણ કરે છે. એના જણાવ્યા મુજબ આદિવાસી સમાજમાં લગ્ન પહેલાં જાતીય સંબંધો ઘણી વાર યુવક-યુવતીઓ વચ્ચે હોય છે અને ક્યારેક કુંવારી સ્ત્રી ગર્ભવતી પણ બને છે. આવા દાખલા હજુ પણ બને છે.

ઈનમા ગામમાં કણબી પટેલોની વસતી પણ છે. એ લોકો તમારી સાથે કેવા સંબંધો રાખે છે? એમ પૂછતાં કુસુમે જણાવ્યું કે એ લોકોની સ્ત્રીઓ અમારે ઘરે બેસે-ઊઠે, પણ અમારા લગ્નપ્રસંગોમાં બહુ ના આવે, એ લોકો ઊંચાં ખરાં ને! વળી એમને એમના પૈસાનું ભારે અભિમાન છે. અમને સારે-નરસે પ્રસંગે મદદ પણ ના કરે.

ઈનમા ગામમાં ચૌધરી, ગામીત અને હળપતિ સમાજની સ્ત્રીઓ સાથે ઘણી વાતો થઈ અને એ સ્ત્રીઓનાં મનોવલણો, માન્યતાઓ, વિચારો વગેરે જાણવા મળ્યાં.

અલગઢ એ વાલોડથી લગભગ ૨૦ કિ.મિ. દૂર આવેલું, થોડું અંતરિયાળ ગામડું છે. ત્યાં પહોંચવા માટે પાકો રસ્તો પણ નથી.

અલગઢ ખૂબ સુંદર ગામડું છે. શહેરથી દૂર હોવાને કારણે અહીં શહેરની અસર ઘણી ઓછી થઈ છે. રામફળિયું, રજપૂતફળિયું એવાં કુલ નવ ફળિયાંનું બનેલું આ ગામડું વિસ્તારની રીતે ઘણું મોટું છે અને બે ફળિયાઓ વચ્ચે સારું એવું અંતર છે. વસ્તી ૧,૪૦૦ જેટલી. અલગઢમાં ૧૦૦ ટકા આદિવાસી વસ્તી છે. અહીં ચૌધરી, ધોડિયા અને કોંકણી એમ ત્રણ આદિવાસી જાતિઓ વસે છે. કેટલાંક ફળિયાં માત્ર એક જ જાતિનાં છે તો કેટલાંકમાં ત્રણે જાતિના લોકો સાથે વસવાટ કરે છે. મનોજભાઈએ જણાવ્યું કે ત્રણે જાતિના લોકો વચ્ચે ખૂબ સારો સંપ છે. કોંકણી એ થોડી ઊતરતી જાતિ ગણાય છે તેમ છતાં ત્રણે જાતિઓ વચ્ચે રોટી વ્યવહાર છે, પણ બેટી વ્યવહાર નથી. જો કોઈ ભિન્ન જાતિનાં છોકરા-છોકરી ભાગીને લગ્ન કરે લે તો એ જુદી વાત છે. સામાન્ય રીતે આવા લગ્નને પાછળથી બંને સમાજ સ્વીકારી લે છે.

અલગઢમાં કુલ ૨૯૧ જેટલાં ઘર છે. અહીંનાં ઘરોમાં એક બાજુ ગોબર ગેસ પ્લાન્ટ છે તો બીજી બાજુ આદિવાસી સમાજમાં જોવા મળતાં વાસણો, માટીના પટારા, અનાજ ભરવાની માટીની અને વાંસની મોટી કોઠીઓ, ઘંટી વગેરે પરંપરાગત શૈલીઓ હજુ પણ જોવા મળે છે.

ધોડિયા, ચૌધરી અને કોંકણી આ ત્રણેની બોલીઓ જુદી છે. ગામની છોકરીઓ લગભગ દસમા ધોરણ સુધી આશ્રમશાળાઓમાં ભણે છે. દળવું, રસોઈ કરવી, ખેતરમાં નીંદામણ કરવા જવું, ગાય-ભેંસ દોહવી, ઘરનું લીંપણગૂંપણ કરવું વગેરે અહીંની સ્ત્રીઓનું રોજિંદું કામ છે.

કોંકણી સમાજની શકુંતલા સાથે થોડી વિગતે વાતો કરી. તેણે જણાવ્યું કે, 'અમારા સમાજમાં છોકરાવાળાએ લગ્ન વખતે છોકરી પક્ષને ૫૧ રૂપિયા આપવા પડતા હતા, પણ હવે તો છોકરીવાળા આ પૈસા ખાસ નથી લેતા. ૫૧ રૂપિયામાં શું લેવું? પણ છોકરાવાળાએ છોકરીના ગામને જમણ આપવું પડે. પહેલાં છોકરીની જાન જતી. હવે છોકરાવાળા જાન લઈને આવે છે.

છોકરી પોતાની જાતે પણ છોકરો શોધી શકે છે. જો એ પોતાની જ જાતિનો હોય તો મા-બાપ એ અંગે કશો વાંધો નથી લેતાં. છોકરો બીજી જાતિનો હોય તો બંને ભાગીને



લગ્ન કરી લે છે. કોંકણી સમાજમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન થઈ શકે છે. પહેલાં તો જો મામા-ફોઈનાં સંતાનો હોય તો તેમની વચ્ચે લગ્ન કરવું આવશ્યક બની જતું, પણ હવે એવો કોઈ કડક રિવાજ નથી રહ્યો. વિધવાવિવાહ પ્રત્યે આ સમાજમાં પણ કોઈ સૂગ નથી. વિધવા થયા પછી સ્ત્રી બીજે જ મહિને લગ્ન કરી શકે છે. શકુંતલાએ જણાવ્યું કે છૂટા થવું હોય તો પહેલાં ઘણું સરળ હતું. માત્ર ૫૦ કે ૧૦૦ રૂપિયા આપીને છૂટા થઈ શકાતું. પણ હવે લગભગ ૫,૦૦૦ રૂપિયા આપવા પડે છે. છતાં કોર્ટ કરતાં પંચ ઘણું સારું છે કારણ ઝડપથી ઉકેલ આવે છે. ને કોર્ટ કરતાં ઘણા ઓછા પૈસામાં કામ પતે છે.

અલગઢમાં રાત્રે સરપંચના ઘરે 'ઢેખરાં' (ચોખાના લોટને બાફીને તૈયાર કરવામાં આવતી આદિવાસી પરંપરાગત વાનગી, જે તેમનું વિશિષ્ટ પકવાન માનવામાં આવે છે.) અને તુવેરના શાકનું ભોજન કર્યું. રાત્રે ગામવાસીઓએ ગુજરાતીમાં અને તેમની પોતાની બોલીમાં સુંદર લોકગીતો અને ભજનો ગાઈ સંભળાવ્યાં.

અલગઢમાં આદિવાસી સંસ્કૃતિ, પારંપરિક જીવન, ખોરાક, બોલી અને આદિવાસી પ્રજામાં રહેલી સાલસતા અને આતિથ્યભાવનાનો સાચો પરિચય થયો.

**નિષ્કર્ષ :**

બુટવાડા, ઈનમા, તીતવા, અલગઢ ને ડુંગરી ગામમાં મુખ્યત્વે ચૌધરી, ગામીત, ધોડિયા, હળપતિ ને કોંકણી સમાજનો પરિચય થયો. આઠ દિવસના રોકાણ દરમિયાન વિવિધ જાતિઓની જુદી જુદી ઉંમરની સ્ત્રીઓ સાથે વાતચીત કરી. આદિવાસી સમાજમાં સ્ત્રીનું સ્થાન, સ્વતંત્રતા, લગ્ન અંગેના રિવાજો, રહેણીકરણી વગેરે વિશે જાણવા પ્રયત્ન કર્યો. આમાંથી જે મુખ્ય બાબતો જાણવા મળી તે આ પ્રમાણે છે.

ગામડાંની આદિવાસી પ્રજા અત્યંત સાલસ, પ્રેમાળ અને આતિથ્યભાવનાવાળી છે. સુરત જિલ્લામાં જુગતરામ દવે અને ગાંધી યુગના અન્ય સામાજિક કાર્યકરોએ કરેલા સંનિષ્ઠ પ્રયાસોથી આજે ઠેર ઠેર આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓ સ્થપાઈ છે. વેડછીમાં ગાંધી વિદ્યાપીઠ ખાતે ઉચ્ચ શિક્ષણની પણ સગવડ છે, જેનો લાભ અહીંનાં ઘણાં આદિવાસી યુવક-યુવતીઓ લઈ રહ્યાં છે. ચૌધરી, ધોડિયા અને ગામીત જાતિમાં શિક્ષણનું પ્રમાણ સારું એવું છે પણ આ જ વિસ્તારની દુબળા (હળપતિ) અને કોંકણા જેવી જાતિઓ હજુ પણ આર્થિક અને શૈક્ષણિક રીતે ઘણી પાછળ છે.

આદિવાસી સમાજમાં દીકરા-દીકરી વચ્ચે કોઈ નોંધપાત્ર ભેદભાવ નથી. ઉલટાનું કેટલાંક ગામોમાં છોકરાઓ પાંચમું ધોરણ ભણીને ઉઠી ગયા હોય અને છોકરીઓ સાતમું ધોરણ કે એથી આગળ અભ્યાસ કરતી હોય એવા પણ દાખલા જોવા મળ્યા. આ સમાજમાં બાળલગ્નો કે દહેજની પ્રથા નથી. સ્ત્રીનો સામાજિક દરજ્જો અને સ્વતંત્રતા ઘણાં સારાં છે. અલગઢમાં બે ફળિયાંઓ વચ્ચે ખાસું અંતર હોવા છતાં મેં સ્ત્રીઓને રાત્રે નિર્ભીક રીતે એકલી, ખેતરોમાં ફરતાં જોઈ. અહીં પતિ-પત્ની વચ્ચે શ્રમ કે કામનો બહુ ઝાઝો ભેદભાવ નથી. ઘરકામમાં પતિ મદદ કરે અને ખેતીમાં પત્ની. વિધવાવિવાહ પ્રત્યે કોઈ સૂગ નથી. ઘરજમાઈ લાવવાની પ્રથા પણ અહીં સામાન્ય છે. અંતરિયાળ ગામોમાં પતિ-પત્ની એકબીજાને તુંકારે બોલાવે છે.

ભૂવા-ભગતનું અહીં સારું એવું વર્ચસ્વ છે. એ જ રીતે પંચનું પણ બહુ વર્ચસ્વ છે. લોકો કોર્ટ-કચેરી કરતાં પંચ દ્વારા ઝઘડાનો ઉકેલ લાવવાનું ઝાઝું પસંદ કરે છે. લગ્નમાં હવે

બ્રાહ્મણ બોલાવવો જાણે ફરજિયાત થઈ ગયું છે. લગ્ન પોતાની જાતિમાં જ કરવાનું વલણ છે, પણ છોકરા-છોકરી એકબીજાને જાતે પસંદ કરી શકે છે.


અહીંની જે આદિવાસી જાતિઓ શહેરી સમાજના વધુ સંપર્કમાં આવી છે તેમના પર આપણા સમાજનાં મૂલ્યો, રીતરિવાજો વગેરેની ગાઢ અસર થવા લાગી છે. પહેલાં અહીંની આદિવાસી જાતિઓમાં છોકરીની જાન નીકળતી પણ શહેરી હિંદુ સમાજમાં તો છોકરાની જાન નીકળે છે એટલે હવે અહીં પણ છોકરાની જાન નીકળે છે. આપણા સમાજની દેખાદેખીને કારણે હવે આદિવાસી જાતિઓમાં પણ દીકરીને લગ્નપ્રસંગે સોનું કે ચાંદીના દાગીના આપવા એ મોભાનો વિષય ગણાવા લાગ્યું છે.

થોડા ભણેલા અને શહેરી સમાજના સંપર્કમાં આવેલા ગામના આદિવાસી લોકોએ લગ્નપ્રસંગે તેમનાં ડોબરું વગેરે પરંપરાગત વાજિંત્રોને તિલાંજલી આપી દીધી છે અને તેનું સ્થાન માઇક્રોફોન અને હિંદી ફિલ્મી ગીતો લેતાં જાય છે.

જોકે હજુ પણ આ ગ્રામવાસીઓને પોતાની બોલી અને વતન પ્રત્યે ઘણો પ્રેમ છે અને એમના જણાવ્યા મુજબ એમની જાતિનાં, ભણી-ગણીને શહેરમાં નોકરી કરતાં સ્ત્રી-પુરુષો એમને નીચા ગણે છે અને પોતાની જાતિના પાછળ રહી ગયેલા લોકોના વિકાસ માટે કશું નથી કરતાં એનું એમને બહુ દુ:ખ છે.

વાલોડ અને મહુવા તાલુકાનાં આદિવાસી ગામડાંઓની મારી મુલાકાત ખરેખર ખૂબ જ રસપ્રદ રહી. શ્રી બાબુભાઈ, તરલાબહેન, મધુબહેન, અશોકભાઈ જેવાં આદિવાસી સમાજ માટે કાર્ય કરતા લોકો પાસેથી અને ગામવાસીઓ અને ગામડાંની આદિવાસી સ્ત્રીઓ પાસેથી આ સમાજ વિશે અને તેમાં આવી રહેલાં પરિવર્તનો વિશે પ્રમાણભૂત અને વિશ્વસનીય માહિતી સાંપડી જે કદાચ પુસ્તકોમાંથી મળવી મુશ્કેલ હતી.





# ૪. ઉત્તરદાતાઓની વસતીવિષયક માહિતી અને કૌટુંબિક પૃષ્ઠભૂમિ

આ પ્રકરણમાં નોકરિયાત આદિવાસી ઉત્તરદાતા મહિલાઓની વ્યક્તિગત અને કૌટુંબિક માહિતી આપવામાં આવી છે, જેમાં ઉત્તરદાતાઓની જાતિ, ધર્મ, ઉંમર, શૈક્ષણિક સ્તર, વૈવાહિક દરજ્જો, વ્યવસાયિક હોદ્દો, કુલ નોકરીનાં વર્ષ, માસિક પગાર અને ખર્ચ, કુટુંબનું કદ વગેરે બાબતોની માહિતી રજૂ કરવામાં આવી છે. જો પરિણિત મહિલા હોય તો પતિની જાતિ, શિક્ષણ, વ્યવસાય વગેરેની માહિતી પણ આપવામાં આવી છે. તે ઉપરાંત ઉત્તરદાતા મહિલાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર, વ્યવસાય, સામાજિક-આર્થિક પરિસ્થિતિ અને રહેવાનું સ્થળ વગેરે બાબતો પણ રજૂ કરવામાં આવી છે.

અમદાવાદમાંથી ૫૮, ગાંધીનગરમાંથી ૪૨ અને વડોદરામાંથી ૧૮ એમ કુલ ૧૧૮ ઉત્તરદાતાઓને અભ્યાસમાં નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. અમદાવાદ વસ્તીની દૃષ્ટિએ ઘણું મોટું અને ગુજરાતનું મહત્ત્વનું શહેર છે, જ્યાં ઘણી સરકારી અને અર્ધસરકારી કચેરીઓ, બૅંક, હૉસ્પિટલ, શાળાઓ વગેરે છે. એટલે નોકરિયાત આદિવાસી મહિલાઓની સંખ્યા પણ અહીં વધુ છે. તે જ રીતે ગાંધીનગરમાં સચિવાલયના વિશાળ સંકુલમાં વિવિધ કચેરીઓમાં પણ તેમનું સારું એવું પ્રમાણ છે, એટલે અમદાવાદ પછી ગાંધીનગરમાંથી સહુથી વધુ ઉત્તરદાતા લેવામાં આવ્યા છે.

**કોઠા નં.-૧**

**ઉત્તરદાતાઓનું શહેર પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | શહેર | આવૃત્તિ |
|---|---|---|
| (૧) | અમદાવાદ | ૫૮ |
| (૨) | ગાંધીનગર | ૪૨ |
| (૩) | વડોદરા | ૧૮ |
| | | કુલ ૧૧૮ |

**જાતિ :** અભ્યાસમાં આવરી લેવાયેલા ત્રણ શહેરોના ઉત્તરદાતાઓમાં ડુંગરી ગરાસિયા જાતિનું પ્રમાણ સહુથી વધુ (૨૯.૭%) છે. ત્યાર બાદ અનુક્રમે ધોડિયા (૨૧.૨%), ચૌધરી (૧૭.૯%), ભીલ (૧૬.૯%), અને ગામીત (૫.૯%) જાતિની મહિલાઓ છે. અન્ય જાતિમાં વસાવા ભીલ (૪), પટેલિયા (૪), દૂબળા/હળપતિ (૧) અને કોંકણા જાતિની એક મહિલા છે. આમ અન્ય જાતિઓનું પ્રતિનિધિત્વ અત્યંત જૂજ છે.

**કોઠા નં.-૨**

**ઉત્તરદાતાઓનું જાતિવાર વર્ગીકરણ**

| ક્રમ | જાતિ | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ડુંગરી ગરાસિયા | ૩૫ | ૨૯.૭ |
| (૨) | ધોડિયા | ૨૫ | ૨૧.૨ |
| (૩) | ચૌધરી | ૨૧ | ૧૭.૯ |





| | | | |
|---|---|---|---|
| (૪) | ભીલ | ૨૦ | ૧૬.૯ |
| (૫) | ગામીત | ૦૭ | ૦૫.૯ |
| (૬) | વસાવા | ૦૪ | ૦૩.૪ |
| (૭) | પટેલિયા | ૦૪ | ૦૩.૪ |
| (૮) | દૂબળા/હળપતિ | ૦૧ | ૦૦.૮ |
| (૯) | કોંકણા | ૦૧ | ૦૦.૮ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

ગુજરાતમાં કુલ ૨૯ આદિવાસી જાતિઓ છે. તેમાંથી અભ્યાસ દરમિયાન અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા શહેરમાં ૯ આદિવાસી જાતિની મહિલાઓ વ્હાઇટ કૉલર નોકરી કરતી મળી. આમ તો ડુંગરી ગરાસિયા અને વસાવા એ ભીલની જ પેટા જ્ઞાતિ છે. એટલે જોવા જઈએ તો માત્ર સાત જ આદિવાસી જાતિની મહિલાઓ આ ત્રણ શહેરમાં નોકરી કરતી જોવા મળી, જે ઘણું સૂચક છે. ગુજરાતમાં જુદી જુદી આદિવાસી જાતિઓમાં શૈક્ષણિક વિકાસની બાબતમાં પ્રવર્તતી અસમાનતા અહીં દૃષ્ટિગોચર થાય છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં નોકરિયાત આદિવાસી મહિલાઓમાં ડુંગરી ગરાસિયા જાતિનું પ્રમાણ સૌથી વધુ છે. આમ તો તે ભીલ જાતિની જ પેટા જાતિ છે, પણ તેઓ પોતાને ભીલ નહીં ગણાવતાં 'ડુંગરી ગરાસિયા' તરીકે જ ઓળખાવે છે. આ જાતિ મુખ્યત્વે સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં સ્થાઈ થયેલી છે. સાબરકાંઠાના વિજયનગર અને ભીલોડા તાલુકાનો છેલ્લાં થોડાં વર્ષોમાં ઘણો વિકાસ થયો છે અને શૈક્ષણિક સુવિધાઓ પણ સારા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ છે. પરિણામે આ વિસ્તારના ડુંગરી ગરાસિયા લોકોમાં શિક્ષણનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. પરંતુ આ બે જિલ્લાઓમાં કે તેની નજીક કોઈ મોટાં કે ઔદ્યોગિક શહેર નહીં હોવાને કારણે અને સરકારી કચેરીઓ પણ ઘણી ઓછી હોવાને કારણે તેમને માટે નોકરીની ત્યાં વિશેષ તકો નથી. પરિણામે નોકરી માટે તેમણે અમદાવાદ અને ગાંધીનગરમાં વિશેષ પ્રમાણમાં સ્થળાંતર કર્યું છે.

ગુજરાતમાં અક્ષરજ્ઞાન અને ઉચ્ચ શિક્ષણની બાબતમાં ધોડિયા જાતિ સહુથી આગળ છે અને ત્યાર બાદ ચૌધરી અને ગામીત જાતિઓ છે. આ જાતિઓ દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાની છે. આ વિસ્તારમાં સુરત, નવસારી, બારડોલી, વલસાડ, વાપી, ભરૂચ, અંકલેશ્વર જેવાં મોટાં શહેરો અને ઔદ્યોગિક એકમો છે, જ્યાં નોકરીની ઘણી તકો છે. આ ઉપરાંત આ વિસ્તારમાં ઘણી આશ્રમશાળાઓ છે. અહીંની આદિવાસી મહિલાઓ મોટે ભાગે પી.ટી.સી. કરીને આશ્રમશાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરવાનું વધુ પસંદ કરે છે. દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાનાં ગામડાંઓની મારી મુલાકાત દરમિયાન મને ઘણી આદિવાસી સ્ત્રીઓ આશ્રમશાળામાં અને તાલુકા કક્ષાની સરકારી કચેરીઓમાં નોકરી કરતી જોવા મળી. તેમ છતાં અમદાવાદ-ગાંધીનગરમાં વિવિધ સરકારી કચેરીઓમાં ઉચ્ચ કક્ષાની નોકરીઓની વધુ તક અને વધુ જગ્યાઓ હોવાથી છેક સુરત અને વલસાડ જિલ્લામાંથી પણ આ જાતિઓનાં શિક્ષિત સ્ત્રી-પુરુષોનું અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા જેવાં દૂરનાં શહેરોમાં સારા એવા પ્રમાણમાં સ્થળાંતર થયું છે. આ જાતિઓની મહિલાઓનું સારું એવું પ્રતિનિધિત્વ આ શહેરોમાં છે.

પંચમહાલ જિલ્લો વિકાસની દૃષ્ટિએ હજુ ઘણો પછાત હોવાથી અને ત્યાં પણ નોકરીની વિશેષ તકો ન હોવાથી ત્યાંના શિક્ષિત આદિવાસી વર્ગ(પટેલિયા, વસાવા, ભીલ)નું અમદાવાદ, ગાંધીનગર અને વિશેષ તો વડોદરામાં સ્થળાંતર થયું છે અને આ જાતિઓની મહિલાઓનું સારું એવું પ્રતિનિધિત્વ આ શહેરોમાં છે.

આમ અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા શહેરોમાં સાબરકાંઠા, પંચમહાલ, સુરત અને વલસાડ જિલ્લાની મુખ્ય સાત અદિવાસી જાતિઓની સ્ત્રીઓ વ્હાઈટ કૉલર નોકરીઓમાં વિશેષપણે છે.

**ધર્મ :**

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૯૬% મહિલાઓ હિંદુ ધર્મ પાળે છે અને ૪% મહિલાઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે.

આપણા બંધારણમાં આદિવાસીઓને હિંદુ ગણવામાં નથી આવ્યા. પરંતુ ગુજરાતમાં ગાંધીયુગ દરમિયાન સમાજસુધારકો દ્વારા આદિવાસી વિસ્તારોમાં સમાજસુધારણાની જે પ્રવૃત્તિઓ ચાલી એને કારણે ગુજરાતના આદિવાસીઓમાં હિંદુકરણની ગાઢ અસર જોવા મળે છે. પંચમહાલ, સુરત, વલસાડ વગેરે જિલ્લાઓમાં બ્રિટીશકાળથી ખ્રિસ્તી મિશનરીઓએ આદિવાસીઓના વિકાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગારી સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું છે. અહીંના કેટલાક આદિવાસીઓએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે.

ઉત્તરદાતામાંથી માત્ર એક જ ઉત્તરદાતા મહિલા કે જે ઉચ્ચ શિક્ષણ મેળવીને વર્ગ-૧ અધિકારીના હોદ્દા પર કામ કરે છે, તેમણે મુલાકાતમાં જણાવ્યું કે હકીકતમાં અમારા આદિવાસીઓનો કોઈ ખાસ ધર્મ નથી. અમે તો પ્રકૃતિપૂજક છીએ, પણ હવે શહેરીકરણની અસર અને હિંદુ સંસ્કૃતિના પ્રભાવ હેઠળ બધા જ પોતાને 'હિંદુ' ગણાવે છે.

**ઉંમર :**

નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી સહુથી વધુ મહિલાઓ ૩૬થી ૪૦ વર્ષની વયજૂથની છે. (૩૩.૯%), જ્યારે ૨૩.૭% મહિલાઓ ૩૧થી ૩૫ વર્ષના જૂથની છે. આમ, ૫૭.૬% જેટલી મહિલાઓ ૩૧થી ૪૦ વર્ષના જૂથમાં આવે છે.

**કોઠા નં.-૩**

**ઉત્તરદાતાઓનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | ઉંમર | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ૨૦-૨૫ | ૧૧ | ૦૯.૩ |
| (૨) | ૨૬-૩૦ | ૧૯ | ૧૬.૧ |
| (૩) | ૩૧-૩૫ | ૨૮ | ૨૩.૭ |
| (૪) | ૩૬-૪૦ | ૪૦ | ૩૩.૯ |
| (૫) | ૪૧-૪૫ | ૧૪ | ૧૧.૯ |
| (૬) | ૪૬-૫૦ | ૦૪ | ૦૩.૪ |
| (૭) | ૫૧-૫૫ | ૦૧ | ૦૦.૮ |
| (૮) | ૫૬-૬૦ | ૦૧ | ૦૦.૮ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |



કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૨૦થી ૨૫ વર્ષની ઉંમરની નોકરિયાત આદિવાસી મહિલાઓની સંખ્યા માત્ર ૧૧ (૯.૩%) જ છે. તે જ રીતે ૪૬થી વધુ ઉંમરની મહિલાઓ પણ માત્ર ૬ જ છે, જે સૂચવે છે કે ઉત્તરદાતામાં મોટા ભાગની મહિલાઓ ૧૦થી ૧૫ વર્ષથી નોકરી કરે છે.

**ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર :**

અભ્યાસનું ખૂબ જ રસપ્રદ અને મહત્ત્વનું પાસું એ છે કે ઉત્તરદાતા મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓએ સ્નાતક કે તેથી આગળનું શિક્ષણ લીધું છે. સ્નાતકથી ઓછું શિક્ષણ લીધું હોય તેવી મહિલાઓની સંખ્યા માત્ર ૨૭ (૨૧.૩%) છે. સહુથી વધુ પ્રમાણ સ્નાતક સુધી ભણેલી મહિલાઓનું છે. બે મહિલાઓએ પ્રોફેશનલ (મેડિકલ) શિક્ષણ લીધું છે. ઉત્તરદાતાઓના શૈક્ષણિક સ્તરની માહિતી કોઠા નં. ૪માં આપવામાં આવી છે.

**કોઠા નં. ૪**

**ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર**

| ક્રમ | શૈક્ષણિક સ્તર | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ધોરણ ૧૦ (હાઈસ્કૂલ) | ૦૮ | ૦૬.૯ |
| (૨) | જૂની એસ.એસ.સી. | ૧૦ | ૦૮.૬ |
| (૩) | ઉચ્ચતર માધ્યમિક (ધો. ૧૨) | ૦૯ | ૦૭.૮ |
| (૪) | સ્નાતક | ૬૪ | ૫૪.૩ |
| (૫) | અનુસ્નાતક | ૧૮ | ૧૫.૨ |
| (૬) | પી.ટી.સી. | ૦૪ | ૦૨.૬ |
| (૭) | પ્રોફેશનલ | ૦૩ | ૦૨.૬ |
| (૮) | અન્ય (ટેક્નિકલ ડિપ્લોમા વગેરે) | ૦૨ | ૦૧.૭ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

ઉત્તરદાતાઓમાંથી ૫૪.૩% મહિલાઓએ સ્નાતક સુધી શિક્ષણ લીધું છે. અનુસ્નાતક મહિલાઓનું પ્રમાણ ૧૫.૫% છે. ૪ મહિલાઓએ પી.ટી.સી.નું શિક્ષણ લીધું છે, જ્યારે ૨ મહિલાઓએ ૧૦ ધોરણ પછી નર્સિંગનો કોર્સ કરેલ છે. ઉત્તરદાતા મહિલાઓમાંથી બે મહિલાઓએ મેડિકલનું શિક્ષણ લીધેલ છે. (જુઓ કોઠા નં. ૪)

સરકારી નોકરીઓમાં ક્લર્ક, ટાઈપિસ્ટ વગેરે વર્ગ-૩ કક્ષાની નોકરી માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ (એસ.એસ.સી.) સુધીની છે. છતાં, ૭૫%થી પણ વધુ આદિવાસી નોકરિયાત મહિલાઓએ સ્નાતક કે તેથી વધુ અભ્યાસ કર્યો છે. જે મહિલાઓએ ડિગ્રી નથી મેળવી તેમાંની કેટલીક મહિલાઓએ પણ કૉલેજના એક કે બે વર્ષનો તો અભ્યાસ કર્યો છે, પરંતુ તે દરમિયાન કાયમી નોકરી મળી જતાં તેમને અભ્યાસ છોડી દેવો પડ્યો એવું તેમણે મુલાકાત દરમિયાન જણાવ્યું. જો તક મળે તો હજુ આગળ અભ્યાસ પૂરો કરીને ડિગ્રી મેળવવી છે એવું પણ કેટલીક મહિલાઓએ જણાવ્યું.

ઉત્તરદાતા મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓએ પ્રાથમિક શિક્ષણ પોતાના ગામની કે ગામની નજીક આવેલ આશ્રમશાળામાં લીધું છે. માધ્યમિક શિક્ષણ તેમણે તાલુકાના મુખ્ય મથકની શાળાઓમાં લીધું છે. સ્નાતક (કૉલેજનો) અભ્યાસ તેમણે

વિસનગર, હિંમતનગર, અમદાવાદ, સુરત અને વડોદરા જેવાં શહેરોમાં છાત્રાલયમાં રહીને લીધો છે. આમ, શિક્ષણ મેળવવા આ મહિલાઓ કિશોરાવસ્થાથી જ પોતાના ગામ કે વતનથી દૂર રહી છે. ડિગ્રી સુધીનું શિક્ષણ મેળવવાની તેમની આકાંક્ષા અને આર્થિક-સામાજિક મુશ્કેલીઓ વચ્ચે રહીને પણ તેમણે મેળવેલી શૈક્ષણિક સિદ્ધિ પ્રશંસાપાત્ર છે. જોકે, હજુ પણ એન્જિનિયરિંગ, મેડિકલ, વકીલાત, જેવું પ્રોફેશનલ શિક્ષણ લીધેલી આદિવાસી મહિલાઓની સંખ્યા ઘણી જૂજ છે.

**શહેરોમાં આવવાનું કારણ અને શહેરમાં આવીને વસવાનાં કુલ વર્ષ :**

ઉત્તરદાતા મહિલાઓમાંથી ફક્ત પાંચ ઉત્તરદાતાઓનો જન્મ શહેરમાં થયો છે. બાકીની ૧૧૩ નોકરિયાત આદિવાસી મહિલાઓ ગુજરાતના આદિવાસી વિસ્તારમાંનાં નાનાં ગામડાંઓમાં જન્મી છે અને પાછળથી તેમણે શહેરમાં સ્થળાંતર કર્યું છે. તેમનું શહેરમાં આવવાનું સૌ પ્રથમ અને મુખ્ય કારણ શું છે તે કોઠા નં. ૫માં દર્શાવ્યું છે.

**કોઠા નં.-૫**

**ઉત્તરદાતાઓનું શહેરમાં સ્થળાંતરનું કારણ**

| ક્રમ | કારણ | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | શિક્ષણ મેળવવા | ૩૧ | ૨૬.૩ |
| (૨) | પિતાની નોકરી શહેરમાં હોવાથી | ૦૬ | ૦૫.૧ |
| (૩) | લગ્નના કારણે | ૨૦ | ૧૬.૯ |
| (૪) | નોકરીના કારણે | ૫૩ | ૪૪.૯ |
| (૫) | અન્ય કારણસર | ૦૮ | ૦૬.૮ |
| | કુલ | ૧૧૮ | ૧૦૦.૦ |

સહુથી વધુ મહિલાઓ (૪૪.૯%) નોકરી મળવાના કારણે શહેરમાં સ્થાયી થઈ છે જ્યારે ૨૬.૩% મહિલાઓ શિક્ષણ મેળવવા શહેરમાં આવી અને ત્યાર બાદ નોકરી મળવાના કારણે શહેરમાં સ્થાયી થઈ છે. ૧૬.૯% મહિલાઓનું શહેરમાં આવવાનું મુખ્ય કારણ લગ્ન છે. પતિ શહેરમાં નોકરી કરતો હોવાથી આ મહિલાઓ લગ્ન બાદ શહેરમાં આવી અને ત્યાર બાદ નોકરીઓમાં જોડાઈ છે. બાકીની થોડી મહિલાઓ પિતાની શહેરમાં બદલી થવાના કારણે, પતિની શહેરમાં બદલી થવાના કારણે અથવા જન્મ જ શહેરમાં થયો હોવાથી શહેરમાં વસે છે.

**કોઠા નં.-૬**

**ઉત્તરદાતાઓનાં શહેરમાં વસવાટનાં કુલ વર્ષ**

| ક્રમ | વર્ષ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| (૧) | ૦૦-૦૫ | ૨૯ | ૨૪.૬ |
| (૨) | ૦૬-૧૦ | ૧૯ | ૧૬.૧ |
| (૩) | ૧૧-૧૫ | ૨૬ | ૨૨.૦ |
| (૪) | ૧૬-૨૦ | ૨૩ | ૧૯.૫ |
| (૫) | ૨૧-૨૫ | ૧૪ | ૧૧.૯ |
| (૬) | ૨૬-૩૦ | ૦૧ | ૦૦.૮ |
| (૭) | ૩૧-૩૫ | – | – |
| (૮) | ૩૬-૪૦ | ૦૪ | ૦૩.૪ |
| (૯) | ૪૧-૪૫ | ૦૧ | ૦૦.૮ |
| (૧૦) | ૪૬-૫૦ | ૦૧ | ૦૦.૮ |
| | કુલ | ૧૧૮ | ૧૦૦.૦ |



કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૨૪.૬% ઉત્તરદાતાઓ પાંચ વર્ષ કરતાં ઓછા સમયથી શહેરમાં રહે છે. પરંતુ ત્યાર બાદ ઉત્તરોત્તર તેના કરતાં વધુ વર્ષોથી શહેરમાં રહેતી મહિલાઓની સંખ્યામાં વધારો જણાય છે. ૧૬.૧% મહિલાઓ ૬થી ૧૦ વર્ષથી, ૨૨% મહિલાઓ ૧૧થી ૧૫ વર્ષથી, ૧૯.૫% મહિલાઓ ૧૬થી ૨૦ વર્ષથી અને ૧૧.૯% મહિલાઓ ૨૧થી ૨૫ વર્ષથી શહેરોમાં રહે છે. માત્ર ૭ મહિલાઓ ૩૦ કરતાં વધુ વર્ષોથી શહેરોમાં રહે છે. આમ, છેલ્લાં પાંચથી વીસ વર્ષથી શહેરમાં વસનારની સંખ્યા સહુથી વધુ છે. ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી શહેરમાં વસતી હોય તેવી મહિલાઓની સંખ્યા ઘણી ઓછી છે અને ત્રીસથી વધુ વર્ષથી શહેરમાં વસતી મહિલાઓની સંખ્યા માત્ર ૬ જ છે.

જે દર્શાવે છે કે આ મહિલાઓનું શહેરમાં સ્થળાંતર છેલ્લા બે દાયકાઓથી જ થયું છે. શહેરમાં વસનારી આદિવાસીઓની આ પ્રથમ પેઢી છે. છેલ્લા બે દાયકાઓમાં આદિવાસી પ્રજામાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને તેથી શહેરમાં નોકરીઓમાં પણ તેમની સંખ્યા વધી છે તેની આ બાબત દ્યોતક છે.

કોમ્પ્યુટર દ્વારા સરેરાશ કાઢતાં, સરેરાશ ૧૩ વર્ષથી નોકરિયાત આદિવાસી મહિલાઓ શહેરમાં વસે છે. આમ ઉત્તરદાતાઓનો શહેર સાથેનો સંપર્ક સરેરાશ ૧૦ વર્ષ કરતાં પણ વધુ છે.

**વ્યાવસાયિક હોદ્દો, કુલ નોકરીનાં વર્ષ અને માસિક પગાર :**

આદિવાસી નોકરિયાત મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ (૬૨.૭%) વિવિધ સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ, બૅન્ક, હૉસ્પિટલ અને મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ક્લર્ક તરીકે નોકરી કરે છે. ૧૬% મહિલાઓ વહીવટી અધિકારી તરીકે અને ૧૩.૬% મહિલાઓ શિક્ષિકા અને પ્રાધ્યાપિકા તરીકે નોકરી કરે છે. પાંચ મહિલાઓ ટેલિફોન ઑપરેટર અને બે મહિલાઓ નર્સ તરીકેની કામગીરી કરે છે. ઉત્તરદાતા મહિલાઓમાંથી બે મહિલા ડૉક્ટર જેવો ઊંચો વ્યાવસાયિક હોદ્દો ધરાવે છે. એક બાબત અહીં નોંધપાત્ર છે કે ઘણી તપાસ કર્યા છતાં એન્જિનિયરિંગ, વકીલાત જેવા વ્યવસાયોમાં કામ કરતી આદિવાસી મહિલાઓ આ ત્રણ શહેરમાં મળી નહીં. મોટા ભાગની મહિલાઓનું વલણ સરકારી નોકરીમાં ક્લર્ક તરીકે જોડાઈ જવાનું છે. એમાં કેટલીક મહિલાઓ ખાતાકીય પરીક્ષાઓ આપીને વર્ગ-૨ અધિકારી તરીકે કામગીરી કરે છે, જ્યારે પાંચ મહિલાઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને વર્ગ-૧ અધિકારી (Class 1 Officer) જેવો ઉચ્ચ વ્યાવસાયિક હોદ્દો પ્રાપ્ત કર્યો છે.

ગામડાંઓમાં અને તાલુકા કક્ષાનાં નાનાં શહેરોમાં ઘણી આદિવાસી મહિલાઓ શિક્ષિકા તરીકે નોકરી કરે છે, પરંતુ મોટા શહેરોમાં તેમનું પ્રમાણ ઓછું છે. એનું કારણ એ હોઈ શકે કે મોટા શહેરોમાં ખાનગી શાળાઓમાં તેમને નોકરી મળવાની તકો એટલી નથી,

જેટલી ગામડાંમાં છે. ઉત્તરદાતાઓમાંથી બે મહિલાઓ કૉલેજોમાં પ્રાધ્યાપિકા જેવો ઊંચો હોદ્દો ધરાવે છે.

સહુથી વધુ મહિલાઓ (૩૮.૧%) ૧૧થી ૧૫ વર્ષથી નોકરી કરે છે. ૧૪.૪% મહિલાઓ ૧૬થી ૨૦ વર્ષથી નોકરી કરે છે. જ્યારે ૨૧થી ૨૫ વર્ષથી નોકરી કરતી મહિલાઓનું પ્રમાણ ૫.૯% છે. ૧૧.૯% મહિલાઓ ૬થી ૧૦ વર્ષથી નોકરી કરે છે. પાંચ વર્ષથી ઓછા સમયથી નોકરી કરતી મહિલાઓનું પ્રમાણ ૨૯.૭ % છે.

આમ, ૪૧.૬% મહિલાઓ દસ વર્ષથી ઓછો નોકરીનો અનુભવ ધરાવે છે, જ્યારે ૫૮.૪% મહિલાઓ દસથી વધુ વર્ષનો નોકરીનો અનુભવ ધરાવે છે. આ પ્રમાણ તેમની ઉંમર અને શહેરમાં વસવાનાં વર્ષો સાથે સંબંધિત અને સુસંગત છે.

**કોઠા નં.-૭**

**ઉત્તરદાતાઓનો વ્યાવસાયિક હોદ્દો**

| ક્રમ | હોદ્દો | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ક્લર્ક (કારકુન) | ૭૪ | ૬૨.૭ |
| (૨) | વહીવટી અધિકારી | | |
| | (૧) વર્ગ-૧ | ૦૫ | ૦૪.૨ |
| | (૨) વર્ગ-૨ | ૧૪ | ૧૧.૯ |
| (૩) | શિક્ષિકા/પ્રાધ્યાપિકા | ૧૬ | ૧૩.૬ |
| (૪) | ડૉક્ટર | ૦૨ | ૦૧.૭ |
| (૫) | ટેલિફોન ઑપરેટર | ૦૫ | ૦૪.૨ |
| (૬) | નર્સ | ૦૨ | ૦૧.૭ |
| (૭) | અન્ય | – | – |
| | | કુલ ૧૧૮ | ૧૦૦ |

**નોંધ :** શાળાઓમાં શિક્ષિકા તરીકે ૧૪ મહિલાઓ કામ કરે છે, જ્યારે ૨ મહિલાઓ કૉલેજમાં પ્રાધ્યાપિકા છે.

**કોઠા નં.-૮**

**ઉત્તરદાતાઓની નોકરીનાં કુલ વર્ષ**

| ક્રમ | વર્ષ | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ૦૦-૦૫ | ૩૫ | ૨૯.૭ |
| (૨) | ૦૬-૧૦ | ૧૪ | ૧૧.૯ |
| (૩) | ૧૧-૧૫ | ૪૫ | ૩૮.૧ |
| (૪) | ૧૬-૨૦ | ૧૭ | ૧૪.૪ |
| (૫) | ૨૧-૨૫ | ૦૭ | ૦૫.૯ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |



**કોઠા નં.-૯**

**ઉત્તરદાતાઓની માસિક આવક**

| ક્રમ | માસિક આવક (રૂ.માં) | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ૧૫૦૦-૨૫૦૦ | ૩૫ | ૨૯.૭ |
| (૨) | ૨૫૦૧-૩૫૦૦ | ૩૩ | ૨૮.૦ |
| (૩) | ૩૫૦૧-૪૫૦૦ | ૨૧ | ૧૭.૮ |
| (૪) | ૪૫૦૧-૫૫૦૦ | ૧૭ | ૧૪.૪ |
| (૫) | ૫૫૦૧-૬૬૦૦ | ૦૩ | ૦૨.૫ |
| (૬) | ૬૬૦૧-૭૫૦૦ | ૦૩ | ૦૨.૫ |
| (૭) | ૭૫૦૧-૮૫૦૦ | ૦૩ | ૦૨.૫ |
| (૮) | ૮૫૦૧થી વધુ | ૦૩ | ૦૨.૫ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

ઉત્તરદાતાઓની માસિક આવક તેમનું શિક્ષણ, વ્યાવસાયિક હોદ્દો અને કુલ નોકરીનાં વર્ષ ઉપર આધારિત છે. ૨૯.૭% મહિલાઓની માસિક આવક રૂ. ૧૫૦૦થી ૨૫૦૦ વચ્ચે છે. (૨૯.૭% મહિલાઓ કોઠા નં. ૮માં દર્શાવ્યા મુજબ ૫ વર્ષથી ઓછા સમયથી નોકરી કરે છે અને મોટા ભાગની કારકુન છે, એની સાથે તેમની માસિક આવક સંબંધિત છે.)

૨૮% મહિલાઓની માસિક આવક રૂ. ૨૫૦૧થી ૩૫૦૦ની વચ્ચે છે. ૧૭.૮% મહિલાઓ રૂ. ૩૫૦૧થી ૪૫૦૦ વચ્ચે માસિક આવક ધરાવે છે. જ્યારે ૧૪.૪% મહિલાઓ રૂ. ૪૫૦૧થી ૫૫૦૦ જેટલી માસિક આવક ધરાવે છે. આ મહિલાઓ કારકુન, નર્સ, ટેલિફોન ઑપરેટર, વહીવટી અધિકારી તથા શિક્ષિકા જેવા વ્યાવસાયિક હોદ્દાઓ ધરાવે છે. ૧૦% મહિલાઓ રૂ. ૫૫૦૦થી વધુ માસિક આવક ધરાવે છે. તેમાં વર્ગ-૧ અધિકારી, પ્રાધ્યાપિકાઓ, ડૉક્ટર જેવા ઊંચા વ્યાવસાયિક હોદ્દાઓ ધરાવતી મહિલાઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત રિઝર્વ બૅન્ક, ઈન્કમટેક્ષ ઑફિસ, પ્રોવિડન્ટ ફંડ જેવી અર્ધ સરકારી કે કેન્દ્ર સરકારની કચેરીઓમાં હેડ ક્લાર્ક તરીકે ૧૦ કે તેથી વધુ વર્ષોથી નોકરી કરતી મહિલાઓની માસિક આવક રૂ. ૬૦૦૦થી પણ વધુ છે. આ મહિલાઓનું શિક્ષણ સ્નાતક કક્ષા સુધીનું જ છે, છતાં તેમની માસિક આવક પ્રાધ્યાપિકા કે વર્ગ-૨ અધિકારી જેવા ઊંચા વ્યાવસાયિક હોદ્દા ધરાવતી મહિલા કરતાં પણ વધુ છે. તેનું કારણ આ સરકારી કચેરીઓના ઊંચા પગારધોરણ છે. ઉપરાંત આદિવાસી સ્ત્રીઓને રોસ્ટર નીતિનો લાભ મળતાં ઝડપથી પ્રમોશન મળે છે અને નોકરીનાં વર્ષો વધતાં પગારધોરણ પણ ઘણું ઊંચું થાય છે. આમ શૈક્ષણિક સ્તર કે વ્યાવસાયિક હોદ્દો ઊંચો ન હોવા છતાં આવી મહિલાઓ રૂ. ૬૦૦૦થી રૂ. ૮૦૦૦ જેટલી માસિક આવક ધરાવે છે.

**વૈવાહિક દરજ્જો**

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૧૦૨(૮૬.૪%) મહિલાઓ પરિણીત, ૧૫ (૧૨.૭%) અપરિણીત અને એક વિધવા છે. આમ, શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓમાં અપરિણીત મહિલાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. જે ૧૫ મહિલાઓ અપરિણીત છે તેમાંથી ૩ મહિલાઓ વર્ગ-૧ અધિકારી જેવો ઉચ્ચ વ્યાવસાયિક હોદ્દો ધરાવે છે, અને તેમની ઉંમર

લગભગ ૪૦ વર્ષની આસપાસ છે. શક્ય છે કે લગ્નની ઉંમર દરમિયાન તેમ જ તેમની જાતિમાં ઉચ્ચ શિક્ષણ કે વ્યાવસાયિક દરજ્જો મેળવેલ જીવનસાથી મેળવવા તકલીફ થઈ હોય. પાંચ અપરિણીત મહિલાઓ થોડી શારીરિક ખોડ ધરાવે છે જે કદાચ તેમને લગ્ન માટે બાધારૂપ બની હોય. બાકીની સાત મહિલાઓની ઉંમર ૨૦થી ૨૫ વર્ષની છે, જેઓ શહેરમાં માબાપ કે ભાઈ-ભાભીની સાથે રહીને નોકરી કરે છે અને નજીકના ભવિષ્યમાં લગ્ન કરવાની ઇચ્છા ધરાવે છે.

પરિણીત ૧૦૨ મહિલાઓમાંથી ૫ મહિલાઓ પતિથી જુદી રહે છે, પરંતુ તેમણે કાયદાકીય છૂટાછેડા લીધા નથી. અલબત્ત, તેમના પતિએ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં છે અથવા લગ્ન વગર અન્ય સ્ત્રી સાથે રહે છે તેવું અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું.

**કોઠા નં. ૧૦**

**ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો**

| ક્રમ | વૈવાહિક દરજ્જો | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | પરિણીત | ૧૦૨ | ૮૬.૪ |
| (૨) | અપરિણીત | ૧૫ | ૧૨.૭ |
| (૩) | વિધવા | ૦૧ | ૦૦.૮ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

**પતિની જાતિ :**

પરિણીત ૧૦૨ મહિલાઓમાંથી ૯૬ મહિલાઓના પતિ તેમની પોતાની જ જાતિના છે (એકના પતિ મૃત્યુ પામ્યા છે.), ૩ મહિલાઓએ અન્ય આદિવાસી જાતિના પુરુષ સાથે લગ્ન કર્યાં છે જ્યારે ૪ મહિલાઓએ બિનઆદિવાસી પુરુષ સાથે લગ્ન કર્યાં છે.

**પતિનું શૈક્ષણિક સ્તર :**

નોકરિયાત આદિવાસી ૧૦૨ પરિણીત મહિલાઓના પતિઓના શૈક્ષણિક સ્તરનું વિશ્લેષણ કરતાં સહુથી વધુ પ્રમાણ સ્નાતક (૫૪.૯%) અને ત્યાર બાદ અનુસ્નાતક (૩૦.૪%) થયેલ પુરુષોનું છે. પાંચ પુરુષોએ પ્રોફેશનલ (મેડિકલ, એન્જિનિયરિંગ, વકીલાત વગેરેનું) શિક્ષણ લીધું છે. આદિવાસી નોકરિયાત મહિલાઓ કરતાં તેમના પતિઓનું ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ થોડુંક વધુ છે. અનુસ્નાતક મહિલાઓ ૧૫.૫% છે, જ્યારે પતિઓમાં ૩૦.૪% પુરુષોએ અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ લીધું છે.

**કોઠા નં. ૧૧**

**ઉત્તરદાતાઓના પતિઓનું શૈક્ષણિક સ્તર**

| ક્રમ | શૈક્ષણિક સ્તર | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ધોરણ ૧૦ (હાઈસ્કૂલ) | ૦૪ | ૦૩.૯ |
| (૨) | જૂની એસ.એસ.સી. | ૦૨ | ૦૨.૦ |
| (૩) | ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૨) | ૦૧ | ૦૧.૦ |
| (૪) | સ્નાતક | ૫૬ | ૫૪.૯ |
| (૫) | અનુસ્નાતક | ૩૧ | ૩૦.૪ |
| (૬) | પી.ટી.સી. | ૦૨ | ૦૨.૦ |
| (૭) | પ્રોફેશનલ | ૦૫ | ૦૪.૯ |
| (૮) | અન્ય (ટેક્નિકલ, ડિપ્લોમા વ.) | ૦૧ | ૦૧.૦ |
| | | કુલ ૧૦૨ | ૧૦૦.૦ |



**પતિનો વ્યાવસાયિક હોદ્દો :**

ઉત્તરદાતા પરિણીત મહિલાઓના પતિઓનો વ્યાવસાયિક હોદ્દો જોઈએ તો સૌથી વધુ ક્લાર્ક (૬૩.૫%) છે. ૨૩.૯% વહીવટી અધિકારી, ૫.૨% શિક્ષક/પ્રાધ્યાપક, અને ૫.૨% પ્રોફેશનલ (ડૉક્ટર, એન્જિનિયર, વકીલ) છે. બે મહિલાઓના પતિને ખાનગી ધંધો છે.

નોકરિયાત આદિવાસી મહિલાઓનો વ્યાવસાયિક હોદ્દો અને તેમના પતિનો વ્યાવસાયિક હોદ્દો લગભગ સમાન જ છે. અભ્યાસમાં જાણાય છે કે, કારકુન તરીકે કામ કરતી મહિલાઓના પતિ પણ મોટે ભાગે કારકુન છે. તે જ રીતે જે મહિલાઓ વહીવટી અધિકારી છે, તેમના પતિ પણ વર્ગ-૧ અથવા વર્ગ-૨ વહીવટી અધિકારી છે. ડૉક્ટર થયેલી મહિલાઓના પતિ પણ ડૉક્ટર છે અને પ્રાધ્યાપિકા તથા અન્ય ઉચ્ચ શિક્ષણ કે વ્યાવસાયિક હોદ્દો ધરાવતી મહિલાઓના પતિ પણ પ્રાધ્યાપક, એન્જિનિયર કે ડૉક્ટર જેવો ઊંચો અને પ્રતિષ્ઠિત વ્યાવસાયિક હોદ્દો ધરાવે છે.

ઉત્તરદાતાઓના પતિના વ્યાવસાયિક હોદ્દા અંગેની માહિતી કોઠા નં. ૧૨માં આપવામાં આવી છે :

**કોઠા નં. ૧૨**

**ઉત્તરદાતાઓના પતિઓનો વ્યાવસાયિક હોદ્દો**

| ક્રમ | હોદ્દો | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ક્લાર્ક | ૬૧ | ૬૩.૫ |
| (૨) | વહીવટી અધિકારી વર્ગ-૧ | ૦૭ | ૦૭.૨ |
| (૩) | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧૬ | ૧૬.૭ |
| (૪) | શિક્ષક/પ્રાધ્યાપક | ૦૫ | ૦૫.૨ |
| (૫) | પ્રોફેશનલ | ૦૫ | ૦૫.૨ |
| (૬) | ધંધો | ૦૨ | ૦૨.૦ |
| | | કુલ ૯૬ | ૧૦૦.૦ |

**કુટુંબની માસિક આવક, ખર્ચ, કદ અને રહેઠાણનો પ્રકાર :**

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૮૬% મહિલાઓ પરિણીત છે. એમાં માત્ર ૨ મહિલાઓ સાસુસસરા સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે. બાકી તમામ વિભક્ત રીતે રહે છે. ૩૪.૭% મહિલાઓના કુટુંબમાં કુલ ૪ સભ્યો છે, જેમાં પતિ-પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. ૧૭.૮% મહિલાઓ કુટુંબમાં ૫ સભ્યો ધરાવે છે, જ્યારે ૧૪.૪% મહિલાઓ માત્ર ૩ સભ્યોનું નાનું કુટુંબ ધરાવે છે. ૧૨.૭% મહિલાઓ બે સભ્યોનું (મુખ્યત્વે પતિ-પત્ની)

કુટુંબ ધરાવે છે. ૮ મહિલાઓ એકલી રહે છે.

આમ, શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓના કુટુંબની સંખ્યા ઘણી મર્યાદિત છે. મોટા ભાગની મહિલાઓનાં બાળકો હજુ અભ્યાસ કરે છે, એટલે કે ઘરમાં પતિ-પત્ની બે સભ્યોની મુખ્ય આવક છે. ઉત્તરદાતા મહિલાઓની કૌટુંબિક માસિક આવકની માહિતી કોઠા નં. ૧૩માં આપી છે:

**કોઠા નં. ૧૩**

**ઉત્તરદાતાઓની કુલ માસિક કૌટુંબિક આવક**

| ક્રમ | કૌટુંબિક માસિક આવક (રૂ.માં) | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ૩૦૦૦ થી ઓછી | ૧૦ | ૦૮.૫ |
| (૨) | ૩૦૦૧ થી ૫૦૦૦ | ૨૯ | ૨૪.૬ |
| (૩) | ૫૦૦૧ થી ૭૦૦૦ | ૨૬ | ૨૨.૦ |
| (૪) | ૭૦૦૧ થી ૯૦૦૦ | ૨૭ | ૨૨.૯ |
| (૫) | ૯૦૦૧ થી ૧૧૦૦૦ | ૨૦ | ૧૬.૯ |
| (૬) | ૧૧૦૦૧ થી વધુ | ૦૬ | ૦૫.૧ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

કોઠામાં દર્શાવ્યા મુજબ ૨૪.૬% મહિલાઓની માસિક કૌટુંબિક આવક રૂ. ૩૦૦૦થી ૫૦૦૦ વચ્ચે છે. ૨૨% મહિલાઓની કૌટુંબિક માસિક આવક રૂ. ૫૦૦૦થી ૭૦૦૦ વચ્ચે અને ૨૨.૯% મહિલાઓ રૂ. ૭૦૦૦થી ૯૦૦૦ વચ્ચે કૌટુંબિક માસિક આવક ધરાવે છે. ઊંચો વ્યાવસાયિક હોદ્દો અથવા રિઝર્વ બૅન્ક, ઇન્કમટૅક્સ ઑફિસ જેવી કચેરીઓમાં ૧૦ વર્ષથી વધુ નોકરીનો અનુભવ ધરાવતાં દંપતીની કૌટુંબિક માસિક આવક પણ ઘણી ઊંચી છે. ૧૬.૯% મહિલાઓની કૌટુંબિક માસિક આવક રૂ. ૯૦૦૦થી ૧૧૦૦૦ વચ્ચે છે, જ્યારે ૫% મહિલાઓની કૌટુંબિક માસિક આવક રૂ. ૧૧૦૦૦થી પણ વધુ છે.

આમ, શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ આર્થિક રીતે શહેરના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગની કક્ષામાં આવે છે.

કૌટુંબિક માસિક ઘરખર્ચની બાબતમાં ૩૯% મહિલાઓએ જણાવ્યું કે, તેમનો માસિક ખર્ચ રૂ. ૩૦૦૦થી ૫૦૦૦ વચ્ચે છે. ૨૦% મહિલાઓનો માસિક ઘરખર્ચ રૂ. ૨૦૦૦થી ૩૦૦૦ સુધીનો છે. ૧૧% મહિલાઓનો માસિક ઘરખર્ચ રૂ. ૧૦૦૦થી ૨૦૦૦ સુધીનો છે. ૨૦% મહિલાઓએ જણાવ્યું કે, તેમનો માસિક ઘરખર્ચ રૂ. ૫૦૦૦થી વધુ છે. માસિક ઘરખર્ચ એ શહેરી જીવનધોરણ, જીવનશૈલી અને કૌટુંબિક માસિક આવક ઉપરાંત કુટુંબના સભ્યોની સંખ્યા સાથે સંબંધિત છે.

ઉત્તરદાતાઓમાંથી ૪૯% મહિલાઓને શહેરમાં પોતાનું ઘર છે. ૩૫% મહિલાઓ સરકારી ક્વાર્ટર્સમાં રહે છે. ૧૪% મહિલાઓ ભાડાના ઘરમાં રહે છે. બે મહિલાઓ પોતાનાં સગાંસંબંધીના ઘરે રહીને અને એક મહિલા વર્કિંગ વિમેન્સ હોસ્ટેલમાં રહીને નોકરી કરે છે.



નોકરિયાત આદિવાસી મહિલાઓના પતિ પણ સરકારી કચેરીઓમાં નોકરી કરે છે, તેથી પત્ની અથવા પતિ બેમાંથી એકને તો સરકારી ક્વાર્ટર મળે જ. પરિણામે ૩૫% મહિલાઓ સરકારી ક્વાર્ટરમાં રહે છે. પરંતુ નોંધપાત્ર એ છે કે ૪૯% મહિલાઓએ શહેરોમાં પોતાનું ઘર બનાવી લીધું છે. આનો અર્થ બહુ સ્પષ્ટ છે. આ મહિલાઓ હવે કાયમ માટે શહેરોમાં સ્થાયી થઈ ગઈ છે.

ઉત્તરદાતાઓમાંથી ટી.વી. ૯૭% પાસે છે, ૯૮%ના ઘરે રેડિયો છે, ૩૮% રેફ્રિજરેટર ધરાવે છે. જ્યારે ઉત્તરદાતાઓમાંથી ૫૭% સ્કૂટર અથવા મૉપેડ/મોટરબાઇક ધરાવે છે. ૫ મહિલાઓના ઘરે મોટરકાર છે.

જે ઉત્તરદાતાઓના ઘરની મેં મુલાકાત લીધી તેમાંથી લગભગ સહુના ઘરે સોફાસેટ, ડાઇનિંગ ટેબલ જેવું આધુનિક રાચરચીલું જોવા મળ્યું. આમ, શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓનું જીવનધોરણ મધ્યમ કે ઉચ્ચ મધ્યમ વર્ગની કક્ષાનું છે અને શહેરી ઉચ્ચ વર્ગની સાથે તેઓ દરેક રીતે સંમિશ્રિત થવાનો પ્રયાસ કરી રહી છે.

**ઉત્તરદાતા મહિલાઓનાં માતાપિતાના શિક્ષણ, વ્યવસાય અને સામાજિક-આર્થિક પાસાં અંગેની માહિતી :**

શહેરોમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓની આ પ્રથમ પેઢી છે. ઈ. સ. ૧૯૯૧ના વસ્તીગણતરીના આંકડા પ્રમાણે હજુ રાજ્યમાં આજે પણ આદિવાસી મહિલાઓમાંથી ફક્ત ૨૪.૨% મહિલાઓ જ અક્ષરજ્ઞાન ધરાવે છે. આજથી ચારપાંચ દાયકાઓ પહેલાં તો આદિવાસી સ્ત્રીપુરુષોમાં અક્ષરજ્ઞાન ઘણું ઓછું હતું. આ બાબતોનો નિર્દેશ ઉત્તરદાતાનાં માતાપિતાના શિક્ષણ અંગેની માહિતી પરથી મળે છે:

**કોઠા નં. ૧૪**

**ઉત્તરદાતાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર**

| ક્રમ | શૈક્ષણિક સ્તર | પિતા | | માતા | |
|---|---|---|---|---|---|
| | | આવૃત્તિ | ટકા(%) | આવૃત્તિ | ટકા(%) |
| (૧) | નિરક્ષર | ૩૦ | ૨૫.૪ | ૭૦ | ૫૯.૩ |
| (૨) | અક્ષરજ્ઞાન ખરું, પણ ઔપચારિક શિક્ષણ નહીં | ૧૦ | ૦૮.૪ | ૦૭ | ૦૫.૯ |
| (૩) | ધો. ૧થી ૫ | ૨૬ | ૨૨.૦ | ૧૮ | ૧૫.૨ |
| (૪) | વર્નાક્યૂલર ફાઇનલ (ધો. ૭) | ૩૨ | ૨૭.૧ | ૧૫ | ૧૨.૭ |
| (૫) | જૂની એસ.એસ.સી./મૅટ્રિક | ૦૭ | ૦૫.૯ | ૦૪ | ૦૩.૩ |
| (૬) | પી.ટી.સી. | ૦૨ | ૦૧.૬ | ૦૧ | ૦૦.૮ |
| (૭) | સ્નાતક | ૦૯ | ૦૭.૬ | ૦૧ | ૦૦.૮ |
| (૮) | અનુસ્નાતક | ૦૧ | ૦૦.૮ | ૦૧ | ૦૦.૮ |
| (૯) | પ્રોફેશનલ | ૦૧ | ૦૦.૮ | ૦૧ | ૦૦.૮ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ | ૧૧૮ | ૧૦૦.૦ |

કોઠામાં દર્શાવ્યા પ્રમાણે મોટા ભાગના ઉત્તરદાતાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર ઘણું

ઓછું છે. ઉત્તરદાતાઓમાંથી ૨૫.૪%ના પિતા નિરક્ષર છે અને ૫૯% ઉત્તરદાતાની માતા તદ્દન નિરક્ષર છે. ઉત્તરદાતાઓમાંથી ૮.૪%ના પિતા અને ૫.૯%ની માતા લખી-વાંચી શકે છે, પરંતુ તેમણે કોઈ શાળામાં ઔપચારિક શિક્ષણ નથી લીધું. આમ, ઉત્તરદાતાઓમાંથી ૩૩.૮%ના પિતા અને ૬૫% ઉત્તરદાતાઓની માતાએ શાળામાં શિક્ષણ લીધું નથી.

ઉત્તરદાતાઓમાંથી ૨૨%ના પિતાએ અને ૧૫.૯%ની માતાઓએ ધો. ૧થી ૫ સુધીનો અભ્યાસ કર્યો છે, જ્યારે ૨૭.૮%ના પિતાએ અને ૧૨.૭%ની માતાએ સાતમા ધોરણ (બ્રિટિશ કાળની વર્નાક્યૂલર ફાઈનલ) સુધીનો અભ્યાસ કર્યો છે. મૅટ્રિક કે તેથી આગળ અભ્યાસ કરનાર માતાપિતાની સંખ્યા તો અત્યંત ઓછી છે. માત્ર ૨૦ ઉત્તરદાતાઓના પિતાએ મૅટ્રિક કે તેથી આગળ અભ્યાસ કર્યો છે અને મૅટ્રિક કે મૅટ્રિકથી આગળ અભ્યાસ કરનાર માતાઓ તો ફક્ત ૮ જ છે. આમ, મોટા ભાગની મહિલાઓ ખૂબ જ નિમ્ન શૈક્ષણિક સ્તર ધરાવતાં કુટુંબમાંથી આવે છે.

પ્રશ્નાવલિ ભરતી વખતે માતાપિતાના શિક્ષણ અંગે માહિતી આપતાં ઉત્તરદાતાઓનાં મોં પર થોડો સંકોચ સ્પષ્ટ જોઈ શકાતો હતો. અલબત્ત, લગભગ તમામ મહિલાઓએ આ અંગે સાચી અને નિખાલસ માહિતી આપી, પરંતુ પોતાનાં માતાપિતા અભણ છે કે ઓછું ભણેલાં છે એવું જણાવતી વખતે તેમાંથી મોટા ભાગનાં ક્ષોભ અને સંકોચની લાગણી અનુભવતાં હતાં.

ઉત્તરદાતાઓમાંથી ૨૩%ના પિતા હયાત નથી. ૩૮%ના પિતા ખેતી કરે છે. ૨૬.૨%ના પિતા સરકારી નોકરી કરે છે. (કેટલાક હવે નિવૃત્ત છે.) ૯(૭.૬%) ઉત્તરદાતાના પિતા શિક્ષક અને ૫(૪.૨%) ઉત્તરદાતાના પિતા સામાજિક કાર્યકર છે.

આમ, ઉત્તરદાતાઓમાંથી માત્ર ૩૬% ઉત્તરદાતાના પિતા નોકરિયાત હતા અથવા છે. એમાંથી મોટા ભાગના પોલીસખાતામાં કૉન્સ્ટેબલ, રેલવેમાં ફોરમેન કે અન્ય નાના હોદ્દાની નોકરીમાં છે.

૫ ઉત્તરદાતાના પિતા મામલતદાર કે વહીવટી અધિકારી જેવા ઊંચા હોદ્દાની નોકરીએ છે. એક ઉત્તરદાતાના પિતા ડૉક્ટર છે, જ્યારે એક ઉત્તરદાતાના પિતા નિવૃત્ત પ્રાધ્યાપક છે.

૧૧૮ ઉત્તરદાતાઓમાંથી માત્ર બે જ ઉત્તરદાતાઓની માતા નોકરિયાત છે, જેમાંનાં એક શિક્ષિકા અને બીજાં ડૉક્ટર તરીકે કામ કરે છે.

ઉત્તરદાતા મહિલાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર તપાસતાં જણાય છે કે ઉત્તરદાતા મહિલાઓમાં સ્નાતકથી વધુ કે પ્રોફેશનલ શિક્ષણ લેનારી મહિલાઓનું પ્રમાણ ઘણું ઓછું છે એનું કારણ એમની કૌટુંબિક પશ્ચાદ્ભૂમિ છે. મુલાકાત દરમિયાન ઘણી મહિલાઓએ જણાવ્યું કે તેમને હજુ આગળ ભણવું હતું, પણ કૌટુંબિક, આર્થિક, સામાજિક સંજોગોને કારણે આગળ અભ્યાસ ના થઈ શક્યો. કેટલીક નોકરિયાત મહિલાઓએ તો એમ પણ જણાવ્યું કે ટેક્નિકલ કે પ્રોફેશનલ શિક્ષણ લેવાની તમન્ના કે લાયકાત તેમનામાં હતી, પરંતુ તે સમયે કોઈનું યોગ્ય માર્ગદર્શન મળ્યું ન હતું. આવા સંજોગોમાં પણ ૫૪% જેટલી આદિવાસી મહિલાઓએ સ્નાતક (ગ્રૅજ્યુએટ) સુધીનું શિક્ષણ મેળવ્યું છે અને ૧૫% મહિલાઓ અનુસ્નાતક (પોસ્ટ ગ્રૅજ્યુએટ) થઈ છે. એ તેમની ઘણી મોટી સિદ્ધિ ગણી શકાય.

અભ્યાસ દરમિયાન જણાયું કે ડૉક્ટર કે વર્ગ-૧ અધિકારી જેવો ઊંચો વ્યાવસાયિક હોદ્દો



ધરાવનાર મહિલાઓના પિતા પણ ઉચ્ચ શિક્ષણ મેળવેલા અને ઊંચો વ્યાવસાયિક હોદ્દો ધરાવનારા છે. આમ, આ મહિલાઓના ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક હોદ્દા માટે મહદંશે તેમનું કૌટુંબિક વાતાવરણ જવાબદાર છે. પરંતુ જે મહિલાઓનાં માબાપ નિરક્ષર અથવા તદ્દન ઓછું ભણેલાં છે અને જેઓ એવા અંતરિયાળ વિસ્તારમાંથી આવે છે જ્યાં આસપાસ ઘણે દૂર સુધી શાળાની સગવડ નહોતી એ મહિલાઓ સ્નાતક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે એ મારી દૃષ્ટિએ વધુ મોટી સિદ્ધિની વાત છે. મુલાકાત દરમિયાન કેટલીક મહિલાઓએ ઘણી ખુશી અને ગૌરવથી મને જણાવ્યું, ''બહેન, હું મારા ફળિયાની પહેલી ગ્રૅજ્યુએટ આદિવાસી મહિલા છું.'' અથવા ''હું મારા ગામની સૌથી વધુ ભણેલી આદિવાસી સ્ત્રી છું.''

ઘણી બહેનોએ શિક્ષણકાળની વાત કરતાં જણાવ્યું કે ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે ઘણો શ્રમ અને હાડમારી તેમણે ભોગવી છે. એક બહેને જણાવ્યું કે વૅકેશનમાં અમે ખેતરોમાં હળ ચલાવતાં ને ડાંગર પણ રોપતાં. આખી રાત ફાનસના અજવાળે ઘાસના પૂળા બાંધતાં. સો પૂળા બાંધતાં ત્યારે ૨૫ પૈસાની આવક થતી. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ભણતરની સાથે સાથે ઘણો શારીરિક શ્રમ અને મહેનત મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓએ ઉઠાવ્યાં છે.

ઉત્તરદાતાઓમાંથી ઘણી મહિલાઓના ભાઈઓ તાલુકા કક્ષાએ કે અમદાવાદ, સુરત, ગાંધીનગર જેવાં શહેરોમાં સરકારી નોકરીઓમાં છે. પરંતુ કુટુંબમાં ચાર-પાંચ બહેનોમાંથી ઉત્તરદાતા બહેને એકે જ ઉચ્ચ શિક્ષણ લીધું હોય કે નોકરી કરતી હોય તેવા ઘણા કિસ્સા મળ્યા. વળી, એકાદ ભાઈ ગામડે માબાપ ભેગો રહીને ખેતીની દેખરેખ કરતો હોય તેવા પણ ઘણા દાખલા મળ્યા.

આમ, ઉત્તરદાતાઓનાં માબાપની શૈક્ષણિક અને સામાજિક-આર્થિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં જણાય છે કે મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓ ખૂબ જ નિમ્ન શૈક્ષણિક સ્તર ધરાવતા કુટુંબમાંથી આવે છે. પોતાની ઇચ્છા, માબાપનું પ્રોત્સાહન અને સરકારની આર્થિક મદદના સહારે આ મહિલાઓએ શિક્ષણ લીધું છે અને શહેરોમાં સરકારી નોકરીઓમાં કામે લાગી છે. ઘણી બહેનો વિપરીત અને કેટલાક કપરા સંજોગો સામે લડીને આગળ આવી છે, એ દૃષ્ટિએ આ મહિલાઓએ હાંસલ કરેલી શૈક્ષણિક સિદ્ધિ ખરેખર પ્રશંસાપાત્ર છે.

# ૫. શિક્ષણ અને નોકરી : બદલાયેલો સામાજિક દરજ્જો અને ભૂમિકા

શૈક્ષણિક વિકાસની દૃષ્ટિએ આદિવાસી સ્ત્રીઓ સમાજના દરેક વર્ગ કરતાં સહુથી પાછળ છે. અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગની સ્ત્રીઓમાં પણ અક્ષરજ્ઞાનનું પ્રમાણ આદિવાસી સ્ત્રીઓ કરતાં વધુ છે. સેન્સસના આંકડાઓ મુજબ ઈ. સ. ૧૯૭૧માં ૧.૨% આદિવાસી સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવતી હતી (અનૌપચારિક શિક્ષણ), ૨.૮% આદિવાસી સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું, જ્યારે માત્ર ૮૧ આદિવાસી સ્ત્રીઓએ મૅટ્રિક કે તેથી વધુ શિક્ષણ મેળવ્યું હતું. આમ, '૬૦ના દાયકાની શરૂઆતમાં આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું. ૧૯૭૧માં સેન્સસના આંકડા મુજબ એ અરસામાં સ્નાતક કે તેથી આગળ અભ્યાસ કરતી આદિવાસી સ્ત્રીઓની સંખ્યા ૨૪ હતી.

૧૯૭૧ પછીના બે દાયકામાં આદિવાસી સ્ત્રીઓના અક્ષરજ્ઞાનના દરમાં નોંધપાત્ર વધારો થયો છે. ૧૯૯૧ના સેન્સસના આંકડા પ્રમાણે અત્યારે ગુજરાતમાં કુલ ૨૪.૧૯% આદિવાસી મહિલાઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. ઉચ્ચતર માધ્યમિક, પી.ટી.સી., સ્નાતક અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરતી આદિવાસી મહિલાઓની સંખ્યા પણ વધી છે. આ શિક્ષિત મહિલાઓમાંથી ઘણી સરકારની અનામત નીતિને લીધે વિવિધ સરકારી અને અર્ધ-સરકારી નોકરીઓમાં જોડાઈને દેશના આર્થિક વિકાસમાં કદમ મિલાવતી થઈ છે.

આ આદિવાસી સ્ત્રીઓનાં શિક્ષણ અને નોકરી પાછળનાં જવાબદાર પરિબળો, કારણો, તેમની આકાંક્ષાઓ, સિદ્ધિઓ અને સમસ્યાઓની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

ઉત્તરદાતાઓમાંથી તમામ (૧૦૦%) મહિલાઓ સ્ત્રીશિક્ષણને આવશ્યક માને છે. આ માટેનાં વિવિધ કારણો, જે તેમણે જણાવ્યાં, તે નીચેના કોઠામાં દર્શાવ્યાં છે :

**કોઠા નં. ૧૫**

**સ્ત્રીશિક્ષણ માટેનાં જરૂરી કારણો**

| ક્રમ | કારણ | પ્રથમ પ્રાથમિકતા | દ્વિતીય પ્રાથમિકતા |
|---|---|---|---|
| (૧) | જ્ઞાન/માહિતી મેળવવા | ૩૪ (૨૮.૮%) | ૧૬ (૧૩.૬%) |
| (૨) | વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે | ૭૮ (૬૬.૧%) | ૩૨ (૨૭.૧%) |
| (૩) | સારી નોકરી મેળવવા | ૦૪ (૦૩.૪%) | ૪૩ (૩૬.૪%) |
| (૪) | લગ્નની તક વધુ ઉજ્જ્વળ બને માટે | ૦૨ (૦૧.૭%) | ૧૨ (૧૦.૨%) |
| (૫) | અન્ય | – – – | ૧૫ (૧૨.૭%) |
| | કુલ | ૧૧૮(૧૦૦%) | ૧૧૮(૧૦૦%) |

ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ (૬૬.૧%) મહિલાઓ શિક્ષણને વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે સૌથી પહેલી પ્રાથમિકતા આપે છે. શિક્ષણ પ્રાપ્ત કરવાનું બીજું





કારણ (૨૮.૮%) મહિલાઓ જ્ઞાન/માહિતી મેળવવાનું દર્શાવે છે. ચાર મહિલાઓ સારી નોકરી મેળવવા માટે શિક્ષણને જરૂરી માને છે અને બે મહિલાઓ માને છે કે ભણેલો, નોકરી કરતો પતિ મળે એટલે કે લગ્નની તક વધુ ઉજ્જ્વળ બને તે માટે સ્ત્રીશિક્ષણ આવશ્યક છે.

બીજી પ્રાથમિકતામાં સૌથી વધુ મહિલાઓ (૩૬.૪%) સારી નોકરી મેળવવા શિક્ષણને જરૂરી માને છે. ૨૭.૧% મહિલાઓ વ્યક્તિગત અને સામાજિક વિકાસને બીજી પ્રાથમિકતા આપે છે.

૧૩.૬% મહિલાઓ જ્ઞાન/માહિતી મેળવવાના કારણને બીજી પ્રાથમિકતા આપે છે અને ૧૦.૨% મહિલાઓ લગ્નની તક વધુ ઉજ્જ્વળ બને એ કારણને બીજી પ્રાથમિકતા આપે છે.

વિશ્લેષણ કરતાં જણાય છે કે મોટા ભાગની મહિલાઓ સ્ત્રીશિક્ષણને વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે જરૂરી માને છે. જ્ઞાન/માહિતી મેળવવાને બીજો ક્રમ મળે છે. એ જ રીતે સારી નોકરી મેળવવી એ માટે પણ ઘણી મહિલાઓ સ્ત્રીશિક્ષણને જરૂરી માને છે.

આ બાબતને અન્ય પ્રશ્નના જવાબ સાથે સરખાવતાં પણ અનુમોદન મળે છે. ૮૪% મહિલાઓએ જણાવ્યું કે આદિવાસી સમાજમાં અશિક્ષિત સ્ત્રીઓ કરતાં શિક્ષિત સ્ત્રીઓનો મોભો વધુ છે. ૧૬% મહિલાઓનું માનવું છે કે શિક્ષણથી આદિવાસી સ્ત્રીના સામાજિક મોભામાં કોઈ ફરક પડતો નથી.

આદિવાસી સમાજ શિક્ષણની દૃષ્ટિએ હજુ ઘણો પાછળ છે. રાજ્યનાં વિવિધ જૂથો અને જાતિઓમાંથી આદિવાસી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ સૌથી ઓછું છે. એને કારણે બિનઆદિવાસી સમાજ એને 'પછાત' ગણે છે અને શહેરી સમાજના સંપર્કમાં આવેલી આદિવાસી પ્રજા પણ આ જ કારણસર પોતાને પછાત માને છે. આદિવાસી પુરુષો કરતાં સ્ત્રીઓમાં હજુ પણ અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઘણું ઓછું છે. શહેરી, બિનઆદિવાસી પ્રજા સાથે સંપર્કમાં આવેલી આદિવાસી પ્રજા માને છે કે શિક્ષણ લેવાથી પોતે ઉજળિયાત વર્ગમાં ભળી શકશે અને એ રીતે એમનો વ્યક્તિગત અને સામાજિક દરજ્જો ઊંચો આવશે. આ જ કારણસર મોટા ભાગની મહિલાઓ શિક્ષણને વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે જરૂરી માને છે.

આદિવાસી પ્રજા આર્થિક રીતે પણ ઘણી પછાત છે. નોકરીને કારણે તેમની આર્થિક પરિસ્થિતિમાં ધીરે ધીરે સુધારો આવ્યો છે. પરિણામે સારી નોકરી મેળવવા માટે પણ ઉત્તરદાતાઓમાંથી ઘણી મહિલાઓ સ્ત્રીશિક્ષણને જરૂરી માને છે.

આદિવાસી પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે અને હવે ભણેલા અને શહેરમાં નોકરી કરતા આદિવાસી પુરુષો ભણેલી સ્ત્રીને પત્ની તરીકે વધુ પસંદ કરે છે. તેથી ભણેલો, નોકરી કરતો પતિ મેળવવા પણ આદિવાસી સ્ત્રીઓ શિક્ષણને જરૂરી માને છે. કેટલીક આદિવાસી જાતિઓ જેવી કે ધોડિયા, ચૌધરી, ગામીત, ડુંગરી ગરાસિયા વગેરેમાં પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે અને તેઓ પોતાની જીવનસાથી તરીકે શિક્ષિત સ્ત્રીને વધુ પસંદ કરે છે. આ જાતિઓની આદિવાસી સ્ત્રીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે એનું એક સામાજિક કારણ આ પણ છે. ઘણાં આદિવાસી અશિક્ષિત માતાપિતા હવે પોતાની દીકરી શિક્ષણ લે એવું ઇચ્છતા થયા છે.

મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓએ પોતાના શિક્ષણ માટે પ્રથમ પોતાની ઇચ્છા અને મનોબળ અને ત્યારબાદ માતાપિતાના પ્રોત્સાહનને જવાબદાર પરિબળ ગણાવ્યું.

**કોઠા નં. ૧૬**

**પોતાના શિક્ષણ માટે જવાબદાર પરિબળો**

| ક્રમ | પરિબળ | પ્રથમ પ્રાથમિકતા | દ્વિતીય પ્રાથમિકતા |
|---|---|---|---|
| (૧) | પોતાની ઇચ્છા/મનોબળ | ૭૯ (૬૬.૯%) | ૧૩ (૧૧.૦%) |
| (૨) | કુટુંબનું પ્રોત્સાહન | ૩૮ (૩૨.૨%) | ૫૫ (૪૬.૬%) |
| (૩) | સગાંસંબંધીઓનું પ્રોત્સાહન/મદદ | ૦૧ (૦૦.૮%) | ૦૪ (૦૩.૪%) |
| (૪) | સરકારની મદદ/નીતિઓ | – – – | ૧૦ (૦૮.૫%) |
| (૫) | અન્ય | – – – | ૦૨ (૦૧.૭%) |
| (૬) | જવાબ અપ્રાપ્ય | – – – | ૩૪(૨૮.૮%) |
| | કુલ | ૧૧૮ (૧૦૦%) | ૧૧૮ (૧૦૦%) |

શિક્ષિત, નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી સૌથી વધુ (૬૬.૯%) મહિલાઓ પોતાના શિક્ષણ માટે પોતાની ઇચ્છા અને મનોબળને સૌથી અગત્યનું પરિબળ માને છે. અગાઉ જણાવ્યું છે તેમ, મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર ઘણું ઓછું છે. વળી, આ મહિલાઓ નાનાં ગામડાંઓમાંથી આવે છે, જ્યાં પ્રાથમિક શિક્ષણથી આગળ અભ્યાસની કશી સગવડ નહોતી. આ તમામ મહિલાઓએ અન્ય ઠેકાણે આશ્રમશાળાના છાત્રાવાસ અને શહેરની હોસ્ટેલમાં રહીને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. આગળ ભણવાની તેમની ઇચ્છા અને દૃઢ મનોબળે તેમના શિક્ષણમાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે તે નિ:શંક છે.

૩૨.૨% મહિલાઓએ પોતાના શિક્ષણ માટે કુટુંબના પ્રોત્સાહનને મુખ્ય પરિબળ ગણાવ્યું. તેમણે જણાવ્યું, ''આગળ અભ્યાસ કરવાની અમારી ઇચ્છા તો હતી જ, પણ એનાં બીજ માબાપે રોપ્યાં હતાં. તેઓ પોતે ઝાઝું નથી ભણ્યાં, પણ તેમનાં સંતાનો એટલે કે અમે અમારી શક્તિ મુજબ આગળ ભણીએ એવી તેમની ઇચ્છા હતી અને કૌટુંબિક-આર્થિક સંજોગો ખૂબ નબળા હોવા છતાં તેમણે અમને આગળ ભણતાં કદી અટકાવ્યાં નહીં. આમ, માબાપનું પ્રોત્સાહન એ અમારા શિક્ષણ પાછળનું મુખ્ય જવાબદાર પરિબળ છે.''

બીજી પ્રાથમિકતામાં ૪૬.૬% મહિલાઓએ કુટુંબના પ્રોત્સાહનને તેમના શિક્ષણ માટે કારણભૂત પરિબળ ગણાવ્યું. આમ, પોતાની ઇચ્છા અને કુટુંબનું પ્રોત્સાહન એને શિક્ષિત આદિવાસી મહિલાઓ પોતાના શિક્ષણ માટેનાં મુખ્ય બે કારણભૂત પરિબળો માને છે.

સરકારની આદિવાસીઓ માટેની યોજનાઓ અને મદદને ૮.૫% મહિલાઓએ પોતાના શિક્ષણ માટેનું બીજું અગત્યનું કારણ જણાવ્યું. બંધારણમાં અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત વર્ગોની સાથે અનુસૂચિત જનજાતિઓ માટે ખાસ જોગવાઈઓ અને નીતિઓ ઘડવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણથી માંડીને યુનિવર્સિટી કક્ષાના શિક્ષણ સુધી



આદિવાસી યુવક-યુવતીઓને સરકાર તરફથી વિવિધ પ્રકારનાં સ્ટાઇપેન્ડ અને સ્કૉલરશિપ આપવામાં આવે છે. ઉપરાંત આશ્રમશાળાના છાત્રાલયમાં મફત નિવાસ, યુનિફૉર્મ વગેરે આપવામાં આવે છે. ઉત્તરદાતાઓમાંથી ૮૮% મહિલાઓને સરકાર તરફથી સ્કૉલરશિપ મળેલ છે. તે ઉપરાંત ઘણાને મફત પાઠ્યપુસ્તકો, આશ્રમશાળામાં નિવાસ વગેરે સહાય પણ મળી છે. ઘણી મહિલાઓએ જણાવ્યું કે સરકારની આર્થિક સહાય વગર આટલી કક્ષા સુધી ભણવું તેમને માટે ઘણું દુષ્કર બન્યું હોત. આમ, સરકારી આર્થિક અને અન્ય સહાય આદિવાસી મહિલાઓને શિક્ષણ માટે ઘણી લાભદાયી પુરવાર થઈ છે. પરંતુ શિક્ષણ પ્રત્યે તેમને અભિમુખ કરવામાં તેમની પોતાની ઇચ્છા અને કુટુંબના પ્રોત્સાહનને જ તેઓ જવાબદાર માને છે.

''શિક્ષણ તમને જીવનમાં કઈ કઈ બાબતોમાં ઉપયોગી બન્યું છે?'' એ પ્રશ્નના ઉત્તરમાં વિવિધ પ્રત્યુત્તરો મળ્યા. મોટા ભાગની મહિલાઓએ જણાવ્યું કે શિક્ષણને લીધે તેમનો વ્યક્તિગત અને સામાજિક વિકાસ થયો અને જીવનધોરણ ઊંચું આવ્યું. વ્યક્તિગત અને સામાજિક વિકાસની વ્યાખ્યા અથવા અર્થ જુદી જુદી મહિલાઓએ આ પ્રમાણે આપ્યા:

(૧) શિક્ષણથી વિચારોમાં પરિવર્તન આવ્યું, જ્ઞાનપ્રાપ્તિ થઈ, અંધશ્રદ્ધા દૂર થઈ.

(૨) 'સ્વ'નો વિકાસ થયો. આત્મવિશ્વાસ વધ્યો. વિચારોમાં તાર્કિકતા આવી અને નિર્ણયશક્તિ ખીલી.

(૩) આત્મવિશ્વાસ વધ્યો. પોતાના પગ પર ઊભા રહેવાની શક્તિ આવી. હક્ક માટે લડવાની જાગૃતિ આવી.

(૪) શિક્ષણને લીધે સામાજિક રીત-રિવાજોમાં પરિવર્તન આવ્યું અને દુનિયાના અન્ય ઉજળિયાત સમાજ જોડે સમાનતા સાધી શક્યા.

(૫) શિક્ષણને લીધે નોકરી મળી, એ રીતે આર્થિક વિકાસ થયો અને જીવનમાં સુધારો થયો, જીવનધોરણ ઊંચું આવ્યું.

(૬) શિક્ષણ અને નોકરીથી દેશના અર્થકારણમાં સક્રિય ભાગ ભજવી શકીએ છીએ. ઉપરાંત એકતા, અખંડિતતા જેવી ભાવના ખીલે છે.

સામાજિક અને વ્યક્તિગત વિકાસ ઉપર આ મહિલાઓએ ઘણો ભાર મૂક્યો. શિક્ષણને લીધે સામાજિક રીતરિવાજોમાં ફેરફાર આવ્યા અને એ રીતે એમનામાં સામાજિક પરિવર્તન આવ્યું, એમ આ મહિલાઓનું માનવું છે. શિક્ષણથી સામાજિક મોભો વધ્યો એવું પણ ઘણી મહિલાઓએ જણાવ્યું. કેટલીક મહિલાઓએ જણાવ્યું કે શિક્ષણને લીધે તેમના કુટુંબનો વિકાસ થયો. બાળકોનું ઘડતર કરવામાં, તેમને ભણાવવામાં, માર્ગદર્શન આપવામાં શિક્ષણ તેમને ઉપયોગી નીવડ્યું છે, કેટલીક મહિલાઓએ એમ પણ કહ્યું કે શિક્ષણ તેમને લગ્ન માટે ઉપયોગી નીવડ્યું છે. જે સૂચવે છે કે નોકરી કરતો શિક્ષિત આદિવાસી, શિક્ષિત આદિવાસી સ્ત્રીને પત્ની તરીકે વધુ પ્રાધાન્ય આપે છે.

આમ, શિક્ષણ એ સામાજિક અને વ્યક્તિગત વિકાસ માટે, સામાજિક મોભો વધારવામાં અને નોકરી મેળવીને જીવનધોરણ ઊંચું લાવવામાં તેમને મદદરૂપ બન્યું છે એવું મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓનું માનવું છે.

**નોકરી : કારણો, સમસ્યાઓ, આકાંક્ષાઓ**

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૭૩%ને અનામત જગ્યા પર નોકરી મળી છે, જ્યારે ૨૭%

મહિલાઓએ જણાવ્યું કે તેમને સામાન્ય ક્વોટામાં જ નોકરી મળી છે.

આદિવાસીઓ માટે સરકારી નોકરીઓમાં ખાસ અનામત જગ્યાઓ ફાળવવામાં આવી છે અને તેમને એ જગ્યા (રિઝર્વ સીટ) પર જ નોકરી મળે છે, છતાં ૨૭% મહિલાઓએ સામાન્ય ક્વોટામાં નોકરી મળી છે એમ જણાવ્યું. આમાંના કેટલાક જવાબો સાચા ન મળ્યા હોય તેવું બનવાની સંભાવના છે. શક્ય છે કે આમાંની કેટલીક મહિલાઓને પોતાને અનામત જગ્યા પર નોકરી મળી છે તે વાત જાહેર કરવામાં ક્ષોભ કે સંકોચ થતો હોય. જોકે, ૧૫ વર્ષથી વધુ વર્ષોથી નોકરી કરતી કેટલીક મહિલાઓએ એમ જણાવ્યું કે અમે છાપામાં જાહેરખબર વાંચીને અરજી કરેલી અને અમને નોકરી મળી ગયેલી. એ વખતે નોકરી મેળવવામાં આટલો સંઘર્ષ નહોતો કરવો પડતો એટલે એમને કઈ જગ્યા પર નોકરી મળી છે તે ખ્યાલ નથી.

અનામતપ્રથાને લીધે જ ૮૨% મહિલાઓને નોકરી મેળવવા માટે કોઈ સંઘર્ષ નથી અનુભવવો પડ્યો. આજે જેમને અનામતનો લાભ નથી મળતો તેવા વર્ગોને નોકરી મેળવવા માટે કેટલો સંઘર્ષ અને હરીફાઈ કરવાં પડે છે તે આપણે સૌ જાણીએ છીએ. ઉત્તરદાતાઓમાંથી ૮૨% મહિલાઓએ જણાવ્યું કે તેમને વર્તમાન નોકરી મેળવવા કોઈ સંઘર્ષ નથી કરવો પડ્યો. સરકારની અનામત નીતિની પ્રથા તેમને નોકરી મેળવવામાં ઉપયોગી નીવડી છે અને પ્રમોશનમાં પણ રોસ્ટર પ્રથાનો લાભ મળ્યો છે, એવું તેમણે સ્પષ્ટ જણાવ્યું. ૧૭% મહિલાઓને નોકરી મેળવવામાં થોડો સંઘર્ષ અનુભવવો પડ્યો છે, જેમાંની કેટલીક મહિલાઓએ જણાવ્યું કે અનેક જગ્યાએ ઈન્ટરવ્યૂ આપ્યા પછી નોકરી મળી છે. એક મહિલાએ જણાવ્યું કે ભરતી બાબતે કોર્ટમાં જવું પડ્યું છે. અન્ય એક મહિલાએ જણાવ્યું કે નોકરી મેળવવા માટે ઉચ્ચ અધિકારીઓ અને જાણીતા લોકોનું દબાણ લાવવું પડેલું ત્યારે નોકરી મળી.

આમ, ઉત્તરદાતા મહિલાઓમાંથી થોડીક મહિલાઓને નોકરી મેળવવામાં સંઘર્ષ અનુભવવો પડ્યો છે, પરંતુ જેમને અનામતપ્રથાનો લાભ નથી મળતો તેવા લોકોને જેટલા પ્રમાણમાં આજે નોકરી મેળવવા સંઘર્ષ કરવો પડે છે તેની સરખામણીમાં આ મહિલાઓની સંખ્યા ઘણી ઓછી કહી શકાય.

૬૧% ઉત્તરદાતાઓને જાહેરખબર દ્વારા નોકરી મળી છે, ૩૪%ને રોજગાર વિનિમય કચેરી દ્વારા અને ૫%ને ઓળખાણપિછાણથી નોકરી મળી છે. સામાન્ય રીતે એવી છાપ છે કે રોજગાર વિનિમય કચેરી નોકરી મેળવવા માટે ખાસ કંઈ મદદ નથી કરતી. પરંતુ અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓમાં વર્ગ-૨થી નીચેના હોદ્દાઓ માટે આ કચેરી ઘણી કાર્યરત હોવાનું જણાય છે, કારણ કે ૩૪% જેટલી મહિલાઓને રોજગાર વિનિમય કચેરી (Employment Exchange) દ્વારા નોકરી મળી છે.

ઉત્તરદાતાઓમાંથી ૧૦૬ મહિલાઓએ (૯૦%) નોકરી કરવાનો નિર્ણય પોતાની જાતે લીધો છે. આ મહિલાઓએ જણાવ્યું કે ભણી લીધા પછી નોકરી કરવી એ નિર્ણય તેમણે કિશોરાવસ્થા દરમિયાન અભ્યાસ કરતી વખતે જ લીધો હતો. ૩ મહિલાઓનાં માબાપે તેમની નોકરી અંગેનો નિર્ણય લીધો છે. ૪ મહિલાઓનો નોકરી કરવા અંગેનો નિર્ણય તેમના પતિનો છે, જ્યારે ૫ મહિલાઓએ જણાવ્યું કે પોતે નોકરી કરે એ અંગેનો નિર્ણય તેમનાં સગાં-સંબંધી કે વડીલ ભાઈ-બહેનોનો છે.



નોકરી કરવા પાછળનાં વિવિધ કારણોમાં, સૌથી વધુ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ આર્થિક જરૂરિયાતને કારણે નોકરી કરે છે. આદિવાસી મહિલાઓના નોકરી કરવા પાછળનાં જુદાં જુદાં કારણોનું વર્ગીકરણ નીચેના કોઠામાં દર્શાવ્યું છે:

**કોઠા નં. ૧૭**

**નોકરી કરવા પાછળનાં કારણો**

| **ક્રમ** | **નોકરી પાછળનું કારણ** | **આવૃત્તિ** | **ટકા(%)** |
|---|---|---|---|
| (૧) | આર્થિક જરૂરિયાત | ૫૬ | ૪૭.૫ |
| (૨) | આર્થિક રીતે સ્વતંત્ર, સ્વાવલંબી બનવું | ૩૦ | ૨૫.૪ |
| (૩) | કુટુંબનું જીવનધોરણ ઊંચું લાવવું | ૩૦ | ૨૫.૪ |
| (૪) | સમય પસાર કરવા | ૦૨ | ૦૧.૭ |
| (૫) | અન્ય | – | – |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૪૭.૫% આદિવાસી મહિલાઓનું નોકરી કરવા પાછળનું મુખ્ય કારણ આર્થિક જરૂરિયાત છે. ૨૫.૪% મહિલાઓએ કુટુંબના જીવનધોરણને ઊંચું લાવવું તેને નોકરી પાછળનું મુખ્ય કારણ ગણાવ્યું. આને આર્થિક જરૂરિયાત સાથે પણ સાંકળી શકાય, કારણ કે આમાંની ઘણી મહિલાઓએ જણાવ્યું કે શહેરમાં રહેવું હોય અને આધુનિક સુખ-સગવડનાં થોડાં સાધનો વસાવવાં હોય તો માત્ર એક વ્યક્તિની (પતિની) કમાણી પૂરતી થતી નથી. આમ, લગભગ ૭૩% મહિલાઓનું નોકરી કરવા પાછળનું કારણ આર્થિક જરૂરિયાત અને કુટુંબના જીવનધોરણને ઊંચું લાવવાનું છે. ૨૫.૪% મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર અને સ્વાવલંબી બનવા નોકરી કરે છે. અલબત્ત, બીજી પ્રાથમિકતામાં તેમણે જીવનધોરણને ઊંચું લાવવું તેને પણ એક અગત્યનું કારણ ગણાવ્યું.

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૫૩.૪% મહિલાઓએ કૌટુંબિક, આર્થિક અને સામાજિક કારણોસર પોતાના કામના ક્ષેત્રની પસંદગી કરી છે અને ૧૫% મહિલાઓએ નોકરી મળવાની તક જે ક્ષેત્રમાં વધુ જણાઈ તેને પોતાના કામના ક્ષેત્ર તરીકે પસંદ કર્યું. આ બન્ને કારણોમાં પોતાની પસંદગીનો અવકાશ નથી. બલ્કે આર્થિક જરૂરિયાત મુખ્ય છે. ૨૪% મહિલાઓએ પોતાના અંગત રસ અને આવડતને ધ્યાનમાં રાખીને કામના ક્ષેત્રની પસંદગી કરી છે. આમાં પ્રાધ્યાપિકા, ડૉક્ટર, નર્સ, શિક્ષિકા અને વહીવટી અધિકારી મહિલાઓ મુખ્ય છે, જેમણે પોતાને અંગત રસ હોય તેવાં ક્ષેત્રોની પસંદગી કરી છે.

૭૮% મહિલાઓને પોતાની નોકરીથી કોઈ પણ પ્રકારનો અસંતોષ નથી. ૨૨% મહિલાઓને જુદાં જુદાં કારણોસર તેમની નોકરીથી થોડો અસંતોષ છે. આમાંથી ૮ મહિલાઓને તેમનો પગાર અપેક્ષા કરતાં ઓછો લાગે છે. ૧૦ મહિલાઓને કર્મચારીઓના ભેદભાવભર્યા વલણથી અસંતોષ છે. ૪ મહિલાઓને પોતાના વતનથી ઘણે દૂર નોકરી કરવી

પડે છે તેનો અસંતોષ છે, જ્યારે અમુક મહિલાને પોતાનું કામ રસ અને આવડત મુજબનું નહીં મળ્યાનો અસંતોષ છે.

મોટા ભાગની મહિલાઓને પોતાની વર્તમાન નોકરીથી સંતોષ છે અને ૮૨% મહિલાઓ હજુ આથી ઊંચા દરજ્જાવાળો હોદ્દો મેળવવાની ઈચ્છા ધરાવે છે. અહીં એ નોંધપાત્ર છે કે ઉત્તરદાતાઓમાંથી મોટા ભાગની મહિલાઓ ક્લાર્ક તરીકે કામ કરે છે. નોકરીનાં અમુક વર્ષો પછી રોસ્ટર પ્રથાને લીધે તેમને આપોઆપ પ્રમોશન મળે છે અને એ લેવાની સૌને ઈચ્છા હોય. એટલે આ મહિલાઓ ઊંચો દરજ્જો મેળવવાની ઈચ્છા ધરાવે છે એ બહુ સ્વાભાવિક છે. પરંતુ કેટલીક મહિલાઓ ભવિષ્યમાં ખાતાકીય અને રાજ્ય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પણ સેક્શન ઑફિસર (વર્ગ-૨ અધિકારી) બનવાની ઈચ્છા ધરાવે છે. આ મહિલાઓ ખરી રીતે મહત્ત્વાકાંક્ષી છે એમ કહી શકાય. અભ્યાસ દરમિયાન જણાયું કે આ મહિલાઓ મોટે ભાગે ૨૫થી ૩૫ વર્ષની છે. ૩૫ વર્ષથી ઉપરની મહિલાઓમાં આગળ વધવાની મહત્ત્વાકાંક્ષા ઓછી જણાય છે. એટલે કે ઉંમર વધતાં મહત્ત્વાકાંક્ષા ઓછી થતી જાય છે.

જો અન્ય શહેર કે ગામમાં પ્રમોશન મળે તો તે સ્વીકારવાની ઈચ્છા ૫૭% મહિલાઓ ધરાવે છે, જ્યારે ૪૩% મહિલાઓએ અન્ય શહેર કે ગામમાં પ્રમોશન મળે તો તે સ્વીકારવાની નામરજી દર્શાવી. આના કારણમાં આ ૪૩%માંથી ૩૩% મહિલાઓએ જણાવ્યું કે પતિ અને કુટુંબ આ શહેરમાં હોવાથી અને બાળકો આ શહેરમાં અભ્યાસ કરતાં હોવાથી એમને છોડીને અન્ય જગ્યાએ જવું ના ફાવે. ૫% મહિલાઓએ જણાવ્યું કે તેમને વર્તમાન નોકરી અને હોદ્દાથી પૂર્ણ સંતોષ છે એટલે અન્ય શહેરમાં પ્રમોશન લઈને જવાનો સવાલ જ ઊભો નથી થતો. ૫% મહિલાઓને એક જ જગ્યાએ, સ્થિર, સ્થાયી જીવન પસંદ હોવાથી અન્ય શહેરમાં પ્રમોશન મળે તો તે સ્વીકારવાની તેમણે નામરજી દર્શાવી.

જો આ જ પ્રકારની નોકરી તમને વતનમાં અથવા વતનની નજીક મળે તો તમે તે સ્વીકારો? આ પ્રશ્નના જવાબમાં ૬૫% મહિલાઓએ તે સ્વીકારવાની મરજી દર્શાવી. જોકે, આમાંના કેટલાક જવાબો પસંદગીયુક્ત મળ્યા હોવાની સંભાવના છે. ૩૫% મહિલાઓએ પોતાને ગામ કે તેની આજુબાજુ નોકરી મળે તો તે સ્વીકારવાની નામરજી દર્શાવી. આમાંથી ૧૬% મહિલાઓએ કારણમાં જણાવ્યું કે બાળકો શહેરમાં રહેતાં હોવાથી હવે તેમને ગામની જિંદગી ના ફાવે અને ના ગમે. તેમના અભ્યાસ માટે પણ શહેરમાં રહેવું જરૂરી છે. ૫ મહિલાઓએ જણાવ્યું કે ગામ કરતાં શહેરની જિંદગી વધુ ગમે. શિક્ષણ, નોકરી વગેરેની તકો શહેરમાં વધુ છે. આમ આગળ વધવા માટે શહેર વધુ સારું છે. કેટલીક મહિલાઓએ કહ્યું કે આધુનિક સુખ-સગવડો, નવીનતા — આ બધું શહેરમાં જ મળે. શહેરમાં રહેવાથી સામાજિક મોભો વધે, એટલે વતનમાં નોકરી કરવી પસંદ નથી.

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૮૫% મહિલાઓ માને છે કે નોકરી કરવાથી સ્ત્રીનો સામાજિક મોભો વધે છે. ૧૫% મહિલાઓનું માનવું છે કે નોકરીને લીધે સ્ત્રીના સામાજિક મોભામાં કોઈ ફેર નથી પડતો.

અહીં નોંધપાત્ર વાત એ છે કે નોકરી કરતી આદિવાસી મહિલાઓમાં ઊંચા કે પ્રતિષ્ઠિત હોદ્દા પર કામ કરતી મહિલાઓની સંખ્યા તો ઘણી ઓછી છે. સૌથી વધુ સંખ્યા ક્લાર્કની છે. છતાં આવા હોદ્દા પર કામ કરતી મહિલાઓ પણ માને છે કે નોકરી કરતી સ્ત્રીનો



સામાજિક મોભો વધે છે.

બિનઆદિવાસી, શહેરી સમાજમાં શિક્ષિકા, પ્રાધ્યાપિકા, ડૉક્ટર કે વહીવટી અધિકારી જેવા કે ઊંચા હોદ્દા પર કામ કરતી સ્ત્રીને જ માનની નજરથી જોવામાં આવે છે. જો ઉચ્ચ વર્ગની કોઈ સ્ત્રીને આર્થિક જરૂરિયાતને લીધે ક્લાર્ક કે ટાઈપિસ્ટ તરીકે નોકરી કરવી પડે તો, તેને 'બિચારીને નોકરી કરવી પડે છે' એમ નીચી નજરથી જોવામાં આવે છે અને તેનો સામાજિક મોભો વધવાને બદલે ઘટે છે.

આદિવાસી સમાજમાં તદ્દન વિપરીત વાત જોવામાં આવી. અહીં ક્લાર્ક કક્ષાની નોકરીને પણ 'નીચી' નથી ગણવામાં આવતી, બલકે જ્યાં શારીરિક શ્રમ ન કરવાનો હોય તેવી કોઈ પણ 'વ્હાઈટ કૉલર' નોકરીને ઊંચી નજરથી જોવામાં આવે છે અને આદિવાસી સમાજમાં વ્હાઈટ કૉલર નોકરી કરતી સ્ત્રીનો સામાજિક મોભો ઊંચો ગણાય છે.

મોટા ભાગની આદિવાસી સ્ત્રીઓએ ખાસ કોઈ સંઘર્ષ વગર અનામત બેઠકો પર નોકરી મેળવી છે. આ જ પ્રકારની નોકરી મેળવવા માટે જેમને અનામતપ્રથાનો લાભ નથી મળતો તેવા વર્ગને ઘણો સંઘર્ષ કરવો પડે છે. વળી, બિનઆદિવાસી પ્રજા આદિવાસીઓને પોતાના કરતાં હલકી જાતના અને પછાત ગણે છે. શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓના મોટા ભાગના સહકાર્યકર્તાઓ બિનઆદિવાસી, ઉચ્ચ વર્ણના છે. તેમનું વલણ આ મહિલાઓ પ્રત્યે કેવું છે? તેઓ એમની સાથે કેવો વ્યવહાર કરે છે? — આ પ્રશ્નના જવાબમાં ૭૭% મહિલાઓએ જણાવ્યું કે બિનઆદિવાસી સહકર્મચારીઓનું તેમના પ્રત્યેનું વલણ ઉષ્માભર્યું છે. ૧૧% મહિલાઓને તેમના પ્રત્યેનું સહકર્મચારીનું વલણ તિરસ્કારભર્યું કે ભેદભાવભર્યું લાગે છે. ૧૨% મહિલાઓને બિનઆદિવાસી સહકર્મચારીઓનું વલણ નહીં ઉમળકાભર્યું કે નહીં તિરસ્કારભર્યું એવું અલિપ્ત લાગે છે.

પોતે આદિવાસી જાતિના છે તે કારણથી નોકરીના સ્થળે ૨૨% સ્ત્રીઓ સંઘર્ષનો અનુભવ કરે છે, જ્યારે ૭૮% મહિલાઓ નોકરીના સ્થળે પોતે આદિવાસી હોવાના કારણે કોઈ પ્રકારનો સંઘર્ષ અનુભવતી નથી.

જે ૨૨% સ્ત્રીઓએ જણાવ્યું કે પોતે આદિવાસી હોવાના કારણે નોકરીના સ્થળે સંઘર્ષ અનુભવે છે તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે, ''તમે કેવા પ્રકારનો સંઘર્ષ અનુભવો છો?'' ત્યારે તેમણે જે મુખ્ય બાબતો જણાવી તે આ પ્રમાણે છે :

(૧) આદિવાસી હોવાથી કુદરતી રીતે વંશીય ખેંચતાણ અનુભવાય છે અને રૂઢિગત વિચારસરણી ધરાવતા સવર્ણો, જે અમને 'હલકાં' ગણે છે તેમના વિચારો સાથે સંઘર્ષ અનુભવાય છે.

(૨) પ્રત્યક્ષ રીતે નહીં, પણ પરોક્ષ રીતે સહકર્મચારીઓના વર્તનમાં અમારા પ્રત્યેનો ભેદભાવ દેખાય છે.

(૩) અનામત નીતિને લીધે અમને પ્રમોશન મળે ત્યારે સહકર્મચારીઓ વાંધો ઉઠાવે છે. એમની ઈર્ષા અને રોષનો ભોગ બનવું પડે છે એટલે માનસિક સંઘર્ષ અનુભવાય છે.

(૪) અમે નોકરીમાં ખૂબ જ કાર્યક્ષમ છીએ, છતાં જ્યારે કોઈ ખાતાકીય ભૂલ થાય તો તરત અમારી સામે આંગળી ચીંધવામાં આવે છે કે આ અનામતની જગ્યા પર આવ્યા છે એટલે એમણે જ ભૂલ કરી હશે. સહકર્મચારીઓ જ્યારે અનામત વિરુદ્ધ બોલે કે આંગળી ચીંધે ત્યારે દુઃખ થાય છે અને માનસિક તનાવ અનુભવાય છે.

(૫) બદલીનો મુખ્ય સંઘર્ષ અનુભવવો પડયો છે. જે બિનઆદિવાસી મહિલાઓ મારી જ કેડરમાં સર્વિસ કરે છે તેમની બદલી તેઓ મારા કરતાં સિનિયર હોવા છતાં ન કરી અને મને અધવચથી બદલી કરીને હેરાન કરવામાં આવેલ છે.

(૬) અમારી ઑફિસમાં SC કર્મચારીઓનો ST કર્મચારીઓ પર થોડો ત્રાસ છે. એમની લૉબી જોરદાર અને મજબૂત છે તેથી અમને આદિવાસીઓને માનસિક સંઘર્ષ અનુભવવો પડે છે.

(૭) સહકર્મચારીઓ અમને નીચી દૃષ્ટિથી જુએ છે.

(૮) સહકર્મચારીઓના વર્તનથી ઘણી વાર તકલીફ થાય છે. ઘણા લોકો મહેણાં મારે છે કે આદિવાસી લોકો તો આવા હોય ને તેવા હોય ત્યારે ના છૂટકે અમારે તેમની સામે બોલવું પડે છે. ઑફિસમાં દરેક કામમાં અમારે વધુ સજાગ રહેવું પડે છે.

(૯) ઉપરી અધિકારીઓ/કર્મચારીઓનું વલણ સારું નહીં, ખૂબ જ કડકાઈભર્યું અને ભેદભાવભર્યું. એટલે માનસિક ત્રાસ લાગે.

(૧૦) જાતિવાદી વલણનો હું ભોગ બની છું.

આમ, મુખ્યત્વે સહકર્મચારીઓના વલણને લીધે આ મહિલાઓ નોકરીના સ્થળે સંઘર્ષ અનુભવે છે. માત્ર ૨૨% મહિલાઓએ આવા સંઘર્ષની વાત કરી, પરંતુ આમાંની એક જુસ્સાવાળી મહિલાએ મને કહ્યું, ''બહેન, મોટા ભાગની દરેક આદિવાસી સ્ત્રી નોકરીના સ્થળે આદિવાસી હોવાના કારણે કોઈ ને કોઈ સમસ્યા અનુભવે છે. પરંતુ એ લોકો સહકર્મચારીઓથી ડરે છે એટલે તમને સાચી વાત બહુ ઓછી મહિલાઓ કરશે.''

**નિષ્કર્ષ :**

શિક્ષિત, નોકરિયાત આદિવાસી મહિલાઓ શિક્ષણને વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે તેમ જ આર્થિક વિકાસ માટે જરૂરી માને છે. આદિવાસી સમાજમાં હજુ પણ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે એટલે શિક્ષિત આદિવાસી સ્ત્રીઓનો સામાજિક મોભો અશિક્ષિત સ્ત્રીઓ કરતાં વધુ છે.

(આદિવાસી ગામડાંઓમાં ગઈ ત્યારે ત્યાંના ઘણા લોકોએ જણાવ્યું હતું કે અમારી જાતિના ભણેલાગણેલા અને શહેરમાં નોકરી કરતા લોકો એમના ભણતરનો વટ મારે છે અને પોતાને અમારા કરતાં 'ઊંચા' માને છે.)

નોકરી કરતી આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ પોતાના શિક્ષણ માટે પોતાની દૃઢ ઇચ્છા, મનોબળ અને માબાપના પ્રોત્સાહનને કારણભૂત માને છે. મોટા ભાગની મહિલાઓને સરકાર તરફથી મળતી આર્થિક સહાય શિક્ષણ માટે ઘણી મદદરૂપ બની છે અને આશ્રમશાળાઓના છાત્રાવાસમાં મફત રહેવાની સગવડથી શિક્ષણ લેવું આસાન બન્યું છે. આ મહિલાઓ માને છે કે શિક્ષણને લીધે તેમનો વ્યક્તિગત અને સામાજિક વિકાસ થયો છે. તેમનામાં સામાજિક પરિવર્તન આવ્યું છે અને શિક્ષણ તેમ જ નોકરીને લીધે તેઓ શહેરના ઉચ્ચ વર્ણના લોકોની બરાબર ઊભા રહી શક્યા છે. આ તમામ મહિલાઓ પોતાનાં સંતાનો પોતાના કરતાં વધુ ભણે, ઉચ્ચ શિક્ષણ લે તેવી આકાંક્ષા રાખે છે. મોટા ભાગની મહિલાઓને આદિવાસીઓ માટેની અનામત જગ્યા પર નોકરી મળી છે. પોતાની નોકરી અને પ્રમોશન માટે આ મહિલાઓ સરકારની અનામત નીતિને ૧૦૦ % જવાબદાર અને સહાયકારક ગણાવે છે. આજના જમાનામાં જ્યારે નોકરી



મળવી એ અત્યંત કપરું અને વિકટ કામ બન્યું છે ત્યારે આ મહિલાઓમાંથી ૮૨% જેટલી મહિલાઓએ અનામત નીતિને લીધે કોઈ પણ જાતના સંઘર્ષ વગર મોટાં શહેરોમાં નોકરી મેળવી છે.

૯૦% મહિલાઓએ નોકરી કરવાનો નિર્ણય પોતાની જાતે લીધો છે, પરંતુ એની પાછળનું મુખ્ય કારણ એ આર્થિક જરૂરિયાત અને કૌટુંબિક-સામાજિક જરૂરિયાત છે. ૭૮% જેટલી મહિલાઓને પોતાની નોકરીથી સંતોષ છે, છતાં પ્રમોશન કે વધુ ઊંચો હોદ્દો મેળવવાની ઇચ્છા તેઓ ધરાવે છે. પરંતુ પ્રમોશન જો અન્ય શહેરોમાં કે ગામમાં મળે તો તે સ્વીકારવાની ૪૩% મહિલાઓએ નામરજી દર્શાવી છે. તેનું મુખ્ય કારણ તેમનાં પતિ અને બાળકો છે. તેમને છોડીને અન્ય શહેરોમાં જવા આ મહિલાઓ તૈયાર નથી. આ જ વાત મોટા ભાગની ઉચ્ચ વર્ણની નોકરિયાત સ્ત્રીઓને પણ લાગુ પડે છે.

વતનમાં નોકરી મળે તો તે સ્વીકારવી ગમે એમ મોટા ભાગની મહિલાઓ જણાવે છે, પરંતુ આ માત્ર એક ધારણાનો પ્રશ્ન હોવાથી મોટા ભાગના જવાબો હકારાત્મક મળ્યા હોય તેવું શકય છે.

જે મહિલાઓએ તેની સ્પષ્ટ ના પાડી તેમણે કારણમાં જણાવ્યું કે બાળકો શહેરમાં રહેતાં હોવાથી હવે એમને ગામની જિંદગી ના ગમે. વળી, બાળકોના અભ્યાસ માટે પણ શહેરમાં રહેવું વધુ સારું છે કારણ કે શહેરમાં શિક્ષણની, નોકરીની અને વિકાસની વધુ તકો છે. આધુનિક સુખ-સગવડનાં સાધનો પણ શહેરમાં વધુ છે.

શહેરમાં રહેવું અને નોકરી કરવી એ બંને બાબતોને મોટા ભાગની આદિવાસી મહિલાઓ સામાજિક પ્રતિષ્ઠાનો વિષય માને છે.

આદિવાસી નોકરિયાત મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓને પોતાના સહકર્મચારીઓનું તેમની પ્રત્યેનું વલણ ઉષ્માભર્યું અને મૈત્રીભર્યું લાગે છે. ઘણી મહિલાઓએ મને કહ્યું કે આ બાબત વ્યક્તિ ઉપર અને તેના સ્વભાવ પર નિર્ભર છે. અમે બધાંની સાથે હળીમળીને વાત કરીએ છીએ એટલે અમારી સાથે પણ સહુ સારો વર્તાવ કરે છે.

આદિવાસી હોવાથી ૨૨ ટકા સ્ત્રીઓ નોકરીના સ્થળે માનસિક સંઘર્ષનો અનુભવ કરે છે. આજે જ્યારે નોકરી મળવી એ અત્યંત કપરું બન્યું છે અને ઘણાં લાયકાતવાળાં યુવક-યુવતીઓ વર્ષો સુધી બેકાર રહે છે ત્યારે આ મહિલાઓ ઓછી લાયકાત ધરાવતી હોય તો-પણ અનામત નીતિને લીધે તેમને સરળતાથી સરકારી નોકરી મળી જાય છે. એટલું જ નહીં, નોકરીનાં વર્ષો વધતાં પ્રમોશન પણ જલદી મળે છે. દેખીતી રીતે જ આ વાત સંઘર્ષ કરતાં બિનઆદિવાસી કર્મચારીઓને ખૂંચે.

અનામત નીતિનો લાભ સરકાર આદિવાસીઓને આપે છે અને સરકાર લાભ આપે છે એટલે આ લોકો લાભ લે છે, પણ તે બદલ ક્યારેક સહકર્મચારીઓની ઈર્ષા અને રોષનો ભોગ બને છે. કેટલીક મહિલાઓ આ કારણસર માનસિક સંઘર્ષ અનુભવે છે, તો કેટલીક મહિલાઓને 'આદિવાસી' હોવાથી સહ કર્મચારીઓ 'પછાત' ગણે છે, નીચી નજરથી જુએ છે અને એથી દુ:ખ અને સંઘર્ષનો અનુભવ થાય છે. પરંતુ મોટા ભાગની મહિલાઓ આવો સંઘર્ષ અનુભવતી નથી.

# ૬. લગ્ન અને સામાજિક માન્યતાઓ

"When I see the furore over love marriages in non-adivasi society I feel like laughing. For us love marriage is such a spontaneous thing. Love between woman and man is only natural. Among adivasis this love retains a natural spontaneity. Marriages are not between families or lineages, but between a woman and a man. Great literature is woven in the songs women sing about this love." (Waharu Sonavane, Lokayan Bulletin 10:5/6 1994)

આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરુષ એકબીજાને પોતાની જાતે પસંદ કરે કે પ્રેમલગ્ન કરે એ બહુ જ સ્વાભાવિક ઘટના છે. શ્રી ઘનશ્યામ શાહે તેમના પુસ્તક 'આદિવાસીઓ : ગઈ કાલે અને આજે'(૧૯૮૫)માં નોંધ્યું છે, 'છોકરા-છોકરી વચ્ચે એકબીજા માટેનો પ્રેમ સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓમાં સંકળાવાને કારણે પ્રગટે છે. કિશોરાવસ્થા દરમિયાન છોકરા-છોકરીઓ છૂટથી રમે છે અને સાથે રહીને તેમનાં ઢોર ચરાવે છે. ખેતરમાં તેઓ સાથે કામ કરે છે અને તળાવમાંથી સાથે માછલાં પકડે છે. નાચગાન, ધાર્મિક ઉત્સવો, હાટ વગેરે પણ તેમને એકબીજા સાથે મળવાની તકો પૂરી પાડે છે. જોકે નાચગાનું હવે ઓછા પ્રમાણમાં થાય છે. તે યુવક-યુવતીઓને તેમના જીવનસાથીની પસંદગી માટેની તકો પૂરી પાડે છે.'

હજુ આજે પણ અંતરિયાળ આદિવાસી ગામડાંઓ કે જ્યાં હિંદુ સંસ્કૃતિ અને સભ્યતાની વ્યાપક અસરો નથી થઈ ત્યાં મોટે ભાગે સ્ત્રી-પુરુષ પોતાની જાતે જ પોતાનો જીવનસાથી શોધી લે છે. પરંતુ જે આદિવાસી પ્રજા હિંદુ સમાજના સંપર્કમાં વધુ આવી છે ત્યાં માબાપ દ્વારા લગ્નો ગોઠવવાનું વલણ વધતું ગયું છે. મારા અભ્યાસનાં તારણોમાં પણ આ વાત જણાઈ.

પરિણીત ૧૦૩ ઉત્તરદાતા મહિલાઓમાંથી કુલ ૯૯ (૯૬ ％) મહિલાઓનાં લગ્ન માબાપ દ્વારા ગોઠવાયેલાં લગ્ન છે, જેમાંની ત્રણ મહિલાઓનાં લગ્ન પોતાની નહીં, પણ બીજી આદિવાસી જાતિના પુરુષ સાથે થયાં છે. ૯૯માંથી ચાર મહિલાઓએ પતિની પસંદગી જાતે કરી છે અને ત્યાર બાદ માબાપની સંમતિ દ્વારા લગ્ન કર્યાં છે. ચાર મહિલાઓએ બિનઆદિવાસી પુરુષ સાથે લગ્ન કર્યાં છે.

તમે પોતે કયા પ્રકારનાં લગ્ન પસંદ કરો એ પ્રશ્નના જવાબમાં ૮૫ ％ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે માબાપ દ્વારા ગોઠવાયેલાં લગ્ન, જેમાં પાત્રોની પરસ્પર સંમતિ પણ જરૂરી છે. ૭ ％ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે માબાપ લગ્ન ગોઠવે એ બરાબર જ હોય, એમાં સંમતિની ખાસ જરૂર નથી. ૭ ％ મહિલાઓએ પ્રેમલગ્નને પ્રાધાન્ય આપ્યું. આમ, શહેરી, આદિવાસી મહિલાઓમાં લગ્ન અંગેની માન્યતા અને પસંદગીમાં હિન્દુ સમાજનાં ધોરણોની ગાઢ અસર દેખાય છે.

ઉચ્ચ શિક્ષણ લેવા આદિવાસી કિશોર-કિશોરીઓને તેમના કસબા અને ગામમાંથી બહાર નીકળી શહેરમાં આવવું પડે છે, જ્યાં તેઓ તેમની સાથે ભણતા હિંદુ સહાધ્યાયીઓના ગાઢ સંપર્કમાં આવે છે. હિંદુ સમાજમાં માબાપ દ્વારા ગોઠવાતાં લગ્નોને હજુ પ્રાધાન્ય છે.





પ્રેમલગ્નો પ્રત્યે તિરસ્કૃત નજરથી જોવામાં આવે છે. આથી આ આદિવાસી યુવક-યુવતીઓમાં પણ એ માન્યતા દૃઢ થવા લાગે છે કે માબાપ દ્વારા લગ્ન ગોઠવાય એ જ યોગ્ય છે.

શ્રી ઘનશ્યામ શાહે (૧૯૮૫) પણ તેમના ચૌધરી જાતિમાં આવેલા પરિવર્તનના અભ્યાસમાં નોંધ્યું છે, ''કૉલેજમાં ભણતા અનુસૂચિત જનજાતિઓમાંથી ૫૪ ％ છોકરાઓ તેમના જીવનસાથીની પસંદગીમાં માતાપિતાની આજ્ઞા માનવાનું પસંદ કરે છે. શાળાએ જતા વિદ્યાર્થીઓમાં આ પ્રમાણ વધારે છે (૬૯ ％). શાળા-કૉલેજોમાં ભણેલા હિંદુ જ્ઞાતિઓના વિદ્યાર્થીઓમાં પણ આવું જ વલણ જોવા મળે છે.''

ઉત્તરદાતાઓમાંથી ૮૦ ％ મહિલાઓ માને છે કે લગ્ન પોતાની જાતિમાં જ કરવાં જરૂરી છે. ૨૦ ％ મહિલાઓનું માનવું છે કે લગ્ન પોતાની જાતિમાં જ કરવાં જરૂરી નથી.

જે મહિલાઓએ જણાવ્યું કે લગ્ન પોતાની જાતિમાં જ કરવાં જરૂરી છે, તેમાંની ૬૦ ％ મહિલાઓએ તે માટે એકસરખું કારણ આપ્યું. તેમણે જણાવ્યું કે, ''પોતાની જાતિના સામાજિક રીતરિવાજો સરખા હોવાથી છોકરી જલદીથી સાસરિયા કુટુંબમાં ગોઠવાઈ શકે. અન્ય જાતિ કે સમાજના રીતરિવાજો અલગ હોવાથી છોકરીને ગોઠવાતાં તકલીફ પડે. વળી, પતિ-પત્નીમાં જો કોઈ ઝઘડો કે ક્લેશ થાય તો સમાજ છોકરીના પડખે ઊભો રહે. આમ, જાતિમાં લગ્ન કરવાથી છોકરીને એક પ્રકારની સામાજિક સુરક્ષા મળે છે. તેથી સામાજિક સલામતી માટે પોતાની જાતિમાં જ બને ત્યાં સુધી લગ્ન કરવાં જોઈએ.''

એક મહિલાએ જણાવ્યું, ''પતિ-પત્ની એક જ જાતિનાં હોય તો પોતાના સામાજિક રીતરિવાજો, સંસ્કૃતિ, રુચિ-અભિરુચિ વગેરેથી પરિચિત હોઈ, એકબીજાને જલદી સમજી શકે છે. એથી લગ્ન જીવનમાં અનુકૂલન સાધવામાં સરળતા રહે છે.''

૧૨ ％ મહિલાઓ માને છે કે પોતાની જાતિના, સમાજના વિકાસ માટે, જાતિમાં લગ્ન કરવાં જરૂરી છે. તેઓ એમ માને છે કે જાતિના શિક્ષિત યુગલને જોઈ બીજા પણ તેનું અનુસરણ કરે અને એ રીતે જાતિના અન્ય લોકોનો વિકાસ થાય.

અન્ય કેટલાંક કારણોમાં અમુક મહિલાઓએ જણાવ્યું કે જાતિમાં લગ્ન કરવાથી જલદીથી છૂટાછેડા થતા નથી અને થાય તો ફરી વાર પરણી શકાય છે. બે મહિલાઓએ એમ જણાવ્યું કે બીજી જાતિમાં લગ્ન કરવાથી માબાપ સમાજની બહાર મુકાય. તેમનાં મન દૂભાય અને આખું કુટુંબ દુઃખી થાય એટલે જાતિમાં લગ્ન કરવાં જરૂરી છે.

પાંચ મહિલાઓએ જણાવ્યું કે, ''બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે, બાળકોને નોકરીમાં અનામતનો લાભ મળે તે માટે જાતિમાં લગ્ન કરવાં જરૂરી છે.'' ત્રણ મહિલાઓએ જણાવ્યું કે, ''આદિવાસી છોકરી જો બિનઆદિવાસી સમાજના પુરુષ સાથે લગ્ન કરે તો છોકરીને ઘણું સહન કરવું પડે છે. બિનઆદિવાસી સમાજ આદિવાસી સ્ત્રી પ્રત્યે ભેદભાવ રાખે છે. આવાં લગ્નો ઘણી વાર છૂટાછેડામાં પરિણમે છે. આવા થોડાક કિસ્સા અમારી જાણમાં છે. એટલે પોતાનો માનમોભો જળવાઈ રહે તે માટે પોતાની જાતિમાં જ લગ્ન કરવાં જરૂરી છે.''

આમ, મોટા ભાગની (૮૦ ％) મહિલાઓ લગ્ન પોતાની જ જાતિમાં કરવાં જરૂરી માને છે તેની પાછળ તેમનું સંકુચિત કે રૂઢિવાદી, જાતિવાદી વલણ નથી, પરંતુ સામાજિક

સલામતીની દૃષ્ટિ રહેલી છે. નોંધપાત્ર વાત એ છે કે આ તમામ મહિલાઓ બિન-આદિવાસી સમાજમાં સારી રીતે ભળી ગઈ હોવા છતાં માને છે કે આદિવાસી અને બિન-આદિવાસી વચ્ચે લગ્નસંબંધો જલદી બંધાતા નથી અને બિનઆદિવાસી સમાજમાં આદિવાસી સ્ત્રી પરણે તો તે સમાજ તેના પ્રત્યે તુચ્છકારની દૃષ્ટિથી જુએ છે.

આ જ કારણસર ૭૫ % ઉત્તરદાતા મહિલાઓ પોતાનાં સંતાનોનાં લગ્ન પણ પોતાની જ જાતિમાં કરવાનું યોગ્ય માને છે. ૧૨ % મહિલાઓ પોતાની નહીં તોપણ કોઈ પણ આદિવાસી જાતિમાં પોતાનાં સંતાનો લગ્ન કરે એવું ઇચ્છે છે. ૧૧ % મહિલાઓ એમ માને છે કે સંતાનો એમની પોતાની મરજી પ્રમાણે કોઈ પણ આદિવાસી કે બિન-આદિવાસી જાતિમાં લગ્ન કરી શકે છે.

**જીવનસાથીની પસંદગી માટેનાં નિર્ણાયક પરિબળો :**

સામાન્ય રીતે આદિવાસી સમાજમાં ગામડાંમાં છોકરાની પસંદગી વખતે સારું કુળ, છોકરાના કુટુંબનો મોભો, ખેતી, વધારે પડતાં દારૂ-તાડી ન પીવાની ટેવ, સ્વભાવ, મજબૂત બાંધો વગેરે બાબતોને મહત્ત્વ આપવામાં આવે છે. (ઘનશ્યામ શાહ, ૧૯૮૫). શહેરમાં રહેતી પરિણીત નોકરિયાત આદિવાસી મહિલાઓએ પતિની પસંદગીમાં જે પાસાં અગત્યનાં દર્શાવ્યાં તે નીચે કોઠામાં રજૂ કર્યાં છે.

**કોઠા નંબર - ૧૮**

**પતિની પસંદગીનાં પ્રથમ બે મહત્ત્વનાં ધોરણો**

| ક્રમ | પાસાં | પ્રથમ પ્રાથમિકતા | | દ્વિતિય પ્રાથમિકતા | |
|---|---|---|---|---|---|
| (૧) | શિક્ષણ | ૫૨ | (૪૪.૧ %) | ૦૬ | (૦૫.૧ %) |
| (૨) | નોકરી | ૨૬ | (૨૨.૦૨ %) | ૨૪ | (૨૦.૩ %) |
| (૩) | આર્થિક સ્થિતિ | ૦૧ | (૦૦.૮ %) | ૦૪ | (૦૩.૪ %) |
| (૪) | કુટુંબનો મોભો | ૦૮ | (૦૬.૮ %) | ૧૮ | (૧૫.૩ %) |
| (૫) | જાતિ | ૦૫ | (૦૪.૨ %) | ૧૧ | (૦૯.૩ %) |
| (૬) | દેખાવ | – | – | ૦૪ | (૦૩.૪ %) |
| (૭) | ચારિત્ર્ય | ૦૮ | (૦૬.૮ %) | ૨૭ | (૨૨.૯ %) |
| (૮) | અન્ય | ૦૩ | (૦૨.૫ %) | – | – |
| (૯) | જવાબ અપ્રાપ્ય | ૧૫ | (૧૨.૭ %) | ૨૪ | (૨૦.૩ %) |
| | કુલ | ૧૧૮ | (૧૦૦.૦ %) | ૧૧૮ | (૧૦૦.૦ %) |

કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૪૪ % મહિલાઓ પતિની પસંદગીમાં સહુથી પહેલી પ્રાથમિકતા તેના શિક્ષણને આપે છે, જ્યારે ૨૨ % મહિલાઓ નોકરીને પ્રથમ પ્રાથમિકતા આપે છે. ૬.૮ % મહિલાઓ આર્થિક સ્થિતિને અને અન્ય ૬.૮ % મહિલાઓ ચારિત્ર્યને પ્રથમ પ્રાથમિકતા આપે છે.

બીજી પ્રાથમિકતામાં ૨૩ % મહિલાઓ ચારિત્ર્યને અને ૨૦.૩ % મહિલાઓ નોકરીને પ્રાધાન્ય આપે છે. આમ, વિશ્લેષણ કરીએ તો શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ પતિની પસંદગીમાં અનુક્રમે શિક્ષણ, નોકરી અને ચારિત્ર્યને સહુથી વધુ જરૂરી ગણે છે, જે તેમનાં બદલાતાં જતાં સામાજિક ધોરણો અને



મૂલ્યોને સૂચિત કરે છે.

**લગ્નજીવન અને તે અંગેની માન્યતાઓ**

૭૪ % મહિલાઓ માને છે કે લગ્નજીવનમાં પતિ-પત્નીનો મોભો કે દરજ્જો સમાન છે. ૨૬ % મહિલાઓ માને છે કે પતિનો મોભો કે સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે.

પરિણીત મહિલાઓમાંથી ૯૨ % મહિલાઓએ જણાવ્યું કે તેમના પતિ તેમને બાળકોના ઉછેરમાં, ચીજવસ્તુઓની ખરીદીમાં અને ક્યારેક રસોઈ જેવાં કામોમાં મદદ કરે છે. મુલાકાત માટે ઉત્તરદાતા મહિલાઓના ઘરે ગઈ ત્યારે ઘણે ઠેકાણે મેં જોયું કે પતિ વર્ગ - ૧ કે વર્ગ - ૨ અધિકારી જેવો ઊંચો હોદ્દો ધરાવતા હોય છતાં રસોડામાં મકાઈના રોટલા બનાવતા હોય કે પત્નીને રસોઈમાં મદદ કરતા હોય. ઘણી આદિવાસી મહિલાઓ ટેલિફોન એક્સચેન્જ કે હૉસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. તેમની ડ્યૂટી કે શિફ્ટ જ્યારે રાતના સમયે હોય ત્યારે તેમના પતિ સાંજની રસોઈ બનાવે છે.

આ રીતે આ મહિલાઓ નોકરી કરતી, ઘર અને નોકરીની બેવડી જવાબદારીઓ એકલે હાથે વહન કરતી બિનઆદિવાસી સ્ત્રીઓ કરતાં ઘણી સુખી છે !

ભદ્ર સમાજમાં આવી બાબત આજે પણ ભાગ્યે જ જોવા મળે છે. શહેરી હિંદુ સમાજમાં પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય છતાં ઘરની તમામ જવાબદારી અને રસોઈપાણી જેવાં કામ મુખ્યત્વે પત્નીના શિરે જ હોય છે. હિંદુ સમાજના બહુ ઓછા પુરુષો પોતાની નોકરિયાત પત્નીને ઘરકામ કે રસોઈમાં મદદ કરાવે છે, કારણ કે આ બધાં કામો સ્ત્રીનાં છે એવો ખ્યાલ આ પુરુષપ્રધાન સમાજમાં વર્ષોથી રૂઢ થઈ ગયેલો છે. આદિવાસી સમાજમાં શ્રમનું આવું ખાસ વિભાજન નથી અને બને એટલાં કામો પતિ-પત્ની સાથે મળીને કરે છે. આ પરંપરા શહેરમાં પણ મહદંશે આ સમાજે જાળવી રાખી છે. આ જ કારણસર મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓએ જણાવ્યું કે નોકરીના કારણે લગ્નજીવનમાં અનુકૂલન સાધવામાં તેમને કોઈ તકલીફ નથી પડતી. એક તો સ્ત્રીઓ વિભક્ત કુટુંબમાં રહે છે અને ઘરકામની જવાબદારીઓમાં મોટે ભાગે પતિની મદદ પણ મળી રહે છે. જે થોડીક તકલીફો એમણે વર્ણવી એમાં બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન નથી આપી શકાતું અને સામાજિક વ્યવહારો, સંપર્ક ઓછા થઈ ગયા છે તે મુખ્ય છે, જે માત્ર આદિવાસી નહીં પણ નોકરી કરતી લગભગ દરેક સ્ત્રીની સમસ્યા છે.

'જો તમારું લગ્નજીવન અત્યંત દુ:ખી હોય અને પતિ તરફથી માનસિક કે શારીરિક ત્રાસ હોય તો એવા સંજોગોમાં તમે શું કરો ?' - આ પ્રશ્નના જવાબમાં રસપ્રદ તારણો મળ્યાં.

૫૦ % મહિલાઓએ જણાવ્યું કે પતિનો ત્રાસ સહન કરવા કરતાં પતિથી છૂટા થઈ, સ્વમાનભેર જીવવાનું પસંદ કરીએ. ઘણી મહિલાઓએ સ્વમાનભેર જવાબ આપ્યો, ''અમે નોકરી કરીએ છીએ. પોતાના પગ પર ઊભાં છીએ. પછી પતિનો ત્રાસ શા માટે સહન કરવો જોઈએ ?''

૪૧ % મહિલાઓએ જણાવ્યું કે પડયું પાનું નિભાવી લઈએ કારણ કે એ સ્ત્રીનો ધર્મ અને ફરજ છે. ક્યારેક બાળકો માટે પણ પડયું પાનું નિભાવી લેવું પડે.

૯ % મહિલાઓ માને છે કે છૂટાછેડા એ સ્ત્રી માટે અયોગ્ય અને શરમજનક બાબત છે એટલે લગ્નજીવન ગમે તે સંજોગોમાં ચાલુ રાખવું જોઈએ.

આદિવાસી સમાજમાં સ્ત્રીઓ પોતાના પતિ કે સાસરિયાંઓનો ત્રાસ સહન કરવા કરતાં

આવા પતિને છોડીને દેવાનું વધારે પસંદ કરે છે. આદિવાસી ગામડાંઓની મારી મુલાકાત દરમિયાન હું આવી ઘણી સ્ત્રીઓને મળી હતી જેમણે પતિનો ત્રાસ સહન કરવાને બદલે સ્વમાનભેર છૂટા થઈને એકલા જીવવાનું વધુ પસંદ કર્યું હતું.

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓમાં પણ હજુ આ સ્વમાન અને ખુમારી દેખાય છે, તેમ છતાં ઉત્તરદાતાઓમાંથી ૫૦ % મહિલાઓએ ગમે તે રીતે લગ્નજીવન ટકાવી રાખવાનું મનોવલણ દર્શાવ્યું. પડ્યું પાનું નિભાવી લેવું એ જ સ્ત્રીનો ધર્મ અને કર્તવ્ય છે, છૂટાછેડા એ શરમજનક અને અયોગ્ય છે - વગેરે બાબતો હિંદુ સમાજના રૂઢ થયેલાં મૂલ્યો છે, જેની અસર ઉત્તરદાતાઓમાંથી ૫૦ % જેટલી મહિલાઓ ઉપર થયેલી જણાય છે.

**વિધવાવિવાહ અંગેનું મનોવલણ :**

આદિવાસી જાતિઓમાં વિધવા સ્ત્રીનાં ફરી લગ્ન એ બહુ જ સામાન્ય વાત છે. વેડછીમાં ચંપાબહેન ચૌધરીએ મને જણાવ્યું હતું કે અમારા સમાજમાં સ્ત્રી વિધવા થાય પછી એ ઇચ્છે તો એક જ મહિના પછી ફરી લગ્ન કરી શકે છે. એ પ્રત્યે અમારા સમાજમાં સ્ત્રી પર કોઈ બંધન નથી અને આવી વાતને કોઈ અનિચ્છનીય કે શરમની દૃષ્ટિથી પણ જોવામાં નથી આવતી.

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૯૫ % મહિલાઓનું માનવું છે કે વિધવાવિવાહ એ સ્ત્રી માટે આવશ્યક છે. જો સ્ત્રી નાની ઉંમરે વિધવા થાય તો તેણે ફરી લગ્ન કરવાં જ જોઈએ. એમાં કશું ખોટું નથી. મોટા ભાગની બહેનોનું મંતવ્ય હતું કે વિધવા સ્ત્રી ફરી લગ્ન ન કરે તો માબાપ પછી એની જવાબદારી કોણ લે ? એની જિંદગીનું શું ? ભાઈ-ભાભી કે કુટુંબીજનોના ઓશિયાળા થઈને જીવવા કરતાં ફરી લગ્ન કરવાં વધુ સારાં, જેથી સ્ત્રી પોતાના ઘરે સ્વમાનભેર જીવી શકે.

એક બહેને જણાવ્યું, ''એકલી વિધવા સ્ત્રી માટે આખો સમાજ ખરાબ છે. માટે કોઈ છત્રછાયા માટે પણ તેણે ફરી લગ્ન કરવાં જોઈએ. વળી આર્થિક સુરક્ષાનો પણ વિચાર કરવો જોઈએ. ઘણી વાર વિધવા દીકરી માબાપને પણ બોજારૂપ લાગતી હોય છે. પરિણામે કુટુંબીજનો તેની પ્રત્યે દુર્વ્યવહાર કરતા પણ જોવા મળે છે, તેથી તે ફરી લગ્ન કરી લે તે જ ઉચિત છે.''

અમુક ઉત્તરદાતા મહિલાઓએ તો આક્રોશપૂર્વક જણાવ્યું કે જો વિધુર પુરુષ ફરી લગ્ન કરી શકે તો વિધવા સ્ત્રી ફરી લગ્ન શા માટે ના કરી શકે ? આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરુષનો સામાજિક દરજ્જો અને સ્વતંત્રતા લગભગ સમાન કક્ષાનાં છે જેનો પડઘો આ મહિલાઓના પ્રત્યુત્તરમાં જણાય છે.

૫ % મહિલાઓનું મંતવ્ય છે કે વિધવા સ્ત્રીને જો બાળકો હોય તો બાળકોના ભવિષ્ય ખાતર તેણે ફરી લગ્ન ન કરવાં જોઈએ અને બાળકોને ઉછેરવામાં જીવ પરોવવો જોઈએ.

હિંદુ સમાજમાં હજુ આજે પણ વિધવા સ્ત્રી માટે ઘણા ચુસ્ત નિયમો છે. આજે હવે કેટલાક લોકો રૂઢિચુસ્ત પરંપરાને છોડીને આધુનિક અભિગમ અપનાવતા થયા છે અને વિધવા સ્ત્રીનાં પુનઃ લગ્ન પ્રત્યે પહેલાં જેવાં નિષેધો કે બંધનો નથી રહ્યાં, તેમ છતાં આદિવાસી સમાજમાં વિધવાવિવાહ પ્રત્યે જેટલો હકારાત્મક અભિગમ છે તેટલો હજુ હિંદુ સમાજમાં નથી અને આ હકારાત્મક અભિગમ હજુ શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓએ જાળવી રાખ્યો છે.



**પુત્ર હોવા માટેનું મનોવલણ :**

૩૭ % ઉત્તરદાતાઓ પુત્ર હોવો જરૂરી માને છે, જ્યારે ૬૩ % મહિલાઓ પુત્ર હોવો જ જોઈએ એવું માનતી નથી. આદિવાસી સમાજમાં પુત્ર-પુત્રીનો સામાજિક મોભો લગભગ સમાન છે અને પુત્રને કોઈ વિશિષ્ટ મહત્ત્વ નથી, પરંતુ હિંદુ સંસ્કૃતિ વંશના મહત્ત્વ પર ભાર મૂકે છે, જે દીકરાઓ વડે આગળ ધપે છે. હિંદુ પુરાણો પ્રમાણે પુત્ર એ પિતાને પુત્ નામના નરકમાંથી છોડાવે છે. આમ, હિંદુ સમાજમાં દીકરી કરતાં દીકરાઓનું મહત્ત્વ વધુ છે. ધાર્મિક વિધિમાં પણ પુત્રની જરૂર પડે છે.

પુત્ર હોવો એ એક સ્ત્રીસહજ એષણા હોઈ શકે, પરંતુ જે ૩૭ % મહિલાઓએ પુત્ર શા માટે હોવો જોઈએ તેનાં કારણો આપ્યાં તે ઘણાં સૂચક છે. કુલ ૩૭ %માંથી ૪.૨ % ઉત્તરદાતાઓ પુત્રને વારસદાર તરીકે જરૂરી માને છે. ૬ % ઘડપણમાં સહારા માટે જરૂરી માને છે. ૧.૭ %નું માનવું છે કે પુત્રથી સ્ત્રીનો સામાજિક મોભો વધે છે, જ્યારે ૨૧.૨ % (અડધાથી પણ વધુ) ઉત્તરદાતાઓ વંશ ચાલુ રહે તે માટે પુત્રને જરૂરી માને છે. આ મહિલાઓ પર હિંદુ ધર્મ અને સંસ્કૃતિ તેમ જ તેની ધાર્મિક માન્યતાની અસર જણાઈ આવે છે. જોકે, પુત્ર હોવો જરૂરી નથી એવું માનનારી આદિવાસી મહિલાઓની સંખ્યા વધુ છે તે નોંધવું રહ્યું.

**કોઠા નંબર - ૧૯**

**કેટલીક સામાજિક માન્યતાઓ અંગેનાં મનોવલણો**

| ક્રમ | સામાજિક માન્યતા | સંમત (%) | અસંમત (%) | કુલ (%) |
|---|---|---|---|---|
| (૧) | પતિની દરેક વાતને સ્વીકારવી એ પત્નીનો ધર્મ છે. | ૨૦.૦ | ૮૦.૦ | ૧૦૦.૦ |
| (૨) | પતિ અને બાળકોને જમાડીને જ પત્નીએ જમવું જોઈએ. | ૨૧.૨ | ૭૮.૮ | ૧૦૦.૦ |
| (૩) | સ્ત્રી એ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે. | ૭૭.૨ | ૨૨.૮ | ૧૦૦.૦ |
| (૪) | પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે. | ૪૬.૦ | ૫૪.૦ | ૧૦૦.૦ |
| (૫) | રસોઈ, ઘરકામ, બાળકોની સારસંભાળ - આ બધાં ફક્ત પત્નીનાં જ કામ છે. | ૧૩.૮ | ૮૬.૨ | ૧૦૦.૦ |
| (૬) | પત્નીની કમાણી પર તેના કરતાં પતિ અને કુટુંબીજનોનો વધુ હક્ક છે. | ૧૩.૯ | ૮૬.૧ | ૧૦૦.૦ |
| (૭) | પુત્રીને દહેજ આપવો જરૂરી છે. | ૦૭.૭ | ૯૨.૩ | ૧૦૦.૦ |
| (૮) | છૂટાછેડા એ અયોગ્ય અને શરમજનક છે. | ૩૯.૭ | ૬૦.૩ | ૧૦૦.૦ |
| (૯) | લગ્ન પૂર્વેના જાતીય સંબંધો હોવા એમાં કશું ખોટું નથી. | ૦૯.૫ | ૯૦.૫ | ૧૦૦.૦ |
| (૧૦) | વિધવા થયા પછી ફરી લગ્ન કરવાં સ્ત્રી માટે આવકારદાયક છે. | ૮૮.૮ | ૧૨.૨ | ૧૦૦.૦ |
| (૧૧) | લગ્ન અને માતૃત્વથી સ્ત્રીનો સામાજિક દરજ્જો વધે છે. | ૭૮.૩ | ૨૧.૭ | ૧૦૦.૦ |

'પતિ એ પરમેશ્વર છે', એ પરંપરાવાદી હિંદુ સમાજનું મૂલ્ય છે. આદિવાસી સ્ત્રીઓ

પતિને ભગવાન નથી માનતી, ન તો એના બધા આદેશો સ્વીકારવા જરૂરી માને છે. સ્ત્રીએ ત્યાગ કરવો જોઈએ કે તે સહનશીલતાની સાક્ષાત્ મૂર્તિ છે - આ બધાં મૂલ્યો હિંદુ સમાજનાં છે. આદિવાસી સમાજમાં મૂળભૂત રીતે સ્ત્રી-પુરુષની વ્યક્તિગત સ્વતંત્રતા અને સમાનતાનાં મૂલ્યોનો સ્વીકાર થયો છે.

ઉત્તરદાતા મહિલાઓની કેટલીક માન્યતાઓ અને મનોવલણો ઉપરના કોઠામાં સૂચિત થયાં છે.

પતિની દરેક વાતને સ્વીકારવી એ પત્નીનો ધર્મ છે એ વાત સાથે ૮૦ % મહિલાઓ અસંમત છે, પણ ૨૦ % મહિલાઓ સંમત છે. તે જ રીતે પતિ અને બાળકોને જમાડીને પછી જ જમવું જોઈએ એ વાત સાથે ૭૮.૮ % મહિલાઓ સંમત નથી. ઘણી મહિલાઓએ પ્રત્યુત્તર આપ્યો કે નોકરીનો સમય જ એવો હોય કે સ્ત્રીએ પરિવારના તમામ સભ્યો કરતાં પહેલાં જમી લેવું પડે. ૨૧.૨ % મહિલાઓ માને છે કે પતિ અને બાળકોને પહેલાં જમાડવાં એ પત્નીની ફરજ છે.

હિંદુ સમાજનાં આ બે મૂલ્યોની નોકરિયાત આદિવાસી મહિલાઓ ઉપર હજુ સુધી ઝાઝી અસર નથી થઈ, પણ ૨૧ % જેટલી મહિલાઓનાં મનોવલણો પર તેની અસર દેખાય છે.

સહુથી વધુ નોંધપાત્ર વાત એ છે કે ૭૭ % જેટલી મહિલાઓ એમ માને છે કે સ્ત્રી એ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે. હિંદુ સમાજમાં અને હિંદુ શાસ્ત્રોમાં સ્ત્રીને ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ કહી છે અને આજે પણ મોટા ભાગના હિંદુ પરિવારોમાં છોકરીઓને આ જાતના સંસ્કાર આપવામાં આવે છે. આ મૂલ્ય આદિવાસી સમાજમાં નથી, પરંતુ શહેરી નોકરિયાત આદિવાસી સ્ત્રીઓમાંથી મોટા ભાગની સ્ત્રીઓએ આ મૂલ્ય અપનાવી લીધું છે.

તે જ રીતે, લગભગ ૪૦ % સ્ત્રીઓ છૂટાછેડાને અયોગ્ય અને શરમજનક માને છે, જ્યારે આદિવાસી સમાજમાં છૂટાછેડા પ્રત્યે કોઈ છોછ નથી. અલબત્ત હજુ ૬૦ % સ્ત્રીઓ છૂટાછેડાને અયોગ્ય નથી માનતી. કેટલીક ઉત્તરદાતા મહિલાઓએ તો જણાવ્યું પણ ખરું કે પતિનો ત્રાસ હોય કે અન્ય કોઈ એવા સંજોગો ઊભા થાય ત્યારે છૂટાછેડા લેવા પણ પડે.

લગ્નજીવનમાં પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે એ વાત સાથે ૫૪ % ઉત્તરદાતાઓ સંમત નથી, જ્યારે ૪૬ % ઉત્તરદાતાઓ સંમત છે. જોકે, આ મહિલાઓ સાથેની વાતચીત દરમિયાન લાગ્યું કે અહીં પતિનું પ્રભુત્વ હોવું એ વાત તેમના મનમાં નથી, પણ તેઓ માને છે કે પતિ તેમનાથી વધુ ભણેલો અને મોભાવાળો હોય. વળી તેમનું માનવું છે કે સામાજિક દૃષ્ટિએ પણ પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે. આ મહિલાઓ પર હિંદુ સંસ્કૃતિનાં મનોવલણો અને મૂલ્યોની અસર દેખાય છે.

લગ્ન પૂર્વેના જાતીય સંબંધો અયોગ્ય છે એ વાત સાથે ૯૦ % મહિલાઓ સંમત છે. જ્યારે આદિવાસી સમાજ હિંદુ સંસ્કૃતિ અને સમાજ સાથે સંપર્કમાં નહોતો આવ્યો ત્યારે આ સમાજમાં લગ્ન પૂર્વેના જાતીય સંબંધો પ્રત્યે કોઈ ખાસ નિષેધ નહોતો. જાણીતા સમાજશાસ્ત્રી અને માનવશાસ્ત્રી શ્રી એમ. એન. શ્રીનિવાસે 'સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ' (૧૯૬૨) નામના તેમના લેખમાં જણાવ્યા પ્રમાણે લગ્ન અને જાતીય સંબંધની બાબતમાં બ્રાહ્મણોની પ્રથાઓ કરતાં 'હલકી' જ્ઞાતિઓની પ્રથાઓ વધારે



છૂટછાટવાળી હોય છે. જાતીય સંબંધો અંગેના નિયમો સ્ત્રીઓ માટે ઉપલા સ્તરની જ્ઞાતિઓમાં જેટલા સખત હોય છે તેટલા તેમનામાં (નીચલા સ્તરની જ્ઞાતિઓ અને જાતિઓમાં) હોતા નથી. પરંતુ તેઓ જેમ જેમ ઉપલા સ્તરની જ્ઞાતિઓની જીવનપદ્ધતિનું અનુકરણ કરતા જાય છે તેમ તેમ તે જાતીય સંબંધ અને લગ્નની બાબતમાં બ્રાહ્મણોના નિયમો અપનાવે છે.

હજુ આજે પણ શહેરી સંસ્કૃતિ અને હિંદુ સમાજથી દૂર, અલિપ્ત રહેલી આદિવાસી પ્રજામાં આવા સંબંધો પ્રત્યે કોઈ સૂગ નથી, પરંતુ ગાંધીયુગ દરમિયાન સામાજિક કાર્યકરોએ આદિવાસી પ્રજામાં 'સુધારા' લાવવાના પ્રયત્નો આદર્યા અને તેમને પોતાના જેવા બનાવવાના પ્રયાસો શરૂ કર્યા. માંસાહાર, મદ્યપાન, લગ્ન પૂર્વેના જાતીય સંબંધો વગેરે અયોગ્ય, અસંસ્કારી અને અભદ્ર છે એવું વારંવાર તેમને કહેવામાં આવ્યું. ગાંધીયુગમાં આ સુધારાવાદી પ્રવૃત્તિઓની અસર હેઠળ આવેલી આદિવાસી પ્રજા હિંદુ સંસ્કૃતિનાં મૂલ્યોની ગાઢ અસર હેઠળ આવી. પરિણામે, લગ્ન પૂર્વેના જાતીય સંબંધો એ અયોગ્ય અને શરમજનક છે એવું મનોવલણ તેમનામાં દૃઢ થવા લાગ્યું.

લગ્ન પૂર્વેના જાતીય સંબંધોને ગામડાંમાં રહેતા અને પોતાને 'સુધરેલા' ગણાવતા આદિવાસીઓ યોગ્ય નથી માનતા. શહેરી આદિવાસી મહિલાઓમાંથી પણ ૯૦ % મહિલાઓ તેને અયોગ્ય માને છે. અહીં એ સ્પષ્ટ કરી લઉં કે આ મનોવલણ ફક્ત શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓમાં જ નથી આવ્યું પણ તેનો સમગ્ર સમાજ, જે હિંદુકરણ તરફ જઈ રહ્યો છે, તેમાં આવી રહ્યું છે.

૯૨ % મહિલાઓ પુત્રીને દહેજ આપવો જરૂરી નથી માનતી. વિધવાવિવાહ આવકાર્ય છે, તેમાં કશું અયોગ્ય નથી તે વાત સાથે ૮૯ % મહિલાઓ સંમત છે. આમ, આ બે બાબતોમાં હજુ હિંદુ સમાજનાં ધોરણો કે મૂલ્યોની તેમના પર અસર નથી થઈ અને પોતાના આદિવાસી સમાજનાં મૂલ્યોને તેમણે જાળવી રાખ્યાં છે.

**નિષ્કર્ષ :**

આદિવાસી મહિલાઓ જ્યારે હિંદુ સંસ્કૃતિ અને સમાજના ગાઢ સંપર્કમાં આવે છે ત્યારે તેઓ હિંદુ સમાજનાં ધારા-ધોરણો, મૂલ્યો, માન્યતાઓ, રહેણીકરણી વગેરેના ગાઢ પ્રભાવ હેઠળ આવે છે. શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓનાં લગ્ન અને કેટલીક સામાજિક માન્યતાઓ અંગેના ખ્યાલો અને મનોવલણો પર હિંદુ સમાજનાં મૂલ્યો અને માન્યતાઓની અસર દેખાય છે.

આદિવાસી જાતિઓમાં યુવક-યુવતી એક બીજાને જાતે પસંદ કરે અથવા પ્રેમલગ્ન કરે એ સ્વાભાવિક ઘટના છે. ગુજરાતનાં આદિવાસી ગામડાંઓમાં જોકે, મોટા ભાગે માબાપ દ્વારા લગ્ન ગોઠવાય છે તેમ છતાં પ્રેમલગ્ન એટલે કે યુવક-યુવતી એકબીજાને જાતે પસંદ કરે એમાં કોઈ વાંધો હોતો નથી. હિંદુ સમાજમાં પ્રેમલગ્નો પ્રત્યે હજુ પણ થોડા છોછની દૃષ્ટિથી જોવમાં આવે છે અને માબાપ લગ્ન ગોઠવે એ જ આદર્શ પરિસ્થિતિ માનવામાં આવે છે. આ જ પરિસ્થિતિ હવે શિક્ષિત આદિવાસી સમાજમાં પણ આવતી જણાય છે.

શહેરી આદિવાસી મહિલાઓમાંથી ૯૧ % મહિલાઓ માબાપ દ્વારા ગોઠવેલ લગ્ન યોગ્ય છે એમ માને છે, જેમાં હિંદુ સમાજનાં મૂલ્યની તેમના પર થયેલી અસર વર્તાય છે. ૮૭ % મહિલાઓ આદિવાસી જાતિમાં જ લગ્ન કરવાનું મનોવલણ ધરાવે છે. શહેરી સમાજમાં

અને ઉજળિયાત વર્ગના લોકો સાથે આ મહિલાઓએ ખૂબ સારી રીતે અનુકૂલન સાધ્યું છે અને તેમની સાથે ઘણી બધી રીતે સંમિશ્રિત થઈ ગઈ છે, છતાં શહેરનો બિન-આદિવાસી સમાજ હજુ આદિવાસી પ્રજાને 'પછાત' અને પોતાના કરતાં ઊતરતી માને છે. એને કારણે આ બે સમાજ વચ્ચેનો લગ્નસંબંધ હજુ બિનઆદિવાસી સમાજ સ્વીકારે તેવી શકયતા બહુ ઓછી છે. આ બાબતથી ઉત્તરદાતા મહિલાઓ સારી પેઠે વાકેફ છે એટલે સામાજિક સલામતી માટે તેઓ પોતાની જાતિમાં જ લગ્ન કરવાં યોગ્ય માને છે.

જીવનસાથીની પસંદગીમાં આ મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ પ્રથમ શિક્ષણ અને ત્યાર બાદ નોકરીને પ્રાધાન્ય આપે છે. ગામડાંઓમાં પણ હવે છોકરાની ગમે તેટલી સારી ખેતી કે સારી આર્થિક પરિસ્થિતિ હોવા છતાં બધા 'નોકરી' કરતો મુરતિયો વધુ પસંદ કરે છે. શિક્ષણ, નોકરી અને શહેરમાં રહેવું એ ભણેલા આદિવાસી વર્ગ માટે સામાજિક પ્રતિષ્ઠાની બાબત બનતી જાય છે. આમ, જીવનસાથીની પસંદગીમાં શિક્ષિત અને નોકરી કરતી આદિવાસી મહિલાઓનાં મૂલ્યો અને માપદંડ બદલાતાં જાય છે.

પતિની દરેક વાતને સ્વીકારવી એ પત્નીનો ધર્મ છે કે પતિને જમાડીને જ પછી પત્નીએ જમવું જોઈએ – જેવા પારંપરિક હિંદુ સમાજનાં મૂલ્યો સાથે મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓ સંમત નથી. પરંતુ સ્ત્રી એ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે, છૂટાછેડા એ અયોગ્ય અને શરમજનક છે, પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે – જેવાં કેટલાંક હિંદુ સમાજનાં મૂલ્યોની ઘણી મહિલાઓ પર અસર થઈ છે અને તેઓ પોતાના સમાજનાં મૂલ્યોને છોડીને હિંદુ સમાજનાં મૂલ્યોમાં માનતી થઈ છે.

વિધવાવિવાહ પ્રત્યે આ સ્ત્રીઓનો અભિગમ ખૂબ જ હકારાત્મક છે અને ૯૫ % મહિલાઓ માને છે કે સ્ત્રી વિધવા થાય તો તેણે ફરી લગ્ન કરવાં જોઈએ. એમાં કશું ખોટું નથી. ૫૦ % મહિલાઓ પતિનો ત્રાસ સહન કરવાને બદલે છૂટાછેડા લઈ લેવાનું મનોવલણ ધરાવે છે. આ સ્ત્રીઓમાં હજુ તેમના આદિવાસી સમાજનાં સ્ત્રીસમાનતાનાં મૂલ્યો જળવાઈ રહ્યાં છે, જ્યારે ૫૦ % મહિલાઓ પડયું પાનું નિભાવી લેવાનું મનોવલણ દાખવે છે. હિંદુ સમાજની સ્ત્રીઓ બહુધા છૂટાછેડા લેવાને બદલે પતિ કે તેના કુટુંબીજનોનો ત્રાસ સહન કરી લે છે, કારણ કે હિંદુ સમાજમાં સ્ત્રી માટે છૂટાછેડા લેવા એ હજુ શરમની વાત ગણાય છે અને પડયું પાનું નિભાવી લેવું એ સ્ત્રીનો ધર્મ છે એવા સંસ્કાર તેને આપવામાં આવે છે. ઉત્તરદાતા આદિવાસી મહિલાઓમાંથી ૫૦ % મહિલાઓ હિંદુ સંસ્કૃતિના આ મૂલ્યની અસર હેઠળ આવી ગઈ છે એમ અભ્યાસના તારણને આધારે કહી શકાય.

મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓને ઘરના કામકાજમાં કે બાળકોના ઉછેરમાં પતિની મદદ મળી રહે છે તેથી નોકરીને કારણે તેમના લગ્નજીવનમાં ખાસ કોઈ અડચણ ઊભી નથી થઈ. આ વાત ખૂબ જ નોંધપાત્ર છે. હિંદુ સમાજની નોકરિયાત સ્ત્રીઓ કરતાં એ દષ્ટિએ આદિવાસી નોકરિયાત મહિલા પ્રમાણમાં ઘણી સુખી લાગે છે.

# ૭. સામાજિક-સાંસ્કૃતિક પરંપરા : સાતત્ય અને પરિવર્તન

વડોદરામાં ઊંચા હોદ્દા પર કામ કરતાં એક ૫૭ વર્ષીય આદિવાસી મહિલા જેઓ ગામીત જાતિનાં છે, તેમણે જણાવ્યું, ''આદિવાસી સમાજનાં રીતરિવાજો અને સંસ્કૃતિ બધું શહેરી સમાજ કરતાં ઘણું અલગ છે. લગભગ દરેક આદિવાસી જાતિનાં રીતરિવાજો, પોશાક, સંસ્કૃતિ બધું જ જુદું છે, પરંતુ હવે ઝડપથી બધું બદલાતું જાય છે. અમારો અસલ ગામીત પહેરવેશ બહુ જુદો છે, જેના જુદા જુદા ભાગો ફૂટડું, મગિયા વગેરે નામે ઓળખાય છે. પણ હવે તો ગામડાંમાં પણ આ પહેરવેશ જોવા નથી મળતો. અમારા સમાજમાં માંસાહાર બહુ સામાન્ય છે. સ્ત્રીઓમાં છૂંદણાં ચિતરાવવાનો રિવાજ છે. મૃત્યુ પ્રસંગે કરવામાં આવતી ક્રિયાઓ અને રિવાજો પણ જુદાં છે. અમારી બોલીમાં ઘણાં સુંદર લોકગીતો છે, પરંતુ શહેરમાં વસતી આદિવાસી સ્ત્રીઓ હવે આ બધું છોડીને શહેરી રીત-રિવાજો અને સંસ્કૃતિ અપનાવી રહી છે.''

તેમણે ગામીત બોલીનું એક લોકગીત ગાઈ સંભળાવ્યું, જેના બોલ આ પ્રમાણે છે :

''પોશલી કશલા સાટી રોવે વા
પોશલી બૂમલા સાટી રોવે વા
પોશલી બૂમલા સાટી રોવે વા.''

(છોકરી શા માટે રડે છે ? છોકરી સૂકી માછલી માટે રડે છે.)

સુરત જિલ્લાના વાલોડ તાલુકાના આદિવાસી ગામડાંઓમાં ગઈ હતી ત્યારે ત્યાંની કિશોરીઓએ તેમની બોલીમાં થોડાં ગીતો ગાઈ સંભળાવ્યાં હતાં. શહેરમાં પહેલી વાર એક આદિવાસી મહિલા પાસેથી તેમની બોલીનું બાળગીત સાંભળવા મળ્યું.

દરેક સમાજમાં બે પ્રકારની પ્રક્રિયાઓ નિરંતર ચાલ્યા જ કરે છે. એક તો સામાજિક તંત્ર અને પ્રણાલીઓને ટકાવી રાખનારી પ્રક્રિયાઓ અને બીજી એ સામાજિક તંત્રમાં, પ્રણાલીઓમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયાઓ. માતાપિતા પોતાનાં સંતાનોનું સામાજીકરણ કરતી વખતે તેમને પોતાની પ્રણાલીગત સંસ્કૃતિ અને રીતરિવાજોની જાણકારી આપતાં હોય છે તો સાથોસાથ બદલાતી જતી સમાજવ્યવસ્થાના સંદર્ભમાં નવાં મૂલ્યો અને ધોરણો પ્રત્યે અભિમુખ કરવાનો પ્રયત્ન પણ કરતાં હોય છે.

આદિવાસી પ્રજા બિનઆદિવાસી સમાજ સાથે સંપર્કમાં આવે છે ત્યારે તેમની સાથે સંમિલિત થવા માટે અને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે તેમને પોતાની જીવનપ્રણાલીમાં કેટલાંક પરિવર્તનો અનિવાર્ય રીતે કરવાં પડે છે, પરંતુ જો તેમને પોતાની પ્રજાતીય ઓળખ અને અસ્મિતા જાળવી રાખવી હોય તો પોતાના મૂળભૂત સામાજિક, સાંસ્કૃતિક રીતરિવાજો, ભાષા, પારંપરિક કલા જેવાં સાંસ્કૃતિક તત્ત્વોને જાળવી રાખવાં પણ મહત્ત્વનાં છે.

સુરત જિલ્લાના આદિવાસી ગામડાંઓની મારી મુલાકાત દરમિયાન મેં જોયું કે ગામડાંની ઓછું ભણેલી આદિવાસી પ્રજા ગુજરાતી ભાષા સમજતી અને જાણતી હોવા છતાં હજુ પોતાની બોલીમાં જ વાતચીત કરે છે અને મનોજભાઈ ચૌધરી જેવા શિક્ષિત આદિવાસી ભાઈઓને પણ પોતાની બોલી, પરંપરા અને કલા-કારીગરી પ્રત્યે બહુ પ્રેમ અને માન છે.

પરંતુ ગામલોકો અને શ્રી બાબુભાઈ તથા તરલાબહેન પાસેથી જાણવા મળ્યું હતું કે શહેરમાં નોકરી કરતા આદિવાસીઓ પોતાની બોલી, પોતાના ધાર્મિક-સામાજિક રીતરિવાજો અને કલાને ખૂબ જ નીચી દૃષ્ટિથી જુએ છે, તે બદલ શરમ અનુભવે છે અને તેને છોડવાનું વલણ પણ તેમનામાં વધતું જાય છે.

ફિલૉસૉફર મૃણાલ મીરી (૧૯૮૨) જણાવે છે કે ભાષા એ કોઈ પણ સમાજ ને સંસ્કૃતિનું પોત, એનું જીવન, એનો પ્રાણ છે. બીજા અનેક ઘટકોની સાથે ભાષા એ કોઈ પણ જૂથની ઓળખને નક્કી કરવાનું એક અગત્યનું પરિબળ છે. ભારત જેવા બહુભાષી દેશમાં તો જૂથની ઓળખ નક્કી કરવા માટે ભાષા એ બહુ જ મહત્ત્વનું પ્રતીક છે. જે તે જૂથનું સમાજમાં જે સ્થાન હોય, એનો જે રીતનો આર્થિક, સામાજિક, રાજકીય દરજ્જો હોય એની સાથે તેની ભાષા કે બોલીનો દરજ્જો ગાઢ રીતે સંકળાયેલો છે. આપણા દેશનાં વિવિધ આદિવાસી જૂથો માટે આ વાત બહુ જ પ્રસ્તુત છે.

આદિવાસીઓને શહેરી સમાજે વર્ષોથી 'પછાત' ગણ્યા છે એટલે એમની ભાષા અને બોલીનો સામાજિક દરજ્જો પણ નીચો છે. આદિવાસીઓમાં શિક્ષણ અને બિનઆદિવાસી સમાજ સાથેનો સંપર્ક વધતાં બે પ્રક્રિયાઓ ઘટી રહી છે. દેશના અમુક ભાગોમાં આદિવાસી પ્રજામાં પોતાની વંશાનુગત ઓળખ જાળવી રાખવા અને પોતાની બોલી કે ભાષાને ટકાવી રાખવાના સભાન પ્રયાસો થઈ રહ્યા છે, તો બીજી બાજુ અમુક આદિવાસી જૂથોમાં પોતાની બોલી, કલા, સંસ્કૃતિ, રિવાજો બધું છોડીને સંપૂર્ણપણે શહેરી સંસ્કૃતિને અપનાવવાનું વલણ વધી રહ્યું છે જેને સમાજશાસ્ત્રીઓ 'પરસંસ્કૃતિકરણ'ની પ્રક્રિયા તરીકે ઓળખાવે છે.

ગુજરાતની શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓ પોતાની બોલી બોલે છે કે નહીં, પોતાની બોલી વિશે તેઓ શું માને છે, તેમનાં બાળકો તેમની બોલી, લોકગીતો, લોકનૃત્યો વગેરેથી જાણકાર બને તે જરૂરી માને છે કે નહીં, પોતાની હાલની જીવનશૈલીમાં તેઓ ક્યાંય પોતાની આદિવાસી શૈલીનો વિનિયોગ કરે છે કે નહીં અને પોતાના ધાર્મિક, સામાજિક રીતરિવાજો તેમણે જાળવી રાખ્યા છે કે તેમાં પરિવર્તન આવ્યું છે – આ બધી બાબતોની માહિતી આ પ્રકરણમાં રજૂ કરવામાં આવી છે.

પ્રશ્નાવલિ ભરાવતી વખતે એક નોંધપાત્ર વાત એ સામે આવી કે દરેક ઉત્તરદાતાએ 'માતૃભાષા' તરીકે ગુજરાતીને પોતાની માતૃભાષા ગણાવી. ગુજરાતની ૨૯ આદિવાસી જાતિઓમાંથી હળપતિ જેવી બે-ત્રણ જાતિઓને બાદ કરતાં તમામ જાતિઓને પોતાની અલગ અલગ બોલીઓ છે અને ગુજરાતી કરતાં તે ઘણી રીતે જુદી છે. ભીલી, કોંકણી, ગામીત જેવી બોલીઓ તો ગુજરાતી ભાષકને સમજાય પણ નહીં એટલી હદે ગુજરાતીથી ભિન્ન છે. છતાં બધાએ ગુજરાતીને પોતાની માતૃભાષા ગણાવી. પછી જ્યારે મેં પૂછ્યું કે તમારી જાતિની બોલી ગુજરાતી કરતાં જુદી છે ? ત્યારે ૧૧૮માંથી ૧૦૦ ઉત્તરદાતાઓએ (૮૫.૫ %) જણાવ્યું કે તેમની જાતિની બોલી ગુજરાતી ભાષા કરતાં ભિન્ન છે. ૧૮ ઉત્તરદાતાઓએ (૧૪.૫ %) કહ્યું કે તેમની બોલી ગુજરાતી ભાષા કરતાં જુદી નથી.

ઉત્તરદાતાઓમાંથી ૫૫ % મહિલાઓએ જણાવ્યું કે વતનમાં જઈએ ત્યારે માબાપ, સગાંસંબંધી અને ગામલોકો સાથે અમારી બોલીમાં વાત કરીએ છીએ. ૧૧ % મહિલાઓ ઘરમાં પતિ અને બાળકો સાથે પોતાની બોલીમાં વાતચીત કરે છે, જ્યારે માત્ર ૫ % ઉત્તરદાતાઓ શહેરમાં પોતાની જાતિના અન્ય લોકો સાથે પોતાની બોલીનો વિનિયોગ કરે



છે. આમ, ઉત્તરદાતાઓમાંથી જે મહિલાઓ હજુ પણ પોતાની બોલીનો પ્રયોગ કરે છે તે મહદ્ અંશે પોતાના વતનમાં ગામલોકો અને કુટુંબીજનો સાથેના વાક્વ્યવહારમાં કરે છે.

૧૪ % મહિલાઓનું માનવું છે કે તેમની બોલી ગુજરાતી ભાષા કરતાં ઊતરતી અને પછાત છે, અશુદ્ધ છે. ૧૨ % મહિલાઓનું માનવું છે કે બોલી એ ગામડાંના ઓછું ભણેલા કે અશિક્ષિત આદિવાસીઓ બોલે, શિક્ષિત આદિવાસીઓએ તે ન બોલવી જોઈએ. ૪૦ % ઉત્તરદાતાઓ તેમની બોલીને ગુજરાતી કરતાં ઊતરતી કે પછાત નથી માનતા. જોકે, આમાંથી મોટા ભાગના જવાબો પસંદગીયુક્ત મળ્યા હોવાની શક્યતા છે, કારણ કે તેમનાં બાળકો તેમની બોલી જાણે એ મોટા ભાગના ઉત્તરદાતાઓ જરૂરી નથી માનતા. માત્ર ૧૮.૬ % મહિલાઓનું માનવું છે કે બાળકો પોતાની આદિવાસી બોલી જાણે એ જરૂરી છે. એનાં જે કારણો તેમણે જણાવ્યાં તે આ પ્રમાણે છે :

(૧) વતનમાં બધા સાથે વાતચીત કરી શકે, હળીમળી શકે તેથી.

(૨) પોતાની જાતિની બોલી છે, એટલે જાણવી જોઈએ, જેથી પોતાની સંસ્કૃતિની ખબર પડે.

(૩) બને તેટલી વધુ ભાષાઓ/બોલીઓ જાણવાથી જ્ઞાન વધે છે, એ દૃષ્ટિએ પોતાની બોલી પણ જાણવી જોઈએ.

(૪) પોતાની બોલી અને સમાજનાં રીતરિવાજોથી બાળક પરિચિત થાય એ બહુ જરૂરી છે, કારણ કે મોટા થઈને બાળકે સમાજાભિમુખ થવાનું છે.

મોટા ભાગના ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમનાં બાળકોએ તેમની બોલી જાણવી જોઈએ એવું તેમને જરૂરી નથી લાગતું. એનાં મુખ્ય કારણો તેમણે જે જણાવ્યાં તે આ પ્રમાણે છે :

(૧) બાળકો ગુજરાતી ભાષા જાણે છે. અમારી બોલી એ ગુજરાતી ભાષાનો જ એક ફાંટો છે એટલે બોલી જાણવી જરૂરી નથી.

(૨) હવે તો અમારા સમાજમાંથી બોલી લગભગ નીકળી ગઈ છે. કોઈ બોલતું નથી.

(૩) અમારાં બાળકોનો જન્મ શહેરમાં થયો છે. એમનું ભણતર પણ અહીં છે. વતનમાં બહુ જતાં નથી. જો ગામડાંની બોલી બોલતાં થઈ જાય તો ગુજરાતી ભાષામાં ખલેલ પડે. એટલે બોલી જાણે એ જરૂરી નથી.

(૪) હવે તો ગામના લોકો જ આ બોલી ભૂલવા માગે છે. બધા માને છે કે ગુજરાતી ભાષા જ બોલવી જોઈએ. ત્યારે અમારાં છોકરાં તો તે ના જ શીખે તે હકીકત છે.

(૫) હવે પછીની અમારી પેઢી ગુજરાતી ભાષા બોલે છે, એટલે બાળકો બોલી જાણે તે જરૂરી નથી.

(૬) અમારાં બાળકો શહેરમાં જ રહેવાનાં છે. એથી બોલી ના જાણે તો ચાલે. અહીં ક્યાંય એની ઉપયોગિતા નથી. પછી જાણીને શું કામ છે ?

(૭) અમારી બોલીને લિપિ જ નથી. એમાં કોઈ લેખિત સાહિત્ય નથી. પછી એને જાણીને શું કામ ? વળી બાળકો શહેરમાં રહેતાં હોવાથી બોલી જાણે એ જરૂરી પણ નથી. બાળકોને પણ તે ગમતી નથી.

ટૂંકમાં, ઉત્તરદાતાઓમાંથી ઘણાખરા પોતાની બોલી જાણે છે, પણ તેમનાં બાળકો નથી જાણતાં અને બાળકોએ તે જાણવી જોઈએ એવું તેમને જરૂરી પણ નથી લાગતું.

આદિવાસી સંસ્કૃતિમાં લોકગીતો અને લોકનૃત્યો (જેને સામાન્ય ભાષામાં 'નાચણું' કહેવામાં આવે છે) એ લોહીની જેમ વણાયેલાં છે. વારે-તહેવારે, જન્મપ્રસંગે, લગ્નપ્રસંગે, ગીતો ગાવાં અને નાચવું એ આદિવાસી જીવનપ્રણાલીનો અભિન્ન અંશ છે. જીવનનો આનંદ એમાં છલકાય છે.

શું શહેરમાં નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓ પોતાનાં લોકગીતો જાણે છે ? વતનમાં જાય ત્યારે નાચણું કરે છે ? ૫૭ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમને તેમનાં લોકગીતો આવડે છે. જોકે, મોટા ભાગનાએ કબૂલ્યું કે અમારાં લોકગીતો સાંભળવાં અમને ગમે છે, પણ હવે થોડાં ભૂલાઈ ગયાં છે. ૪૩ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે અમને અમારાં લોકગીતો નથી આવડતાં.

૧૪ મહિલાઓએ (૧૨ %) એ બદલ થોડાં દુઃખ અને અફસોસની લાગણી વ્યક્ત કરી. બે ઉત્તરદાતાઓએ જણાવ્યું કે લોકગીતો વગેરે નહીં આવડતાં હોવાથી વતનમાં જઈએ છીએ ત્યારે બધાથી જુદા પડી જઈએ છીએ, એકલા પડી જઈએ છીએ એટલે થોડા ક્ષોભની અને શરમની લાગણી થાય છે. બાકીના તમામ (૩૦ %) ઉત્તરદાતાઓએ જણાવ્યું કે અમને અમારાં લોકગીતો નથી આવડતાં એ બદલ કોઈ દુઃખની કે ક્ષોભની લાગણી નથી થતી. શહેરમાં રહીએ છીએ એટલે ન આવડે એ સ્વાભાવિક છે.

૪૮ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે વતનમાં જઈએ ત્યારે લોકનૃત્યોમાં ભાગ લઈએ છીએ. (આમાં પણ ઘણા જવાબ વાસ્તવિકતાથી વેગળા મળ્યા હોવાની શકયતા છે.) ૫૨ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ નાચણું નથી કરતા. 'શા માટે નહીં ?' - જુદાં જુદાં કારણો મળ્યાં, જે નીચે પ્રમાણે છે :

(૧) અમારા સમાજમાં મહિલાઓ નાચણું નથી કરતી. (ધોડિયા જાતિની બહેનોનો આ જવાબ છે.)

(૨) વતનથી દૂર રહેતાં હોવાથી ક્યારેય એવો પ્રસંગ ઉપસ્થિત નથી થયો.

(૩) ઘણાં વર્ષોથી શહેરમાં રહેતાં હોવાથી આવડતું નથી.

(૪) શહેરમાં રહેતાં હોવાથી અને ઉંમરના કારણે પણ, હવે નાચવામાં શરમ આવે.

(૫) અમને આ બધી બાબતોનો શોખ નથી.

(૬) શિક્ષિત તરીકે હવે અમને આ બધી વસ્તુઓમાં ખાસ રસ નથી.

(૭) હવે તો ગામમાંથી પણ આ બધું બંધ, લુપ્ત થતું જાય છે. બધા સુધરી ગયા છે અને હવે અમારાં લોકનૃત્યોને સ્થાને બધે ગરબા આવી ગયા છે.

આ તો થઈ શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓની વાત. શું તેમનાં બાળકો તેમનાં લોકગીતો-લોકનૃત્યો જાણે એ તેમને જરૂરી લાગે છે ?

૪૭ % મહિલાઓએ જણાવ્યું કે પોતાની સંસ્કૃતિને જાણવા-સમજવા બાળકોએ પોતાનાં લોકગીતો અને લોકનૃત્યો જાણવાં જોઈએ. ૩૨ % ઉત્તરદાતાઓએ તેની સ્પષ્ટ ના જણાવી. ૨૧ % ઉત્તરદાતાઓ પાસેથી જવાબ ના મળ્યો.

૩૨ % ઉત્તરદાતાઓનું માનવું છે કે તેમનાં બાળકો પોતાની સંસ્કૃતિનાં લોકગીતો-લોકનૃત્યો જાણે એ બિલકુલ જરૂરી નથી. શા માટે ? એમ પૂછતાં નીચેના જવાબો મળ્યા.

(૧) વતનથી દૂર રહેતા હોવાથી.

(૨) બાળકો વતન બહુ જ ઓછું જાય છે. એટલે આ બધી બાબતો ક્યાંથી જાણે ? શહેરમાં રહેતાં હોવાથી હવે આ બધું જાણવું જરૂરી પણ નથી લાગતું.



(૩) બાળકોને આ બધાંમાં બિલકુલ રસ નથી. અમને પણ અમારાં લોકગીતો-લોકનૃત્યો નથી આવડતાં. હવે બધાં સુધરી ગયાં છે. ગામમાંથી પણ આ બધું ધીરે ધીરે બંધ થવા લાગ્યું છે.

(૪) બાળકોએ આમ તો આ બધું જાણવું જોઈએ, પણ તેમને એમાં રસ જ નથી. એમને ગામડે જવું જ નથી ગમતું. પછી લોકગીતો કે લોકનૃત્યો જાણવાની વાત જ ક્યાં રહી ?

(૫) બાળકો શહેરમાં રહેતાં હોવાથી આ બધું જાણે એની ખાસ જરૂર નથી. આ લોકગીતો કે લોકનૃત્યો જીવનમાં ક્યાંય ઉપયોગી નથી. એનાં કરતાં તેઓ અહીં ગરબા-નૃત્યના વર્ગો ભરે, તે શીખે એવી અમારી ઇચ્છા છે.

મુલાકાત દરમિયાન એક આદિવાસી મહિલાએ જણાવ્યું કે, 'એક વખત ટેલિવિઝન પર અમારી જાતિનાં લોકનૃત્યોનો કાર્યક્રમ રજૂ થયો હતો. અમે અમારાં સંતાનોને તે બતાવ્યો તો એમણે કહ્યું, ''શું આપણા લોકો આવા છે ? આવાં કપડાં પહેરે છે ? આવી રીતે નાચે છે ?'' ત્યારે મેં એમને જણાવ્યું કે હવે તો આપણી જાતિના મોટા ભાગના લોકો સુધરી ગયા છે અને દૂર દૂરનાં ગામડાંમાં જ આવાં નૃત્યો થાય છે.'

આ પ્રસંગ ઘણું બધું કહી જાય છે. શહેરમાં જન્મેલાં અને ઉછરેલાં આદિવાસી બાળકો પોતાની જાતિનાં રીતરિવાજો, પહેરવેશ, બોલી, લોકગીતો, લોકનૃત્યો વગેરેને અત્યંત તિરસ્કૃત દૃષ્ટિથી જુએ છે અને 'આપણે આમાંનાં છીએ' એવું માનવામાં લઘુતાગ્રંથિ અનુભવે છે. માબાપ પોતાનાં સંતાનોને એ રીતે આશ્વાસન આપે છે કે હવે તો આપણામાંના બધા સુધરી ગયા છે અને આ બધું ગામડાંમાંથી પણ લુપ્ત થવા લાગ્યું છે.

ઉત્તરદાતાઓમાંથી ઘણા બધાએ 'અમે બદલાઈ ગયા છીએ' એમ કહેવાને બદલે 'અમે સુધરી ગયા છીએ' એવા શબ્દો પ્રયોજ્યા, જે ઘણું સૂચક છે. આ બતાવે છે કે તેઓ પોતે પોતાના પારંપરિક ધાર્મિક, સામાજિક રીતરિવાજોને 'તે ખરાબ છે' એ નજરથી જુએ છે અને ઉજળિયાત હિંદુ સમાજના રીતરિવાજો અપનાવીને 'પોતે સુધરી ગયા' એવું મહેસૂસ કરે છે.

શું શહેરમાં રહેતી આદિવાસી મહિલાઓએ પોતાના હાલના જીવનમાં ક્યાંય તેમની આદિવાસી શૈલી કે પદ્ધતિ ચાલુ રાખી છે ? જેમ કે પહેરવેશ, ઘરેણાં, ખોરાક, ઉત્સવોની ઉજવણી, વાસણો વગેરે.

૩૨ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ ખોરાકની બાબતમાં હજુ પોતાની આદિવાસી શૈલીનો ક્યારેક ઉપયોગ કરે છે અને ચોખાના રોટલા, મકાઈના રોટલા તથા અમુક વાનગીઓ આજે પણ બનાવે છે. પહેરવેશ, ઘરેણાં વગેરે તો હવે ગામડાંઓમાંથી પણ લુપ્ત થવા લાગ્યાં છે એટલે શહેરી નોકરિયાત મહિલાઓ પાસેથી તો એની અપેક્ષા જ ન કરી શકાય !

જોકે, બે-ત્રણ એવા દાખલા પણ મળ્યા જ્યાં આદિવાસી નોકરિયાત મહિલાઓએ શહેરી જીવનપ્રણાલી સાથે સુસંગત થઈને પણ, જ્યાં જ્યાં શક્ય બન્યું ત્યાં પોતાની અસલ શૈલી અને પ્રણાલી જાળવી રાખ્યાં છે. અમદાવાદમાં તબીબી અધિકારી તરીકે કામ કરતાં ભીલ જાતિનાં એક મહિલાના ઘરે મને ઘણી બધી એવી વસ્તુઓ જોવા મળી જે તેમની

આદિવાસી સંસ્કૃતિનું પ્રતીક છે. તેમના સાદા દીવાનખાનામાં એક ખૂણામાં મોટું, અસલી તીરકામઠું છે. તેમના રસોડામાં માટીનાં હાંડલાં અને માટીનાં વાસણો છે જે તેઓ તેમના ગામથી લઈ આવ્યા છે અને બને ત્યાં સુધી આજે પણ માટીનાં હાંડલાંમાં જ રસોઈ બનાવે છે. ગામડેથી જ મકાઈના પૂળા, ઘરની ગાય-ભેંસનું છાણ વગેરે લઈ આવે છે, જેથી ક્યારેક ચૂલા ઉપર રસોઈ થઈ શકે. તેઓ એમના ગામડે કરવામાં આવે છે એમ વાલોળ, ચીલની ભાજી, લીલા ચણા વગેરે જાતજાતની સૂકવણી કરીને રાખે છે, જે એમણે હોંશભેર મને બતાવી. મને કહે, ''અમારા ભીલ સમાજમાં નાચ બહુ સરસ થાય છે. મને અમારું નાચણું બહુ ગમે. આજે શરીર જરા ભારે થઈ ગયું છે, છતાં કુટુંબમાં લગ્નપ્રસંગ હોય તો હું શહેરમાં પણ નાચું છું. મારા પતિ ક્યારેક ટોકે તો એમને કહું છું કે શહેરોમાં ભારે શરીરવાળાં બહેનો શું ગરબા નથી કરતાં ? તો હું શા માટે ના કરી શકું ?'' પોતે ભીલ છે, આદિવાસી છે, એનું આ મહિલાને ખરેખર ગૌરવ છે. એની વાણીમાં, જીવનશૈલીમાં અને એના ચહેરા પર એ ગૌરવ છલકાતું મને જોવા મળ્યું.

**ધાર્મિક રીતરિવાજો :**

આદિવાસીઓ મૂળભૂત રીતે હિંદુ નથી. તેમને જે ધર્મ પાળવો હોય તે પાળી શકે છે, પરંતુ મૂળભૂત રીતે તેઓ પ્રકૃતિપૂજક છે. મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓને તેમની જાતિનાં દેવદેવી કયાં તે વિશે માહિતી નથી. કેટલીક મહિલાઓએ જણાવ્યું કે પર્વતદેવ, વાઘદેવ, મોગરાદેવ (મગર દેવ), માડલી દેવી વગેરેને તેમની જાતિના લોકો દેવ માને છે. અન્નને, જમીનને, વૃક્ષને પૂજે છે. સાથે સાથે તેમણે એ પણ જણાવ્યું કે હવે ગામના લોકો રામ, કૃષ્ણ, હનુમાન, અંબામા વગેરેને પૂજે છે.

ઉત્તરદાતાઓમાંથી ચાર મહિલાઓએ જણાવ્યું કે અમે કોઈ ધર્મ પાળતાં નથી. પ્રકૃતિ એ જ અમારે મન ઈશ્વર છે. બાકીનામાંથી ઘણાએ રામ, કૃષ્ણ, શંકર, જલારામબાપા, ગાયત્રીમાતા, ઈસુ ખ્રિસ્ત વગેરેને પોતાના ઈષ્ટદેવ ગણાવ્યા.

ઉત્તરદાતાઓમાંની ૨૮ % મહિલાઓ ઈલાજ માટે ક્વચિત્ પોતાની જાતિના ભૂવા-ભગત પાસે જાય છે. આ સંખ્યા આમ તો નાની છે, પણ ઘણી સૂચક છે. એમના જવાબમાં સચ્ચાઈ અને નિખાલસતા જણાય છે. આમાંની કેટલીક મહિલાઓએ કહ્યું, ''ભણ્યાગણ્યા પછી આ બધામાં ન માનવું જોઈએ, છતાં ક્યારેક વડીલોના આગ્રહથી કે શહેરના ડૉક્ટરના ઈલાજથી સંતોષકારક પરિણામ ન મળે તો અમે ભૂવા-ભગત પાસે જઈએ છીએ.'' શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે. આપણા સમાજમાં પણ ઘણા ભણેલા-ગણેલા લોકો બાધા-આખડી, સંત-પીર વગેરેને માને છે. આ દૃષ્ટિએ આદિવાસી મહિલાઓ ક્યારેક ભૂવા-ભગત પાસે જાય એમાં એમનું 'પછાતપણું' કે 'અંધશ્રદ્ધા' રહેલાં છે એમ માનવું યોગ્ય નથી. ઊલટાનું સંશોધન દરમિયાન મને જણાયું કે આ મહિલાઓમાં સ્વાસ્થ્ય અને આરોગ્યવિષયક ઘણી જાગૃતિ આવી છે અને તે માટે વૈજ્ઞાનિક અભિગમ પણ આવ્યો છે.

૬૭ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ પોતાની જાતિના પરંપરાગત રીતરિવાજ મુજબની લગ્નવિધિ કરે છે. પણ હવે લગભગ બધા જ બ્રાહ્મણ બોલાવીને તેના દ્વારા લગ્નવિધિ કરાવે છે. ૯૦ % મહિલાઓએ જણાવ્યું કે મૃત્યુપ્રસંગે તેઓ પોતાની જાતિના પરંપરાગત રીતરિવાજો મુજબની ક્રિયાઓ કરે છે, પણ એમાંથી ૬૭ % મહિલાઓએ



જણાવ્યું કે જાતિના પરંપરાગત રીતરિવાજો (જેવા કે દક્ષિણ ગુજરાતની જાતિઓમાં ખતરું કરવું – મૃત્યુ પામેલા કુટુંબીજનની પથ્થરમાં મૂર્તિ બનાવી ગામને પાદર મૂકવી – ભૂવાને જમાડવો, સ્મશાને વાનગીઓ બનાવીને મૂકવી વગેરે) ઉપરાંત બારમું, શ્રાદ્ધ વગેરે હિંદુ રીતરિવાજ પ્રમાણેની વિધિઓ પણ તેઓ કરે છે.

મોટા ભાગની આદિવાસી જાતિઓમાં લગ્નવિધિ તો હવે બ્રાહ્મણ બોલાવીને, તેના દ્વારા હિંદુ ધર્મ પ્રમાણે જ થાય છે. લગ્નવિધિમાં તેમણે પોતાના રિવાજો છોડીને હિંદુ રીતરિવાજો અપનાવી લીધા છે, પણ હજુ મૃત્યુ પાછળ થતી વિધિઓમાં મોટા ભાગના આદિવાસી લોકોએ હિંદુ રીતરિવાજો અપનાવવાની સાથે પોતાના પરંપરાગત રીતરિવાજો પણ જાળવી રાખ્યા છે. આની પાછળ એક ઊંડું મનોવૈજ્ઞાનિક કારણ રહેલું છે.

દક્ષિણ ગુજરાતના વાલોડ તાલુકાના આદિવાસી વિસ્તારની મારી મુલાકાત દરમિયાન આ વિસ્તારમાં વર્ષોથી શિક્ષિકા તરીકે કામ કરતાં તરલાબહેન શાહે મને આ પાછળનું કારણ સમજાવતાં નીચેનો સત્યપ્રસંગ જણાવ્યો હતો :

થોડાં વર્ષો પહેલાં આ વિસ્તારમાં એક પ્રૌઢ વયના આદિવાસીનું મૃત્યુ થયું. શહેરમાં રહેતા ભણેલાગણેલા દીકરાએ જાતિના રિવાજ મુજબ પિતાનું ખતરું ન કર્યું. હિંદુ ધર્મના રીતરિવાજ મુજબ બારમું વગેરે ક્રિયાઓ કરી. થોડા દિવસો પછી એ જ વ્યક્તિના અન્ય દીકરાનું અકસ્માતમાં અવસાન થઈ ગયું. ગામલોકોએ કહ્યું, ''જોયું, બાપનું ખતરું નહોતું કર્યું એટલે દીકરો પણ મૃત્યુ પામ્યો. બાપના આત્માને શાંતિ નથી મળી.'' આ વખતે શહેરમાં રહેતા દીકરાએ હિંદુ રીતરસમોની સાથે ભાઈનું અને પિતાનું ખતરું પણ કર્યું, પોતાની જાતિના રિવાજો મુજબની અન્ય વિધિઓ પણ કરી.

આ બનાવ ઘણો સૂચક છે. મૃત્યુ એ ભયજનક ઘટના છે. મૃત્યુ પછી મૃત વ્યક્તિના આત્માની શાંતિ માટે પરંપરાગત વિધિઓ કરવામાં આવે છે. જો તે ન કરવામાં આવે તો મરનારનો જીવ અવગતે જાય છે, તેના આત્માને શાંતિ નથી મળતી આવી માન્યતા અને એક છૂપો ભય લગભગ દરેક જાતિના લોકોમાં હોય છે. આ છૂપા ભયને કારણે કોઈ પણ જાતિના અન્ય રીતરિવાજોમાં ઝડપથી પરિવર્તન આવી શકે છે, પણ મૃત્યુ પાછળ થતી ધાર્મિક અને પારંપરિક ક્રિયાઓ સામાન્ય રીતે બદલાતી નથી.

ઉત્તરદાતા આદિવાસી મહિલાઓમાંથી ૯૬ % મહિલાઓ હિંદુ ધર્મ પાળે છે, એટલે તેઓ કુટુંબીજનના મૃત્યુ પછી બારમું, શ્રાદ્ધ વગેરે હિંદુ ધર્મની ક્રિયાઓ કરે છે, પણ સાથોસાથ પોતાની જાતિની પરંપરાગત વિધિઓ અને રસમોને પણ તેમણે ચાલુ રાખી છે.

હિંદુ ધર્મ પ્રમાણેના રીતરિવાજો અપનાવવા એ ઘણી આદિવાસી મહિલાઓને સુધારાવાદી અભિગમ લાગે છે. રિઝર્વ બૅંકમાં નોકરી કરતી એક ભીલ આદિવાસી મહિલાએ જણાવ્યું, ''ગામમાં અમારું કુટુંબ બહુ જ સુધારાવાદી છે. મારા પિતાજીના મૃત્યુ વખતે અમે જાતિની પરંપરાગત વિધિઓ ઉપરાંત બ્રાહ્મણ પાસે કથા પણ કહેવડાવી હતી અને ભજન-કીર્તન રાખ્યાં હતાં. અમારા ગામમાં આવું પહેલી જ વાર બન્યું હતું.''

તો વળી, હિંદુ ધર્મ પ્રમાણે ક્રિયાઓ કરવી એક શહેરી આદિવાસી મહિલાને બહુ જ જરૂરી લાગે છે. તેણે જણાવ્યું, ''શાસ્ત્રોક્ત વિધિ શું છે એ ભણીગણીને ખબર પડે પછી તો એ પ્રમાણેની જ વિધિ કરવી જોઈએ. મૃત્યુ પછી ભૂવાને દારૂ પાવો, સ્મશાને વાનગીઓ બનાવીને મૂકવી જેવી પરંપરાગત વિધિઓ કરતાં ગાયને ભોજન કરાવવું કે

શ્રાદ્ધ કરવાથી વધુ પુણ્ય મળે છે.''

કર્મ, ધર્મ, પાપ, પુણ્ય, મોક્ષ – આ બધી હિંદુ ધર્મની માન્યતાઓ છે. મૂળ આદિવાસી સંસ્કૃતિમાં આવી માન્યતાઓ કે વિચારો નથી. પરંતુ, શહેરમાં નોકરી કરતી મોટા ભાગની આદિવાસી મહિલાઓ પર હિંદુ ધર્મની માન્યતાઓ અને ફિલસૂફીનો પ્રભાવ પડેલો જોવા મળ્યો.

ટૂંકમાં, શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓનો મોટો સમૂહ જન્મ, લગ્ન, મૃત્યુ જેવા પ્રસંગોએ હવે હિંદુ ધર્મની રીતરસમો અને વિધિઓ અપનાવે છે, પરંતુ મૃત્યુ પ્રસંગે પોતાની જાતિના પરંપરાગત રિવાજો અને વિધિઓ પણ તેમણે ચાલુ રાખ્યા છે.

આદિવાસી સમાજમાં ભૂવા-ભગતનું ખૂબ વર્ચસ્વ છે. નાની-મોટી તકલીફો કે સમસ્યાઓનું નિવારણ લાવવા, રોગો દૂર કરવા કે મૃત્યુ જેવા પ્રસંગે ભગતને (ભૂવાને) આદિવાસી લોકો ઘણું મહત્ત્વ આપે છે. ઉત્તરદાતા મહિલાઓમાંથી ૭૨ % મહિલાઓએ જણાવ્યું કે તેઓ હવે ભૂવા-ભગત પાસે જતાં નથી. પરંતુ, ૨૮ % મહિલાઓએ જણાવ્યું કે તેઓ કવચિત્, સંજોગોવશાત્ ગામના ભૂવા પાસે તકલીફના નિરાકરણ માટે હજુ પણ જાય છે.

**જાતિના પંચ પ્રત્યેનો અભિગમ :**

આદિવાસીઓના customary lawsને બંધારણે માન્યતા આપી છે. આદિવાસી જાતિઓમાં જાતિના પંચનું ખૂબ જ વર્ચસ્વ છે અને ગામમાં પતિપત્ની વચ્ચે ઝઘડો થાય કે અન્ય કોઈ કૌટુંબિક, આર્થિક કે સામાજિક આંટીઘૂંટી સર્જાય ત્યારે તેના નિરાકરણ માટે જાતિના પંચની મદદ લેવામાં આવે છે. પંચ જે નિર્ણય કરે તેને સર્વસામાન્યપણે માન્ય રાખવામાં આવે છે.

કૌટુંબિક કલહ, છૂટાછેડા કે અન્ય સમસ્યાઓના ઉકેલ માટે શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી ૭૩% જાતિના પંચ પાસે જવાનું પસંદ કરે છે, જ્યારે ૨૭ % મહિલાઓ કોર્ટમાં જવાનું પસંદ કરે છે.

શહેરમાં રહેતી આદિવાસી મહિલાઓએ તેમના રીતરિવાજો અને જીવનપ્રણાલીમાં ઘણું પરિવર્તન આણ્યું છે, પરંતુ હજુ પણ મોટા ભાગની મહિલાઓ કોર્ટ કરતાં પંચ પાસે જવું જ વધુ પસંદ કરે છે તે ઘણી નોંધપાત્ર બાબત કહી શકાય. તે પાછળનું કારણ આપતાં ૪૭ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પંચ પાસે જતાં સમય અને પૈસાની બચત થાય છે. કોર્ટમાં ઉકેલ આવતાં વર્ષો લાગી જાય છે અને પૈસા પણ ઘણા થાય. એ કરતાં પંચ પાસે ઝડપથી અને ઓછા ખર્ચમાં ઉકેલ આવી જાય.

પંચ પાસે જવાનું પસંદ કરવા પાછળનાં અન્ય કારણો પણ જુદા જુદા ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યાં જેમ કે, પંચ આપણી વધુ નજીક અને આત્મીય લાગે. કોર્ટ કરતાં આપણા સમાજના લોકો આપણી સમસ્યાને સારી રીતે સમજી શકે. પંચ પાસેથી તટસ્થ અને યોગ્ય ન્યાય મળે. અમારા આદિવાસીઓના રિવાજ મુજબ પહેલાં પંચ પાસે જ ઉકેલ માટે જવું પડે. ત્યાં ઉકેલ ન આવે અથવા સંતોષકારક ન્યાય ન મળે તો જ કોર્ટમાં જવાનું થાય.

જે ૨૭ % ઉત્તરદાતાઓ પંચને બદલે કોર્ટમાં જવાનું પસંદ કરે છે એમણે કારણોમાં એમ જણાવ્યું કે પંચ હવે પહેલાં જેવું તટસ્થ નથી રહ્યું. ત્યાં એકપક્ષી નિર્ણય થવાની સંભાવના



છે. કોર્ટમાં યોગ્ય અને તટસ્થ ન્યાય મળે. બે ઉત્તરદાતાઓએ જણાવ્યું કે કોર્ટમાં કાયદાકીય અંતિમ ન્યાય મળે માટે ત્યાં જવું યોગ્ય છે. એક ઉત્તરદાતાએ જણાવ્યું કે શહેરમાં રહેતા હોવાથી શહેરની કોર્ટમાં જવું જ વધુ સુવિધાજનક, અનુકૂળ રહે.

**નિષ્કર્ષ :**

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓએ તેમના ગામ અને સમાજથી તદ્દન ભિન્ન એવાં શહેરી વાતાવરણ અને સંસ્કૃતિ સાથે ખૂબ જ સારી રીતે અનુકૂલન સાધીને તેમાં ભળવાનો પ્રયત્ન કર્યો છે. આ સ્ત્રીઓ ઑફિસમાં ખૂબ જ સુંદર, સુઘડ રીતે સાડી પહેરીને આવે છે. નિરીક્ષણ દરમિયાન મેં જોયું કે તેઓ બહુધા સિન્થેટીક વસ્ત્રો પહેરવાનું વધુ પસંદ કરે છે, જે આધુનિક યુગની પેદાશ છે. ઘણી આદિવાસી મહિલાઓ કાઈનેટિક હોન્ડા જેવાં અદ્યતન વાહનો પર ઑફિસ આવે છે. મોપેડ કે સ્કૂટર ચલાવવું આ સ્ત્રીઓ માટે ઘણું સ્વાભાવિક છે. એ રીતે શહેરની બિનઆદિવાસી મહિલાઓ કરતાં તેઓ જરા પણ પાછળ કે ઊતરતાં નથી. પહેરવેશ, ભાષા અને રહેણીકરણી પરથી તેમને કોઈ રીતે શહેરી, બિનઆદિવાસી સ્ત્રીઓ કરતાં જુદાં પાડી શકાય તેમ નથી, પરંતુ આ તેમનામાં આવેલાં બાહ્ય સામાજિક પરિવર્તનો છે.

શહેરી, આદિવાસી સ્ત્રીઓમાં કેટલાંક સાંસ્કૃતિક પરિવર્તનો પણ આવતાં દેખાય છે, જે વધુ ઊંડી અને દૂરગામી અસરો ઉપજાવનારાં છે. આદિવાસીઓને, બિનઆદિવાસી (ઉજળિયાત) વર્ગે વર્ષોથી 'પછાત' ગણ્યા છે. ભારતની જ્ઞાતિવાદી સમાજવ્યવસ્થામાં આ પ્રજાનો સામાજિક દરજ્જો નીચો છે. સમાજમાં નીચલા સ્તર પર રહેલી જાતિઓ જ્યારે ઉચ્ચ સ્તરની જાતિઓના સંપર્કમાં આવે છે ત્યારે તે પોતાનાં પારંપરિક રીતરિવાજોને છોડીને સામાજિક અને ધાર્મિક બાબતોમાં ઉપલી જાતિઓનું અનુકરણ કરે છે, જેની પાછળનો આશય તેમની પોતાની સામાજિક પ્રતિષ્ઠા ઊંચી લાવવાનો હોય છે. જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. એમ. એન. શ્રીનિવાસને આ પ્રક્રિયાને 'સંસ્કૃતિકરણ' (Sanskritization) તરીકે ઓળખાવી છે. તેઓ (૧૯૭૨:૬) સંસ્કૃતિકરણની વિભાવના આ રીતે સમજાવે છે. 'સંસ્કૃતિકરણ એક એવી પ્રક્રિયા છે, જે દ્વારા હિંદુ સમાજની કોઈ નિમ્ન સ્તરની જ્ઞાતિ, આદિવાસી જૂથ કે પછી અન્ય કોઈ જૂથ તેનાં રીતરિવાજો, ધાર્મિક વિધિઓ, વિચારસરણી અને જીવનપદ્ધતિની બાબતમાં કોઈ ઉચ્ચ હિંદુ જ્ઞાતિનું, ખાસ કરીને સવર્ણ જ્ઞાતિનું અનુકરણ કરે છે.'

એક નિમ્ન કક્ષાની જ્ઞાતિ કે જાતિ માંસાહાર છોડીને શાકાહારી બને અને મદ્યનિષેધ અપનાવે તથા પોતાનાં રીતરિવાજો અને દેવદેવીઓને છોડીને ઉપલા સ્તરની જ્ઞાતિના ધાર્મિક-સામાજિક રીતરિવાજો અપનાવે તો એક કે બે પેઢી પછી તે જ્ઞાતિઓની શ્રેણીમાં ઊંચે ચઢી શકે છે. બને ત્યાં સુધી એ બ્રાહ્મણોનાં રિવાજો, ધાર્મિક વિધિઓ અને માન્યતાઓ અપનાવે છે. એટલે આ પ્રક્રિયાને પહેલાં 'બ્રાહ્મણીકરણ' એવું નામ આપવામાં આવેલું. પરંતુ અભ્યાસો પરથી જણાયું કે નિમ્ન જ્ઞાતિઓ માત્ર બ્રાહ્મણોનું જ નહીં, પરંતુ ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રોનું પણ અનુકરણ કરે છે કે તેમને પોતાના સંદર્ભજૂથ તરીકે સ્વીકારે છે. સામાન્ય રીતે પોતાના વિસ્તારમાં જે જ્ઞાતિ વિશેષ પ્રભુત્વ ધરાવતી હોય તેનું અનુકરણ કરવામાં આવે છે. ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં નિમ્ન જ્ઞાતિઓએ રજપૂતોનું અનુકરણ કરીને પોતાનો સામાજિક દરજ્જો ઊંચો લાવવાનો પ્રયાસ કર્યો છે. આથી, આ

પ્રક્રિયાને 'બ્રાહ્મણીકરણ'ને બદલે 'સંસ્કૃતિકરણ' એવું નામ આપવામાં આવ્યું.

ભારતીય સમાજમાં સંસ્કૃતિકરણની પ્રક્રિયા પ્રાચીન કાળથી ચાલી રહી છે. આધુનિક યુગમાં ઘણાં આદિવાસી જૂથોએ, હિંદુ સમાજના સંપર્કમાં આવતાં, 'સંસ્કૃતિકરણ'ની પ્રક્રિયા અપનાવી છે. અભ્યાસ દરમિયાન મને જણાયું કે જે ગામડાંઓ ઔદ્યોગીકરણ અને હિંદુ સમાજ સાથે વધુ સંપર્કમાં આવ્યાં છે ત્યાં સંસ્કૃતિકરણ બહુ જ વ્યાપક રીતે થઈ રહ્યું છે અને શહેરી, આદિવાસી મહિલાઓમાં તો આ પ્રક્રિયા બહુ જ ઝડપથી ઘટી રહી છે.

ઉત્તરદાતાઓમાંથી ૯૬ % મહિલાઓ હિંદુ દેવદેવીઓને માને છે, જ્યારે ૪ %એ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે. આદિવાસી સમાજમાં અગાઉ લગ્ન વખતે બ્રાહ્મણ દ્વારા વિધિ કરાવવાની કોઈ વ્યવસ્થા નહોતી, પણ હવે લગભગ બધા જ બ્રાહ્મણ બોલાવીને હિંદુ વિધિ અનુસાર લગ્ન કરે છે. મૃત્યુ પ્રસંગે પણ બારમું, શ્રાદ્ધ જેવી હિંદુ ધર્મની વિધિઓ કરવામાં આવે છે. જોકે, હજુ પણ મૃત્યુ પ્રસંગે મોટા ભાગના લોકો હિંદુ ધર્મના રીતરિવાજો ઉપરાંત પોતાના સમાજની પારંપરિક વિધિઓ (ખતરું કરવું, સ્મશાને જમણ મૂકવું, ઈત્યાદિ) કરે જ છે. તેનું કારણ આગળ જણાવ્યું છે.

સંસ્કૃતિકરણનો અર્થ માત્ર ઉપલી જ્ઞાતિના ધાર્મિક-સામાજિક રિવાજો કે ટેવો અપનાવવી એટલો જ નથી થતો. એમાં સંદર્ભ જ્ઞાતિના ધાર્મિક તેમ જ બિનધાર્મિક વિચારો અને જીવનમૂલ્યોની અસરો પણ ઝીલાય છે. આગળના પ્રકરણમાં જણાવ્યું છે તેમ શહેરી, આદિવાસી સ્ત્રીઓમાં હિંદુ સમાજનાં ઘણાં મૂલ્યોની અસરો થયેલી જણાય છે. ખાસ કરીને લગ્ન પૂર્વેના જાતીય સંબંધોને કે છૂટાછેડાને અયોગ્ય માનવાં, ગાયને ભોજન કરાવવાથી પુણ્ય મળે છે – જેવા વિચારોમાં માન્યતા ધરાવવી, આ બધી હિંદુ સંસ્કૃતિની અસરો છે. જોકે, વિધવા વિવાહને ૮૮% જેટલા ઉત્તરદાતાઓએ અનુમોદન આપ્યું છે. હિંદુ સમાજમાં વિધવાઓના પુનઃલગ્નને બહુ પ્રોત્સાહન કે અનુમોદન નથી મળ્યું. આદિવાસી સમાજમાં વિધવા સ્ત્રીના પુનઃલગ્ન પર કોઈ જ નિષેધ નથી. વિધવાઓના પુનઃલગ્નની બાબતમાં આ સ્ત્રીઓ પર હિંદુ સમાજનાં મૂલ્યોની લગભગ કોઈ અસર નથી થઈ.

શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓ ઝડપથી પોતાની બોલી, લોકગીતો, લોકનૃત્યો વગેરે છોડી રહી છે. અલબત્ત, આ મહિલાઓનાં મૂળિયાં હજુ પોતાના વતનમાં રહેલાં છે. એટલે મોટા ભાગની મહિલાઓ વતનમાં જાય ત્યારે કુટુંબીજનો સાથે પોતાની બોલીમાં વાતચીત કરે છે. પરંતુ તેમનાં બાળકો તેમની બોલી, લોકગીતો કે લોકનૃત્યો જાણે કે શીખે તેવું મોટા ભાગની મહિલાઓ જરૂરી નથી માનતી. ઘણી મહિલાઓ માને છે કે બાળકો ગુજરાતી ભાષા શીખે અને બોલે એ જ જરૂરી છે, કારણ કે પોતાની બોલી એ ગુજરાતનો જ એક ફાંટો છે. કેટલાક માને છે કે તેને લિપિ નથી એ રીતે એ ગુજરાતી ભાષા કરતાં ઊતરતી અને અશુદ્ધ છે.

પત્રકાર સુમી ક્રિષ્નને તેમના લેખ 'Tribal Languages and Education' (Lokayan Bulletin 10:5:6 1994) માં જણાવ્યું છે,

"The assumption that languages which do not have written literature are somehow inferior is misplaced. Written literature has been an important element in the development of a language. But literature need not mean only that which is written. After all, much of the world's ancient sacred literature, in particular



the early literature in Sanskrit, was oral. Creativity in thought and expression is not dependent on written language."

(આપણામાં એક એવી ધારણા છે કે જે ભાષાઓને લેખિત સાહિત્ય નથી તે ઊતરતી છે. હકીકતમાં આ ધારણા ખોટી છે. ભાષાના વિકાસમાં સાહિત્ય એક બહુ જ મહત્ત્વનું ઘટક રહ્યું છે, પરંતુ સાહિત્ય એ લેખિત સ્વરૂપમાં જ હોય એમ માનવું ખોટું છે. દુનિયાનું સૌથી પ્રાચીન ધાર્મિક સાહિત્ય ખાસ કરીને પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાંથી મોટા ભાગનું સાહિત્ય મૌખિક સ્વરૂપમાં છે. વિચારો કે અભિવ્યક્તિની સર્જનાત્મકતા એ ભાષાના લેખિત સ્વરૂપ પર આધારિત નથી.)

આદિવાસી સમાજમાં લેખિત સાહિત્ય મળતું નથી. આદિવાસી લોકગીતો, હાલરડાં, લગ્નગીતો, પ્રણયગીતો વગેરે સર્જનાત્મકતા, ભાવ અને કલ્પનાની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે. પરંતુ, તે લિપિબદ્ધ નહીં હોવાને કારણે શહેરી, ભદ્ર સમાજ કે ખુદ આદિવાસી પ્રજા (શિક્ષિત વર્ગ પણ) પોતાના આ સમૃદ્ધ કલાવારસાની કિંમત કરી શક્યાં નથી. ઊલટાનું બંને પ્રજા (આદિવાસી અને બિન-આદિવાસી) આદિવાસી બોલીઓને અશુદ્ધ, ઊતરતી અને બિન-ઉપયોગી માને છે. જેમ જેમ આદિવાસી પ્રજા શિક્ષિત થતી જાય છે તેમ તેમ તેમનામાં પોતાની બોલીને છોડીને રાજ્યની મુખ્ય ભાષા અપનાવી લેવાનું વલણ જાગતું જાય છે.

દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં આદિવાસી બોલીઓને (આદિવાસીઓ દ્વારા જ) રાજ્યની મુખ્ય ભાષા સાથે ભેળવી દેવાનું અથવા તો તેને અલગપણે જાળવી રાખવાનું પ્રમાણ જુદું જુદું છે.

જાણીતા ભાષાવિદ્ ડૉ. એલ. એમ. ખૂબચંદાની(૧૯૯૨)એ તેમના સંશોધનમાં જણાવ્યું છે કે મણિપુર, મેઘાલય અને આંદામાન-નિકોબાર દ્વિપસમૂહમાં લગભગ બધી જ આદિવાસી જાતિઓએ તેમની પરંપરાગત બોલીને તેમની માતૃભાષા તરીકે જાળવી રાખી છે. નાગાલૅન્ડ, મિઝોરમ, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ, આસામ વગેરે રાજ્યોમાં પણ ૮૩%થી ૮૯ % જેટલા આદિવાસીઓ પોતાની બોલીને જ પોતાની માતૃભાષા ગણે છે.

સિક્કિમ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં ૨૫%થી ૪૦ % આદિવાસીઓ બિનઆદિવાસી ભાષાને પોતાની માતૃભાષા ગણાવે છે. જોકે, પોતાની બોલીને માતૃભાષા ગણાવનાર આદિવાસીઓનું પ્રમાણ હજુ આ રાજ્યોમાં વધુ છે.

ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં આદિવાસી પ્રજામાં પોતાની બોલીને જાળવી રાખવાનું વલણ ઓછું થતું ગયું છે. અહીં ૪૦ %થી ૭૫ % આદિવાસીઓ બિનઆદિવાસી ભાષાને પોતાની માતૃભાષા ગણાવે છે.

આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરાલા, ગુજરાત, ગોવા, દમણ તેમ જ ઉત્તર પ્રદેશમાં ૭૫%થી પણ વધુ આદિવાસીઓ બિનઆદિવાસી ભાષાને પોતાની માતૃભાષા ગણે છે. અહીં આદિવાસી બોલીઓએ રાજ્યની મુખ્ય ભાષાના વર્ચસ્વ હેઠળ આવી જઈને પોતીકી ઓળખ ગુમાવી દીધી છે અને મુખ્ય ભાષામાં સંમિશ્રિત બની ગઈ છે.

મારા અભ્યાસનાં તારણોમાં પણ એમની આ વાતને અનુમોદન મળે છે કે ગુજરાતના આદિવાસીઓ પોતાની બોલીને ઝડપથી છોડી રહ્યા છે અને શિક્ષિત આદિવાસીઓ તો ગુજરાતીને જ પોતાની માતૃભાષા ગણાવે છે.

શહેરમાં રહેતી આદિવાસી મહિલાઓ પર હિંદુકરણની ગાઢ અસર થઈ છે. તેમના ધાર્મિક અને સામાજિક રીતરિવાજોમાં પરિવર્તન આવ્યું છે અને બહુધા તેઓએ હિંદુ સમાજના રીતરિવાજોને અપનાવી લીધાં છે. પહેરવેશ અને ભાષાને તો સંપૂર્ણપણે અપનાવી લીધાં છે. છતાં તેઓ પંચ પદ્ધતિમાં અને પોતાના પંચના નિર્ણયમાં હજુ પણ ઘણી શ્રદ્ધા ધરાવે છે અને કોર્ટ કરતાં પંચમાં જવું વધુ પસંદ કરે છે તે ઘણું નોંધપાત્ર છે. દેશમાં કોર્ટ-કચેરીમાં બરબાદ થતો સમય અને નાણાં, બંનેથી શહેરી વર્ગ પણ મોટે ભાગે કંટાળી જાય છે. આ સંજોગોમાં આવાં જાતિગત પંચોની વિશ્વસનીયતા અને અસરકારકતા આજે પણ ટકી રહી છે, તે ઘણી નોંધપાત્ર બાબત છે.

ટૂંકમાં, શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓએ તેમની પરંપરાગત જીવનપદ્ધતિની કેટલીક પ્રણાલીઓ જાળવી રાખી છે. પરંતુ, મોટા ભાગની બાબતોમાં શહેરી, હિંદુ સમાજની પ્રણાલીઓને તેમણે અપનાવી લીધી છે. તેમનામાં બિનઆદિવાસીકરણ અને સંસ્કૃતિકરણની પ્રક્રિયા ઝડપથી ઘટી રહી છે. આ દિશામાં તેમનામાં આવેલું પરિવર્તન સ્પષ્ટપણે જોઈ શકાય છે.

# ૮. સામાજિક સંગઠન અને સંપર્કની તરાહમાં આવેલાં પરિવર્તનો

અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા શહેરમાં નોકરી કરતી આદિવાસી ઉત્તરદાતા મહિલાઓમાંથી (૯૫.૮%) મહિલાઓએ અન્ય જિલ્લાઓ એટલે કે પોતાના મૂળ વતનને છોડીને આ શહેરોમાં સ્થળાંતર કર્યું છે. તેઓ મુખ્યત્વે સુરત, વલસાડ, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાંથી આવેલાં છે. આ જિલ્લાઓમાં આવેલાં નાનાં આદિવાસી ગામડાંઓ એ તેમનાં મૂળ વતન છે, જ્યાં હજુ પણ તેમનાં માબાપ, સગાંસંબંધી અને કુટુંબીજનો વસે છે. શિક્ષણ, લગ્ન અને નોકરી જેવાં વિવિધ કારણોસર આ મહિલાઓએ પોતાનાં ગામ અને જિલ્લાને છોડીને અમદાવાદ, ગાંધીનગર જેવાં દૂરનાં શહેરોમાં સ્થળાંતર કર્યું છે.

આ મહિલાઓની એક તરફ શહેરી ઉજળિયાત વર્ગના લોકો અને સહકાર્યકર્તાઓ છે, તો બીજી બાજુ તેમનાં ગામ, વતન અને સમાજના લોકો છે. શહેરના બિનઆદિવાસી સમાજના લોકો સાથે, શહેરમાં વસતા તેમની જાતિના લોકો સાથે અને પોતાના વતન સાથે આ મહિલાઓનો સંપર્ક કેટલો અને કેવા પ્રકારનો છે અને એમના પ્રત્યે આ મહિલાઓનો અભિગમ કેવો છે તેની ટૂંકમાં ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે:

**વતન સાથેનો સંપર્ક :**

ઉત્તરદાતાઓમાંથી ૧૦૩ (૮૭.૩%) મહિલાઓના પતિ અને/અથવા પિતા વતનમાં પારિવારિક મિલકત ધરાવે છે, જેમાંથી ૭૦.૩% જેટલા તો ઘર, જમીન અને ખેતીવાડી ત્રણે પ્રકારની મિલકત ધરાવે છે. ૭૬.૩% પાસે ઘર અને જમીન છે, તો ૭૮.૮% મહિલાઓના પતિ અને/અથવા પિતાનું વતનમાં ઘર છે. આમ ઘર, જમીન, ખેતીવાડી વગેરે પારિવારિક સંપત્તિ હજુ પણ મોટા ભાગના ઉત્તરદાતાઓ પોતાના વતનમાં ધરાવે છે અને એ રીતે તેઓ વતન સાથે જોડાયેલા છે.

ઉત્તરદાતાઓમાંથી ૧૧૩ મહિલાઓ પોતાના ગામની મુલાકાત લે છે. પાંચ મહિલાઓનો જન્મ શહેરમાં જ થયો છે અને તેમના પિતા વર્ષોથી શહેરમાં સ્થાયી થયા છે. એમને પોતાના મૂળ ગામમાં કોઈ પારિવારિક સંપત્તિ કે કુટુંબીજનો નથી. આમ, ઉત્તરદાતાઓમાંથી ૯૫.૮% મહિલાઓ પોતાના ગામની મુલાકાત લે છે. તેઓ વર્ષમાં કેટલી વાર અને કયાં કારણોસર ગામની મુલાકાત લે છે તે નીચેના કોઠામાં દર્શાવ્યું છે:

**કોઠા નં. ૨૦**

**વતનની મુલાકાત અને વતન સાથેનો સંપર્ક**

| ક્રમ | સમય | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | મહિનામાં એક વાર | ૨૧ | ૧૭.૮ |
| (૨) | ત્રણ મહિને એક વાર | ૩૩ | ૨૮.૦ |
| (૩) | છ મહિને એક વાર | ૩૬ | ૩૦.૫ |
| (૪) | વર્ષે એક વાર | ૧૧ | ૯.૩ |
| (૫) | બે-ત્રણ વર્ષે એક વાર | ૦૧ | ૦.૮ |

| | | | |
|---|---|---|---|
| (૬) | નિશ્ચિત નહીં | ૧૧ | ૯.૩ |
| (૭) | ક્યારેય નહીં | ૦૫ | ૪.૨ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦ |

કોઠામાં દર્શાવ્યા પ્રમાણે છ મહિને એક વાર વતનની મુલાકાત લેનાર મહિલાઓની સંખ્યા સૌથી વધુ (૩૦.૫%) છે. ૨૮% ઉત્તરદાતાઓ ત્રણ મહિને એક વાર, જ્યારે ૧૭.૮% ઉત્તરદાતાઓ મહિને એક વાર પોતાના વતનની મુલાકાત લે છે. ૯.૩% ઉત્તરદાતાઓ વર્ષે એક વાર વતન જાય છે અને બીજા એટલા જ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમની વતનની મુલાકાત નિશ્ચિત હોતી નથી. ક્યારેક કોઈક પ્રસંગો હોય તો વર્ષમાં બેત્રણ વાર પણ જવાનું થાય તો કોઈ વર્ષે માત્ર એક વાર વતન જઈ શકાય એવું પણ બને.

ઉત્તરદાતાઓમાંથી સહુથી વધુ મહિલાઓ છ મહિને એક વાર વતનની મુલાકાત લે છે. એનું કારણ બહુ જ સ્પષ્ટ છે. બધી મહિલાઓનાં બાળકો અભ્યાસ કરતાં હોવાથી અને મહિલાઓ પોતે પણ નોકરી કરતી હોવાથી દિવાળીની રજાઓ અને ઉનાળુ વૅકેશનમાં જ તેઓ પોતાને વતન જઈ શકે છે. ઘણી મહિલાઓએ જણાવ્યું કે તેમને હોળી જેવા તહેવારોએ કે કુટુંબમાં કોઈના લગ્નપ્રસંગે વતનમાં જવાની ઘણી વાર ઇચ્છા થાય છે, પણ નોકરીને લીધે વારંવાર રજાઓ લઈને નીકળી નથી શકાતું. ૨૮% મહિલાઓ શનિ-રવિની રજાઓ કે અન્ય રીતે રજાઓ ગોઠવીને ત્રણ મહિને એક વાર વતન ટૂંક સમય માટે જઈ આવે છે. જ્યારે ૧૭.૮% મહિલાઓ માત્ર એક જ દિવસ માટે, પણ દર મહિને નિયમિત રીતે વતનની મુલાકાત લે છે. આમાં અપરિણીત મહિલાઓ, જેઓનાં માતાપિતા, ભાઈબહેન વગેરે વતનમાં છે તેમની સંખ્યા વિશેષ છે.

નોકરીને લીધે, બાળકો શહેરમાં અભ્યાસ કરતાં હોવાથી તેમ જ વતન એ હાલના રહેવાના સ્થળથી સારું એવું દૂર હોવાથી મોટા ભાગની નોકરિયાત આદિવાસી મહિલાઓનું વતન આવાગમન ઘણું ઓછું થઈ ગયું છે.

**વતનની મુલાકાત લેવાનાં કારણો :**

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓનું વતન જવાનું મુખ્ય કારણ સગાંસંબંધીઓને મળવા જવાનું, કુટુંબીજનોના ખબરઅંતર જાણવા જવાનું છે. ૬૫.૫% ઉત્તરદાતાઓએ તેને વતન જવા પાછળનું મુખ્ય કારણ જણાવ્યું છે. જોકે આ મહિલાઓએ વતન જવાનાં અન્ય કારણ પણ દર્શાવ્યાં છે, જેમાં કુટુંબમાં લગ્ન કે મૃત્યુ જેવા સામાજિક પ્રસંગો, ધાર્મિક પ્રસંગોએ હાજરી આપવા અને દિવાળી, હોળી જેવા તહેવારોની ઉજવણી માટે તેઓ વતનની મુલાકાત લે છે. ૮ મહિલાઓએ જણાવ્યું કે ખેતી અને અન્ય મિલકતની દેખરેખ માટે પણ તેમને વતનની મુલાકાત લેવી પડે છે.

આગળનાં પ્રકરણોમાં જણાવ્યું છે તેમ શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓની આ પ્રથમ પેઢી છે, જેમનાં મૂળિયાં હજુ પણ તેમના ગામમાં રહેલાં છે. લગભગ દરેકનાં માતાપિતા, ભાઈબહેન, સાસુસસરા, દિયરજેઠ આદિ સગાંઓ અને કુટુંબીજનો હજુ પણ નાનાં ગામડાંઓમાં જ રહે છે એટલે મુખ્યત્વે તો કુટુંબીજનોને મળવા માટે આ મહિલાઓ વતનની મુલાકાત લે છે.



**વતનમાં અનુકૂલન :**

ઉત્તરદાતા મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ શહેરમાં દસ કે તેથી વધુ વર્ષોથી રહે છે. શહેરમાં આધુનિક સુખસગવડનાં સાધનો અને આરામદાયક જિંદગીથી ટેવાઈ ગયેલી આ મહિલાઓને પોતાના વતનમાં – ગામમાં – રહેવામાં, સગાંસંબંધીઓ સાથે અનુકૂળ થવામાં કોઈ તકલીફ નથી પડતી એવું તેમનું કહેવું છે. માત્ર ૭% મહિલાઓએ જણાવ્યું કે ગામમાં જઈએ ત્યારે થોડી તકલીફ પડે છે જેમ કે ત્યાં લાજ કાઢવી પડે, ઘરની બહાર બહુ નીકળાય નહીં, સસરા, જેઠ વગેરેની સામે જવાય નહીં. આમ, થોડી મૂંઝવણ અનુભવાય.

સાબરકાંઠાની ડુંગરી ગરાસિયા જાતિમાં રજપૂત સમાજની અસરને લીધે સ્ત્રીઓમાં લાજ કાઢવાનો રિવાજ છે. આ ઉપરાંત સ્ત્રીઓ ઉપર ઘણી મર્યાદાઓ પણ છે. આવી મર્યાદાઓ દક્ષિણ ગુજરાતની આદિવાસી જાતિઓમાં નથી. જે સ્ત્રીઓએ ગામમાં અનુકૂળ થવામાં તકલીફ પડે છે એમ જણાવ્યું છે તે તમામ ભીલ કે ડુંગરી ગરાસિયા જાતિની છે. અલબત્ત, આ જાતિની તમામ ઉત્તરદાતા મહિલાઓએ આવી તકલીફની વાત નથી જણાવી. પણ થોડીક મહિલાઓએ નિખાલસ બનીને કબૂલ્યું કે ગામમાં જઈએ ત્યારે ત્યાં અનુકૂળ થવામાં તકલીફ પડે છે. તેમની વાત સમજી શકાય એવી છે. શહેરના આધુનિક વાતાવરણમાં, સ્વતંત્ર રીતે રહ્યા પછી અને શિક્ષિત થયા પછી લાજ કાઢવી કે સ્ત્રી તરીકે અમુક રૂઢિગત મર્યાદાઓ જાળવવી – જેવા રિવાજો તેમને ન જચે એ સ્વાભાવિક છે.

મોટા ભાગની મહિલાઓએ જણાવ્યું કે વતનમાં જવાનું તો ખૂબ ગમે, પણ નોકરીને લીધે વારંવાર જઈ નથી શકાતું. નાનપણમાં ગામમાં જ રહ્યાં હોવાથી ત્યાં કશી તકલીફ ન પડે, ઊલટાનું ગમે. એક અધિકારી બહેને તો જણાવ્યું કે હું તો આજે પણ જેવી ગામની ભાગોળે ઊતરું કે ગામના લોકો સાથે અમારી બોલીમાં જ વાત કરવા લાગું છું અને ખેતરમાં મારી ઘરડી માને કામકાજમાં મદદ પણ કરવા લાગું છું. અમદાવાદના સાબરમતી આશ્રમની શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતી એક આદિવાસી મહિલાએ જણાવ્યું કે અહીં આશ્રમમાં સવારે પક્ષીઓનો કલરવ સાંભળું છું અને મને મારું ગામ સાંભરી આવે છે. ત્યાં પણ સવારે આ રીતે પક્ષીઓનો કલરવ સંભળાય છે અને ઘડીભર મને થાય છે કે હું મારા ગામમાં છું.

જોકે, આવી વાતો માત્ર ચાર-પાંચ મહિલાઓએ જ કરી. દક્ષિણ ગુજરાતનાં આદિવાસી ગામડાંઓની મારી મુલાકાત દરમિયાન ગામલોકોએ થોડી જુદી જ વાત કહી હતી. તેમણે જણાવ્યું હતું કે શહેરમાં ભણીગણીને નોકરી કરતા અમારા સમાજના લોકો પોતાને 'સુધરેલા', 'ઊંચા' માને છે અને ગામના અમારા જેવા અભણ લોકો તરફ તિરસ્કારથી જુએ છે. અહીં ખુલ્લામાં નહાવું પડે કે જમીન પર સૂવું પડે એ તેમને નથી ગમતું. એટલે ગામમાં આવે તોપણ તેઓ બહુ દિવસો નથી રોકાતા. કેટલાક લોકો તો પોતાનાં અભણ માબાપને શહેરમાં પોતાના ઘરે બોલાવતાં પણ શરમ અનુભવે છે અને ઇચ્છે છે કે તેઓ શહેરમાં ન આવે.

ઉત્તરદાતા મહિલાઓમાંથી તમામ મહિલાઓએ જણાવ્યું કે ગામમાંથી એમનાં સગાંસંબંધીઓ શહેરમાં પોતાના ઘરે આવે ત્યારે એમની સાથે અનુકૂળ થવામાં તેમને કોઈ તકલીફ નથી પડતી. મોટે ભાગે આ વાત સાચી હશે, પણ આ તમામ સ્ત્રીઓ શિક્ષિત હોવાથી કેટલાક જવાબો પસંદગીયુક્ત (desirable answers) મળ્યા હોવાની શકયતા નકારી

શકાય એમ નથી. આ શક્યતાને અનુમોદન આપતો એક અનુભવ વડોદરા શહેરમાં થયો. વડોદરામાં ઊંચા હોદ્દા પર કામ કરતાં એક આદિવાસી મહિલાએ જણાવ્યું કે વતનમાંથી એમનાં સગાંસંબંધી એમના ઘરે આવે છે ત્યારે એમની સાથે અનુકૂળ થવામાં કોઈ તકલીફ પડતી નથી. સંજોગોવશાત્ એમની સાથે જ કામ કરતાં એક બિનઆદિવાસી મહિલાને ઘરે જવાનું થયું, ત્યારે વાતવાતમાં તેમણે જણાવ્યું કે જ્યારે વતનમાંથી કોઈ સગાંસંબંધી એ આદિવાસી બહેનના ઘરે આવે છે ત્યારે તેઓ અકળાઈ ઊઠે છે અને ઘણી વાર કહે છે કે, એ લોકો ઈંડાં, માંસ, મચ્છી ખાય છે, શહેરી રીતભાત જાણતાં નથી, પછાત છે એટલે અમને ઘણો સંકોચ થાય છે. આમ, સર્વે દરમિયાન ક્યારેક વાસ્તવિકતાથી જુદા જવાબો મળ્યા હોય તેવું પણ બન્યું છે.

નોકરિયાત આદિવાસી મહિલાઓનો જન્મ ગામમાં જ થયો હોવાથી અને બાળપણ પણ તેમના ગામમાં જ વીત્યું હોવાથી ગામ સાથેનો તેમનો નાતો લાગણીસભર હોય તે સ્વાભાવિક છે. પરંતુ, તેમનાં બાળકોનું શું? આ મહિલાઓનાં બાળકોનો જન્મ અને ઉછેર શહેરમાં થયો છે. શું તેમને ગામમાં જવું ગમે છે? ત્યાં રહેવામાં, સગાંસંબંધીઓ સાથે અનુકૂળ થવામાં કોઈ તકલીફ પડે છે?

ઉત્તરદાતાઓમાંથી ફક્ત ૧૬% મહિલાઓએ જણાવ્યું કે તેમનાં બાળકોને ગામમાં તકલીફ પડે છે. ખાસ તો ખોરાકની બાબતમાં. ગામમાં તો ચોખાના રોટલા ને શાક જેવો ખોરાક હોય. બાળકોને શહેરમાં બિસ્કિટ, રોટલી, દાળભાત જેવા ખોરાકની ટેવ પડી ગઈ હોય. કેટલીક મહિલાઓએ જણાવ્યું કે ગામમાં બાળકો એકલાં પડી જાય છે. તેઓ બોલી ન જાણતાં હોવાથી ગામનાં બાળકો કે વડીલો સાથે ભળી શકતાં નથી. જ્યારે કેટલીક મહિલાઓએ સ્પષ્ટ જણાવ્યું કે બાળકોને ગામમાં આવવું ગમતું જ નથી. ત્યાં રહેવાની, ખાવાની, લોકો સાથે અનુકૂળ થવાની તકલીફ તો તેમને પડે જ છે અને શહેરના આધુનિક વાતાવરણમાં રહ્યાં હોવાથી તેઓને ગામડું ગમતું જ નથી.

જોકે, આવી વાત માત્ર ૧૬% મહિલાઓએ જણાવી. બાકી ૮૪% મહિલાઓએ જણાવ્યું કે તેમનાં બાળકોને તો વતન બહુ ગમે છે. કારણ સ્પષ્ટ છે. એક તો વર્ષમાં માત્ર બે-ત્રણ વાર ગામડે જતાં હોવાથી ત્યાં દાદા-દાદી બધા પ્રેમથી રાખે, ખેતરોમાં લઈ જાય. (શહેરમાંથી આવ્યા હોવાથી થોડો વટ પણ પડે.) એટલે થોડા દિવસ માટે તો ગામમાં જવું ગમે.

કેટલાક ઉત્તરદાતાઓને ઘરે તેમની મુલાકાત લીધી ત્યારે તેમનાં કિશોર વયનાં સંતાનો સાથે પણ થોડી વાતો કરી. તેમની સાથેની વાતચીત પરથી એક સામાન્ય તારણ એ નીકળ્યું કે નાની ઉંમરના છોકરાઓને ગામમાં ગમે છે, પણ જેમ જેમ તેઓ મોટા થતા જાય છે તેમ તેમ ગામ અને ત્યાંના જીવન પ્રત્યે તેમને અરુચિ થતી જાય છે. કિશોર વયની કેટલીક છોકરીઓએ મને જણાવ્યું કે ગામમાં દસેક દિવસ ગમે, પછી ક્યારે પાછા શહેરમાં જતા રહીએ એમ થાય.

ગાંધીનગરમાં સચિવાલયમાં ક્લાર્ક તરીકે નોકરી કરતાં એક આદિવાસી મહિલાએ બહુ રસપ્રદ વાત કરી. તેમણે જણાવ્યું : ''ગામમાં જમીન, ઘર અને ખેતીવાડી છે એટલે ગામમાં મહિને એક આંટો તો મારવાનો જ. છોકરાઓને પણ શિખવાડ્યું છે કે ગામ સાથે સંબંધ જાળવી રાખવાનો. હવે તો અમને પણ નોકરી મેળવવા માટે બહુ મુશ્કેલીઓ પડે



છે. બાળકોને ભવિષ્યમાં નોકરી મળશે કે નહીં કોને ખબર? ગામમાં જમીન હોય તો છેવટે ખેતી તો થઈ શકે. એટલે જમીન અને ખેતી પરનો હક્ક જતો ના રહે તેની ખાસ તકેદારી રાખવાની અને મહિને-બે મહિને – ગામમાં આંટો મારવાનો ને છોકરાંઓને પણ લઈ જવાનાં.'' તેમણે એક દાખલો પણ આપ્યો. એમના જ ગામનું એક કુટુંબ છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષથી સ્થળાંતર કરીને શહેરમાં સ્થાયી થયેલું. કુટુંબના છોકરાઓએ પોતાના ગામમાં કાકા, તેમના દીકરા, સગાંસંબંધીઓ કોઈની સાથે સંબંધ ના રાખ્યો. થોડાં વર્ષો પહેલાં તેઓ અચાનક પોતાના ગામમાં જમીનનો અને ખેતીનો ભાગ માગવા ગયા તો કોઈએ ઊભા ના રાખ્યા. ગામના લોકોએ તો સંભળાવી દીધું કે આટલાં વર્ષો ગામ સાથે કશો સંબંધ ના રાખ્યો અને હવે શેના ભાગ માગવા આવ્યા છો? આમ કહી તેમને ગામમાંથી હાંકી કાઢ્યા.

આવા બનાવો પરથી શહેરમાં રહેતાં, નોકરી કરતાં આદિવાસી સ્ત્રી-પુરુષો ચેતી ગયાં છે અને જમીન અને ખેતીને લીધે પણ તેઓ પોતાના ગામ સાથેનો સંપર્ક જાળવી રાખશે તે નિશ્ચિત છે.

**શહેરમાં પોતાની જાતિ અને બિનઆદિવાસી સમાજ સાથેનો સંપર્ક :**

શહેરમાં રહેતી નોકરિયાત આદિવાસી મહિલાઓ નોકરીના સ્થળે અને પડોશમાં બિનઆદિવાસી સમાજના સતત સંપર્કમાં રહે છે. સાથોસાથ તેમની જાતિના અન્ય લોકો, જે તેમના શહેરમાં વસે છે, તેમની સાથે પણ તેમનો સંપર્ક રહે છે. આગળ જણાવ્યું તેમ પોતાના ગામમાં તો તેઓ વારંવાર જઈ નથી શકતાં, પરંતુ પોતાના જ શહેરમાં નોકરી કરતા પોતાની કે અન્ય આદિવાસી જાતિના લોકો સાથે તેઓ કેટલો અને કેવા પ્રકારનો સંબંધ રાખે છે તે નીચેના કોઠામાં દર્શાવ્યું છે:

**કોઠા નં. ૨૧**

**શહેરમાં પોતાની જાતિના લોકો સાથેનો સંપર્ક**

| ક્રમ | પ્રમાણ | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | ખૂબ જ | ૪૭ | ૩૯.૮ |
| (૨) | સાધારણ | ૬૦ | ૫૦.૮ |
| (૩) | ઓછો | ૦૭ | ૦૫.૯ |
| (૪) | બિલકુલ નહીં | ૦૪ | ૦૩.૫ |
| | | કુલ ૧૧૮ | ૧૦૦.૦ |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ ૫૦.૮% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે શહેરમાં પોતાની જાતિના લોકો સાથે તેમનો સંપર્ક સાધારણ પ્રમાણમાં છે, જ્યારે ૩૯.૮% ઉત્તરદાતાઓના જણાવ્યા પ્રમાણે શહેરમાં વસતા તેમની જાતિના લોકો સાથે તેમનો ગાઢ સંપર્ક છે. ૫.૯% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે જાતિના અન્ય લોકો સાથે તેમનો સંપર્ક ઓછો છે અને ૩.૫% મહિલાઓનો શહેરમાં તેમની જાતિના લોકો સાથે બિલકુલ સંપર્ક નથી.

શહેરમાં નોકરિયાત આદિવાસી સમાજના લોકોનું પ્રમાણ છેલ્લા બે દાયકાઓમાં ધીમી

ગતિથી, પણ સતત વધ્યું છે છતાં, હજુ પણ તેમની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે. આવા સંજોગોમાં એક જ શહેરમાં રહેતા પોતાની જાતિ કે સમાજના લોકો સાથે તેમનો ઘનિષ્ઠ સંબંધ હશે એવી એક ધારણા કરી શકાય. પરંતુ અડધાથી પણ વધુ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે શહેરમાં પોતાની જાતિના લોકો સાથે તેઓ સાધારણ સંપર્ક ધરાવે છે. આનું મુખ્ય કારણ નોકરી છે. પતિ-પત્ની બંને નોકરી કરતાં હોવાથી દેખીતી રીતે જ સામાજિક વ્યવહારો ઓછા થઈ જાય છે. પોતાની જાતિના અન્ય લોકો શહેરમાં ક્યાં છે, ક્યાં નોકરી કરે છે એ ખબર હોવા છતાં આખું અઠવાડિયું નોકરી અને ઘરની જવાબદારીઓમાં પસાર થઈ જાય છે એથી બહુ ઘનિષ્ઠ સામાજિક વ્યવહાર પ્રસ્થાપિત થઈ શકતો નથી, એમ મોટા ભાગના ઉત્તરદાતાઓએ જણાવ્યું.

આ સમસ્યા માત્ર આદિવાસીની નહીં, પણ દરેક વર્ગની નોકરી કરતી સ્ત્રીની સમસ્યા છે. અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં સાબરકાંઠાના ડુંગરી ગરાસિયા જાતિના લોકોનું પ્રમાણ વિશેષ છે. આ લોકો પોતાની જાતિના લોકો સાથે ઘનિષ્ઠ સંપર્ક કે સંબંધ ધરાવતા હોવાનું અભ્યાસ દરમિયાન જણાયું. આનું એક કારણ એ છે કે અહીં આવેલા મોટા ભાગના ડુંગરી ગરાસિયા લોકો સાબરકાંઠાના વિજયનગર અને ભીલોડા તાલુકાના છે. સાબરકાંઠા જિલ્લામાં આ બે જ તાલુકાઓમાં શિક્ષણનો વિશેષ પ્રસાર થયો છે. કેટલાકનાં તો ગામ પણ એક જ છે. આમ, મૂળે એક ગામના હોવાથી કે નજીક નજીકનાં ગામોમાં વસતા હોવાથી નાનપણથી તેઓ એકબીજાને ઓળખે છે; કેટલીક મહિલાઓ તો સ્કૂલમાં કે કૉલેજકાળ દરમિયાન એક જ હોસ્ટેલમાં સાથે રહીને ભણી હોવાના દાખલા છે. તેઓ એકબીજાને સારી રીતે ઓળખે છે, પણ શહેરનું ઘડિયાળના કાંટે ચાલતું જીવન અને નોકરીની ઘટમાળને લીધે વારંવાર મળી નથી શકાતું એનો તેમને અફસોસ છે.

ઉત્તરદાતાઓમાંથી માત્ર ૭ મહિલાઓએ જણાવ્યું કે શહેરમાં પોતાની જાતિના લોકો સાથે તેમનો સંપર્ક ઘણો ઓછો છે. ૪ સ્ત્રીઓએ જણાવ્યું કે જાતિના લોકો સાથે તેમને બિલકુલ સંપર્ક નથી. જે મહિલાઓ ઉચ્ચ હોદ્દાઓ પર કામ કરે છે અને જેમના પતિ પણ વર્ગ-૧ અધિકારી કે ડૉક્ટર જેવા ઊંચા હોદ્દા કે વ્યવસાયમાં કામ કરે છે તેઓ પોતાની જાતિના અન્ય ઓછું ભણેલા લોકો કરતાં શહેરના બિનઆદિવાસી અને ઊંચા હોદ્દા પર કામ કરતા લોકોના વિશેષ સંપર્કમાં છે. જ્યારે ૫ મહિલાઓનો જન્મ જ શહેરમાં થયો છે તેથી પોતાની જાતિ કરતાં શહેરના બિનઆદિવાસી લોકો તેમના મિત્રવર્તુળમાં વિશેષ છે.

**જાતિનાં મંડળો :**

આદિવાસી નોકરિયાત સ્ત્રી-પુરુષો શહેરમાં વસતાં થયાં પછી ગામ સાથેનો, વતન સાથેનો તેમનો સંપર્ક ઓછો થઈ ગયો છે. બીજી બાજુ શહેરના બિનઆદિવાસી સમાજ સાથે પણ તેઓ સંપૂર્ણપણે ભળી શક્યાં નથી. આવા સંજોગોમાં તેઓ એક પ્રકારની 'આઇડેન્ટિટી ક્રાઇસિસ' અનુભવતા હોય તેવું શક્ય છે.

શહેરમાં જેમ લોહાણા, બ્રાહ્મણ, પટેલ, જૈન, નાગર વગેરે વિવિધ જાતિનાં મંડળો હોય છે તેમ છેલ્લાં થોડાં વર્ષોથી શહેરમાં વસતા વિવિધ આદિવાસી જાતિના લોકોએ પણ આવાં, પોતાની જાતિનાં મંડળો સ્થાપ્યાં છે. ગાંધીનગરમાં ચૌધરી, ધોડિયા અને કોંકણા જાતિનાં આવાં મંડળો છે, જેઓ વર્ષમાં એક કે બે વાર સંમેલનો યોજે છે. એમાં શહેરમાં રહેતા જે તે જાતિના લોકો ભેગા થાય છે. જેમનાં બાળકોએ શિક્ષણમાં સારી સિદ્ધિ મેળવી



હોય તેમને ઇનામો આપવામાં આવે છે. એક ૨૯ વર્ષીય ઉત્તરદાતા મહિલા, જેઓ ચૌધરી જાતિનાં છે અને અપરિણીત છે, ખૂબ ખંતીલાં અને ધગશવાળાં છે, તેઓ પોતાની જાતિના મંડળના સક્રિય કાર્યકર છે અને કારોબારી સમિતિના સભ્ય છે. તેમણે જણાવ્યું કે, ''જાતિનાં મંડળના કાર્યક્રમો અંગે, લોકોને એકત્રિત અને સંગઠિત કરવા માટે હું અવારનવાર મીટિંગમાં સૂચનો કરું છું અને અમારી જાતિના મંડળનું મુખપત્ર બહાર પડે તે માટેના પણ પ્રયત્નો કરી રહી છું, છતાં હજુ અમારી જાતિના લોકોનો પૂરતો સહકાર સાંપડતો નથી.''

ધોડિયા જાતિનાં એક આદિવાસી મહિલા ઉત્તરદાતાના ઘરે ગઈ ત્યારે તેમના પતિએ પણ આ અંગે થોડો ખેદ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ''અમારી જાતિનું મંડળ ગાંધીનગરમાં સ્થપાયું છે, પરંતુ લોકો સક્રિયપણે ભાગ લેતા નથી. જાતિના લોકોના વિકાસ માટે, રચનાત્મક કાર્યો માટે કોઈ નક્કર પગલાં ભરતાં નથી અને હજુ પણ અમારા શહેરી સમાજમાં, હોવી જોઈએ તેવી એકતા કે જૂથની ભાવના જાગ્રત નથી થઈ.''

આમ, શહેરોમાં વિવિધ આદિવાસી જાતિનાં મંડળો સ્થપાયાં છે, જેને કારણે આ જાતિઓમાં એક સમૂહ કે જૂથની ભાવના જાગી રહી છે પણ અભ્યાસ પરથી જણાયું કે હજુ આવાં મંડળોની રચના અને કાર્યશીલતા પ્રાથમિકતાના સ્તરે છે.

એક બીજી નોંધપાત્ર વાત એ જાણવા મળી કે શહેરોમાં વસતી વિવિધ આદિવાસી જાતિઓમાં જાતિગત સંપર્ક ભલે સાધારણ હોય, પણ એક આદિવાસી સમાજ તરીકેની એકતા તેમનામાં દેખાય છે.

અમદાવાદ અને ગાંધીનગર શહેરોમાં જુદી જુદી સરકારી કચેરીઓમાં નોકરી કરતી જુદી જુદી જાતિની આદિવાસી મહિલાઓ એકબીજાના નામથી પરિચિત હોય અથવા ઔપચારિક રીતે એકબીજાને ઓળખતી હોય તેવા તો ઘણા દાખલા મળ્યા. આમ તો આદિવાસી જાતિઓમાં પણ ઊંચનીચના ભેદ છે, પરંતુ શહેરોમાં આવ્યા પછી આવા જાતિગત ભેદને બાજુએ રાખીને એક આદિવાસી સમાજ તરીકે કે જૂથ તરીકે તેઓ પોતાને ગણે છે. જે આદિવાસી સ્ત્રીઓ સરકારી કચેરીઓમાં અને સચિવાલયમાં વર્ગ-૧ અધિકારી કે વર્ગ-૨ અધિકારી જેવા ઊંચા હોદ્દાઓ પર છે તેમને તો લગભગ બધી જ નોકરિયાત આદિવાસી સ્ત્રીઓ (ભલે તેઓ તેમનાથી અલગ જાતિની હોય) ઓળખે છે અને એક આદિવાસી સ્ત્રી આ કક્ષાએ પહોંચી છે તેનું ગૌરવ પણ પ્રગટ કરે છે.

એક જ કચેરીમાં જો જુદી જુદી જાતિઓની આદિવાસી સ્ત્રીઓ કામ કરતી હોય તો તેમનામાં પણ એકતા કે જૂથની ભાવના જોવા મળે છે અને તે બધા એક સમાજના — આદિવાસી સમાજના — છે તેવી લાગણી તેમનામાં પ્રતિબિંબિત થતી જોવા મળે છે.

**મિત્રવર્તુળ :**

શહેરમાં રહેતી આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ સરકારી વસાહતોમાં રહે છે, જ્યાં આદિવાસી અને બિનઆદિવાસી બંને સમાજના લોકો તેમના પાડોશી છે. તે ઉપરાંત નોકરીના સ્થળે પણ આદિવાસી અને બિનઆદિવાસી બંને સમાજના લોકો તેમના સહકાર્યકર્તાઓ છે. આમ, બંને સમાજ સાથે તેઓ સંબંધ ધરાવે છે. આવા સંજોગોમાં તેમના નજીકના મિત્રવર્તુળમાં કઈ જાતિના લોકો વધુ છે તે નીચેના કોઠામાં દર્શાવ્યું છે :

**કોઠા નં. ૨૨**

**ઉત્તરદાતાઓના નજીકનાં પારિવારિક મિત્રો**

| ક્રમ | જાતિ | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | પોતાની જાતિના લોકો | ૪૮ | ૪૦.૭ |
| (૨) | બિનઆદિવાસી લોકો | ૧૩ | ૧૧.૦ |
| (૩) | આદિવાસી અને બિનઆદિવાસી બંને જાતિના લોકો | ૫૩ | ૪૪.૯ |
| (૪) | જવાબ અપ્રાપ્ય | ૦૪ | ૦૫.૪ |
| | કુલ | ૧૧૮ | ૧૦૦.૦ |

ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ મહિલાઓએ (૪૪.૯%) આદિવાસી અને બિનઆદિવાસી બંને સમાજના લોકો તેમના પારિવારિક મિત્રો છે એમ જણાવ્યું, જ્યારે ૪૦.૭% ઉત્તરદાતાઓએ પોતાની જાતિના લોકો તેમના નજીકના મિત્રો છે એમ જણાવ્યું. ફક્ત ૧૧.૦% ઉત્તરદાતાઓએ બિનઆદિવાસી લોકોને પોતાના નજીકના મિત્રો તરીકે ગણાવ્યા.

ઉત્તરદાતા મહિલાઓમાંથી મોટા ભાગનો વર્ગ શહેરોમાં દસ કે તેથી વધુ વર્ષોથી સ્થાયી થયેલો છે. ભાષા, પહેરવેશ, ખોરાક, રહેણીકરણી — આ તમામ બાબતોમાં તેમણે શહેરી સંસ્કૃતિને પૂરેપૂરી રીતે આત્મસાત્ કરી લીધી છે. આમ, શહેરની બિનઆદિવાસી પ્રજા સાથેનું તેમનું સંમિશ્રણ (assimilation) થઈ ગયું છે. આ સંજોગોમાં તેમની જાતિના લોકો ઉપરાંત તેમની આજુબાજુ વસતા બિનઆદિવાસી પાડોશીઓ સાથે પણ તેમને સારો ઘરોબો થઈ ગયો છે. જ્યારે પણ મુલાકાત માટે હું ઉત્તરદાતા મહિલાઓના ઘરે ગઈ ત્યારે મેં અવલોકન કર્યું કે તેમની આસપાસના બિનઆદિવાસી લોકો સાથે તેમને સારો સંબંધ છે. તેમનાં બાળકો એકબીજા સાથે હળેભળે છે અને બિનઆદિવાસી લોકો પણ આ આદિવાસી મહિલાઓ પ્રત્યે કોઈ ભેદભાવ રાખતા નથી અને પાડોશીઓ તરીકે સારો સંબંધ રાખે છે.

તે જ રીતે કામકાજનાં સ્થળોએ પણ આદિવાસી અને બિનઆદિવાસી મહિલાઓ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો છે. એક ઉત્તરદાતાએ જણાવ્યું, ''મારી એક-બે નિકટની સહેલીઓ બિનઆદિવાસી જ છે. મિત્રતામાં જાતિ બહુ મહત્ત્વની નથી. સામેની વ્યક્તિ સાથે તમારો કેટલો મનમેળ છે, બંનેના સ્વભાવમાં કેટલું મળતાપણું છે એ બધી બાબતો મૈત્રીસંબંધોમાં નિર્ણાયક બને છે.''

૪૦.૭% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે શહેરમાં તેમની જાતિના લોકો તેમના નજીકના પારિવારિક મિત્રો છે. ડુંગરી ગરાસિયા અને ધોડિયા જેવી જાતિના લોકો કે જેમની સંખ્યા શહેરોમાં સારા પ્રમાણમાં છે તેમનો પોતાની જાતિના લોકો સાથે સારો સંપર્ક છે. વળી, કેટલાકનાં દૂરનાં કે નજીકનાં સગાં પણ આ શહેરમાં વસે છે. ગાંધીનગર સચિવાલયમાં વિવિધ ખાતાંઓમાં ઘણી આદિવાસી સ્ત્રીઓ કામ કરે છે. એક જ કચેરીમાં કે સંકુલમાં કામ કરતાં હોવાથી અને નજીક નજીક રહેતાં હોવાથી બિનઆદિવાસી સહકાર્યકર્તાઓ કરતાં પોતાની જાતિની મહિલાઓ સાથે તેમને વિશેષ મૈત્રી છે, એવું અભ્યાસ દરમિયાન અવલોકન કર્યું. અહીં રિસેસના સમયમાં પણ વિવિધ ખાતાંઓમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓ એકત્રિત થઈને નાસ્તોપાણી કરે છે. આ રીતે બિનઆદિવાસી સ્ત્રીઓ કરતાં



પોતાની જાતિની અને અન્ય આદિવાસી જાતિની સ્ત્રીઓ સાથે તેમને વિશેષ મૈત્રી અને આત્મીયતા છે. ફક્ત ૧૩ આદિવાસી મહિલાઓએ બિનઆદિવાસી લોકોને પોતાના નજીકના પારિવારિક મિત્રો ગણાવ્યા. આમાંની ૪ કે ૫ મહિલાઓ ડૉક્ટર, લેક્ચરર જેવા ઊંચા હોદ્દા પર કામ કરે છે અને તેમના પતિ પણ ઊંચો વ્યાવસાયિક દરજ્જો ધરાવે છે. દેખીતી રીતે જ શહેરમાં તેમની કક્ષાના, તેમના સમાજના લોકોનું પ્રમાણ નહીંવત્ છે. તેમના સમાજના જે લોકો ક્લાર્ક કે અન્ય નીચા હોદ્દાઓ ઉપર કામ કરે છે તેમની સાથે તેમનું વૈચારિક રીતે અનુકૂલન ન થઈ શકતું હોય તેમ બને. શક્ય છે કે કદાચ તેમની સાથે સંબંધો રાખવામાં તેઓ નાનમ પણ અનુભવતા હોય. આવા સંજોગોમાં બિનઆદિવાસી લોકો, જે તેમના સહકાર્યકર્તા છે અને તેમના જેટલી શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત ધરાવે છે તેમની સાથે જ તેમને મૈત્રીસંબંધો છે. ટૂંકમાં, શહેરમાં નોકરી કરતી મોટા ભાગની આદિવાસી સ્ત્રીઓએ પોતાની જાતિના લોકો સાથે તો સંપર્ક રાખ્યો જ છે, પરંતુ બિનઆદિવાસી સ્ત્રીઓ અને સમાજ સાથે પણ તેમણે સારી રીતે અનુકૂલન સાધ્યું છે અને મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવ્યા છે.

બિનઆદિવાસી મિત્રો તેમના ઘરે લગ્ન આદિ પ્રસંગોમાં કે તહેવારો નિમિત્તે આવે છે તે જ રીતે તેઓ પણ શહેરના બિનઆદિવાસી સહકાર્યકર્તાઓ કે પતિના મિત્રોના ઘરની પ્રસંગોપાત્ત મુલાકાત લે છે. બિનઆદિવાસી સમાજ સાથેનું તેમનું આટલું સંમિશ્રણ એ નિશ્ચિત રીતે નોકરીને આભારી છે, કારણ કે નોકરીને લીધે જ તેઓ બિનઆદિવાસી લોકોના સતત અને વધુ સંપર્કમાં આવ્યા છે અને નોકરી પૂરતા પણ તેમની વચ્ચે સંબંધો પ્રસ્થાપિત થયા છે. શહેરમાં રહેતી, નોકરી નહીં કરતી આદિવાસી સ્ત્રીઓ, બિનઆદિવાસી સ્ત્રીઓ અને લોકો સાથે આટલા મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવી શકે કે કેમ તે એક જુદી તપાસનો વિષય છે.

**ગામની અને શહેરની જિંદગી પ્રત્યેનું મનોવલણ :**

ઉત્તરદાતા આદિવાસી મહિલાઓમાંથી ૯૬% મહિલાઓનો જન્મ ગામડાંઓમાં થયો છે અને તેમનાં કુટુંબીજનો પણ હજુ ગામડાંમાં જ વસે છે. શિક્ષણ અને નોકરીના કારણે તેઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી શહેરમાં આવીને વસ્યાં છે. તેમને ગામની અને શહેરની જિંદગી વચ્ચે શો ભેદ લાગે છે, કઈ જિંદગી તેમને વધુ ગમે છે અને શા કારણથી તે નીચેના કોઠામાં દર્શાવ્યું છે:

**કોઠા નં. ૨૩**

**ગામની અને શહેરની જિંદગી પ્રત્યેનું મનોવલણ**

| ક્રમ | મનોવલણ | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | શહેરની જિંદગી વધુ ગમે | ૭૧ | ૬૦.૨ |
| (૨) | ગામની જિંદગી વધુ ગમે | ૪૨ | ૩૫.૬ |
| (૩) | બંને જગ્યાએ રહેવું ગમે | ૦૫ | ૦૪.૨ |
| | કુલ | ૧૧૮ | ૧૦૦.૦ |

ઉત્તરદાતાઓમાંથી ૬૦.૨% મહિલાઓને ગામની જિંદગી કરતાં શહેરની જિંદગી વધુ ગમે છે, જ્યારે ૪.૨ % મહિલાઓને બંને જગ્યાએ રહેવું ગમે છે. ૩૫.૬% મહિલાઓને શહેર કરતાં પોતાના ગામની જિંદગી વધુ સારી લાગે છે.

શહેરની જિંદગીને પ્રાધાન્ય આપતી મહિલાઓનું પ્રમાણ સૌથી વધુ છે, જે ઘણું સૂચક છે. અગાઉ જણાવ્યું તેમ શહેરમાં નોકરી કરતી મહિલાઓમાંથી ૫૦%થી પણ વધુ મહિલાઓને શહેરમાં પોતાનું સ્થાયી ઘર છે અને બીજા ઘણાં લોન લઈને પોતાનું મકાન બનાવી રહ્યાં છે. સર્વે દરમિયાન જણાયું છે કે અડધાથી પણ વધુ ઉત્તરદાતાઓ શહેરમાં રહેવું તેને સામાજિક પ્રતિષ્ઠાનો વિષય માને છે. તેમના મતે ગામડા કરતાં શહેરમાં રહેવાથી સામાજિક મોભો વધે છે.

શહેરી જિંદગી શા માટે વધુ ગમે છે તેનું કારણ આપતાં મોટા ભાગના ઉત્તરદાતાઓએ જણાવ્યું કે, 'શહેરની જિંદગી ગામડા કરતાં વધુ આધુનિક છે. શિક્ષણ અને નોકરીની તકો જેટલી શહેરમાં છે તેટલી ગામમાં નથી.' આમ, શહેરમાં શૈક્ષણિક અને આર્થિક વિકાસની વધુ તક છે એમ તેઓ માને છે. ઘણી મહિલાઓએ જણાવ્યું કે, ''શહેરનું જીવનધોરણ ઊંચું છે. હાડમારી પણ ઓછી છે. ગામમાં મજૂરી કરવી પડે, ખેતરોમાં કામ કરવામાં શારીરિક શ્રમ પણ ઘણો કરવો પડે અને છતાં શહેરમાં છે તેટલી આવક ના થાય. શહેરમાં આધુનિક સુખસગવડનાં સાધનોને લીધે જિંદગી વધુ આરામદાયક અને સરળ છે. અહીં સમય પસાર કરવા માટે પુસ્તકો, છાપાંઓ, સામયિકો, ટેલિવિઝન બધું ઉપલબ્ધ છે. એ દૃષ્ટિએ ગામની જિંદગી કંટાળાજનક અને નીરસ છે. તે ઉપરાંત બાળકોના શિક્ષણ માટે પણ શહેર વધુ સારું છે. ગામમાં તો શિક્ષણનો માહોલ જ નથી. શહેરમાં બધાં બાળકો ભણે છે અને ઘણી સ્પર્ધા હોવાથી બાળકોને ભણવાનું મહત્ત્વ સમજાય છે. ૩ મહિલાઓએ જણાવ્યું કે, ''અમારો જન્મ જ શહેરમાં થયો છે. ગામડાના જીવનનો અમને પરિચય જ નથી એટલે સ્વાભાવિક રીતે જ શહેરી જિંદગી ગમે.''

૫ મહિલાઓએ જણાવ્યું કે, ''શહેરની જિંદગી અને ગામની જિંદગી બંનેને પોતાના લાભ અને ગેરલાભ છે. અમને શહેરમાં રહેવું પણ ગમે છે અને ગામમાં જઈએ ત્યારે ત્યાં રહેવું પણ ગમે છે.'' ૩૫.૬ % મહિલાઓને શહેર કરતાં ગામની જિંદગી વધુ ગમે છે. એનું મુખ્ય કારણ આપતાં મોટા ભાગની મહિલાઓએ જણાવ્યું, ''ગામનું વાતાવરણ શુદ્ધ છે. શહેરમાં તો ખૂબ ઘોંઘાટ, ધમાલ, પ્રદૂષણ છે; જ્યારે ગામમાં હવા, પાણી અને ખોરાક બહુ શુદ્ધ છે. શહેરમાં જિંદગી ઘડિયાળના કાંટે ચાલે છે. ગામમાં પ્રકૃતિની ગોદમાં બહુ શાંતિનો અનુભવ થાય છે. અહીંની જિંદગી શહેર જેવી સંઘર્ષભરી નથી.''

૫ મહિલાઓએ જણાવ્યું કે, ગામમાં સામાજિક જિંદગી વધુ સારી છે. બધાને વધુ મળી શકાય છે અને એકબીજા સાથે વાતો કરવાનો, હળવામળવાનો સમય પણ હોય છે. તે ઉપરાંત ૩ મહિલાઓએ જણાવ્યું: ''શહેરમાં મોંઘવારી ખૂબ છે. ઉપરાંત શહેરી જિંદગી વધુ આડંબરવાળી, કૃત્રિમ અને દંભી છે. અહીં માણસોમાંથી માણસાઈ મરી પરવારી છે. ગામના લોકો ભલા અને નિ:સ્વાર્થ છે. ત્યાંનું જીવન ખૂબ નિખાલસ છે અને માણસો એકબીજાને મદદ કરવા હંમેશાં તત્પર હોય છે. એટલે ગામની જિંદગી શહેરની જિંદગી કરતાં વધુ સારી છે.''



**ભવિષ્યમાં સ્થાયી થવાની યોજના**

શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓ પોતાના ગામમાં ઘર, જમીન, ખેતીવાડી વગેરે પારિવારિક સંપત્તિ ધરાવે છે અને તેમનાં કુટુંબીજનો પણ ગામમાં જ રહે છે. તેઓ અવારનવાર, ગામની-વતનની મુલાકાત પણ લે છે. પરંતુ ૬૦ % જેટલી મહિલાઓને ગામની જિંદગી કરતાં શહેરની જિંદગી વધુ ગમે છે અને ૫૦%થી પણ વધુ મહિલાઓએ શહેરમાં પોતાનું ઘર બાંધી લીધું છે. આ પરથી એવું અનુમાન કરી શકાય કે મોટા ભાગની મહિલાઓ ભવિષ્યમાં શહેરમાં જ સ્થાયી થવાનું પસંદ કરશે. વાસ્તવમાં ૫૩.૪ % મહિલાઓએ જણાવ્યું કે તેઓ હવે કાયમી વસવાટ શહેરમાં જ કરવા માગે છે, જ્યારે ૧૮.૬ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે ભવિષ્યમાં ક્યાં સ્થિર થવું તે અત્યારે નિશ્ચિત નથી કર્યું. માત્ર ૨૮ % મહિલાઓએ જણાવ્યું કે ભવિષ્યમાં તેઓ પોતાના ગામમાં સ્થાયી થવાનું વિચારે છે.

**કોઠા નં. ૨૪**

**ભવિષ્યમાં કાયમી વસવાટની યોજના**

| ક્રમ | યોજના | આવૃત્તિ | ટકા(%) |
|---|---|---|---|
| (૧) | હાલ છે એ શહેરમાં જ | ૫૨ | ૪૪.૧ |
| (૨) | અન્ય શહેરમાં | ૧૧ | ૦૯.૩ |
| (૩) | પોતાના ગામમાં | ૩૩ | ૨૮.૦ |
| (૪) | હાલ નિશ્ચિત નથી | ૨૨ | ૧૮.૬ |
| | કુલ | ૧૧૮ | ૧૦૦.૦ |

૨૮ % મહિલાઓએ ભવિષ્યમાં નિવૃત્ત થઈને પોતાના ગામ પાછા ફરવાની ઇચ્છા દર્શાવી છે. જોકે, એમાં પણ કેટલીક મહિલાઓએ જણાવ્યું કે, દીકરાઓ શહેરમાં સ્થાયી થાય તો અમારે પણ કદાચ શહેરમાં રહેવું પડે અથવા થોડો સમય ગામમાં અને થોડો સમય શહેરમાં એ રીતે રહેવાનો વિચાર કરવો પડે. ૧૮.૬ % મહિલાઓ જેઓ મોટે ભાગે હજુ ત્રીસથી પાંત્રીસ વર્ષની ઉંમરની વચ્ચે છે, તેમણે જણાવ્યું કે ભવિષ્યમાં ક્યાં વસવાટ કરવો એ અંગે કશું નિશ્ચિત વિચાર્યું નથી, પરંતુ એ તો સ્પષ્ટ છે કે તેમનાં સંતાનો શહેરમાં જ ભણીગણીને, શહેરમાં સ્થાયી થવાનાં. એટલે એમાંથી પણ મોટા ભાગની મહિલાઓ ભવિષ્યમાં પોતાનાં સંતાનો સાથે શહેરમાં જ રહે તેવી સંભાવના વધુ છે. ૫૩.૪ % મહિલાઓએ તો શહેરમાં કાયમી વસવાટ માટેની યોજના કરી જ લીધી છે.

આમ, ગામમાંથી શહેરમાં આવેલ નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગનો સમૂહ 'શહેરી આદિવાસી'માં પરિવર્તિત થઈ રહ્યો છે એમ કહી શકાય.

**નિષ્કર્ષ :**

આ પ્રકરણમાં જે ડેટા રજૂ થયો છે તેનું વિશ્લેષણ કરતાં નીચેના મુદ્દાઓ સ્પષ્ટ થાય છે :

(૧) ઉત્તરદાતા મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ (૮૭.૩ %) પોતાના ગામમાં

ઘર, જમીન, ખેતીવાડી વગેરે પારિવારિક સંપત્તિ ધરાવે છે અને વર્ષમાં બે કે તેથી વધુ વાર પોતાના ગામની મુલાકાત લે છે.

(૨) વતનની મુલાકાત લેવાનું મુખ્ય કારણ કુટુંબીજનો અને સગાંસંબંધીઓને મળવા જવાનું છે. તે ઉપરાંત સામાજિક-ધાર્મિક પ્રસંગોએ અને તહેવારો નિમિત્તે પણ તેઓ પોતાને ગામ જાય છે. આમ, પોતાના ગામના લોકો અને સમાજ સાથે હજુ તેમણે સંપર્ક જાળવી રાખ્યો છે.

(૩) મોટા ભાગની મહિલાઓને પોતાના ગામમાં રહેવામાં કોઈ તકલીફ નથી પડતી. પરંતુ તેમનાં બાળકોને ગામમાં ખોરાક, ભાષા, વાતાવરણ — આ બધાં સાથે અનુકૂળ થવામાં તકલીફ પડે છે અને મોટી વયનાં બાળકો ગામમાં જવાનું બહુ પસંદ નથી કરતાં.

(૪) ૫૦% ઉત્તરદાતાઓનો શહેરમાં પોતાની જાતિના અન્ય લોકો સાથે સંબંધ સાધારણ છે. નોકરીને લીધે સામાજિક વ્યવહાર અને સંપર્ક ઓછો રહે છે એમ તેમનું કહેવું છે.

(૫) ગાંધીનગર, વડોદરા જેવાં શહેરોમાં ધોડિયા, ચૌધરી અને ભીલ જાતિઓએ પોતાની જાતિનાં મંડળો સ્થાપ્યાં છે અને એ રીતે શહેરી આદિવાસી સમુદાય એક થવાની કોશિશ કરી રહ્યો છે, પરંતુ શહેરોમાં હજુ પણ નોકરિયાત આદિવાસી વસ્તી પ્રમાણમાં ઘણી ઓછી છે અને જૂથ કે એકતાની ભાવના તેમનામાં બહુ પ્રસ્થાપિત નથી થઈ. પરંતુ ભવિષ્યમાં તેમનાં બાળકો શહેરમાં જ રહેવાનાં છે, જ્યાં બિનઆદિવાસી લોકો સાથે લગ્નવ્યવહાર તો થવાનો નથી, તે જ રીતે ગામમાં પણ તેઓ અનુકૂળ થઈ શકવાનાં નથી. એટલે શહેરમાં વસતી જુદી જુદી આદિવાસી જાતિના લોકોમાં આવાં મંડળ સ્થાપીને શહેરી આદિવાસી સમાજ તરીકે એકત્રિત થવાની જાગૃતિ ધીરે ધીરે આવી રહી છે.

(૬) નોકરી કરતી આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગની આદિવાસી મહિલાઓએ શહેરની બિનઆદિવાસી સ્ત્રીઓ સાથે ખૂબ સારી રીતે સમાયોજન (adjustment) સાધ્યું છે અને શહેરી વાતાવરણમાં તેઓ સારી રીતે ગોઠવાઈ ગઈ છે. તેમના મિત્રવર્તુળમાં આદિવાસી ઉપરાંત બિનઆદિવાસી લોકોનો પણ સમાવેશ થાય છે અને પાડોશમાં કે નોકરીના સ્થળે પણ ઘણી મહિલાઓને પોતાની જાતિ ઉપરાંત બિનઆદિવાસી સ્ત્રીઓ સાથે પણ મૈત્રીપૂર્ણ સંબંધો છે અને પ્રસંગોપાત્ત તેઓ એકબીજાના ઘરની મુલાકાત પણ લે છે.

(૭) ૬૦% જેટલી ઉત્તરદાતા મહિલાઓને ગામ કરતાં શહેરની જિંદગી વધુ ગમે છે. શહેરમાં રહેવું એ એમને મન સામાજિક પ્રતિષ્ઠાનો તો વિષય છે જ. ઉપરાંત શહેરની જિંદગી તેમને વધુ આધુનિક અને આરામદાયક લાગે છે, તેમ જ શૈક્ષણિક અને આર્થિક વિકાસની દૃષ્ટિએ પણ મહત્ત્વની લાગે છે.

(૮) શહેરમાં નોકરી કરતી ૫૩.૪% મહિલાઓએ કાયમ માટે શહેરમાં વસવાટ કરવાનું નક્કી કરી લીધું છે. જે લોકો હજુ આ બાબત અંગે નિશ્ચિત નથી તેમાંથી પણ મોટા ભાગના શહેરમાં જ સ્થાયી થાય તેવી સંભાવના વધુ છે. માત્ર ૨૮% મહિલાઓએ ગામમાં પાછા જવાની ઇચ્છા દર્શાવી છે.

ટૂંકમાં, શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓનો વતન અને ગામના લોકો સાથે હજુ સારો એવો અને લાગણીસભર સંબંધ હોવા છતાં, તેઓ શહેરની જિંદગીને વધુ પસંદ કરે છે. શહેરના બિનઆદિવાસી સમાજ સાથે ભળવાનો અને તેમની સાથે મિત્રતા સ્થાપવાનો તેમણે પ્રયત્ન કર્યો છે અને મોટા ભાગની મહિલાઓએ બિનઆદિવાસી સમાજ સાથે સુંદર રીતે સમાયોજન સાધ્યું છે. તે ઉપરાંત શહેરમાં પોતાની જાતિના મંડળના સભ્ય થઈને જાતિ તરીકેની એકતા જાળવી રાખવાની પણ તેઓ કોશિશ કરે છે. ગામની અશિક્ષિત, આદિવાસી સ્ત્રીઓ કરતાં શહેરમાં પોતાની જાતિની અને બિનઆદિવાસી શિક્ષિત, નોકરિયાત સ્ત્રીઓ સાથે દેખીતી રીતે જ તેમનો વધુ સંપર્ક છે અને એ રીતે તેમના સામાજિક સંપર્કની તરાહમાં આવેલું પરિવર્તન સ્પષ્ટ જોઈ શકાય છે.

# ૯. સમૂહ માધ્યમો પ્રત્યેની અભિમુખતા અને અસરો

શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું પરિબળ છે, એ જ રીતે વર્તમાન સમયમાં સમૂહ માધ્યમો પણ સામાજિક પરિવર્તનમાં ખૂબ અગત્યનો ભાગ ભજવી રહ્યાં છે. વ્યક્તિ કે જૂથનાં મનોવલણો, રાજકીય વિચારસરણી, જીવનશૈલી વગેરેને ઘડવામાં અને બદલવામાં સમૂહ માધ્યમોની અસરો ઘણી પ્રભાવક રહી છે.

શહેરમાં નોકરી કરતી શિક્ષિત આદિવાસી મહિલાઓનો સમૂહ માધ્યમો સાથેનો સંપર્ક દેખીતી રીતે જ ઘણો ગાઢ છે. ઉત્તરદાતાઓમાંથી ૯૭%ના ઘરે ટીવી છે, ૯૮ %ના ઘરે રેડિયો છે, જ્યારે ૯૨.૩ % પોતાના ઘરે છાપું મંગાવે છે. નોકરિયાત આદિવાસી મહિલાઓની સમૂહ માધ્યમો પ્રત્યેની અભિમુખતા એ આ પ્રકરણનો વિષય છે. આ મહિલાઓમાં સામાન્ય જાગૃતિ આણવા અને તેમની રાજકીય વિચારસરણીને ઘડવામાં સમૂહ માધ્યમોનો ફાળો કેવો રહ્યો છે, આ માધ્યમોની તેમની ઉપર કેવી અસરો છે અને આ માધ્યમો અંગે તેમનાં શાં મંતવ્યો છે વગેરેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

**વર્તમાનપત્રો :**

ઉત્તરદાતાઓમાંથી ૯૨.૩ % મહિલાઓ છાપું ખરીદે છે જ્યારે બાકીની ૭.૭ % મહિલાઓ ઑફિસમાં છાપું વાંચે છે. આ મહિલાઓ કાં તો અપરિણીત છે અથવા હોસ્ટેલમાં રહેતી મહિલાઓ છે.

વર્તમાનપત્રો એ શહેરી, નોકરિયાત આદિવાસી સ્ત્રીઓના જીવનના ભાગરૂપ બની ગયાં છે એમ કહી શકાય, કારણ કે ૮૭.૨ % જેટલી મહિલાઓ દરરોજ છાપું વાંચે છે. ૧૦.૩ % મહિલાઓ અઠવાડિયે એક વાર છાપું વાંચે છે.

મોટા ભાગની મહિલાઓએ જણાવ્યું કે, નોકરી અને ઘરકામની બેવડી જવાબદારીને લીધે સવારમાં વિગતવાર છાપું વાંચવાનો સમય રહેતો નથી, પણ મુખ્ય સમાચારો વગેરે તો દરરોજ વાંચી જ લઈએ.

ઉત્તરદાતાઓમાંથી તમામ એટલે કે ૧૦૦ % મહિલાઓ ગુજરાતી છાપાં વાંચે છે. આમાંથી ૧૫.૩ % મહિલાઓ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષાનાં છાપાં વાંચે છે. જે મહિલાઓ અંગ્રેજી છાપાં પણ વાંચે છે તેઓ મુખ્યત્વે પ્રાધ્યાપિકા, વહીવટી અધિકારી, ડૉક્ટર જેવા ઊંચા વ્યાવસાયિક હોદ્દા ધરાવતી મહિલાઓ છે.

વર્તમાનપત્રોના વિવિધ વિભાગો જેવા કે સમાચારો, રાજકીય અને વર્તમાન સમસ્યાઓને લગતા લેખો, હળવું મનોરંજન આપતી પૂર્તિઓ, મહિલાઓને લગતા લેખો, વાર્તાઓ, વિવિધ કટારો વગેરેમાંથી ૭૫.૨ % ઉત્તરદાતાઓ સૌથી વિશેષ પ્રાધાન્ય સમાચારોને આપે છે. બીજા ક્રમમાં રાજકીય અને વર્તમાન સમસ્યાઓને લગતા લેખોને પ્રાધાન્ય મળે છે. ૪૪.૮ % ઉત્તરદાતાઓએ આવા લેખો પ્રત્યે પોતાની રુચિ દર્શાવી છે, જ્યારે ૨૫.૯ % ઉત્તરદાતાઓએ બીજા ક્રમમાં મહિલાઓને લગતા લેખો અને કટારોમાં રુચિ દર્શાવી છે. ૨૨.૪ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે, સમાચારો પછી હળવું મનોરંજન અને માહિતી આપતી વિવિધ પૂર્તિઓ વાંચવી તેમને વિશેષ ગમે છે.

વર્તમાનપત્રોમાં આદિવાસી સમાજને લગતા સમાચારો, માહિતી, લેખો વગેરેને કેટલું





અને કેવું સ્થાન મળે છે તે વિશે આદિવાસી નોકરિયાત મહિલાઓનાં મંતવ્યો જાણવાં બહુ જરૂરી લાગ્યાં. ઉત્તરદાતાઓમાંથી ૫૨.૧ % મહિલાઓએ જણાવ્યું કે વર્તમાનપત્રોમાં આદિવાસી સમાજને લગતા સમાચારો ભાગ્યે જ આવે છે, જ્યારે ૩૩.૩ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે છાપામાં પ્રસંગોપાત્ત આદિવાસી સમાજને લગતા સમાચારો આવે છે. એમાં મુખ્યત્વે આદિવાસીઓ માટેની સરકારની નીતિ અંગેના સમાચાર અથવા તો આદિવાસી સમાજમાં કોઈનું ખૂન, પત્નીનું ભાગી જવું જેવી ઘટનાઓના સનસનાટીભર્યા સમાચારો જ હોય છે.

વર્તમાનપત્રોમાં આદિવાસી સમાજ-સંસ્કૃતિને લગતા વિસ્તૃત લેખો આવે છે કે નહીં એ પ્રશ્નના જવાબમાં ૪૭.૮ % ઉત્તરદાતાઓનું માનવું છે કે આવા કોઈ લેખો વર્તમાનપત્રોમાં આવતા નથી, જ્યારે ૫૨.૨ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે ક્યારેક છાપાની પૂર્તિમાં આવા લેખો આવે છે જેમાં મોટે ભાગે આદિવાસી સમાજ-સંસ્કૃતિનાં રીતરિવાજો, લોકનૃત્યો, કલાકારીગરી વગેરેની માહિતી આપવામાં આવે છે. પણ આવા લેખો બહુ જૂજ હોય છે.

મુલાકાત દરમિયાન કેટલીક મહિલાઓએ જણાવ્યું કે છાપામાં આદિવાસી લોકોમાં આવી રહેલા શૈક્ષણિક, સામાજિક પરિવર્તનો કે તેમની સિદ્ધિઓ વિશે કોઈ માહિતી આવતી નથી. ઊલટું, આ સમાજમાં પ્રવર્તી રહેલ અંધશ્રદ્ધા, અજ્ઞાન, ગરીબાઈ, શોષણ જેવી નકારાત્મક બાજુઓ જ વિશેષપણે રજૂ થાય છે.

ટૂંકમાં, ઉત્તરદાતાઓમાંથી મોટા ભાગની મહિલાઓએ વર્તમાનપત્રોમાં તેમના સમાજને લગતા સમાચારો, માહિતી વગેરેને પૂરતું સ્થાન અને મહત્ત્વ નથી મળતું તેવી લાગણી પ્રગટ કરી. કેટલીક મહિલાઓએ નિખાલસપણે એમ પણ જણાવ્યું કે આ અંગે એમને ખાસ જાણકારી નથી, કારણ કે વિગતવાર છાપું વાંચવાનો સમય નથી મળતો.

**રેડિયો અને ટેલિવિઝન :**

રેડિયો (આકાશવાણી) પરથી આદિવાસી સમાજ અને સંસ્કૃતિને લગતો કોઈ કાર્યક્રમ પ્રસારિત થતો હોય એવું તમારા ધ્યાનમાં છે કે નહીં એવા પ્રશ્નના જવાબમાં ૬૮.૪ % ઉત્તરદાતાઓએ જણાવ્યું કે આકાશવાણી પરથી આદિવાસી ગીતો અવારનવાર પ્રસારિત થાય છે. મોટા ભાગના ઉત્તરદાતાઓએ એમ પણ જણાવ્યું કે આ કાર્યક્રમ સાંજના સમયે પ્રસારિત થાય છે અને બહુધા એ સમયે અમે ઑફિસમાં હોઈએ છીએ એટલે એ સાંભળી નથી શકતાં. પરંતુ આકાશવાણી પરથી અવારનવાર આદિવાસી લોકગીતો પ્રસારિત થાય છે એ વાતથી ૬૮.૪ % મહિલાઓ માહિતગાર છે. ૩૧.૬ % ઉત્તરદાતાઓને આદિવાસી સમાજ કે સંસ્કૃતિને લગતો કોઈ કાર્યક્રમ રેડિયો પરથી પ્રસારિત થાય છે કે કેમ તે અંગે કશી જાણકારી નથી. અલબત્ત, વર્તમાન સમયમાં રેડિયો કરતાં ટેલિવિઝનનું મહત્ત્વ વધી ગયું છે અને રેડિયો સાંભળવા કરતાં ટીવી જોવાનું વલણ પણ વધ્યું છે. એ વાતની પ્રતીતિ પણ થઈ. મોટા ભાગના ઉત્તરદાતાઓએ જણાવ્યું કે ટેલિવિઝન (દૂરદર્શન) પર ઘણી વાર પંચમહાલ, ડાંગ, વલસાડ આદિ જિલ્લાના આદિવાસીઓનાં લોકનૃત્યો પ્રસારિત થાય છે.

ક્ષેત્રકાર્યના દિવસો દરમિયાન દક્ષિણ ગુજરાતનાં આદિવાસી લોકનૃત્યો અંગેનો એક કાર્યક્રમ અમદાવાદ દૂરદર્શન પરથી રજૂ થયો હતો. ઘણા ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમણે એ કાર્યક્રમ જોયો હતો અને બાળકોને પણ બતાવ્યો હતો, કારણ કે તેમનાં બાળકો શહેરમાં રહેતાં હોવાથી તેઓ આદિવાસી સંસ્કૃતિ, લોકગીતો અને લોકનૃત્યોથી તદ્દન અજાણ છે.

ઉત્તરદાતાઓમાંથી ૭૧.૩% મહિલાઓ દરરોજ ટેલિવિઝન જુએ છે, જ્યારે ૧૩.૬ % મહિલાઓ પ્રસંગોપાત્ત ટીવી જુએ છે. ૧૨.૧ % મહિલાઓ અઠવાડિયામાં એકાદ વાર (રજાના દિવસે) ટીવી જુએ છે. માત્ર ૨.૬ મહિલાઓ ક્યારેય ટીવી નથી જોતી. આ મહિલાઓના ઘરે ટીવી નથી અથવા તો તેઓ હોસ્ટેલમાં રહે છે. ટૂંકમાં, સમૂહ માધ્યમો પ્રત્યેની અભિમુખતામાં છાપાં પછી ટેલિવિઝનનો ક્રમ બીજો આવે છે અને ૭૦ %થી વધુ નોકરિયાત આદિવાસી મહિલાઓ દરરોજ નિયમિત રીતે ટેલિવિઝનના કાર્યક્રમો જુએ છે.

ટેલિવિઝન પર આજે સ્થાનિક ચેનલ અને રાષ્ટ્રીય ચેનલ ઉપરાંત ઘણી મનોરંજક ચેનલો શરૂ થઈ છે અને વિદેશી ખાનગી ચેનલો પણ શહેરોમાં ખાસ્સી લોકપ્રિય બની રહી છે. પરંતુ, નોકરિયાત આદિવાસી મહિલાઓ દૂરદર્શનની સ્થાનિક અને રાષ્ટ્રીય ચેનલના કાર્યક્રમો જોવા જ વિશેષ પસંદ કરે છે. ઉત્તરદાતાઓમાંથી ૫૫.૫% મહિલાઓને ગુજરાતી સ્થાનિક ચેનલ પર આવતા કાર્યક્રમો સૌથી વધુ પસંદ છે, જ્યારે ૩૦.૯ % મહિલાઓને રાષ્ટ્રીય પ્રસારણમાં આવતા કાર્યક્રમો જોવા વધુ ગમે છે. ૧૦.૯ % મહિલાઓને 'ઝી' ચેનલના કાર્યક્રમો જોવા વધુ ગમે છે.

ટેલિવિઝન પર રજૂ થતા વિવિધ કાર્યક્રમોની પસંદગીમાં સૌથી વધુ મહત્ત્વ સમાચારોને મળ્યું છે. ૬૦.૨ % મહિલાઓએ ટીવી પર આવતા કાર્યક્રમોમાંથી સૌથી વિશેષ ગમતા અને જોવાતા કાર્યક્રમમાં સમાચારોને પ્રથમ સ્થાન આપ્યું છે. નોકરી કરતી આ મહિલાઓ વર્તમાન પ્રવાહોથી માહિતગાર થવા તત્પર અને ઉત્સુક છે તેની આ વાત પ્રતીતિ કરાવે છે. બીજા ક્રમમાં સૌથી વધુ લોકપ્રિય કાર્યક્રમ તરીકે મનોરંજક શ્રેણીઓ આવે છે. ૪૩.૩ % મહિલાઓએ સમાચારો પછી મનોરંજક શ્રેણીઓ પ્રત્યે સૌથી વધુ રુચિ દર્શાવી છે, જ્યારે ૧૩.૪ % ઉત્તરદાતાઓએ મહિલાઓને લગતા કાર્યક્રમો, વાર્તાલાપો વગેરેને બીજો ક્રમ આપ્યો છે. અન્ય કાર્યક્રમોમાં ૧૪.૯ % મહિલાઓએ શૈક્ષણિક કાર્યક્રમો પ્રત્યે રુચિ દાખવી છે.

ઉત્તરદાતાઓમાંથી મોટા ભાગની મહિલાઓએ ટીવી પર સમાચારો અને મનોરંજક શ્રેણીઓ જોવી સૌથી વધુ ગમે છે, એમ જણાવ્યું. જોકે, કેટલીક મહિલાઓએ નિખાલસતાથી એમ પણ જણાવ્યું કે આખો દિવસ નોકરી અને ઘરકામ કર્યા પછી રાત્રે ટીવી જોવાનો બહુ સમય નથી રહેતો અને મૂડ પણ નથી હોતો. રાત્રે ટેલિવિઝન ચાલુ હોય ત્યારે જે કાર્યક્રમ આવતો હોય તે જોઈ લઈએ, એમાં કોઈ ખાસ પસંદગી જેવું રહેતું નથી.

ટેલિવિઝનના કાર્યક્રમોની તમારા પોતાના પર કે પરિવાર ઉપર સારીમાઠી અસરો થાય છે કે નહીં એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં ૫૨.૩ %એ જણાવ્યું કે ટીવી કાર્યક્રમોની તેમના પર, તેમનાં બાળકો પર અસર થાય છે, જ્યારે ૪૭.૭ % મહિલાઓએ જણાવ્યું કે ટીવી કાર્યક્રમોની તેમના ઉપર કે તેમના પરિવાર ઉપર કોઈ અસર થતી નથી. ૫૨.૩ % મહિલાઓમાંથી ટેલિવિઝનના કાર્યક્રમોની તેમના પર સારી કે હકારાત્મક અસર થાય છે તેવું મંતવ્ય ૩૫.૩ % મહિલાઓનું છે, જ્યારે ૧૭ % મહિલાઓએ જણાવ્યું કે ટેલિવિઝનના કાર્યક્રમો જોવાથી તેમના પરિવાર અને ખાસ કરીને બાળકો પર ખરાબ કે નકારાત્મક અસરો થાય છે.

હકારાત્મક અસરોમાં ઉત્તરદાતાઓએ વિશેષ ભાર એ બાબત પર મૂક્યો કે ટેલિવિઝન પર આવતા વિવિધ કાર્યક્રમો દ્વારા દેશ અને દુનિયાના સમાચારો મળે છે, નવું નવું જાણવા મળે એ રીતે માહિતી અને જ્ઞાનમાં વધારો થાય છે. ઉપરાંત મનોરંજન પણ મળે છે. બે



ઉત્તરદાતાઓએ તો એમ પણ જણાવ્યું કે ટેલિવિઝનના કાર્યક્રમો જોવાથી હિન્દી અને અંગ્રેજી ભાષાનો સારો પરિચય થાય છે અને એ રીતે બાળકોમાં આ બે ભાષા પર સારું એવું પ્રભુત્વ આવે છે. કેટલાક ઉત્તરદાતાઓએ જણાવ્યું કે ટેલિવિઝનની સારીનરસી બંને પ્રકારની અસરો થઈ શકે છે. આપણે કેવા કાર્યક્રમો જોઈએ છીએ તેની ઉપર બધો આધાર છે.

જે ૧૭% ઉત્તરદાતાઓએ ટેલિવિઝનની બાળકો પર માઠી અસર પડે છે એમ જણાવ્યું એમનું માનવું છે કે ટેલિવિઝનને કારણે એમનાં બાળકોના ભણતર પર સૌથી વધુ અસર થાય છે. બાળકો ભણવા તરફ ઓછું લક્ષ આપે છે અને ટીવી સામે ચોંટી જાય છે. એક બહેને તો થોડા દુ:ખ સાથે જણાવ્યું કે ટેલિવિઝને તો બાળકોને જાણે હિપ્નોટાઇઝ કરી દીધાં છે. હવે તો બાળકો ભોજન પણ ટીવી જોતાં જોતાં કરે છે. ટેલિવિઝનને કારણે સામાજિક વ્યવહારો ઓછા થઈ ગયા છે અને ખાસ કરીને બાળકો રાત્રે સગાંસંબંધીઓને ત્યાં મળવા જવાનું કે સામાજિક પ્રસંગોમાં જવાનું ટાળે છે, જેથી ટીવી-કાર્યક્રમો જોવામાં કોઈ ખલેલ ન પડે. આમ, ટીવીના કારણે બાળકોને સામાજિક સંપર્કોમાંથી રસ ઓછો થઈ ગયો છે, જે વાત તેમને ચિંતાજનક લાગે છે.

કેટલીક મહિલાઓએ જણાવ્યું કે ટેલિવિઝનને કારણે બાળકોમાં અનુકરણ ખૂબ વધતું જાય છે. ટેલિવિઝન ઉપર આવતી હિન્દી ફિલ્મ અને ફિલ્મ પર આધારિત કાર્યક્રમોને કારણે બાળકોમાં હીરો જેવા વાળ કપાવવાનું, કપડાં ખરીદવાનું અને નવી નવી ફેશન અપનાવવાનું વલણ વધતું જાય છે જે ચિંતાજનક છે.

**સમૂહ માધ્યમો અને સરકારી નીતિનો પ્રચાર :**

આદિવાસીઓ માટે સરકારે વિવિધ નીતિઓ ઘડી છે અને તેમને માટે ઘણી વિકાસલક્ષી યોજનાઓ પણ ઘડાઈ છે. પરંતુ આ જાતની માહિતી સમૂહ માધ્યમોમાં રજૂ થાય છે કે કેમ અથવા તો સમૂહ માધ્યમો સરકારની આદિવાસીઓના વિકાસ માટેની યોજનાઓનો પૂરતો પ્રચાર કરે છે કે કેમ તે અંગે ઉત્તરદાતાઓનાં મંતવ્યો નીચે પ્રમાણે છે:

**કોઠા નં. ૨૫**

**સમૂહ માધ્યમો અને સરકારી નીતિના પ્રચાર અંગેનાં મંતવ્યો**

| ક્રમ | | છાપું | રેડિયો [આકાશવાણી] | ટેલિવિઝન [દૂરદર્શન] |
|---|---|---|---|---|
| ૧. | વારંવાર | ૨૫<br>[૨૨.૧ %] | ૧૭<br>[૧૫.૭ %] | ૧૪<br>[૧૨.૮ %] |
| ૨. | ક્યારેક | ૮૩<br>[૭૩.૫ %] | ૭૯<br>[૭૩.૧ %] | ૯૦<br>[૮૨.૬ %] |
| ૩. | બિલકુલ નહીં | ૧૦<br>[૪.૪ %] | ૨૨<br>[૧૧.૧ %] | ૧૪<br>[૪.૬ %] |
| | કુલ | ૧૧૮<br>[૧૦૦ %] | ૧૧૮<br>[૧૦૦ %] | ૧૧૮<br>[૧૦૦ %] |

કોઠામાં દર્શાવ્યા પ્રમાણે મોટા ભાગના ઉત્તરદાતાઓનું માનવું છે કે સમૂહ માધ્યમો ક્યારેક આદિવાસીઓ અંગેની સરકારની નીતિઓ કે તે અંગેના સમાચારો, માહિતી કે કાર્યક્રમ રજૂ કરે છે. પરંતુ તે અપૂરતાં હોય છે. એટલે કે, જેટલા પ્રમાણમાં તેને પ્રતિનિધિત્વ મળવું જોઈએ તેટલા પ્રમાણમાં મળતું નથી.

એક મહિલાએ જરા આક્રોશ સાથે જણાવ્યું કે, 'ટેલિવિઝનમાં આદિવાસી સમાજને સ્પર્શતા વિષયો, સમાચારો વગેરે વધુ પ્રમાણમાં હોવા જોઈએ, કારણ કે ગામડાંના નિરક્ષર આદિવાસીઓ છાપું તો વાંચી ન શકે એટલે એમના સુધી માહિતી પહોંચાડવામાં ટેલિવિઝન જ વધુ અસરકારક માધ્યમ બની શકે. પણ દૂરદર્શનમાં તો અમારું ક્યાંય સ્થાન જ નથી !'

આદિવાસીઓ અંગે સરકારની નીતિઓ અને વિકાસલક્ષી યોજનાઓની સહુથી વધુ માહિતી કોના દ્વારા મળે છે એ પ્રશ્નના ઉત્તરમાં ૭૧.૯ % જેટલા ઉત્તરદાતાઓએ છાપાંને અગ્રીમતા આપી હતી. ૧૨.૭ % ઉત્તરદાતાઓએ રેડિયોને, ૧૨.૭ %એ ટીવીને અને ૫.૯ % ઉત્તરદાતાઓએ ઑફિસના સહકાર્યકરોને આવી માહિતીના સ્રોત તરીકે ગણાવ્યા હતા. આમ ૭૦ %થી પણ વધુ મહિલાઓ માટે છાપાં એ માહિતીના સ્રોતરૂપ છે. એનાથી બે વાત ફલિત થાય છે. એક તો આ મહિલાઓ છાપાં નિયમિત રીતે વાંચે છે અને બીજું છાપાંમાં આવા સમાચારો પ્રકાશિત થતા રહે છે.

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓને રાજકીય બાબતો અંગે જાગૃત કરવામાં અને તેમની રાજકીય વિચારસરણીને ઘડવામાં સમૂહ માધ્યમોનો કેવો ફાળો રહ્યો છે તે એક પત્રકાર તરીકે પણ જાણવાનું મન હતું અને સામાજિક પરિવર્તનના એક ઘટક તરીકે આ માધ્યમોની કેવી ભૂમિકા રહી છે તે જાણવું પણ જરૂરી લાગ્યું.

ઉત્તરદાતાઓમાંથી ૮૩.૫ % મહિલાઓએ છાપાંઓને તેમની રાજકીય વિચારસરણીને ઘડવા માટે જવાબદાર લેખ્યા. તેમાંથી ૩૩.૧ %એ ટેલિવિઝન અને ૩૨.૨ %એ રેડિયોને પણ અમુક અંશે રાજકીય બાબતોથી તેમને જાગૃત કરાવવામાં અને તેમની રાજકીય વિચારસરણીને ઘડવા માટે જવાબદાર ઠેરવ્યા. ૧૬.૫% મહિલાઓએ જણાવ્યું કે સમૂહ માધ્યમોનો તેમની રાજકીય વિચારસરણીને ઘડવામાં કે બદલવામાં કોઈ ફાળો નથી.

અહીં પણ છાપાનું પ્રાધાન્ય અને તેની વ્યાપક અસર છતી થાય છે.

**નિષ્કર્ષ :**

સમૂહ માધ્યમો એ આધુનીકરણ અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના મહત્ત્વના સૂચકો છે.

સુરત જિલ્લાના આદિવાસી ગામડાંઓની મારી મુલાકાત દરમિયાન મેં કોઈ પણ ગામડામાં છાપું જોયું નહોતું. આ વિસ્તારમાં શિક્ષણ અને આર્થિક વિકાસ પ્રમાણમાં ઘણો સારો થયો છે, છતાં છાપું લગભગ અદશ્ય હતું અને ફળિયાના એકાદ ઘરમાં રેડિયો અને ગામમાં એકાદ જણને ઘરે બ્લેક ઍન્ડ વ્હાઇટ ટેલિવિઝન હતું.

આ સંજોગોમાં શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓમાં ૯૭ %ના ઘરે ટેલિવિઝન છે, ૯૮ %ના ઘરે રેડિયો છે અને ૯૨.૩ % પોતાના ઘરે છાપું મંગાવે છે. આમ, આદિવાસીઓનાં ગામડાઓમાં સમૂહ માધ્યમો હજુ પણ નહીંવત્ છે, જ્યારે બીજી બાજુ શહેરી નોકરિયાત મહિલાઓનો સમૂહ માધ્યમો સાથે રોજિંદો અને ગાઢ સંપર્ક છે.



૮૭.૨ % જેટલી મહિલાઓ દરરોજ છાપું વાંચે છે, ૭૫.૨% ઉત્તરદાતાઓને છાપામાં સમાચારો વાંચવા સહુથી વધુ ગમે છે. આમ દેશવિદેશના સમાચારો જાણવા માટે શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓ છાપાને ઘણું મહત્ત્વ આપે છે. જોકે મોટા ભાગની મહિલાઓનું માનવું છે કે છાપામાં આદિવાસી સમાજ કે સંસ્કૃતિને લગતી માહિતી કે લેખો ભાગ્યે જ આવે છે અને રેડિયો/ટેલિવિઝન પણ મોટા ભાગે આ સમાજની ઉપેક્ષા કરે છે.

શહેરોમાં આજે દૂરદર્શન ઉપરાંત ઝી, સ્ટાર, બીબીસી, એટીએન જેવી વિદેશી ખાનગી સેટેલાઇટ ચેનલો શરૂ થઈ છે અને દૂરદર્શનને ખાસ્સી હંફાવી રહી છે તથા વધુ લોકપ્રિય બનતી જાય છે. પરંતુ નોકરિયાત આદિવાસી મહિલાઓમાંથી લગભગ ૮૫% જેટલી મહિલાઓને દૂરદર્શનના કાર્યક્રમો જોવા જ વિશેષ પસંદ છે. એમાં પણ તેઓ સમાચારોને સૌથી વધુ પ્રાધાન્ય આપે છે અને બીજું સ્થાન વિવિધ મનોરંજક શ્રેણીઓને મળે છે.

૩૫.૩ % મહિલાઓએ જણાવ્યું કે ટેલિવિઝનને લીધે દેશવિદેશના સમાચારો, માહિતી વગેરે જાણવા મળે છે અને બાળકોને પણ નવું નવું જાણવા, શીખવા મળે છે, જ્યારે ૧૭% મહિલાઓએ જણાવ્યું કે ટેલિવિઝનને લીધે બાળકો ભાગવા તરફ ઓછું ધ્યાન આપે છે, સામાજિક વ્યવહારો ઓછા થતા જાય છે અને બાળકોમાં ફેશન અને અનુકરણનું પ્રમાણ વધી રહ્યું છે. જોકે ટેલિવિઝનની નકારાત્મક અસર થાય છે એના કરતાં હકારાત્મક અસર થાય છે એવું માનનારી મહિલાઓનું પ્રમાણ વધુ છે. આ મહિલાઓ ટેલિવિઝનને શિક્ષણ, માહિતી અને મનોરંજનના સાધન તરીકે ગણીને દેશના મુખ્ય પ્રવાહ સાથે વિકાસ સાધવાનો અને આધુનીકરણની પ્રક્રિયામાં ભાગ લેવાનો પ્રયાસ કરી રહી છે એમ કહી શકાય.

આદિવાસીઓ માટે સરકારની વિવિધ નીતિઓ અને વિકાસલક્ષી યોજનાઓ અંગેની જાણકારી મોટા ભાગની નોકરિયાત આદિવાસી મહિલાઓ છાપા દ્વારા મેળવે છે. તે ઉપરાંત ૮૩.૫ % જેટલી મહિલાઓ માને છે કે રાજકીય બનાવોથી તેમને માહિતગાર કરવામાં અને તેમની રાજકીય વિચારસરણી ઘડવામાં છાપાનો મુખ્ય ફાળો રહ્યો છે.

ટૂંકમાં, વર્તમાનપત્રો, રેડિયો અને ટેલિવિઝન આ ત્રણે સમૂહ માધ્યમો પ્રત્યે શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓની અભિમુખતા સારી એવી છે. સમાચારો માટે તેઓ છાપાં વાંચવાં જરૂરી માને છે અને ટેલિવિઝનને સમાચાર ઉપરાંત મનોરંજનના સાધન તરીકે જરૂરી માને છે. આ ત્રણે માધ્યમોમાં વર્તમાનપત્રોનો તેમની ઉપર વિશેષ પ્રભાવ જણાય છે.

આમ, સમૂહ માધ્યમો પ્રત્યેની અભિમુખતામાં આ મહિલાઓ ગામડાંમાં રહેતી તેમના સમાજની સ્ત્રીઓ કરતાં ઘણી જુદી પડે છે, જે તેમનામાં આવેલા શૈક્ષણિક, સામાજિક-આર્થિક પરિવર્તન ઉપરાંત શહેરીકરણની પ્રક્રિયાને સૂચિત કરે છે.

# ૧૦. પ્રજાતીય ઓળખ અંગે નોકરિયાત આદિવાસી મહિલાઓનું દષ્ટિબિંદુ અને મનોવલણ

શિક્ષણ, ઔદ્યોગીકરણ, સંસ્કૃતિકરણ અને બિનઆદિવાસી સમાજના સંપર્કને કારણે ગુજરાતની મોટા ભાગની આદિવાસી પ્રજામાં ઘણું સામાજિક પરિવર્તન આવ્યું છે. જે જાતિઓ મેદાનોમાં વસે છે અને બિનઆદિવાસી પ્રજા સાથે ગાઢ સંપર્કમાં આવી છે તેવી ધોડિયા, ચૌધરી, ડુંગરી ગરાસિયા, ગામીત વગેરેમાં તો પરિવર્તનો બહુ વ્યાપક પ્રમાણમાં થયાં છે. શહેરમાં નોકરી કરતી ઘણી આદિવાસી મહિલાઓએ મને જણાવ્યું કે તેમનો મૂળભૂત પહેરવેશ, ઘરેણાં, વાસણો વગેરે તેમણે જોયાં જ નથી. એટલે કે એમના જન્મ પહેલાંથી જ એમની સંસ્કૃતિમાં પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી હતી. જોકે, કોઈ પણ સમાજમાં સંપૂર્ણ પરિવર્તન આવતું નથી. મુખ્યત્વે સાંસ્કૃતિક-સામાજિક રિવાજો, ધાર્મિક માન્યતાઓ વગેરેમાં ઝડપી પરિવર્તન આવતું નથી. પરિણામે નવાં અને જૂનાં મૂલ્યો, જીવનપદ્ધતિઓ, રીતરિવાજો સાથે સાથે ચાલતાં રહે છે.

આદિવાસી જાતિઓમાં હિંદુકરણ અને પરસંસ્કૃતિકરણની અસરને લીધે તેમના કેટલાક રીતરિવાજો, જે હિંદુ સંસ્કૃતિથી ઘણા જુદા અને લાક્ષણિક હતા, તેમાંથી કેટલાકમાં પરિવર્તન આવ્યું છે. કેટલાક રિવાજો હજુ જળવાઈ રહ્યા છે.

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓ પોતાના સમાજ અને સંસ્કૃતિ વિશે શું માને છે, પોતાના સમાજની કઈ બાબતો તેમને સારી લાગે છે, કઈ બાબતો ખરાબ લાગે છે, શહેરની શિક્ષિત, બિનઆદિવાસી સ્ત્રીઓ અને પોતાના સમાજની ઓછું ભણેલી કે અભણ સ્ત્રીઓમાંથી તેઓ કોની પ્રત્યે વધુ નિકટતા અનુભવે છે અને શહેરી સમાજમાં એક આદિવાસી સ્ત્રી તરીકે ઓળખાવામાં કેવી લાગણી અનુભવે છે તેની વિગતો આ પ્રકરણમાં આલેખવામાં આવી છે.

પોતાના સમાજની ગમતી બાબતોમાં 'દહેજ પ્રથા નથી' એ વાત પર લગભગ દરેક આદિવાસી મહિલાએ ભાર મૂક્યો. 'આદિવાસી સમાજમાં દીકરીને લગ્ન વખતે કોઈ દહેજ આપવો નથી પડતો. દહેજપ્રથા ન હોવાથી વહુને સળગાવી દેવાના કે તેના અપમૃત્યુના કોઈ બનાવ અમારા સમાજમાં નથી બનતા.' આમ, પોતાના સમાજમાં દહેજપ્રથા નથી એ વાત ઘણી મહિલાઓએ ગૌરવ સાથે જણાવી.

ઘણી મહિલાઓને લગ્નપ્રસંગ, તહેવારો વગેરેની જે રીતે ઉજવણી થાય છે તે ગમે છે. નોંધપાત્ર વાત એ છે કે શહેરમાં નોકરી કરતી મોટા ભાગની આદિવાસી મહિલાઓને પોતાનાં લોકગીતો કે નૃત્યો નથી આવડતાં, છતાં ઘણી સ્ત્રીઓએ જણાવ્યું કે તેમને તેમની સંસ્કૃતિનાં લોકગીતો, લોકનૃત્યો વગેરે ગમે છે. જોકે, આવો જવાબ માત્ર આપવા ખાતર આપ્યો હોય અથવા 'આમ કહેવું સારુંછે.' - એ જાણીને આપ્યો હોય તેવું વધુ લાગે છે.

તે ઉપરાંત ઘણી સ્ત્રીઓએ એમ પણ જણાવ્યું કે અમારા સમાજમાં સ્ત્રીનું સન્માન છે. દીકરા-દીકરી વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં નથી આવતો અને સ્ત્રી-પુરુષનો મોભો સમાન છે. આ અમારા સમાજની બહુ જ ગૌરવ લેવા જેવી વાત છે.

આદિવાસી સમાજની સારી બાબતો ગણાવતાં કેટલીક મહિલાઓ આ સમાજમાં સ્ત્રીના





પુનઃલગ્ન સામે કોઈ છોછ કે વાંધો નથી તેને ખાસ મહત્ત્વ આપે છે. ઘણી મહિલાઓએ કહ્યું કે આદિવાસી સમાજમાં છૂટાછેડા લીધેલી સ્ત્રીને પણ યોગ્ય પાત્ર મળી રહે છે. સ્ત્રીના પુનઃલગ્ન કે વિધવા સ્ત્રીના ફરી લગ્ન સામે આ સમાજમાં કોઈ નિષેધ નથી.

કેટલીક મહિલાઓને પોતાના સમાજમાં વ્યક્તિ-સ્વતંત્રતા છે તે વાત ગૌરવ લેવા જેવી લાગે છે. લગ્નમાં સ્વ-પસંદગી કરી શકાય છે તેને તેમણે પોતાના સમાજની સારી બાબત ગણાવી.

ઘણી મહિલાઓએ પોતાના સમાજના લોકોના માયાળુ અને પરોપકારી સ્વભાવની વાત કરી. તેમના મતે શહેરના લોકો કરતાં આદિવાસી લોકો વધુ લાગણીશીલ, નિઃસ્વાર્થ, ભોળા, માયાળુ, મહેનતુ, મદદશીલ અને આતિથ્યભાવનાવાળા છે. આદિવાસી પ્રજાનો સરળ અને સાલસ સ્વભાવ એ ઘણી મહિલાઓને મન પોતાના સમાજની ગૌરવ લેવા જેવી વાત છે.

ધોડિયા જાતિની એક મહિલાએ જણાવ્યું કે આદિવાસીઓમાં અમારી જાતિમાં શિક્ષણનું પ્રમાણ સહુથી વધુ છે અને અમારી જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે એ અમારા સમાજની ગૌરવ લેવા જેવી વાત છે.

'તમારા સમાજના કયા રિવાજો અથવા કઈ બાબતો તમને નથી ગમતી?' એ પ્રશ્નના જવાબમાં વિવિધ પ્રત્યુત્તરો મળ્યા. પરંતુ, જે ત્રણ-ચાર બા-તોને સહુથી વધુ પ્રધાન્ય મળ્યું તે આ પ્રમાણે છે.

(૧) લોકોમાં ખૂબ જ અંધશ્રદ્ધા, વહેમ અને અજ્ઞાન છે. અમારા સમાજના લોકો ભૂવા-ભગત, ડાકણ વગેરેમાં માને છે જે બરાબર નથી લાગતું.

(૨) અમારા સમાજમાં ગામડાંમાં દારૂનું વ્યસન છે.

(૩) મૃત્યુ પ્રસંગે વધુ પડતી રોકકળ, દેખાવ બધું કરવું પડે છે. આ રિવાજ બહુ જ ખરાબ લાગે છે.

(૪) અમારી જાતિમાં સ્ત્રીઓને લાજ કાઢવી પડે છે, આ રિવાજ નથી ગમતો. (દક્ષિણ ગુજરાતની આદિવાસી જાતિઓમાં લાજ કાઢવાનો રિવાજ નથી, પણ સાબરકાંઠાની ડુંગરી ગરાસિયા જાતિમાં રજપૂત સમાજની અસર હેઠળ સ્ત્રીઓમાં લાજ કાઢવાનો રિવાજ છે ડુંગરી ગરાસિયા જાતિની મોટા ભાગની ઉત્તરદાતાઓએ તેને પોતાના સમાજનો એક અપ્રિય રિવાજ ગણાવ્યો.)

આ ચાર મુખ્ય બાબતો ઉત્તરદાતાઓએ પોતાના સમાજની નહીં ગમતી બાબતો તરીકે વર્ણવી. આ ઉપરાંત કેટલાક અન્ય પ્રત્યુત્તરો પણ મળ્યા, જેમાનાં મુખ્ય આ પ્રમાણે છે.

(૧) અમારા સમાજના રીતરિવાજો નથી ગમતા. જેમ કે, લગ્નપ્રસંગ વખતે ત્રણ દિવસ સુધી ગામના લોકો કન્યાને પીઠી ચોળવા આવે છે. આ બધું હવે નથી ગમતું. બાળકોને પણ નથી ગમતું.

(૨) અમારો સમાજ શિક્ષણમાં પાછળ છે, એટલે તેનો વિકાસ ઓછો થયો છે.

(૩) જાતિના લોકોમાં સંપનો અભાવ છે.

(૪) આદિવાસી જાતિના લોકોમાં મહત્ત્વાકાંક્ષા નથી. આજનું ખાવાનું મળે તો કાલની ચિંતા ન કરે. વધુ કમાવાની, આગળ વધવાની ઇચ્છા કે આકાંક્ષા તેમનામાં નથી. અન્યાય પણ સહી લે. આ વૃત્તિ યોગ્ય નથી.

(૫) અમારા સમાજમાં છોકરીઓને ઓછું ભણાવે છે, નાની ઉંમરે તેનાં લગ્ન કરી દે છે એ નથી ગમતું.

(૬) જાતિનો પહેરવેશ, બોલી વગેરે નથી ગમતાં.

(૭) અમારા આદિવાસી સમાજમાં શહેરી રીતરસમોનું અનુકરણ વધતું જાય છે, જૂની પ્રથાઓ લુપ્ત થતી જાય છે. આમ તો અમારા સમાજમાં દહેજપ્રથા નથી, પણ હવે છોકરાઓ લગ્નમાં મોટરસાઈકલ વગેરે માંગતા થઈ ગયા છે.

(૮) લગ્નસંબંધમાં નોકરી અને આર્થિક સ્થિતિને પ્રાધાન્ય મળતું જાય છે.

પોતાના સમાજની સારી અને નહીં ગમતી બાબતો પ્રત્યે ઉત્તરદાતાઓએ આ પ્રમાણે તેમનાં મંતવ્યો આપ્યાં. આદિવાસી સમાજ અને લોકોની જે સારી બાબતો તેમણે જણાવી તે આજે પણ ગામડાંઓમાં ટકી રહી છે એ હકીકત છે અને એનું આ મહિલાઓને ગૌરવ છે. પરંતુ, કેટલીક મહિલાઓને પોતાના સમાજની જે વાતો સારી લાગે છે એ જ બાબતો કેટલીક મહિલાઓને નથી ગમતી અને એથી વિપરીત પણ છે. જેમ કે, ઘણી મહિલાઓને પોતાના સમાજની લગ્નપ્રસંગની વિધિ, સામાજિક રીતરિવાજો, સંસ્કૃતિ વગેરે સારાં લાગે છે. આ જ બાબતો કેટલીક આદિવાસી મહિલાઓને નથી ગમતી. તેમને પોતાનો પહેરવેશ, બોલી, લગ્નવિધિ, સામાજિક રીતરિવાજો બધું 'પછાત' લાગે છે.

આદિવાસી સમાજમાં બદલાતા જતા રિવાજો અને શૈક્ષણિક વિકાસથી મોટા ભાગની મહિલાઓ આનંદની લાગણી અનુભવે છે. પરંતુ, લગભગ પચાસની ઉંમરે પહોંચેલી કેટલીક ઉત્તરદાતા મહિલાઓ આદિવાસીઓમાં જૂની પ્રથાઓ લુપ્ત થતી જાય છે અને એને સ્થાને શહેરી રીતરસમોનું અનુકરણ વધતું જાય છે એ બાબતે ચિંતિત છે.

શહેરમાં નોકરી કરતી મહિલાઓમાંથી મોટા ભાગની મહિલાઓ દસ વર્ષથી પણ વધુ સમયથી શહેરમાં રહે છે. ઉત્તરદાતા મહિલાઓમાંથી ૫૭ % મહિલાઓ માને છે કે શહેરમાં રહેવાથી સામાજિક પ્રતિષ્ઠા વધે છે. ૪૩ % મહિલાઓનું માનવું છે કે શહેરમાં રહેવાથી સામાજિક પ્રતિષ્ઠામાં કોઈ ફેર નથી પડતો.

શિક્ષણ અને નોકરીથી સામાજિક પ્રતિષ્ઠા વધે છે એવું માનનારી આદિવાસી મહિલાઓનું પ્રમાણ ૮૦ %થી ૯૦ % જેટલું છે. શહેરમાં રહેવાથી સામાજિક પ્રતિષ્ઠા વધે છે એવું માનનારી મહિલાઓનું પ્રમાણ આટલું મોટું નથી, તેમ છતાં વધુ તો છે જ. આમ, શહેરમાં રહેવું, શિક્ષણ અને નોકરી – આ ત્રણ બાબતોને મોટા ભાગની ઉત્તરદાતા મહિલાઓ સામાજિક પ્રતિષ્ઠાનો વિષય માને છે.

નોકરિયાત આદિવાસી મહિલાઓનો પહેરવેશ, ભાષા, જીવનશૈલી, રીતભાત વગેરે સંપૂર્ણ રીતે શહેરી વર્ગની મહિલા જેવાં થઈ ગયાં છે. એ રીતે તેમણે શહેરી સમાજ અને જીવનપદ્ધતિ સાથે સરસ રીતે સમાયોજન સાધ્યું છે એવું મુલાકાતો અને નિરીક્ષણ પરથી જાણવા મળ્યું. જ્યારે એમને પૂછવામાં આવ્યું કે, 'શું તમને લાગે છે કે તમે શહેરની બિન-આદિવાસી સ્ત્રીઓ સાથે ભળી ગયાં છો ?' ત્યારે ૫૦.૮% મહિલાઓએ જણાવ્યું કે અમે સંપૂર્ણ રીતે તેમનામાં ભળી ગયાં છીએ. ૨૪.૬% મહિલાઓ માને છે કે તેઓ ઘણા અંશે બિનઆદિવાસી સ્ત્રીઓ સાથે ભળી ગઈ છે, ૨૪.૬ % મહિલાઓએ જણાવ્યું કે તેઓ કેટલેક અંશે બિનઆદિવાસી સ્ત્રીઓ સાથે ભળી ગઈ છે, કેટલેક અંશે ભળી નથી શકી.

'શું બિનઆદિવાસી લોકો કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર તમારી સાથે ભળે



છે ?' આ પ્રશ્નના જવાબમાં ૩૩ % મહિલાઓનું માનવું છે કે બિનઆદિવાસી લોકો કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના તેમની સાથે સંપૂર્ણ રીતે ભળે છે. ૨૮ % મહિલાઓનું માનવું છે કે તેઓ ઘણા અંશે તેમની સાથે ભળે છે. સહુથી વધુ ૩૯ % મહિલાઓ માને છે કે બિનઆદિવાસી મહિલાઓ કેટલેક અંશે તેમની સાથે ભળે છે. તેમના વર્તનમાં ક્યારેક અમારા પ્રત્યેનો ભેદભાવ દેખાય છે.

ઘણી મહિલાઓએ જણાવ્યું કે અમારી સાથે તો બિનઆદિવાસી લોકો અને ખાસ તો મહિલાઓ સારો વ્યવહાર કરે છે, પણ ક્યારેક બીજા આગળ અમારું વાંકું બોલે છે. આમ, પરોક્ષ રીતે એમનો વ્યવહાર જુદો છે એવું એમને બીજા દ્વારા જાણવા મળે છે.

આ બાબત ઘણું બધું સૂચિત કરે છે. ગામમાંથી આવેલી આદિવાસી મહિલાઓ પોતે શહેરી લોકો અને સંસ્કૃતિ સાથે આત્મસાત્ થવાનો પ્રયત્ન કરી રહી છે અને મોટા ભાગની મહિલાઓમાં પરસંસ્કૃતિકરણ (acculturation) થઈ ગયું છે. પરંતુ શહેરનો બિન-આદિવાસી સમાજ તેમના પ્રત્યે થોડો ભેદભાવ રાખે છે અને તેમને સંપૂર્ણપણે અપનાવ્યાં નથી એવું આમાંની ઘણી મહિલાઓને લાગે છે.

શહેરી ઉચ્ચ વર્ણના લોકોનો આદિવાસી મહિલાઓ પ્રત્યેનો ભેદભાવ બે કારણોસર છે. એક તો શહેરી વર્ગ પોતાને 'ઊંચો' માને છે અને આદિવાસી જાતિ, આદિવાસી લોકો અને સંસ્કૃતિને 'પછાત' માને છે. બીજું, બિનઆદિવાસી, ઉચ્ચ વર્ણના લોકોને આજે નોકરી મેળવવાના ફાંફાં છે. આવા સંજોગોમાં આદિવાસી લોકોને અનામત પ્રથાને લીધે થોડી ઓછી શૈક્ષણિક લાયકાત હોય તોપણ, કોઈ સંઘર્ષ વગર નોકરી મળી જાય છે અને પ્રમોશન પણ મળે છે. આ કારણસર બિનઆદિવાસી કર્મચારીઓનો રોષ અને ઈર્ષા તેમની પર ઢળે છે. તેથી તેમના વર્તનમાં વધુ તિરસ્કાર અને ભેદભાવ ભળે છે.

'આદિવાસી તરીકે ઓળખાવામાં તમે કેવી લાગણી અનુભવો છો ?' - આ એક ખૂબ જ સંવેદનશીલ અને નાજુક પ્રશ્ન હતો જેના સાચા, નિખાલસ જવાબ મળવા મુશ્કેલ લાગતા હતા. પરંતુ, લગભગ બધી મહિલાઓએ (૧૦ મહિલાઓ સિવાય) આ પ્રશ્નનો ઉત્તર આપ્યો. કેટલીક મહિલાઓએ તો ખૂબ જ વિસ્તૃત અને પોતાની અંતરની લાગણીઓને વાચા આપતો જવાબ આપ્યો. આવા કેટલાક મહત્ત્વના પ્રત્યુત્તરો પ્રકરણના અંતે ઉત્તરદાતાઓના શબ્દોમાં જ રજૂ કર્યા છે.

૬૦ % મહિલાઓ આદિવાસી તરીકે ઓળખાવામાં ગૌરવની લાગણી અનુભવે છે. ૫% મહિલાઓએ જણાવ્યું કે તેઓ આદિવાસી તરીકે ઓળખાવામાં લઘુતાગ્રંથી અને સંકોચ મહેસૂસ કરે છે. ૧૬ % મહિલાઓએ જણાવ્યું, 'આદિવાસી તરીકે ઓળખાવામાં કોઈ ક્ષોભ કે સંકોચ નથી થતો.' આમ, તેમણે નકારાત્મક જવાબ આપ્યો, જેમાં સ્વબચાવની મનોવૃત્તિ દેખાય છે. ૭ % મહિલાઓએ જવાબ આપ્યો, 'ખાસ કંઈ નહીં. જે છીએ તે છીએ.' આ જવાબમાં થોડો સમાધાનનો સૂર જણાય છે. ૪.૨ % મહિલાઓએ જણાવ્યું, 'આદિવાસી હોવાનું અમને દુઃખ નથી, પણ શહેરની અન્ય જાતિના લોકો અમને પછાત અને હલકાં ગણે છે ત્યારે દુઃખ થાય છે.'

પોતાની જાતમહેનત અને અભ્યાસથી આગળ આવેલાં મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં વર્ગ-૨ અધિકારી તરીકે ફરજ બજાવતાં એક આદિવાસી મહિલાએ બહુ જ નિખાલસતાપૂર્વક જણાવ્યું, 'આદિવાસી હોવાથી મને તો કોઈ લઘુતાગ્રંથિનો અહેસાસ નથી થતો, પણ મને

લાગે છે કે મારા પતિ આ વાતથી લઘુતાગ્રંથિ અનુભવે છે. તેઓ સોસાયટીમાં કે અન્ય સ્થળોએ બીજા લોકો સાથે મળવાનું ટાળે છે. ખાસ કરીને જ્યારે તેમના ઉપરી-અધિકારીઓને મળવાનું થાય ત્યારે સંકોચ અનુભવે છે અને બિનઆદિવાસી સમાજમાં બહુ ભળતા નથી. હું તો બધા સાથે હળીમળી જઉં છું.'

મને લાગે છે કે સ્ત્રીમાં નવા વાતાવરણ સાથે જલદી અનુકૂલનો સાધવાની શક્તિ વિશેષ હોય છે જે આ બહેનમાં મને દેખાઈ. પરંતુ તેમના પતિ શહેરી સંસ્કૃતિ અને નવા વાતાવરણમાં પોતાની જાતને બરાબર ગોઠવી શક્યા નથી અને આદિવાસી હોવાથી લઘુતાગ્રંથિ અનુભવે છે એ વાત સ્પષ્ટ થઈ. મોટા ભાગની મહિલાઓના જણાવ્યા મુજબ આદિવાસી તરીકે ઓળખાવામાં તેઓ ગૌરવ અનુભવે છે. આમાંના ઘણા જવાબો સાચા હોઈ શકે છે, પરંતુ બધા જ સાચા છે તેમ કહેવું મુશ્કેલ છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓએ ઉચ્ચ શિક્ષણ લીધું છે. તેમની વૈચારિક પરિપક્વતા વધી છે. કોઈ પણ શિક્ષિત વ્યક્તિ પોતે લઘુતાગ્રંથી અનુભવે છે એમ કહેવા ભાગ્યે જ તૈયાર થાય. ઉત્તરદાતાઓમાંથી મોટા ભાગની સ્ત્રીઓએ જણાવ્યું કે અમે અમારી આદિવાસી અટક કે ઓળખ છૂપાવતાં નથી. જોકે, અમારામાંનાં ઘણાં આવું કરે છે ખરાં, જે દર્શાવે છે કે 'આદવાસી' તરીકે ઓળખાવામાં શહેરમાં રહેતી ઘણી સ્ત્રીઓ સંકોચ અનુભવે છે.

કેટલીક સ્ત્રીઓ શરમ નહીં તો ડરને કારણે પોતાની ઓળખ છુપાવે છે. ૧૯૮૫માં ગુજરાતમાં અનામત વિરોધી આંદોલન થયું ત્યારે કેટલીક કચેરીઓમાં ઉચ્ચ વર્ણના સરકારી કર્મચારીઓએ અનામતની બેઠકો પર આવેલા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના લોકો સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક કે સંબંધ રાખવો નહીં તેવાં ચોપાનિયાં છપાવેલાં. તેથી આ લોકોના મનમાં ડર પેસી ગયો કે એમની સાથે કોઈ સંબંધ નહીં રાખે અને જો બિનઆદિવાસીઓને તેમની અસલી ઓળખની ખબર પડશે તો તેમના ગુસ્સાનો ભોગ બનવું પડશે. તેથી ઘણા આદિવાસી લોકોએ પોતાની અટક બદલાવી નાખી. એક ચૌધરી બહેને પોતાની અટક 'ભારતી' કરી નાખી છે. ઘણી બહેનોએ શહેરમાં આવ્યા પછી નામ પણ બદલી નાખ્યાં છે. 'કનુબેન'માંથી 'શીલા' અને 'નર્મદા'માંથી 'નંદા' નામ થઈ ગયાના દાખલા પણ મળ્યા.

આદિવાસી તરીકે ઓળખાવામાં ગૌરવ કે સંકોચની લાગણી અને ઉત્તરદાતા મહિલાની જાતિ કે તેના હોદ્દા વચ્ચે કોઈ સહસંબંધ જોવા નથી મળ્યો.

આદિવાસી સમાજને ઉચ્ચ વર્ણની હિંદુ જાતિઓએ વર્ષોથી 'પછાત' ગણ્યો છે. વાસ્તવમાં તેમની સંસ્કૃતિમાં અમુક એટલી સારી બાબતો છે જે કહેવાતા ભદ્ર સમાજમાં પણ નથી. પરંતુ, પોતાનો સામાજિક દરજ્જો ઊંચો લાવવા આજે આદિવાસી સમાજ લગભગ દરેક બાબતમાં શહેરી ઉજળિયાત વર્ગનું અનુકરણ કરવા લાગ્યો છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓનો સમૂહ હજુ ઘણો નાનો છે. તેઓ શિક્ષણ, નોકરી અને શહેરમાં રહેતા હોવાને કારણે પોતાના ગામના, પોતાની જાતિના ઓછું ભણેલા લોકોથી ભૌગોલિક, સામાજિક અને માનસિક રીતે દૂર થઈ ગયા છે. સાથે સાથે શહેરી સમાજમાં સંમિશ્રિત તો થયા છે, પરંતુ સંપૂર્ણપણે નહીં. આ સંમિશ્રણ એક-તરફી છે. દ્વિમાર્ગી નથી. શહેરી રીતભાતો, પોશાક, ભાષા અને જીવનશૈલી તેમણે અપનાવી લીધાં છે છતાં શહેરના બિનઆદિવાસી સમાજ સાથે લગ્નવ્યવહાર શક્ય નથી અને શહેરી સમાજે તેમને હજુ પૂરેપૂરી રીતે સ્વીકૃત નથી કર્યા. આમ, જોવા જઈએ તો તેમની સ્થિતિ ત્રિશંકુ જેવી છે. નથી તો તેઓ પોતાના ગામના લોકો સાથે મજબૂત સંબંધ રાખી શકતા, નથી શહેરના લોકો તેમને સંપૂર્ણપણે અપનાવતા. મનોવૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર આ પ્રકારની પરિસ્થિતિ જૂથમાં એક પ્રકારની 'આઈડેન્ટીટી ક્રાઈસિસ' સર્જે છે અને તેમાંથી લાંબા ગાળે આ જૂથની વ્યક્તિઓમાં અસલામતી જેવી ભાવના તથા બીજી ઘણી મનોવૈજ્ઞાનિક અને સામાજિક સમસ્યાઓ સર્જાઈ શકે છે.



જોકે, આ સ્ત્રીઓનો પોતાના વતન સાથે હજુ લાગણીસભર અને ઊંડો નાતો છે, કારણ કે તેમનાં મૂળ ત્યાં રહેલાં છે. પરંતુ તેમનાં બાળકો ભવિષ્યમાં આ પ્રકારની 'આઈડેન્ટીટી ક્રાઈસિસ' અનુભવે અને પોતાની સામાજિક-સાંસ્કૃતિક ઓળખ ગુમાવી બેસે તેવી પૂરી શક્યતા છે. આ બાબત પર માનવશાસ્ત્રીઓ, સમાજવૈજ્ઞાનિકો અને આદિવાસીઓના વિકાસ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ ધ્યાન આપવું રહ્યું એવું મારું અંગત રીતે માનવું છે.

## કેટલાક પ્રતિભાવો

'આદિવાસી તરીકે ઓળખાવામાં તમે કેવી લાગણી અનુભવો છો?' - આ પ્રશ્નના પ્રતિભાવ રૂપે જે પ્રત્યુત્તરો મળ્યા તેમાંના કેટલાક અક્ષરશઃ રજૂ કર્યા છે. આ પ્રતિભાવો અહીં મૂકવાનું યોગ્ય જણાય છે, કેમ કે આ પ્રતિભાવોમાં શિક્ષિત, નોકરિયાત આદિવાસી મહિલાઓના મનના ઊંડાણનું અને તેમને અનુભવાતી વિવિધ સૂક્ષ્મ લાગણીઓનું સચોટ પ્રતિબિંબ ઝિલાયું છે. જે આદિવાસી મહિલાઓ આદિવાસી હોવા બદલ ગૌરવ અનુભવે છે તેનાં પણ જુદાં જુદાં તેનાં વિવિધ કારણો મળ્યાં છે. જે શરમ કે સંકોચ અનુભવે છે તેનાં પણ જુદાં જુદાં કારણો નિરૂપિત થયાં છે. ક્યાંક રોષ, આક્રોશ કે હતાશાનો સૂર પણ સંભળાય છે.

ભવિષ્યમાં આદિવાસીઓ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો અને આદિવાસીઓ માટે નીતિ ઘડનારા સરકારી એકમો અને કચેરીઓને તેમ જ સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓને આમાંથી કંઈક દિશાસૂચન મળી શકે તેમ છે.

(૧) 'હું જાતિમાં બહુ માનતી નથી. જાતિને લીધે કોઈ નાનું-મોટું નથી એટલે આદિવાસી તરીકે ઓળખાવામાં કોઈ શરમ કે સંકોચ નથી થતો. દેખાવ, જાતિ એ બધું ઈશ્વરદત્ત છે. આપણા હાથમાં નથી,'

(હેડ ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૨) 'મને પોતાને આદિવાસી હોવાનો કોઈ સંકોચ કે દુઃખ નથી, પણ અમે કુશળતા ધરાવતાં હોવા છતાં સવર્ણ લોકો અમને પછાત ગણે છે ત્યારે બહુ દુઃખ થાય છે.'

(હિસાબનીશ, જાતિ-પટેલિયા)

(૩) 'આદિવાસી હોવાને લીધે હું લઘુતાગ્રંથિ અનુભવું છું.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૪) 'આદિવાસી હોવાનો મને કોઈ અફસોસ નથી. હું મારી જાતિ છુપાવવામાં બિલકુલ

માનતી નથી.'

(ક્લાર્ક, જાતિ-ધોડિયા)

(૫) 'આદિવાસી ખમીરવંતી પ્રજા છે, એનું મને ગૌરવ છે. હું પોતે મારી જાતિ કદી છુપાવતી નથી. પરંતુ ભદ્ર સમાજ આદિવાસી કોમને પછાત ગણતો હોવાથી કેટલાકને ભદ્ર સમાજ આગળ પોતાની ઓળખ છુપાવવાની ફરજ થઈ પડે છે.'

(હેડ ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૬) 'આદિવાસી તરીકે ઓળખાવામાં થોડો સંકોચ અનુભવાય છે.'

(ટેલિફોન ઑપરેટર, જાતિ-વસાવા)

(૭) 'અમે આદિવાસી સમાજમાંથી આવીએ છીએ, એથી અમને તો કોઈ ફેર નથી પડતો, પરંતુ હિંદુ સમાજમાં ઊંચ-નીચના ભાગલા વર્ષોથી ચાલતા આવ્યા છે. માટે શહેરમાં જ્યાં પણ જઈએ ત્યાં તરત જ પૂછવામાં આવે છે કે તમે કઈ જ્ઞાતિના છો? અને જ્યારે અમે કહીએ કે અમે આદિવાસી છીએ ત્યારે લોકો એમ જ સમજે છે કે આ તો હલકી જાતિ છે. વાણિયા, બ્રાહ્મણ નથી. જ્યાં સુધી આવા ઊંચ-નીચના ભેદ આપણા ભારત દેશમાં હશે ત્યાં સુધી આ દેશ કદી ઊંચો આવવાનો નથી.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૮) 'જો બિનઆદિવાસી લોકોને એ વાતની ખબર પડે કે અમે આદિવાસી છીએ અને અનામત સીટ પર નોકરી મળી છે તો એ લોકો અમારી ઈર્ષા કરે છે, ગુસ્સો કરે છે અને અમારી તરફ તિરસ્કારભર્યું વલણ દાખવે છે. એટલે અમે ઇચ્છીએ છીએ કે અમે આદિવાસી છીએ એવું એમને (બિનઆદિવાસી લોકોને) ખબર ના પડે.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૯) આદિવાસી તરીકે ઓળખાવામાં હું કોઈ હીન લાગણી નથી અનુભવતી. ઊલટાનો ગર્વ અનુભવું છું. અમારા લોકો ભોળા છે. પણ ગરીબ, અશિક્ષિત અને શ્રમજીવી છે.'

(હેડ ક્લાર્ક, જાતિ-ભીલ)

(૧૦) 'આદિવાસી તરીકે ઓળખાવામાં કોઈ શરમ કે સંકોચ નથી થતાં, પણ આદિવાસી હોવાને કારણે નોકરીમાં થોડો સંઘર્ષ અનુભવાય છે.'

(કલાર્ક, જાતિ-પટેલિયા)

(૧૧) 'આદિવાસી હોવાનું મને ગૌરવ છે. આદિવાસી સમાજ ભદ્ર સમાજ કરતાં નિર્દોષ અને ભોળો છે. સરકારની આદિવાસીઓના વિકાસ અંગેની સવલતો મહદ્ અંશે એમના સુધી પહોંચતી નથી. જો તે સંપૂર્ણપણે પહોંચાડવામાં આવે તો આદિવાસી પ્રજાનો સર્વાંગી વિકાસ સાધી શકાય. જેથી આદિવાસી મહિલાઓનો વ્યક્તિગત, આર્થિક, સામાજિક વિકાસ હજી પણ સારો થઈ શકે એવું મારું માનવું છે.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૧૨) 'આદિવાસી તરીકે ઓળખાવામાં મને કોઈ નાનમ નથી થતી, પણ કોઈક વાર બિનઆદિવાસી લોકો બહુ નીચી દૃષ્ટિથી અમને જુએ ત્યારે મનમાં થોડો આઘાત લાગે છે. શું અમે લોકો મનુષ્ય નથી ?'

(ક્લાર્ક, જાતિ-ભીલ)

(૧૩) 'આદિવાસી તરીકે ઓળખાવામાં મને કોઈ સંકોચ થતો નથી, બલકે ગૌરવ થાય



છે. અમારા સમાજમાં બિનઆદિવાસી સમાજ કરતાં પણ કેટલાક સારા ગુણો અને રીતરિવાજો છે. આદિવાસી લોકો બને ત્યાં સુધી બધા સાથે પ્રેમથી રહે છે. આદિવાસીઓ ફક્ત પૈસાની દૃષ્ટિએ અને રહેણીકરણીની દૃષ્ટિએ પછાત છે. પરંતુ આદિવાસી લોકોના વિચારો ઘણા ઉચ્ચ હોય છે. એકબીજાને હંમેશાં મદદ કરે છે. બિનઆદિવાસીઓ અમારા પ્રત્યે થોડું તોછડું વર્તન કરે છે, ઑફિસમાં પણ કર્મચારીઓ આવું જ વર્તન કરતા જોવા મળે છે. છતાં પણ અમે પૂરા ખંતથી ઑફિસમાં કામ કરીએ છીએ.'

(ક્લાર્ક, જાતિ-ગામીત)

(૧૪) 'આદિવાસીઓ તરીકે ઓળખાવામાં મને ગૌરવની લાગણી થાય છે. શહેરના લોકોને તો આદિવાસીઓ કેવા હોય તેનો પણ ખ્યાલ નથી. આજે અમે સરકારી નીતિ-નિયમોને કારણે નહીં, બલકે પોતાના પુરુષાર્થથી–મહેનતથી–આગળ આવ્યા છીએ જે અમારા માટે ગૌરવની વાત થઈ. અન્ય સમાજના નીતિ-નિયમોથી અમે ભિન્ન છતાં સુખી છીએ.'

(શિક્ષિકા, જાતિ-ચૌધરી)

(૧૫) 'આદિવાસી તરીકે હું ખૂબ જ ગૌરવની લાગણી અનુભવું છું. ફરી જન્મ લેવાનો હોય તો આદિવાસી જાતિમાં જ જન્મ લેવાનું પસંદ કરું.'

(તબીબી અધિકારી, જાતિ-ભીલ)

(૧૬) 'આદિવાસી તરીકે ઓળખાવામાં મને કોઈ સંકોચ થતો નથી. ઈશ્વરે જે જાતિમાં જન્મ આપ્યો તે સ્વીકાર્ય છે.'

(શિક્ષણ સુપરવાઇઝર, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૧૭) 'આદિવાસી તરીકે હું ખૂબ જ ગૌરવની લાગણી અનુભવું છું. આદિવાસી હોવા છતાં આટલું ભણ્યાંગણ્યાં અને સારા હોદ્દા સુધી પહોંચ્યાં એ બદલ ગૌરવ થાય છે. મારા પતિને ક્યારેક લઘુતાગ્રંથી થઈ આવે છે, પણ આદિવાસી હોવામાં હું કોઈ જાતની લઘુતાગ્રંથી અનુભવતી નથી.'

(ચીફ એકાઉન્ટન્ટ, જાતિ-પટેલિયા)

(૧૮) 'આદિવાસી તરીકે ઓળખાવામાં કોઈ નાનમ કે ખરાબ લાગણીનો અહેસાસ થયો નથી. કારણ કે જન્મ-જાતિને મિટાવવાનો કોઈ ઉપાય નથી. અમે હિંદુ સંસ્કૃતિના જ રીતરિવાજો અને જીવનશૈલીને અનુસરીએ છીએ તેથી એવી કોઈ જ લાગણીનો અનુભવ થતો નથી કે અમે આદિવાસી છીએ. છતાં બાળકોને જાતિ વિશે માહિતી આપીએ છીએ ત્યારે બાળકો સ્વાભાવિક રીતે જ પ્રશ્ન કરે છે કે, 'આપણે આદિવાસી શા માટે ?' ઘણી વખત સ્કૂલમાં જાહેરમાં બાળકને તેમની જાતિ વિશે પૂછવામાં આવે છે ત્યારે બીજાં બાળકો અમારાં બાળકો પ્રત્યે નફરત કે તિરસ્કારની દૃષ્ટિથી જુવે છે કે આ તો આદિવાસી છે. એ વખતે બાળકો મૂંઝાઈ જાય છે. છતાં શિક્ષિત માબાપ તરીકે અમે એમને સારું એવું જ્ઞાન આપીએ છીએ અને તેમની મૂંઝવણ દૂર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આમ, ક્યારેક બાળકો થકી મૂંઝવણ સિવાય વિશેષ કોઈ જ લાગણીનો અનુભવ થતો નથી.

(ક્લાર્ક, જાતિ-ધોડિયા)

(૧૯) 'પોતાની જાતિ વિશે સ્વમાનની લાગણી હોવી જ જોઈએ, જે હું પણ આદિવાસી તરીકે અનુભવું છું.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૨૦) 'હું આદિવાસી તરીકે ગૌરવની લાગણી અનુભવું છું. જે જાતિમાં જન્મ થયો હોય એને છુપાવવી ના જોઈએ. પોતાની જાતિની સ્પષ્ટ ઓળખ આપવી તેમ જ તે રિવાજો મુજબ રહેવું એ ગૌરવની વાત છે. જોકે, અમારામાંના ઘણા આદિવાસી તરીકેની પોતાની ઓળખ છુપાવે છે. જો નોકરી મેળવતી વખતે S.T. હોવાનો લાભ લેતા હોઈએ અને ત્યાં જાતિ સ્પષ્ટ કરતા હોઈએ અને ત્યારે કોઈ સંકોચ ન થતો હોય તો બીજી બધી બાબતોમાં શા માટે જાત છુપાવવી જોઈએ ? જોકે, એમાં ક્યારેક લોકોનું વલણ પણ કારણભૂત બને છે. જ્યાં સુધી સહકર્મચારીઓ કે અન્ય લોકો નથી જાણતા કે આ બહેન કે ભાઈ આદિવાસી (S.T.) છે ત્યાં સુધી એમનું વર્તન બહુ સારું હોય છે, પણ જેવી એ વાતની ખબર પડે કે તેમના વલણમાં ફેર આવી જાય છે. એટલે અમારામાંના ઘણા પોતાની આદિવાસી તરીકેની ઓળખ છુપાવે છે.'

(ક્લાર્ક, જાતિ-ધોડિયા)

(૨૧) 'આદિવાસી તરીકે ઓળખાવામાં થોડા સંકોચની લાગણી અનુભવાય છે, ક્ષોભ થાય છે, કારણ કે લોકો અમને (આદિવાસીઓને) હલકા ગણે છે.'

(ક્લાર્ક, જાતિ-ભીલ)

(૨૨) 'આદિવાસી હોવાને કારણે નોકરીના સ્થળે સંઘર્ષનો અનુભવ કરવો પડ્યો છે એના લીધે આદિવાસી હોવા માટે થોડું દુઃખ અને ગ્લાનિ થાય છે.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૨૩) 'આદિવાસી જાતિમાં જન્મી એને હું મારું અહોભાગ્ય માનું છું.'

(વર્ગ-૨ અધિકારી, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૨૪) 'આદિવાસી તરીકે ઓળખાવામાં હું કોઈ હીન લાગણી અનુભવતી નથી. આદિવાસી એટલે પછાત કે બેકવર્ડ નહીં, પરંતુ આદિકાળથી હિંદુસ્તાનમાં વસેલા મૂળ વતનીઓ. આધુનિક યુગમાં કેટલાક આદિવાસીઓ શહેરમાં આવીને દેખાદેખીને લીધે શહેરી સમાજનું અનુસરણ કરે છે પરંતુ પાછળથી તેઓ ખૂબ જ હેરાન થઈ જાય છે. ઘણા શહેરના આદિવાસીઓ પોતાની મૂળ સંસ્કૃતિથી ભાગવાનો કે તેને ત્યજવાનો પ્રયાસ કરે છે જે યોગ્ય નથી.'

(શિક્ષિકા, જાતિ-ચૌધરી)

(૨૫) 'અમારામાંના ઘણા પોતાની સાચી ઓળખ કે અટક છુપાવે છે, પણ હું કોઈ દિવસ એ બાબત છુપાવતી નથી, અને બધાને બેધડક કહું છું કે હું આદિવાસી છું. એમાં મને કોઈ સંકોચ થતો નથી.'

(ક્લાર્ક, જાતિ-ધોડિયા)

(૨૬) 'આદિવાસી તરીકે કોઈ સંકોચ નથી થતો. જે છીએ તે છીએ. જાતિ છુપાવવાનો કોઈ ફાયદો નથી. ફૉરવર્ડ કહેવડાવવાથી કંઈ જાતિ બદલાઈ તો નથી જવાની. એટલે છુપાવતી નથી.'

(ક્લાર્ક, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૨૭) 'આદિવાસી તરીકે હું ખૂબ જ સારી લાગણી અનુભવું છું પરંતુ આદિવાસી હોવાના કારણે આવડત, પ્રામાણિકતા, સચ્ચાઈ આ બધા ગુણો હોવા છતાં આદિવાસી



પ્રજાને ઑફિસના સ્થાને શોષાવું પડે છે. અમુક અપવાદોને બાદ કરતાં નોકરી કરતી મોટા ભાગની આદિવાસી સ્ત્રીઓને (ઑફિસ પૂરતી) દરેક સ્ટેજે કશીક ને કશીક મુશ્કેલી અનુભવવી પડે છે, માનસિક સંઘર્ષ અનુભવવો પડે છે. પરંતુ મારો અનુભવ છે ત્યાં સુધી કામની આવડત, ઉકેલશક્તિ અને ઑફિસ કામ સિવાય અન્ય બાબતોમાં કોઈને માથું મારવા નહીં દેવાની પોતાની આગવી પ્રતિભાને કારણે નિષ્ફળતા મળતી નથી.'

(ક્લાર્ક, જાતિ-વસાવા)

(૨૮) 'આદિવાસી ભણેલી અને નોકરી કરતી સ્ત્રી તરીકે હું ગર્વ અનુભવું છું, પણ મારો વ્યવસાય એક નર્સનો અને સેવાનો છે એટલે કામમાં વધુ સમય આપવો પડે છે. એટલે એક આદિવાસી ભણેલી સ્ત્રી તરીકે અમારા સમાજમાં જે પરિવર્તનની જરૂર છે તેમાં બહુ સમય કે સાથ નથી આપી શકતી એનું દુઃખ થાય છે.'

(નર્સ, જાતિ-ભીલ)

(૨૯) 'ભણેલાં અને નોકરી કરતાં આદિવાસી હોવાથી ગામડામાં જઈએ ત્યારે ગૌરવની લાગણી અનુભવીએ છીએ, જ્યારે શહેરમાં ક્યારેક હીનતાની (લઘુતાની) લાગણી અનુભવાય છે.'

(ક્લાર્ક, જાતિ-ચૌધરી)

(૩૦) 'આદિવાસી તરીકે ઓળખાવામાં હું પોતે ગૌરવ અનુભવું છું, કારણ કે એક આદિવાસી અને બિલકુલ પછાત ગણાતા વિસ્તારમાંથી આવતાં હોવા છતાં આજે શિક્ષણ મેળવીને નોકરી કરતાં થયાં છીએ, જે અમારી જાતિ માટે ગૌરવની વાત છે. અમારી જાતિની જે સ્ત્રીઓએ શિક્ષણ નથી મેળવ્યું તેમના અજ્ઞાનની કોઈ સીમા નથી. એટલે એક આદિવાસી શિક્ષિત મહિલા તરીકે મને ગૌરવ થાય છે.'

(ક્લાર્ક, જાતિ-ભીલ)

(૩૧) 'આદિવાસી શબ્દ હવે માત્ર શબ્દ તરીકે જ રહ્યો છે. આદિવાસીઓની જીવનશૈલી હવે ઘણી સુધરી ગઈ છે, એટલે આદિવાસી તરીકેની ઓળખાણથી મારા મતે કોઈ ફેર પડતો નથી.'

(શિક્ષિકા, જાતિ-ધોડિયા)

(૩૨) 'આદિવાસી પ્રજા આ દેશની મૂળ પ્રજા છે, એટલે આ દેશના મૂળ વતની હોવાનું મને ગૌરવ છે.'

(આચાર્યા, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૩૩) 'હું આદિવાસી છું તે છું. અમારા સમાજમાં ઘણાંને પોતાની ઓળખ આપતાં સંકોચ થાય છે, પણ મને નથી થતો. નસીબમાં જે મળ્યું છે તે બદલાવાનું નથી. એમ તો બધા ઇચ્છે છે કે આપણે પણ ઉજળિયાત વર્ગનાં હોઈએ.'

(વર્ગ-૨ અધિકારી, જાતિ-ડુંગરી ગરાસિયા)

(૩૪) 'આદિવાસી જાતિમાં જન્મ લીધો અને ઘણાં ટાંચાં સાધનો અને આર્થિક ભીંસ વચ્ચે પણ શિક્ષણ મેળવ્યું, પ્રગતિ સાધી અને આજે આ કક્ષાએ પહોંચી છું એ બદલ ખૂબ ગૌરવ અનુભવું છું. આથી સિદ્ધ થાય છે કે જીવનમાં આગળ આવવા માટે જાતિ બિલકુલ મહત્ત્વની નથી. ધગશ અને આવડત હોય, તો કોઈ પણ જાતિના હોવા છતાં સિદ્ધિ મેળવી શકાય છે. બાળકો ક્યારેક પૂછે - આપણે કઈ જાતિના છીએ ? બ્રાહ્મણ, પટેલ કે

વાણિયા ? ત્યારે એક વાર મારા પતિએ હસતાં હસતાં તેમને કહ્યું કે આપણે તો દરબાર છીએ. મેં એમને રોકીને કહ્યું કે બાળકોને જે સાચું છે તે જ કહો, નહીં તો આગળ જતાં તેમને પોતાની જાતને ''આદિવાસી'' ઓળખાવતાં શરમ આવશે.'

(વહીવટી અધિકારી, જાતિ-ધોડિયા)

(૩૫) 'આદિવાસી તરીકે ઓળખાવામાં સહેજ પણ સંકોચ અનુભવતી નથી. જન્મદાત્રીની અવગણના કઈ રીતે કરી શકાય ? અભણ અને અણસમજુ એવા આદિવાસી સમાજમાંથી શિક્ષણ મેળવીને આજે અમે આદિવાસી અને કહેવાતા સુધરેલા સમાજ બંનેનો સમન્વય સાધીને પ્રવર્તમાન પરિવર્તનશીલ સંજોગો સાથે કદમ મિલાવીને ચાલીએ છીએ. ગર્વ એ વાતનો છે કે આદિવાસી હોવા છતાં હું કહેવાતા સુધરેલા સમાજમાં શિક્ષણ આપી રહી છું જ્યારે મારા આ સમાજ તરફ બહુ ઓછા સુધરેલા સવર્ણોનું ધ્યાન જાય છે !'

(શિક્ષિકા, જાતિ-ભીલ)

(૩૬) 'આદિવાસી તરીકે ઓળખાવામાં થોડી શરમની–સંકોચની–લાગણી અનુભવું છું. જોકે, જ્યાં સુધી ગામડામાં રહીને ભણતાં હતાં ત્યાં સુધી તો આવી કંઈ લાગણી નહોતી થતી કારણ કે ત્યારે તો ખબર જ નહોતી કે આદિવાસી એટલે કે S.T.ને બૅકવર્ડ કે પછાત ગણવામાં આવે છે. આ તો શહેરમાં આવ્યા પછી ખબર પડી કે શહેરના લોકો અમને આવી દષ્ટિથી જુએ છે. જોકે, લોકો સામાજિક વ્યવહારોમાં, સાથે ખાવાપીવામાં અમારા પ્રત્યે કોઈ ભેદભાવ રાખતા નથી, પણ નોકરીમાં S.T.ને લીધે અમને બઢતી મળે ત્યારે વાંકું બોલે છે, એમની ઈર્ષા અને ગુસ્સાનો અમે ભોગ બનીએ છીએ.'

(મેટ્રન, જાતિ-ચૌધરી)

# ૧૧. ઉપસંહાર

ભારતની તમામ આદિવાસી જાતિઓ પોતાનું આગવું, લાક્ષણિક સામાજિક અને સાંસ્કૃતિક માળખું ધરાવે છે. આધુનિક સંસ્કૃતિ અને સભ્યતાથી સદીઓથી દૂર રહેલા આદિવાસીઓએ પોતાની આગવી પરંપરાઓ અને સંસ્કૃતિ જાળવી રાખી છે, પરંતુ આજે જ્યારે દરેક સમાજ ઝડપી પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે આદિવાસી સમાજ પણ તેનાથી અલિપ્ત રહી શક્યો નથી.

ગુજરાતમાં કુલ ૨૯ અનુસૂચિત જનજાતિઓ છે, જેમની મોટા ભાગની વસ્તી રાજ્યના પૂર્વીય જિલ્લાઓમાં – ઉત્તરમાં બનાસકાંઠાથી શરૂ કરીને દક્ષિણના ડાંગ સુધી – પથરાયેલી છે. આ વિસ્તારો ડુંગરાળ હોવાથી વર્ષો સુધી અહીંની આદિવાસી પ્રજા વાહનવ્યવહારના અભાવે શહેરી સંસ્કૃતિથી તદ્દન અલિપ્ત રહી. પરંતુ બ્રિટિશકાળ દરમિયાન વાહનવ્યવહાર અને રસ્તાઓ વધવાથી જે વિસ્તારો પહેલાં દુર્ગમ હતા ત્યાં પહોંચવું શહેરના લોકો માટે સરળ બન્યું. આઝાદી પછી તેમનામાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ વધ્યું અને શિક્ષણ તેમ જ નોકરી માટે તેઓ જંગલમાંથી બહાર નીકળી શહેરોમાં આવવા લાગ્યા. દક્ષિણના વડોદરા, ભરૂચ, વલસાડ જેવા જિલ્લાઓમાં તો બહુ જ ઝડપથી ઔદ્યોગીકરણ થયું. આદિવાસી વિસ્તારોમાં ઝડપથી થઈ રહેલ ઔદ્યોગીકરણને લીધે તેમ જ તેમનામાં આવી રહેલ સામાજિક અને આર્થિક વિકાસને લીધે વર્ષોથી દેશની અન્ય પ્રજાથી દૂર રહેલી આદિવાસી જાતિઓ આધુનિક સમાજના સંપર્કમાં આવી રહી છે. બિનઆદિવાસી સમાજના સંપર્ક અને અસરો હેઠળ આજે આદિવાસી જાતિઓમાં કેટલાંક સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનો આવતાં જાય છે. દરેક જાતિઓમાં આ પરિવર્તનોના પ્રવાહોની દિશા અને ગતિ જુદાં જુદાં છે અને તે શિક્ષણ, ઔદ્યોગીકરણ, બિનઆદિવાસી સાથેના સંપર્કની માત્રા, પરિવર્તનોને સ્વીકારવા કે નકારવાની પ્રજાની મનોવૃત્તિ વગેરે પરિબળો પર આધારિત છે.

શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકાઓથી આદિવાસી જાતિઓએ શિક્ષણના ક્ષેત્રે ઝડપી વિકાસ સાધ્યો છે. જોકે, હજુ પણ આદિવાસીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું છે, છતાં તેમનામાં આવી રહેલા શૈક્ષણિક વિકાસને નકારી શકાય તેમ નથી. ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં આઝાદી પહેલાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ નહીંવત્ હતું. આજે રાજ્યની ૨૪.૧૯ % આદિવાસી સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. ધોડિયા, ચૌધરી, ગામિત, ડુંગરી ગરાસિયા, ભીલ જેવી કેટલીક આદિવાસી જાતિઓની સ્ત્રીઓમાં તો ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ કરનારી સ્ત્રીઓનું પ્રમાણ પણ છેલ્લા બે દાયકાઓમાં સારું એવું વધ્યું છે. આદિવાસી પ્રજામાં શિક્ષણની પ્રક્રિયાને વેગ આપવામાં સરકારની આદિવાસીઓ માટેની વિશેષ જોગવાઈઓ, મફત શિક્ષણ અને નિવાસ, આર્થિક સહાય વગેરેએ ઘણો ભાગ ભજવ્યો છે તેવું અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું. સાથે સાથે આદિવાસી વિસ્તારોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, આશ્રમશાળાઓ અને કેટલીક વિદ્યાપીઠો જ્યાં આદિવાસીઓને ઉચ્ચ શિક્ષણ માટે ખાસ છૂટછાટો અને સહાય આપવામાં આવે છે, જેવી કે લોકભારતી (સણોસરા), ગાંધી વિદ્યાપીઠ અને વેડછી આશ્રમ (વેડછી), ગૂજરાત વિદ્યાપીઠ (અમદાવાદ) વગેરેનો ફાળો

પણ મહત્ત્વનો રહ્યો છે. આપણા બંધારણમાં આદિવાસીઓ માટે સરકારી નોકરીઓમાં ખાસ અનામત જગ્યાઓની જોગવાઈ કરવામાં આવી છે, પરિણામે આજે ઘણી આદિવાસી મહિલાઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને મોટા શહેરોમાં વિવિધ સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં વ્હાઈટ કૉલર નોકરીઓ કરતી થઈ છે.

અભ્યાસનાં તારણો અનુસાર શહેરોમાં નોકરી કરતી સ્ત્રીઓમાં સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલી સ્ત્રીઓનું પ્રમાણ સહુથી વધુ (૫૪.૩ %) છે. ૧૫.૫ % મહિલાઓએ અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ) સુધીનો અભ્યાસ કર્યો છે. મૅડિકલ, એન્જિનિયરિંગ, વકીલાત જેવા પ્રોફેશનલ ક્ષેત્રોનું શિક્ષણ લીધું હોય તેવી આદિવાસી મહિલાઓ હજુ એકલદોકલ જ છે. સહુથી વધુ મહિલાઓ (૬૨.૭ %) કલાર્કના હોદ્દા પર કામ કરે છે. ૧૬ % મહિલાઓ વહીવટી અધિકારી છે, જેમાંથી ૪% મહિલાઓ વર્ગ-૧ અધિકારી (Class-I Officer) તરીકે કામ કરે છે. ૧૩.૬ % મહિલાઓ શિક્ષિકા તરીકે કામ કરે છે. જ્યારે બે મહિલાઓ ડૉકટર છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓની આ પ્રથમ પેઢી છે. મોટા ભાગની મહિલાઓનાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર ખૂબ જ નિમ્ન (અથવા તો શૂન્ય) છે. ઘણી મહિલાઓએ વિપરીત કૌટુંબિક આર્થિક સંજોગો અને અનેક હાડમારીઓનો સામનો કરીને ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. શિક્ષણ માટે મોટા ભાગની મહિલાઓએ પોતાની શિક્ષણ માટેની તીવ્ર ઈચ્છા અને માતાપિતાના પ્રોત્સાહનને જવાબદાર ગણાવ્યું. આમ આ આદિવાસી મહિલાઓએ જે સંજોગોમાં શિક્ષણ મેળવ્યું છે તે જોતાં તેમણે હાંસલ કરેલી શૈક્ષણિક સિદ્ધિ ખરેખર પ્રશંસાપાત્ર છે. મોટા ભાગની મહિલાઓ કારકુન તરીકે કામ કરે છે, પરંતુ નોકરી કરવાનું તેમને ગૌરવ છે. ૮૫ % મહિલાઓ માને છે કે નોકરી કરવાથી સ્ત્રીનો સામાજિક મોભો વધે છે. સામાન્ય રીતે હિંદુ સમાજની ઉપલા સ્તરની જ્ઞાતિઓમાં જો સ્ત્રી ઉચ્ચ કે માનભર્યા હોદ્દા પર નોકરી કરતી હોય તો જ તેને ગૌરવનો વિષય માનવામાં આવે છે. જો કોઈ મહિલા કલાર્ક કે ટાઈપિસ્ટ જેવા હોદ્દા પર કામ કરતી હોય કે આર્થિક જરૂરિયાતને લીધે નોકરી કરતી હોય તો તેને 'બિચારીને નોકરી કરવી પડે છે' એમ હીણપતભરી રીતે જોવામાં આવે છે. સામાન્ય રીતે નીચી પાયરી પર કામ કરતી સ્ત્રીઓ પણ આવી હીણપતની લાગણી અનુભવે છે. પરંતુ આદિવાસી સમાજમાં વ્હાઈટ કૉલર નોકરી એ પ્રતિષ્ઠાનો વિષય છે, પછી ભલે એ કલાર્ક તરીકેની હોય કે ટાઈપિસ્ટ તરીકેની.

ઉત્તરદાતા મહિલાઓમાંથી ૪૭.૫ % મહિલાઓ આર્થિક જરૂરિયાતને લીધે નોકરી કરે છે અને ૨૫.૪ % મહિલાઓ કુટુંબના જીવનધોરણને ઊંચું લાવવા નોકરી કરે છે. આમ, નોકરિયાત આદિવાસી મહિલાઓ માટે આર્થિક જરૂરિયાત અને જીવનધોરણને ઊંચું લાવવું એ નોકરી કરવા પાછળનાં બે મુખ્ય કારણો છે. સરકારી નોકરીઓમાં આદિવાસીઓને રોસ્ટર પ્રથાનો લાભ મળતો હોવાથી નોકરીના અમુક વર્ષો પછી તેમને આપોઆપ પ્રમોશન મળી જાય છે. મોટા ભાગની મહિલાઓ દસ કે તેથી વધુ વર્ષોથી નોકરી કરે છે. તેથી કલાર્ક હોવા છતાં તેઓ રૂા. ૩,૦૦૦થી રૂા. ૫,૦૦૦ જેટલી માસિક આવક ધરાવે છે. પતિ-પત્ની બન્ને નોકરિયાત હોવાથી (મોટે ભાગે સરકારી કર્મચારી) તેમની કૌટુંબિક આવક રૂા. ૫,૦૦૦થી વધુ છે અને ઘણી મહિલાઓની કૌટુંબિક આવક તો રૂા. ૮,૦૦૦થી રૂા. ૧૦,૦૦૦ જેટલી છે. આમ, આર્થિક રીતે શહેરોમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓએ શહેરી મધ્યમ વર્ગની હરોળમાં સ્થાન મેળવી લીધું છે. ૯૭ % જેટલી



મહિલાઓ રેડિયો અને ટેલિવિઝન ધરાવે છે. ૫૦%થી પણ વધુ મહિલાઓના ઘરે દ્વિચક્રી વાહન (મોપેડ કે સ્કૂટર) છે. મુલાકાત દરમિયાન મેં જોયું કે લગભગ દરેકને ત્યાં સોફા-સેટ અને ડાઈનિંગ ટેબલ જેવું આધુનિક રાચરચીલું છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓમાં આવેલું આ સામાજિક અને આર્થિક પરિવર્તન આંખે ઊડીને વળગે તેટલું સ્પષ્ટ છે. આ પરિવર્તન પ્રમાણમાં ઝડપી અને હજુ નવીન છે. આ બાબત પર પ્રકાશ પાડતો એક રસપ્રદ કિસ્સો વર્ગ-૨ અધિકારી તરીકે કામ કરતી એક આદિવાસી મહિલાએ મને જણાવ્યો હતો. તેમણે કહ્યું કે, ''જ્યારે વર્ગ-૨ અધિકારી તરીકે મારી તાલુકા કક્ષાએ નિમણૂક થઈ ત્યારે આજુબાજુનાં ગામડાંઓમાંથી ઘણા લોકો મને ખાસ જોવા માટે આવતા. અધિકારી તરીકે એક સ્ત્રી અને તે ય પાછી આદિવાસી ! જોકે, મને જોઈને એમને નિરાશા જ સાંપડી હશે કારણ કે હું શહેરી સ્ત્રી કરતાં કોઈ રીતે જુદી નથી લાગતી.'

આમ, એક આદિવાસી સ્ત્રી ઉચ્ચ હોદ્દા પર નોકરી કરતી હોય એ ઘટના આદિવાસી સમાજ અને શહેરના બિનઆદિવાસી સમાજ બન્ને માટે ઘણી નવીન અને આશ્ચર્યની બાબત છે.

શહેરમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓએ શહેરી જીવનપ્રણાલી, રીતભાતો અને બિનઆદિવાસી લોકો સાથે ખૂબ સારી રીતે સમાયોજન સાધ્યું છે. એક ઉત્તરદાતા મહિલાના જ શબ્દોમાં જણાવું તો, ''આદિવાસી રીતરિવાજો, પહેરવેશ, બોલી વગેરે ઘણાં જુદાં છે. શહેરી પ્રણાલી કરતાં આદિવાસી પ્રણાલી ઘણી જુદી છે, તેમ છતાં શહેરી જીવન શરૂ કરતાં તેમાં પણ ફાવટ લાવી શકાય છે.'' આવી ફાવટ લગભગ તમામ મહિલાઓએ કેળવી લીધી છે એમ અભ્યાસ દરમિયાન જણાયું. આમ, શહેરી સમાજ અને સંસ્કૃતિ સાથે અનુકૂલન અને સમાયોજન સાધવાની આવડત લગભગ દરેક નોકરી કરતી આદિવાસી મહિલામાં જણાઈ.

૬૦ % જેટલી ઉત્તરદાતા મહિલાઓને ગામ કરતાં શહેરની જિંદગી વધુ ગમે છે. શહેરમાં રહેવું એ તેમને મન સામાજિક પ્રતિષ્ઠાનો તો વિષય છે જ, ઉપરાંત શહેરની જિંદગી તેમને વધુ આરામદાયક અને આધુનિક લાગે છે. શૈક્ષણિક અને આર્થિક વિકાસની દૃષ્ટિએ પણ તેમને ગામ કરતાં શહેર વધુ મહત્ત્વનું લાગે છે. ૫૩.૪ % મહિલાઓએ કાયમ માટે શહેરમાં વસવાટ કરવાનું નક્કી કરી લીધું છે. જે લોકો હજુ આ બાબત અંગે નિશ્ચિત નથી તેમાંથી પણ મોટા ભાગના શહેરમાં જ સ્થાયી થાય તેવી સંભાવના વધુ છે. માત્ર ૨૮ % મહિલાઓએ નોકરીમાંથી નિવૃત્તિ બાદ પોતાને ગામ પાછા જવા ઈચ્છા દર્શાવી છે. આમ, મોટા ભાગની શહેરી, નોકરિયાત મહિલાઓ હવે કાયમ માટે શહેરમાં સ્થાયી થઈ ગઈ છે.

શહેરમાં નોકરી કરવી હોય તો કેટલાંક પરિવર્તનો આ મહિલાઓએ અનિવાર્ય રીતે કરવાં પડે, જેમ કે પહેરવેશમાં, ભાષામાં વગેરે બાબતોમાં, જે તેમનામાં આવી જ ગયાં છે. પરંતુ, આ પરિવર્તનો બાહ્ય છે. આ બાહ્ય પરિવર્તનોની સાથે સાથે કેટલાંક આંતરિક પરિવર્તનો પણ આ મહિલાઓમાં આવતાં જણાય છે જેમ કે, પોતાની બોલી, લોકગીતો, લોકનૃત્યો, કલા-સંસ્કૃતિ, ધાર્મિક-સામાજિક રીતરિવાજો વગેરેને છોડીને સંપૂર્ણપણે શહેરી હિંદુ સમાજની સંસ્કૃતિ અપનાવવાનું વલણ. શહેરી આદિવાસી મહિલાઓમાં

'સંસ્કૃતિકરણ'ની પ્રક્રિયા ઘણા વ્યાપક પ્રમાણમાં ઘટી રહી છે. વર્ષોથી આદિવાસી સમાજ બિનઆદિવાસી સમાજથી દબાયેલો, કચડાયેલો રહ્યો છે અને શહેરી ઉજળિયાત વર્ગની નજરે 'પછાત' ગણાયો છે. શિક્ષણ, આધુનિકરણ અને ઔદ્યોગીકરણથી ઘણાં વર્ષો સુધી દૂર રહેલી આદિવાસી જાતિઓ આપણી સામાજિક સ્તરરચનામાં સહુથી નીચે છે. હવે જ્યારે તેમને સામાજિક અને આર્થિક વિકાસની તેમ જ શિક્ષણની તકો મળી છે ત્યારે તેમનો પ્રયાસ દરેક બાબતમાં હિંદુ સંસ્કૃતિને અનુસરવાનો છે અને એ રીતે પોતાનો સામાજિક દરજ્જો ઊંચો લાવવાનો છે. ઘણી મહિલાઓના પ્રતિભાવો એ બાબતને સ્ફુટ કરે છે કે તેઓ પોતાની આદિવાસી પરંપરાઓ, પ્રણાલીઓ, બોલીને 'હલકી' માને છે અને તેને છોડીને પોતે 'સુધરી' ગયા હોવાની લાગણી અનુભવે છે. ઉદાહરણ તરીકે,

''અમે હિંદુ જ કહેવાઈએ.''

''હવે તો આદિવાસી શબ્દ માત્ર શબ્દકોશ પૂરતો જ મર્યાદિત રહ્યો છે. બાકી આદિવાસી લોકોની જીવનપ્રણાલી તો ઘણી સુધરી ગઈ છે.''

''હવે તો ગામમાંથી પણ બોલી લગભગ નકળી ગઈ છે. બધા ગુજરાતી ભાષા સમજે છે ને બોલે છે.''

''લોકગીતો-લોકનૃત્યો આ બધું હવે અમારાં ગામડાંઓમાંથી પણ લુપ્ત થતું જાય છે. હવે બધા સુધરી ગયા છે.''

'આદિવાસી લોકોને શહેરી ભદ્ર સમાજે એ રીતે જોયા છે કે જાણે એમનું બધું જ નકામું, ઊતરતું છે. 'આદિવાસી' એ જાણે 'પછત' શબ્દનો પ્રર્યાય હોય એમ લાગે છે. હકીકતમાં, આદિવાસી સંસ્કૃતિમાં કેટલીક એવી સારી બાબતો છે જે હિંદુ સંસ્કૃતિમાં નથી. જેમ કે સ્ત્રી-પુરુષોનો સમાન દરજ્જો, લગ્નમાં સ્વ-પસંદગીની તક, પુનઃલગ્નની છૂટ, જીવનના દરેક કાર્ય સાથે વણાઈ ગયેલી અને જીવાતી કલા, ગીતો તેમ જ નૃત્ય દ્વારા જીવનનો આનંદ અનુભવવાની અને તેને અભિવ્યક્ત કરવાની શક્તિ વગેરે. પરંતુ, આ તમામ બાબતોને સમજ્યા વગર, જાણ્યા-પિછાણ્યા વગર બિનઆદિવાસી સમાજે આ પ્રજા ઉપર 'પછાત'નું લેબલ લગાવી દીધું. પરિણામ એ આવ્યું કે હિંદુ સમાજના સંપર્કમાં આવેલી આદિવાસી પ્રજા પણ પોતાને પછાત માનવા લાગી.

આદિવાસીઓ શિક્ષણની દૃષ્ટિએ પાછળ હતા. બ્રિટિશકાળ દરમિયાન કેટલાક પાદરીઓ દ્વારા સહુ પ્રથમ આ પ્રજાને શિક્ષણ આપવાના પ્રયાસો થયા. પરંતુ એ વખતે પાદરીઓએ કે બ્રિટિશ અમલદારોએ પણ આદિવાસીઓના જીવનમાં બહુ દખલગીરી નહોતી કરી. પરંતુ વીસમી સદીની શરૂઆતમાં આદિવાસીઓમાં શિક્ષણ પ્રસારની સાથે સાથે તેમના રીત-રિવાજોમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. દક્ષિણ ગુજરાતમાં દેવી ચળવળ તેમ જ કબીરપંથી અને મોક્ષપંથી સંપ્રદાયોના લોકોની અસર હેઠળ આ વિસ્તારની કેટલીક જાતિઓના ધાર્મિક રીતરિવાજોમાં મોટું પરિવર્તન આવ્યું અને મૂળભૂત રીતે પ્રકૃતિપૂજક આ આદિવાસીઓ રામ, કૃષ્ણ, હનુમાન, અંબા, કાલિકા જેવાં હિંદુ દેવદેવીઓને માનવા લાગ્યા.

૧૯૨૦ પછી ગાંધીવાદી સામાજિક કાર્યકરોએ આદિવાસીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્થાનનું કામ હાથ ધર્યું. પરંતુ તેમણે હિંદુ સુધારાવાદીઓનો માર્ગ અપનાવ્યો. તેમણે સમગ્ર રીતે આદિવાસી જીવનપદ્ધતિ, તેમના રીતરિવાજો અને ક્રિયાકાંડોને બદલવાનો પ્રયાસ આદર્યો. તેઓ માનતા હતા કે આદિવાસીઓની જીવનપદ્ધતિ અને સામાજિક રીતરિવાજો પછાત છે અને તેને કારણે જ આ પ્રજા સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ સાધી શકી નથી. ભોળી અને અજ્ઞાન આદિવાસી પ્રજાને આ વાત તેમણે સતત કહ્યા કરી. સાખો ચૌધરી નામના શિલ્પીએ આદિવાસીઓની કલા-કારીગરી નાશ પામે તે પહેલાં તેને ભેગી કરીને સાચવી લેવાના કરેલા સૂચન પર વેડછીના આગેવાન જુગતરામ દવેએ કહ્યું, ''અમે જેને ભૂલવા માગીએ છીએ એને તમે સાચવવાનું કહો છો. તમારા માટે એ કેવળ કલાના નમૂના હશે. અમારા માટે તો એ તેમનાં પશુબલિદાનો અને મદિરાપાનની ઉજવણીના પ્રતીકો છે.'' (ઘનશ્યામ શાહ, ૧૯૮૫માં નોંધ કર્યા પ્રમાણે)



ગાંધીવાદી કાર્યકરો દ્વારા શરૂ થયેલી વિવિધ પ્રવૃત્તિઓથી આદિવાસી પ્રજામાં શિક્ષણની સાથે સાથે ઘણાં પાસાંઓમાં પરિવર્તન આવ્યું. વળી આઝાદી પછી સુરત, વડોદરા, વલસાડ જેવા જિલ્લાઓમાં ખૂબ જ ઝડપથી ઔદ્યોગીકરણ થયું જેને પરિણામે આ જિલ્લાઓમાં વસતી આદિવાસી પ્રજા બિનઆદિવાસી પ્રજાના સતત સંપર્કમાં આવી અને તેમની સંસ્કૃતિની આદિવાસી પ્રજા પર ઘેરી અસર થઈ. આદિવાસી વિસ્તારોના જે તાલુકાઓનો વિકાસ થયો છે ત્યાંની પ્રજામાં પરિવર્તનો વ્યાપક પ્રમાણમાં આવ્યાં છે. સુરતના વાલોડ, વ્યારા વગેરે તાલુકા શૈક્ષણિક અને આર્થિક રીતે ઘણા વિકાસ પામ્યા છે. ત્યાંનાં ગામડાંમાં વસતી આદિવાસી પ્રજાના ઘણા સામાજિક રીતરિવાજોમાં હિંદુ સંસ્કૃતિની અસર હેઠળ પરિવર્તનો આવ્યાં છે. જેમ કે, કન્યાને બદલે હવે વરની જાન નીકળવી, બ્રાહ્મણો દ્વારા લગ્નવિધિ કરાવવી વગેરે. પોશાક, ઘરેણાં વગેરે પર પણ હિંદુ સંસ્કૃતિની અસરો જોઈ શકાય છે. અગાઉ લગ્નપ્રસંગે પરંપરાગત વાજિંત્ર 'ડોબરું' વગાડવામાં આવતું તેનું સ્થાન હવે માઇક્રોફોન પર વાગતાં હિંદી ફિલ્મી ગીતો લેતાં જાય છે. તેમ છતાં હજુ આ પ્રજામાં પોતાની બોલી, લોકગીતો, લોકનૃત્યો અને અન્ય પરંપરાઓ જળવાઈ રહ્યાં છે. ખોરાકની ટેવોમાં પણ ઝાઝું પરિવર્તન નથી આવ્યું.

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓમાં પોતાની સંસ્કૃતિને જાળવી રાખવાનો અભિગમ નથી જણાતો. તેમને એ જાળવી રાખવું મહત્ત્વનું પણ નથી લાગતું. જોકે, મોટા ભાગની મહિલાઓ પોતાની બોલી જાણે છે અને વતનમાં જાય ત્યારે ક્વચિત બોલે પણ છે. પરંતુ શહેરમાં જ જન્મેલાં અને ઉછરેલાં તેમનાં બાળકો તેમની પોતાની સંસ્કૃતિથી બિલકુલ વાકેફ નથી. વળી, મોટા ભાગની મહિલાઓ માને છે કે તેમનાં બાળકો તેમની બોલી, લોકગીતો, લોકનૃત્યો વગેરે જાણે એ જરૂરી પણ નથી, કારણ કે તેઓ હવે શહેરમાં જ રહેવાનાં છે. આ બધું જીવનમાં તેમને ક્યાંય ઉપયોગી નથી. ઘણી મહિલાઓએ એમ પણ જણાવ્યું કે બાળકો પોતે 'આદિવાસી' સમાજનાં છે એવું જાણ્યા પછી ક્યારેક મૂંઝવણ અને લઘુતાગ્રંથિ અનુભવે છે.

ઉત્તરદાતાઓમાંથી મોટા ભાગની મહિલાઓના જણાવ્યા પ્રમાણે આદિવાસી તરીકે ઓળખાવામાં તેઓ કોઈ શરમ કે સંકોચ નથી અનુભવતાં. ઊલટાનું ગૌરવની લાગણી અનુભવે છે. આમાંથી ઘણા ઉત્તરો સાચા હશે પરંતુ બધા જ સાચા હશે તેમ માનવું મુશ્કેલ છે. કેટલીક મહિલાઓએ જણાવ્યું કે આદિવાસી હોવાને કારણે તેઓ નોકરીના સ્થળે સંઘર્ષ અનુભવે છે, કારણ કે શહેરી હિંદુ સમાજ તેમને 'પછાત' ગણે છે. વળી, તેમને અનામત જગ્યા પર નોકરી મળી હોવાથી અન્ય સહકર્મચારીઓના ગુસ્સાનો કે ઈર્ષાનો પણ ક્યારેક

ભોગ બનવું પડે છે. આ કારણસર ઘણા પોતાની જાતિ અથવા તો પોતે આદિવાસી છે તેવું જાહેર નથી કરતા. એક મહિલાનો જવાબ ખૂબ જ સૂચક અને વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરી આપનારો છે. તેણે કહ્યું : 'ભણેલાં અને નોકરી કરતાં હોવાથી ગામમાં જઈએ ત્યારે અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને શહેરમાં આદિવાસી તરીકે હીનતાની લાગણી અનુભવી છીએ.''

જે આદિવાસી મહિલાઓ ભણીગણીને શહેરમાં સ્થાયી થઈ છે તે, પોતાના સમાજની ગામમાં રહેતી અભણ પ્રજાથી ભૌગોલિક અને વૈચારિક એમ બંને રીતે અલગ થઈ ગઈ છે. શહેરી સંસ્કૃતિના ગાઢ પ્રભાવ હેઠળ તેમનાં મનોવલણો, માન્યતાઓ, રીતરિવાજો, રહેણીકરણી બધાંમાં પરિવર્તન આવ્યું છે અને તેમનો સામાજિક-આર્થિક દરજ્જો પણ ઊંચો આવ્યો છે. પરંતુ હકીકત એ છે કે, શહેરી સમાજ સાથે, તેમના જેવા જ થઈને, પૂરેપૂરી રીતે ભળવાનો પ્રયત્ન કરવા છતાં શહેરી, બિનઆદિવાસી સમાજ તેમને પોતાની સમકક્ષ નથી ગણતો. બિનઆદિવાસી અને આદિવાસી વચ્ચેના લગ્નસંબંધને બિનઆદિવાસી સમાજ હજુ ખુશીખુશી માન્ય નથી કરતો.

પ્રખ્યાત સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસે તેમના 'સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ' (૧૯૬૨) નામના લેખમાં જણાવ્યું છે કે, સંસ્કૃતિકરણ થાય એટલે કોઈ સમુદાય આપોઆપ ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરે એવું હંમેશાં બનતું નથી. ઉપલા સ્તરનો હિંદુ સમાજ તેમને સ્વીકૃત કરે ત્યાં સુધીમાં સામાન્ય રીતે એકબે પેઢી વીતી જાય છે. ક્યારેક કોઈ જ્ઞાતિ કે આદિવાસી સમાજ લાંબા સમય સુધી આવો દાવો કર્યા કરે છતાં તે સ્વીકારાય નહીં એવું પણ બને છે.

શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓ ઝડપથી પોતાની આદિવાસી પરંપરાઓ અને રીતરિવાજો છોડીને શહેરી સંસ્કૃતિ અપનાવી રહી છે, પરંતુ શહેરનો સમાજ તો તેમને 'આદિવાસી' તરીકે જ ઓળખે છે. આ મહિલાઓ ગામડાંઓમાં જન્મી છે એટલે તેમનાં મૂળિયાં હજુ પોતાનાં ગામડાંઓમાં છે. પોતાની સંસ્કૃતિથી તેઓ વાકેફ છે, પરંતુ તેમનાં સંતાનો તો શહેરમાં જ જન્મ્યાં અને ઉછર્યાં છે. તેઓ પોતાની સામાજિક-સાંસ્કૃતિક ઓળખ, સ્વત્વ (ethnic identity) ગુમાવી રહ્યાં છે. પણ સાથોસાથ શહેરી, હિંદુ સમાજના એકમ તરીકેની ઓળખ પણ પ્રાપ્ત નથી કરી શક્યાં. ન તો તેઓ ગામડાંની આદિવાસી પ્રજાના એકમ તરીકે પોતાને ગણી શકશે, ન તો શહેરી, હિંદુ સમાજના. મનોવૈજ્ઞાનિકોના મત પ્રમાણે આવી ત્રિશંકુ જેવી પરિસ્થિતિ લાંબા ગાળે વ્યક્તિ કે સમુદાયોમાં એક પ્રકારની 'આઈડેન્ટીટી ક્રાઈસિસ' સર્જે છે અને તેમાંથી અનેક મનોવૈજ્ઞાનિક અને સામાજિક સમસ્યાઓ સર્જાઈ શકે છે.

પંડિત જવાહરલાલ નેહરુ આદિવાસીઓ અંગે ઘણા ચિંતિત હતા. 'આદિવાસી પંચશીલ' તરીકે જાણીતા તેમના સિદ્ધાંતોમાંથી એકમાં તેમણે કહ્યું છે : ''આદિવાસીઓનો વિકાસ થાય તે જરૂરી છે પણ તેમ કરવા જતાં તેઓ તેમના જીવન અને સંસ્કૃતિ કે જે તેમને બીજા લોકોથી જુદા પાડે છે તેનો આનંદ ગુમાવી ન બેસે તે જોવાનું છે. તેમને સુધારવાના નથી, પણ તેમનો વિકાસ કરવાનો છે.'' પંડિત નેહરુએ આદિવાસીઓમાં થઈ રહેલ સંસ્કૃતિકરણ અને પરસંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં ભયસ્થાનો તરફ આંગળી ચીંધી જ હતી. તેમણે કહ્યું હતું :



"Schemes for welfare, education, communication, medical relief are no doubt essential, however, one must always remember that we do not mean to interfere with their way of life, but want to help them to live it. The Government of India is determined to help the tribal people to grow according to their own genius and tradition."

શું આદિવાસી પ્રજાના વિકાસ માટે થઈ રહેલા પ્રયત્નો આ દિશામાં રહ્યા છે ? ખેદ સાથે જણાવવું પડે છે — ના. ઊલટાનું સરકારની અને આદિવાસીઓ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓની નીતિઓ તો હંમેશાં તેમને દેશના મુખ્ય પ્રવાહ સાથે ભેળવવાની, તેમના 'પછાતપણા'ને દૂર કરી તેમનું ઉત્થાન કરવાની રહી છે. અલબત્ત, આદિવાસીઓ માટે સરકારની વિવિધ યોજનાઓ, જોગવાઈઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયત્નોને કારણે આજે આદિવાસી પ્રજામાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે વિકાસ આવી રહ્યો છે, પરંતુ આ વિકાસની સાથે જો તેઓ પોતાની સામાજિક-સાંસ્કૃતિક ઓળખ ગુમાવતા જતા હોય અને પોતાની સંસ્કૃતિને પછાત માનીને તેને છોડતા જતા હોય તો આ વિકાસ, પંડિત નેહરુને જે અભિપ્રેત હતી તે દિશામાં નથી થઈ રહ્યો એમ કહી શકાય.

દેશના મુખ્ય પ્રવાહની સાથે આદિવાસીઓને ભેળવવાની વાતનો કેટલાક માનવશાસ્ત્રીઓ વિરોધ કરે છે. આદિવાસી પ્રજા પોતાની અલગ સાંસ્કૃતિક પહેચાન જાળવી રાખીને આર્થિક, શૈક્ષણિક, રાજકીય વિકાસ સાધે એ જ ઇચ્છનીય છે એમ તેમનું માનવું છે. પરંતુ આ કેટલે અંશે શક્ય છે અને નથી તો એને કઈ રીતે શક્ય બનાવી શકાય તે અંગે કોઈ ગંભીર વિચારણા આજ સુધી થઈ નથી.

જે રીતે વિકાસશીલ દેશો વિકસિત દેશોને સંદર્ભ-જૂથ બનાવીને તેને અનુસરે છે તે જ રીતે સમાજરચનાના નીચલા સ્તરે રહેલી જાતિઓ ઉપલા સ્તરની જાતિઓનું અનુસરણ કરે છે. આ એક વૈશ્વિક બાબત છે. જેમ કે, આપણે — શહેરી ભારતીય સમાજ — પશ્ચિમી સમાજનું અનુકરણ કરીએ છીએ અને આધુનિક કહેવડાવવા માટે ઘણીબધી બાબતોમાં તેમનું અનુકરણ કરીએ છીએ તે રીતે આદિવાસી પ્રજા શહેરી હિંદુ સમાજનું અનુકરણ કરીને પોતાને આધુનિક બનાવવાનો પ્રયાસ કરે છે. શહેરી, હિંદુ સમાજ હવે તેમના માટે સંદર્ભજૂથ બની ગયો છે. આ પ્રક્રિયાને રોકવી કોઈ પણ સમાજમાં બહુ જ મુશ્કેલ છે.

ઘણા માનવશાસ્ત્રીઓએ જે આશ્રમશાળાઓ આદિવાસી વિસ્તારમાં આવેલી છે, ત્યાં આદિવાસી બાળકોને પ્રાથમિક શિક્ષણ તેમની બોલીઓમાં જ અપાય તે વાત પર ભાર મૂક્યો છે. આ વાત બે કારણોસર જરૂરી છે. એક તો આદિવાસી બાળક જ્યારે પ્રથમ વાર શાળામાં દાખલ થાય છે ત્યારે પોતાની બોલી સિવાય અન્ય કોઈ ભાષા જાણતું હોતું નથી. આવી પરિસ્થિતિમાં તેને અચાનક જ ગુજરાતી ભાષા અને તે ભાષાના માધ્યમ દ્વારા અન્ય વિષયો શીખવવામાં આવે છે ત્યારે આદિવાસી બાળકો માટે તેને આત્મસાત્ કરવા એ ઘણું મુશ્કેલ બને છે. પરિણામે ઘણાં બાળકો બે-ત્રણ વર્ષ પછી શાળા છોડી દે છે. બીજું, જો બાળકોને ચાર ધોરણ સુધી પોતાની બોલીમાં જ શિક્ષણ આપવામાં આવે અને પછી તેને ધીરે ધીરે ગુજરાતી ભાષા તરફ વાળવામાં આવે તો તે ભાષા શીખવી તેને માટે સરળ બને છે અને પોતાની બોલી, સંસ્કૃતિ વગેરે માટે તેનો આદર પણ જળવાઈ રહે છે. આ બાળકો જ્યારે ઉચ્ચ શિક્ષણ લેવા શહેરમાં આવે ત્યારે તેમનામાં 'સ્વત્વ'ની ભાવના જળવાઈ

રહેવાની શક્યતાં વધુ રહે છે.

ગુજરાતના કેટલાક આદિવાસી વિસ્તારોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને આ વાત હવે સમજાવા લાગી છે. કેટલાક સામાજિક કાર્યકરો અને આદિવાસી વિસ્તારોમાં જ કામ કરતા કેટલાક શિક્ષિત આદિવાસીઓ પોતાની બોલી, સંસ્કૃતિ, પરંપરાઓ વગેરે જળવાઈ રહે તે માટે સજાગ બન્યા છે, પરંતુ અત્યારે તો આ લોકોની સંખ્યા એટલી જૂજ છે અને સૂર એટલો મંદ છે કે તેને કોઈ ખાસ સાંભળતું નથી.

સામાજિક પરિવર્તન એક સંકુલ પ્રક્રિયા છે. કોઈ પણ સમાજ હંમેશ માટે જેમ છે તેમ જ સ્થગિત નથી રહેતો. તેવી જ રીતે તેનાં બધાં જ ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન નથી આવતું. ખાસ કરીને ધાર્મિક રિવાજો, સામાજિક સંગઠન વગેરેમાં ઝડપી પરિવર્તનો નથી આવતાં.

શહેરી, નોકરિયાત આદિવાસી સ્ત્રીઓનાં કેટલાંક મનોવલણોમાં, રહેણીકરણીમાં, પહેરવેશ, ભાષા વગેરેમાં પરિવર્તનો આવ્યાં છે. પરંતુ જાતિના પંચમાં વિશ્વાસ, પોતાની જ જાતિમાં લગ્ન કરવાનું વલણ વગેરે દૃઢ રીતે ટકી રહ્યા છે. નોકરી કરતી આદિવાસી સ્ત્રીઓની હજુ આ પ્રથમ પેઢી છે. તેમનામાં અને તેમનાં બાળકોમાં સંસ્કૃતિકરણની પ્રક્રિયા હેઠળ આવી રહેલાં પરિવર્તનો લાંબા ગાળાનાં હશે એમ અનુમાન કરવું કદાચ ખોટું નહીં લેખાય.

જોકે, ભારતનાં ઘણાં રાજ્યોમાં અત્યારે કેટલીક આદિવાસી જાતિઓ પોતાની અસ્મિતા(identity)ની જાળવણી માટે સભાન બની છે અને તેમણે શહેરી કે અન્ય જૂથોના અનુકરણનો ત્યાગ કરીને પોતાની પારંપારિક રીતરસમોને પુનર્જીવિત કરી છે. સમાજશાસ્ત્રમાં આ પ્રક્રિયાને 'દેશીકરણ' (indegenization) કહે છે. કેટલાક તેને 'આદિવાસીકરણ' (tribalization) પણ કહે છે. શ્રી કે. એન. સહાયે (૧૯૬૯) છોટા નાગપુરની ઓરાંવ નામની આદિવાસી જાતિમાં ખ્રિસ્તી આદિવાસીઓમાં પ્રવર્તતી દેશીકરણની પ્રક્રિયાનું વિસ્તૃત રીતે નિરૂપણ કર્યું છે. વર્ષો પહેલાં તેમણે પોતાની જાતિનાં ઘણાં સાંસ્કૃતિક તત્ત્વોનો ત્યાગ કર્યો હતો અને યુરોપીયન જીવનપદ્ધતિને અપનાવી હતી. પરંતુ હવે તેઓ પોતાની આદિવાસી સંસ્કૃતિનાં ઘણાં મૂળ તત્ત્વોને પાછાં અપનાવી રહ્યા છે. પોતાની જૂની લગ્નવિધિઓ અને તહેવારોને તેમણે પુનર્જીવિત કર્યા છે. સાંથાલ, નાગ વગેરે અન્ય આદિવાસી જાતિઓમાં પણ આ પ્રક્રિયા વેગવાન બની છે.

ગુજરાતનાં શહેરોમાં નોકરી કરતી આદિવાસી મહિલાઓ અને તેમનાં બાળકોની હવે પછીની પેઢી પોતાની સાંસ્કૃતિક ઓળખ ગુમાવી બેસશે કે પછી ઓરાંવ, સાંથાલ વગેરે આદિવાસી જાતિઓમાં અત્યારે જેમ પોતાની અલગ ઓળખ અને અસ્મિતા જાળવી રાખવા મક્કમ પ્રયાસો થઈ રહ્યા છે, તેવા પ્રયાસો કરશે તે તો ભવિષ્યનાં વર્ષો જ કહી શકશે.

અત્યારે સમગ્ર અભ્યાસને અંતે જે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સામે આવ્યા છે તે આ પ્રમાણે છે :

(૧) ગુજરાતમાં છેલ્લા બે દાયકાઓમાં આદિવાસી પ્રજામાં અને સ્ત્રીઓમાં શૈક્ષણિક ક્ષેત્રે સારો વિકાસ થયો છે, જે પ્રસંશનીય છે. પરંતુ આવો વિકાસ ધોડિયા, ચૌધરી, ગામીત, ભીલ, ડુંગરી ગરાસિયા જેવી બે-ત્રણ જાતિઓમાં જ દેખાઈ રહ્યો છે. આમ, શિક્ષણના ફેલાવામાં અને વિકાસમાં આદિવાસીઓમાં આંતરજાતીય અને આંતર જિલ્લાકીય ઘણો તફાવત દેખાય છે. જે જાતિઓ શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય આદિવાસી જાતિઓથી પાછળ રહી ગઈ છે તેના પ્રત્યે સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.



(૨) આદિવાસીઓનો જે નાનો સમૂહ ભણીગણીને શહેરમાં સ્થાયી થયો છે તે પોતાના ગામડાના સમાજથી જુદો પડી ગયો છે. પરિણામે એક જ જાતિમાં બે વર્ગો થઈ ગયા છે. શહેરમાં રહેતો નોકરિયાત આદિવાસી વર્ગ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે ઘણો આગળ આવી ગયો છે જેનો લાભ તેમનાં બાળકોને પણ મળવાનો છે. આ વર્ગ અને જે વર્ગ ગામમાં પાછળ રહી ગયો છે તેમની વચ્ચેનું અંતર વધતું જતું જણાય છે.

(૩) શહેરી નોકરિયાત આદિવાસી મહિલાઓએ શહેરની જીવનપ્રણાલી, રહેણીકરણી, ભાષા, પહેરવેશ વગેરેને પૂરેપૂરાં અપનાવી લીધાં છે. શહેરના મધ્યમ વર્ગની હરોળમાં તેમણે સ્થાન મેળવી લીધું છે. પોતાના ગામની, અભણ આદિવાસી સ્ત્રીઓ કરતાં શહેરી સ્ત્રીઓ સાથે તેઓ વધુ નિકટતા અનુભવે છે.

(૪) આ મહિલાઓ શિક્ષણની બાબતમાં બહુ જ જાગ્રત છે. તેમનાં સંતાનો (દીકરો કે દીકરી) શક્ય તેટલું ઉચ્ચ શિક્ષણ લે તેવી તેમની આકાંક્ષા છે અને બાળકોના શિક્ષણ પાછળ તેઓ ખૂબ ધ્યાન આપે છે. શહેરમાં જન્મેલાં અને ઉછરેલાં આ બાળકોમાંથી મોટા ભાગનાં અત્યારે કિશોરાવસ્થામાં છે અને મોટાં થતાં તેઓ પોતાની આદિવાસી સંસ્કૃતિને સદંતર છોડી દેશે એમ લાગી રહ્યું છે.

(૫) શહેરી, નોકરિયાત આદિવાસી મહિલાઓ શહેરના ઉજળિયાત વર્ગને પોતાનું સંદર્ભજૂથ બનાવીને તેને અનુસરે છે. તેમનાં કેટલાંક મનોવલણો, માન્યતાઓ, રીતરિવાજો વગેરેમાં હિંદુ સંસ્કૃતિની અસરો હેઠળ ધરમૂળથી પરિવર્તનો આવ્યાં છે, છતાં હજુ શહેરના બિનઆદિવાસી સમાજે તેમને પોતાનામાં પૂરેપૂરી રીતે સ્વીકૃત કર્યાં નથી. પરિણામે ઘણા આદિવાસી સ્ત્રીપુરુષો શહેરમાં માનસિક સંઘર્ષ અને લઘુતાગ્રંથિ અનુભવે છે.

સરકારના અને સ્વૈચ્છિક સંસ્થાઓના લાંબા સમયના પ્રોત્સાહક પ્રયત્નો પછી ગુજરાતમાં આદિવાસી સમાજ શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રે વિકાસ સાધી રહ્યો છે. ઘણી આદિવાસી મહિલાઓ પણ હવે સ્નાતક કે તેથી પણ વધુ શિક્ષણ મેળવીને શહેરોમાં વિવિધ હોદ્દાઓ પર કામ કરતી થઈ છે. પરંતુ આદિવાસી અને બિનઆદિવાસી વચ્ચેની સામાજિક અસમાનતા હજુ દૂર નથી થઈ.

શહેરમાં રહેતો આદિવાસી વર્ગ પોતાની સંસ્કૃતિની સારી પ્રણાલીઓને ટકાવી રાખીને, સારી પરંપરાઓને જાળવી રાખીને અને પોતાની આદિવાસી તરીકેની ઓળખ જાળવી રાખીને શહેરી વર્ગ સાથે કદમ મિલાવે અને સાથોસાથ પોતાની જાતિના પાછળ રહી ગયેલા લોકોને આગળ લાવવા માટે પણ પ્રયત્નો કરે તો જ સમગ્ર આદિવાસી સમાજ અને મહિલાઓ વિકાસની યોગ્ય દિશામાં આગળ વધી શકશે.

# પરિશિષ્ટ-૧

## પ્રશ્નાવલિ

**Tribal Women in White-collar Jobs:**
**Problems of Ethnic Identity and Social Change**
**નોકરિયાત આદિવાસી મહિલાઓ: પ્રજાતીય ઓળખ અને પરિવર્તનના પડકારો**

**ખાનગી** **Confidential**
(ફક્ત સંશોધન હેતુ માટે)

| | |
|---|---|
| Sample No. | |
| Date | |
| Investigator | |
| Respondent | |

વિભાગ :- ૧ ઉત્તરદાતા અંગેની માહિતી

૧૦૧ શહેરનું નામ : અમદાવાદ ૧
ગાંધીનગર ૨
વડોદરા ૩
સુરત ૪

૧૦૨ ઉત્તરદાતાનું નામ :
(અટક સાથે)

૧૦૩ જાતિ :
ધોડિયા ૧ ચૌધરી ૨ ગામીત ૩
ડુંગરી ગરાસિયા ૪ ભીલ ૫ વસાવા ભીલ ૬
રાઠવા ૭ દુબળા/હળપતિ ૮ પટેલિયા ૯
કોંકણા ૧૦ ધાનકા ૧૧ અન્ય ૧૨
(સ્પષ્ટ કરશો)

૧૦૪ પેટાજાતિ :

૧૦૫ ધર્મ :
હિંદુ ૧ ખ્રિસ્તી ૨ અન્ય ૩
(સ્પષ્ટ કરશો)

૧૦૬ માતૃભાષા :

૧૦૭ હાલનું સરનામું :

૧૦૮ હાલ રહે છે એ જિલ્લો :





૧૦૯ મૂળ વતન : ગામ
તાલુકો
જિલ્લો

૧૧૦ ઉંમર (વર્ષ) :

૧૧૧ શૈક્ષણિક સ્તર :
દસ ધોરણ (એસ.એસ.સી.) ૧૦
અગિયાર ધોરણ ૧૧
બાર ધોરણ (હાયર સેકન્ડરી) ૧૨
સ્નાતક ૧૩
અનુસ્નાતક ૧૪
પી.ટી.સી. ૧૫
પ્રોફેશનલ ૧૬
અન્ય (સ્પષ્ટ કરશો) ૧૭

૧૧૨ શિક્ષણનું સ્થળ

| ક્રમ | શિક્ષણનું સ્તર | શાળા(સંસ્થાનું નામ) | ગામ/શહેર | જિલ્લો |
|---|---|---|---|---|
| ૧. | પ્રાથમિક શિક્ષણ | | | |
| ૨. | માધ્યમિક શિક્ષણ | | | |
| ૩. | સ્નાતક | | | |
| ૪. | અનુસ્નાતક | | | |
| ૫. | પી.ટી.સી. | | | |
| ૬. | પ્રોફેશનલ | | | |
| ૭. | અન્ય (સ્પષ્ટ કરશો) | | | |

૧૧૩ વૈવાહિક દરજ્જો
અપરિણીત ૧ પરિણીત ૨ છૂટાછેડા ૩ ત્યક્તા ૪ વિધવા ૫

૧૧૪ હાલ નોકરીનું સ્થળ :
કચેરીનું નામ
શહેર

૧૧૫ હાલની નોકરીમાં જોડાયા તારીખ/વર્ષ :

૧૧૬ હોદ્દો :

૧૧૭ માસિક પગાર :

૧૧૮ કુલ નોકરીનાં વર્ષ :

૧૧૯ આ શહેરમાં આવીને વસવાનાં કુલ વર્ષ :

૧૨૦ આ શહેરમાં આવવાનું કારણ :
નોકરી ૧ લગ્ન ૨ પિતાની નોકરીને લીધે સ્થળાંતર ૩
શિક્ષણ ૪ અન્ય ૫ (સ્પષ્ટ કરશો)

૧૨૧ નોકરીની કક્ષા :
સામાન્ય ૧ અનામત ૨

૧૨૨ પરિણીતો માટે :

૧૨૨/A પતિની જાતિ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધોડિયા | ૧ | ચૌધરી | ૨ | ગામીત | ૩ |
| ડુંગરી ગરાસિયા | ૪ | ભીલ | ૫ | વસાવા ભીલ | ૬ |
| રાઠવા | ૭ | દુબળા/હળપતિ | ૮ | પટેલિયા | ૯ |
| કોંકણા | ૧૦ | ધાનકા | ૧૧ | અન્ય | ૧૨ (સ્પષ્ટ કરશો) |

૧૨૨/B પતિનું શિક્ષણ

| | |
|---|---|
| દસ ધોરણ (એસ.એસ.સી.) | ૧૦ |
| અગિયાર ધોરણ | ૧૧ |
| બાર ધોરણ (હાયર સેકન્ડરી) | ૧૨ |
| સ્નાતક | ૧૩ |
| અનુસ્નાતક | ૧૪ |
| પી.ટી.સી. | ૧૫ |
| પ્રૉફેશનલ | ૧૬ |
| અન્ય (સ્પષ્ટ કરશો) | ૧૭ |

૧૨૨/C પતિની નોકરી/વ્યવસાય :

ઘરની માલિકીનો પ્રકાર :

પોતાનું ૧ ભાડાનું ૨

સરકારી ક્વાર્ટર ૩ અન્ય ૪ (સ્પષ્ટ કરશો)

૧૨૩/A ઘરમાં ઓરડાની કુલ સંખ્યા :

૧૨૪ કુટુંબની માસિક આવક :

પત્ની + પતિ + અન્ય (સ્પષ્ટ કરશો)

૧૨૫ કુટુંબનું સરેરાશ માસિક ઘરખર્ચ :

૧૨૬ કુટુંબના સભ્યોની કુલ સંખ્યા :

૧૨૭ જો કોઈ લોન લીધી હોય તો કયા કારણસર :

| | |
|---|---|
| ઘર બાંધવા | ૧ |
| સ્કૂટર ખરીદવા | ૨ |
| ધંધા/ઉદ્યોગ માટે | ૩ |
| અન્ય (સ્પષ્ટ કરશો) | ૪ |

૧૨૮ આપ નીચેનામાંથી કઈ વસ્તુઓ ધરાવો છો?

| | | | |
|---|---|---|---|
| ટેલિવિઝન ૧ | રેડિયો ૨ | કેસેટ પ્લેયર ૩ | વીડિયો ૪ |
| વોશિંગ મશીન ૫ | ડાઈનિંગ ટેબલ ૬ | ઘરઘંટી ૭ | ફ્રિજ ૮ |
| ટેલિફોન ૯ | સ્કૂટર ૧૦ | કાર ૧૧ | |



## વિભાગ-૨

૨૦૧. કુટુંબના સભ્યોની યાદી અને માહિતી

| ક્રમ A | નામ B | ઉત્તરદાતા સાથેનો સંબંધ સંબંધ સંજ્ઞા C | ઉંમર વર્ષ D | જાતિ પું. ૧ સ્ત્રી. ૨ E | શિક્ષણ F | વૈવાહિક દરજ્જો G | વ્યવસાય/નોકરી હોદ્દો H | નોકરીનું સ્થળ I | રહેવાનું સ્થળ J |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |

૨૦૨. પિતાના કુટુંબ અંગેની માહિતી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |

### કોડિંગ

| ઉત્તરદાતા સાથેનો સંબંધ કોલમ- C | | વૈવાહિક G | | શિક્ષણ F | |
|---|---|---|---|---|---|
| પોતે | ૧ | અપરિણીત | ૧ | ધોરણ મુજબ | ૧થી ૧૨ |
| પતિ | ૨ | પરિણીત | ૨ | સ્નાતક | ૧૩ |
| પરિણીત સંતાન | ૩ | વિધવા/વિધુર | ૩ | અનુસ્નાતક | ૧૪ |
| પરિણીત સંતાનની | ૪ | ત્યક્તા | ૪ | પીટીસી | ૧૫ |
| પત્ની કે પતિ | | છૂટાછેડા | ૫ | પ્રોફેશનલ | ૧૬ |
| અપરિણીત સંતાન | ૫ | | | | |
| પૌત્ર કે પૌત્રી | ૬ | | | | |
| સાસુ/સસરા | ૭ | | | | |
| દિયર/જેઠ/નણંદ | | | | | |
| અન્ય સગાં | ૮ | | | | |
| બિન સગાં | ૯ | | | | |
| માતા/પિતા | ૧૦ | | | | |
| ભાઈ/બહેન | ૧૧ | | | | |
| ભાભી | | | | | |

### વિભાગ : ૩ નોકરી

૩૦૧ નોકરી કરવા પાછળનો આપનો મુખ્ય હેતુ શો છે?
(પ્રાથમિકતા પ્રમાણે બે ક્રમ આપશો)
- આર્થિક જરૂરિયાત : ૧
- આર્થિક રીતે સ્વતંત્ર, સ્વાવલંબી બનવું : ૨
- કુટુંબના જીવનધોરણને ઊંચું લાવવું : ૩
- સમય પસાર કરવા : ૪
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૫

૩૦૨ નોકરી કરવા પાછળનો નિર્ણય કોનો છે?
- પોતાનો : ૧
- માતા/પિતાનો : ૨
- પતિનો : ૩
- અન્યનો (સ્પષ્ટ કરશો) : ૪

૩૦૩ આપે આ ક્ષેત્ર/નોકરીની પસંદગી કયા કારણસર કરી છે?
- અંગત રસ અને આવડતને ધ્યાનમાં રાખીને : ૧
- નોકરી મળવાની તક આ ક્ષેત્રમાં વધુ હોવાથી : ૨
- કૌટુંબિક/સામાજિક/આર્થિક સંજોગોને ધ્યાનમાં રાખીને : ૩
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૪



૩૦૪ આપને આ નોકરી કેવી રીતે મળી છે?
- રોજગાર વિનિમય કેન્દ્ર દ્વારા : ૧
- ઓળખાણ-પીછાણથી : ૨
- જાહેરખબર દ્વારા : ૩
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૩૦૫ શું વર્તમાન નોકરી મેળવવા આપને કોઈ વિશેષ પ્રયત્ન કે સંઘર્ષ અનુભવવો પડ્યો છે?
- હા : ૧
- ના : ૨

૩૦૫ A જો 'હા' તો કેવા પ્રકારનો?

૩૦૬ શું આપે આ પહેલાં અન્ય ઠેકાણે નોકરી કરી છે ?
- હા : ૧
- ના : ૨

૩૦૬ A જો 'હા' હોય તો તેની વિગતો આપશો.

| ક્રમ | નોકરીનો હોદ્દો | સ્થળ | કેટલા સમય માટે કરી | નોકરી છોડવાનું કારણ |
|---|---|---|---|---|
| | | | | |

૩૦૭ શું તમને તમારી વર્તમાન નોકરીથી અસંતોષ છે?
- હા : ૧
- ના : ૨

૩૦૭A જો 'હા' તો શા માટે?
- પગાર અપેક્ષા કરતાં ઓછો : ૧
- કામ રસ અને આવડતને લગતું નહીં : ૨
- કર્મચારીઓ/અધિકારીઓનું વલણ સારું નહીં : ૩
- વતનથી કામનું સ્થળ દૂર : ૪
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૫

૩૦૮ જો આપને અન્ય ગામ/શહેરમાં ઉચ્ચ પદવી કે પ્રમોશન મળે તો આપ સ્વીકારો?
- હા : ૧
- ના : ૨

૩૦૮A જો 'ના' તો શા માટે નહીં? (કારણો આપશો)

૩૦૯ શું તમને આ જ પ્રકારની નોકરી તમારા વતનમાં કે વતનથી નજીક મળે તો તમે તે સ્વીકારો?
હા : ૧
ના : ૨
૩૦૯A જો 'ના' તો શા માટે નહીં? (કારણ આપશો)
૩૧૦ શું તમે ભવિષ્યમાં આથી વધુ ઊંચા દરજ્જાવાળી જગ્યા/હોદ્દો મેળવવાનો પ્રયત્ન કરવાની ઈચ્છા રાખો છો?
હા : ૧
ના : ૨
૩૧૧ તમારી આવકના ખર્ચનો/બચતનો/બચતના ઉપયોગનો નિર્ણય કોણ લે છે?
પોતે : ૧
પતિ : ૨
પતિ-પત્ની સાથે મળીને : ૩
કુટુંબના વડીલો : ૪
અન્ય (સ્પષ્ટ કરશો) : ૫
૩૧૨ તમારી નોકરી માટે સરકારની નીતિઓ તમને મદદરૂપ થઈ છે?
હા : ૧
ના : ૨
૩૧૨A જો 'હા' તો કઈ રીતે? વિગત આપશો.
૩૧૩ આપની સાથે કામ કરતા બિનઆદિવાસી કર્મચારીઓનું આપની સાથેનું વલણ કેવું છે?
ખૂબ જ ઉષ્માભર્યું : ૧
ઉષ્માભર્યું : ૨
તિરસ્કારભર્યું : ૩
ખૂબ જ તિરસ્કારભર્યું : ૪
અલિપ્ત : ૫
૩૧૪ આપની સાથે કામ કરતા પુરુષ કર્મચારીઓનું વલણ આપની સાથે કેવું છે?
ઉષ્માભર્યું : ૧
ભેદભાવભર્યું : ૨
તિરસ્કારભર્યું/તોછડું : ૩
અલિપ્ત : ૪
૩૧૫ આદિવાસી હોવાને કારણે આપને નોકરી કરવામાં કોઈ જાતનો સંઘર્ષ અનુભવવો પડ્યો છે?
હા : ૧
ના : ૨
૩૧૫A જો 'હા' તો તેની વિગત આપશો.



૩૧૬ શું તમે નોકરીના સ્થળે કોઈ યુનિયનના સભ્ય છો?
હા : ૧
ના : ૨
૩૧૬A જો 'હા' તો તેની વિગત આપશો.
૩૧૭ તમે માનો છો કે નોકરી કરવાથી સ્ત્રીનો સામાજિક મોભો :
વધે છે : ૧
ઘટે છે : ૨
કોઈ ફેર નથી પડતો : ૩
૩૧૮ નોકરીને લીધે તમને લગ્નજીવનમાં અનુકૂલન સાધવામાં કોઈ તકલીફ પડતી હોય તેમ લાગે છે?
હા : ૧
ના : ૨
૩૧૮ A જો 'હા' તો કેવા પ્રકારની? વિગત આપશો.

## વિભાગ-૪ શિક્ષણ

૪૦૧ તમારા શિક્ષણ માટે તમને કોણ સહુથી વધુ જવાબદાર લાગે છે? (પ્રાથમિકતા પ્રમાણે બે ક્રમ આપશો)
તમારી પોતાની ઈચ્છા અને મનોબળ : ૧
કુટુંબનું પ્રોત્સાહન/મદદ : ૨
સગાંસંબંધીઓનું પ્રોત્સાહન/મદદ : ૩
સરકારની મદદ/નીતિઓ : ૪
અન્ય સ્પષ્ટ કરશો : ૫
૪૦૨ તમે સ્ત્રીના શિક્ષણને જરૂરી માનો છો?
હા : ૧
ના : ૨
૪૦૨A જો 'હા' તો શા માટે ? (પ્રાથમિકતા પ્રમાણે બે ક્રમ આપશો)
જ્ઞાન/માહિતી મેળવવા : ૧
વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે : ૨
સારી નોકરી મળે તે માટે : ૩
લગ્નની તક વધુ ઉજ્જવળ બને તે માટે : ૪
અન્ય (સ્પષ્ટ કરશો) : ૫
૪૦૩ શિક્ષણ તમને કઈ કઈ રીતે/બાબતોમાં મદદરૂપ બન્યું હોય એમ લાગે છે?
–
–
૪૦૪ સરકારની આદિવાસી શિક્ષણ અંગેની નીતિ તમને શિક્ષણ મેળવવામાં કેવી રીતે લાભદાયી બની છે? વિગત આપશો.
૪૦૫ તમે માનો છો કે આદિવાસી સમાજમાં શિક્ષિત (ભણેલી) આદિવાસી

સ્ત્રીઓનો સામાજિક મોભો અશિક્ષિત (અભણ) આદિવાસી સ્ત્રીઓ કરતાં વધુ છે?
હા : ૧
ના : ૨
કોઈ ફેર નથી પડતો : ૩

૪૦૬ શું તમને લાગે છે કે શિક્ષણને લીધે તમે તમારાં માતાપિતા, સગાંસંબંધી કે ગામના લોકોથી દૂર થઈ ગયા છો?
હા : ૧
ના : ૨

૪૦૬A જો 'હા' તો કઈ રીતે?
- હું તેમના કરતાં ઘણી વધુ શિક્ષિત છું. : ૧
- એ લોકો જુનવાણી અને પછાત છે. : ૨
- મારાં સામાજિક રીતરિવાજો, માન્યતાઓ અને મનોવલણો બદલાઈ ગયાં છે. : ૩
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૪૦૭ તમે તમારાં સંતાનોને ઓછામાં ઓછું કેટલું શિક્ષણ આપવા ઈચ્છો છો?

| પુત્રને | | પુત્રીને | |
|---|---|---|---|
| એસ.એસ.સી | ૧૦ | એસ.એસ.સી | ૧૦ |
| હાયર સેકન્ડરી | ૧૨ | હાયર સેકન્ડરી | ૧૨ |
| સ્નાતક | ૧૩ | સ્નાતક | ૧૩ |
| અનુસ્નાતક | ૧૪ | અનુસ્નાતક | ૧૪ |
| પી.ટી.સી. | ૧૫ | પી.ટી.સી. | ૧૫ |
| પ્રોફેશનલ | ૧૬ | પ્રોફેશનલ | ૧૬ |
| અન્ય (સ્પષ્ટ કરશો) | ૧૭ | અન્ય (સ્પષ્ટ કરશો) | ૧૭ |

## વિભાગ-૫ લગ્ન અને સામાજિક માન્યતાઓ

૫૦૧ આપ કયા પ્રકારના લગ્નને યોગ્ય માનો છો?
- માબાપ દ્વારા ગોઠવેલ લગ્ન જેમાં પાત્રોની પરસ્પર પસંદગી બહુ જરૂરી નથી : ૧
- માબાપ દ્વારા ગોઠવેલ લગ્ન જેમાં પાત્રોની પરસ્પર પસંદગી બહુ જરૂરી છે : ૨
- પ્રેમલગ્ન–પાત્રની પસંદગી જાતે જ કરવી : ૩
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૫૦૨ આપ માનો છો કે લગ્ન પોતાની જાતિમાં જ કરવાં જરૂરી છે?
હા : ૧
ના : ૨

૫૦૨A જો 'હા' તો શા માટે?

૫૦૩ પતિની પસંદગીમાં તમે સહુથી વધુ મહત્ત્વ કઈ બાબતને આપ્યું હતું અથવા આપો? (પ્રાથમિકતા પ્રમાણે ૨ ક્રમાંક આપશો)
શિક્ષણ : ૧



નોકરી : ૨
આર્થિક સ્થિતિ : ૩
કુટુંબની શાખ અને પ્રતિષ્ઠા : ૪
જાતિ : ૫
દેખાવ : ૬
ચારિત્ર્ય : ૭
અન્ય (સ્પષ્ટ કરશો) : ૮

૫૦૪ જો આપ વિવાહિત હો તો આપના લગ્ન કયા પ્રકારનાં છે?
- માબાપ દ્વારા ગોઠવેલ લગ્ન : ૧
- પ્રેમ લગ્ન-જાતે પાત્રની પસંદગી : ૨
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૩

૫૦૫ આપના પતિ કઈ જાતિના છે?
- પોતાની જાતિના : ૧
- અન્ય આદિવાસી જાતિના : ૨
- બિનઆદિવાસી જાતિના (સ્પષ્ટ કરશો) : ૩

૫૦૬ આપનાં લગ્ન કઈ વિધિથી થયા હતા?
જાતિના પરંપરાગત રીતરિવાજ મુજબ : ૧
બ્રાહ્મણ બોલાવીને જાતિના રિવાજ મુજબ : ૨
સિવિલ મેરેજ/કોર્ટમાં લગ્ન : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૫૦૭ આપ પોતે કયા પ્રકારની લગ્નવિધિ વધુ પસંદ કરો છો?
જાતિના પરંપરાગત રીતરિવાજ મુજબ : ૧
બ્રાહ્મણ બોલાવીને જાતિના રિવાજ મુજબ : ૨
સિવિલ મેરેજ/કોર્ટમાં લગ્ન : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૫૦૮ લગ્નજીવનમાં પતિ-પત્નીના મોભા અને સ્થાન વિશે આપ શું માનો છો?
પતિનો મોભો વધુ ઊંચો છે. : ૧
પત્નીનો મોભો વધુ ઊંચો છે. : ૨
પતિ-પત્ની બંને સમકક્ષ અને સમાન મોભો ધરાવે છે. : ૩

૫૦૯ શું તમારા પતિ તમને ઘરકામ અને બાળકોના ઉછેરમાં મદદ કરે છે?
હા : ૧
ના : ૨

૫૦૯A જો 'હા' તો કઈ કઈ બાબતમાં?
બાળકોની દેખરેખ, ભણતર વગેરે : ૧
રસોઈની બાબતમાં : ૨
ઘરની સાફસૂફી વગેરે કામમાં : ૩

ઘરની ચીજવસ્તુઓની ખરીદીમાં : ૪
અન્ય (સ્પષ્ટ કરશો) : ૫

૫૧૦ જો તમારું લગ્નજીવન અત્યંત દુ:ખી હોય અને પતિ તરફથી ખૂબ જ અસંતોષ કે ત્રાસ હોય તો એવા સંજોગોમાં આપ શું કરશો? :
- પડ્યું પાનું નિભાવી લો, કારણ કે એ જ સ્ત્રીનો ધર્મ અને ફરજ છે. : ૧
- લગ્નજીવન ચાલુ રાખો, કારણ કે છૂટાછેડા એ અયોગ્ય અને શરમની વાત છે. : ૨
- પતિથી છૂટા થઈ જવાનું એટલે કે છૂટાછેડા લેવાનું વધારે પસંદ કરો. : ૩

૫૧૧ શું તમારી જાતિમાં વિધવા-વિવાહ થાય છે? :
હા : ૧
ના : ૨

૫૧૨ વિધવા-વિવાહ અંગે આપ શું માનો છો? :

૫૧૩ શું તમે માનો છો કે પુત્ર હોવો જરૂરી છે? :
હા : ૧
ના : ૨

૫૧૩A જો 'હા' તો શા માટે? :
વંશનું નામ ચાલુ રહે તે માટે : ૧
મિલકતના વારસદાર તરીકે : ૨
મૃત્યુ પછીની ધાર્મિક વિધિ માટે : ૩
ઘડપણમાં સહારા માટે : ૪
કુટુંબમાં/સમાજમાં મોભો વધે તે માટે : ૫
અન્ય (સ્પષ્ટ કરશો) : ૬

૫૧૪ તમે તમારાં સંતાનોનાં લગ્ન કઈ જાતિમાં કરવાનું પસંદ કરશો? :
પોતાની જ જાતિમાં : ૧
કોઈપણ આદિવાસી જાતિમાં : ૨
બિનઆદિવાસી જાતિમાં : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૫૧૫ નીચેનામાંથી તમે કઈ કઈ બાબતો સાથે સંમત કે અસંમત છો?

| | | | સંમત (૧) | અસંમત (૨) |
|---|---|---|---|---|
| A | પતિની દરેક વાતને સ્વીકારવી એ પત્નીનો ધર્મ છે. | : | ૧ | ૨ |
| B | પતિ અને બાળકોને જમાડીને પછી જ પત્નીએ જમવું જોઈએ. | : | ૧ | ૨ |
| C | સ્ત્રી એ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે. | : | ૧ | ૨ |
| D | પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે. | : | ૧ | ૨ |
| E | રસોઈ, ઘરકામ બાળકોની સારસંભાળ એ બધાં ફક્ત પત્નીનાં કામ છે. | : | ૧ | ૨ |
| F | પત્નીની કમાણી પર તેના કરતાં પતિનો અને કુટુંબીજનોનો વધુ હક્ક છે. | : | ૧ | ૨ |
| G | પુત્રીને દહેજ આપવો જોઈએ. | : | ૧ | ૨ |
| H | છૂટાછેડા એ અયોગ્ય અને શરમજનક છે. | : | ૧ | ૨ |
| I | લગ્નપૂર્વેના જાતીય સંબંધો હોવા એમાં કશું ખોટું નથી. | : | ૧ | ૨ |



| | | | | |
|---|---|---|---|---|
| J | વિધવા થયા પછી લગ્ન કરવાં એ સ્ત્રી માટે આવકારદાયક છે. | : | ૧ | ૨ |
| K | લગ્ન અને માતૃત્વથી સ્ત્રીનો સામાજિક દરજ્જો વધે છે. | : | ૧ | ૨ |

## વિભાગ-૬ સામાજિક-સાંસ્કૃતિક પરંપરા : સાતત્ય અને પરિવર્તન

૬૦૧ તમારી જાતિની બોલી ગુજરાતી કરતાં જુદી છે? :
હા : ૧
ના : ૨

૬૦૧A જો 'હા' તો તમે એ બોલો છો? :
- ઘરમાં પતિ અને બાળકો સાથે : ૧
- શહેરમાં જાતિના અન્ય લોકો અને મિત્રો સાથે : ૨
- વતનમાં કુટુંબીજનો અને સગાંસંબંધીઓ/ગામલોકો સાથે : ૩
- ક્યારેય નથી બોલતાં : ૪
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૫

૬૦૨ તમારી જાતિની બોલી વિશે તમે શું માનો છો? :
- તે ગુજરાતી કરતાં ઊતરતી અને પછાત છે. : ૧
- તે ગામડાંના અભણ અને નહીં સુધરેલા આદિવાસીઓ બોલે, શિક્ષિત આદિવાસીઓએ તે ના બોલવી જોઈએ. : ૨
- તે ગુજરાતી કરતાં ઊતરતી નથી. : ૩
- અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૬૦૩ તમારાં બાળકો તમારી બોલી જાણે છે? :
હા : ૧
ના : ૨

૬૦૩A જો 'ના' તો તેઓ તે જાણે/શીખે એ તમે જરૂરી માનો છો? :
હા : ૧
ના : ૨

૬૦૩B જો 'હા' તો શા માટે? :
જો 'ના' તો શા માટે? :

**કલા :**

૬૦૪ શું તમને તમારાં લોકગીતો આવડે છે? :
હા : ૧
ના : ૨

૬૦૪A જો 'ના' તો એ બદલ તમે કેવી લાગણી અનુભવો છો? :

૬૦૫ તમે વતનમાં જાઓ ત્યારે વારતહેવારે કે પ્રસંગોપાત્ત તમારાં લોકનૃત્યો-(નાચગાણું)માં ભાગ લો છો? :
હા : ૧
ના : ૨

૬૦૫A જો 'ના' તો શા માટે નહીં? :
૬૦૬ તમારાં બાળકો તમારી સાંસ્કૃતિનાં લોકગીતો/લોકનૃત્યો જાણે એ તમે જરૂરી માનો છો? :
હા : ૧
ના : ૨
૬૦૬A જો 'ના' તો શા માટે? :
૬૦૭ તમે તમારા અત્યારના જીવનમાં ક્યાંય તમારી આદિવાસી કલા કે પદ્ધતિનો ઉપયોગ કરો છો? :
હા : ૧
ના : ૨
૬૦૭A જો 'હા' તો કઈ કઈ બાબતોમાં? વિગત આપશો. :
(ઉ.દા.) પહેરવેશ, રસોઈ, ઉત્સવોની ઉજવણી, માથું ઓળવાની રીત વગેરે.

**ધાર્મિક-સામાજિક રીતરિવાજો :**

૬૦૮ તમારી જાતિનાં દેવ-દેવી કયાં છે? :
૬૦૯ તમે કયાં દેવ-દેવીને માનો છો? :
૬૧૦ તમે નીચેના પ્રસંગોએ તમારી જાતિના પરંપરાગત રીતરિવાજોને અનુસરો છો? :

| | | હા(૧) | ના(૨) |
|---|---|---|---|
| (૧) જન્મપ્રસંગે કરવામાં આવતી ક્રિયાઓ/વિધિ | : | ૧ | ૨ |
| (૨) લગ્નપ્રસંગે કરવામાં આવતી ક્રિયાઓ/વિધિ | : | ૧ | ૨ |
| (૩) સગર્ભાવસ્થા દરમિયાન થતી ક્રિયાઓ/વિધિ | : | ૧ | ૨ |
| (૪) કુટુંબીજનના મૃત્યુ પછી કરવામાં આવતી ક્રિયાઓ/વિધિ | : | ૧ | ૨ |
| (૫) અન્ય (સ્પષ્ટ કરશો) | : | ૧ | ૨ |

૬૧૧ તમારાં કુટુંબીજનોના મૃત્યુ બાદ તમે નીચે દર્શાવેલ વિધિ/ક્રિયાઓ કરો છો?

| | | હા(૧). | ના(૨) |
|---|---|---|---|
| (૧) જાતિના રીતરિવાજ મુજબની ક્રિયાઓ | : | ૧ | ૨ |
| (૨) બારમું, શ્રાદ્ધ વગેરે હિંદુ ધર્મની ક્રિયાઓ | : | ૧ | ૨ |
| (૩) જાતિના રીતરિવાજ અને હિંદુ ધર્મ બંનેની ક્રિયાઓ | : | ૧ | ૨ |
| (૪) હિંદુ સિવાય અન્ય ધર્મની ક્રિયાઓ | : | ૧ | ૨ |

૬૧૨ તમે તમારી જાતિના ભૂવા, ભગત પાસે ક્યારેય ઈલાજ માટે જાઓ છો? :
હા : ૧
ના : ૨
૬૧૩ તમે કૌટુંબિક ઝઘડા, છૂટાછેડા કે અન્ય સમસ્યાઓના ઉકેલ માટે ક્યાં જવાનું પસંદ કરશો? :
જાતિના પંચ પાસે : ૧
કોર્ટમાં : ૨
૬૧૩A શા માટે? :



૬૧૪ તમને તમારા સમાજની/જાતિની કઈ બાબતો સારી અને ગૌરવ લેવા જેવી લાગે છે? :
૦
૦
૬૧૫ તમારી જાતિની/સમાજની કઈ બાબતો તમને ખરાબ લાગે છે અથવા નથી ગમતી? :
૦
૦
૬૧૬ તમને લાગે છે કે શહેરમાં નોકરી કરવાથી તમે વધુ આધુનિક બન્યા છો? :
હા : ૧
ના : ૨
૬૧૭ તમે આધુનિકતા કોને કહો છો? :

## વિભાગ-૭ જૂથ અને સામાજિક સંપર્ક

૭૦૧ તમે તમારા ગામમાં તમારા નામે કોઈ મિલકત ધરાવો છો? :
હા : ૧
ના : ૨
૭૦૧A જો 'હા' તો કઈ કઈ? :

| | | | | |
|---|---|---|---|---|
| ઘર | હા | ૧ | ના | ૨ |
| જમીન | હા | ૧ | ના | ૨ |
| ખેતીવાડી | હા | ૧ | ના | ૨ |
| અન્ય (સ્પષ્ટ કરશો) | હા | ૧ | ના | ૨ |

૭૦૨ તમારાં માતાપિતા ગામમાં કોઈ પારિવારિક મિલકત ધરાવે છે? :
હા : ૧
ના : ૨
૭૦૨A જો હા તો કઈ કઈ? :

| | | | | |
|---|---|---|---|---|
| ઘર | હા | ૧ | ના | ૨ |
| જમીન | હા | ૧ | ના | ૨ |
| ખેતીવાડી | હા | ૧ | ના | ૨ |
| અન્ય (સ્પષ્ટ કરશો) | હા | ૧ | ના | ૨ |

૭૦૩ તમે તમારા ગામની મુલાકાત લો છો? :
હા : ૧
ના : ૨
૭૦૩A જો 'હા' તો કેટલી વાર? :
મહિનામાં એક વાર : ૧
ત્રણ મહિને એક વાર : ૨

છ મહિને એક વાર : ૩
વર્ષે એક વાર : ૪
બેત્રણ વર્ષે એક વાર : ૫
અન્ય (સ્પષ્ટ કરશો) : ૬

૭03B કયાં કારણોસર?
સગાંસંબંધીઓને મળવા : ૧
સામાજિક, ધાર્મિક પ્રસંગોએ : ૨
તહેવારોએ : ૩
ખેતી-મિલકતની દેખરેખ માટે : ૪
અન્ય (સ્પષ્ટ કરશો) : ૫

૭03C ગયા વર્ષે તમે તમારા ગામની મુલાકાત કયાં કયાં કારણોસર લીધી હતી? :
o
o

૭03D તમે ગામમાં જાઓ ત્યારે ત્યાં રહેવામાં/સગાં-સંબંધીઓ સાથે સાનુકૂળ થવામાં તમને કોઈ તકલીફ પડે છે? :
હા : ૧
ના : ૨

૭03E જો 'હા' તો કેવી? કયાં કારણોસર?

૭03F તમારાં બાળકોને ગામમાં રહેવામાં/સગાંસંબંધીઓ સાથે સાનુકૂળ થવામાં તકલીફ પડે છે? :
હા : ૧
ના : ૨

૭03G જો 'હા' તો કેવી? કયાં કારણોસર? :

૭૦૪ તમારા ગામમાંથી સગાંસંબંધીઓ તમારા ઘરે આવે છે? :
હા : ૧
ના : ૨

૭0૪A જો 'હા' તો તેમની સાથે અનુકૂળ થવામાં આપને કોઈ તકલીફ પડે છે? :
હા : ૧
ના : ૨

૭0૪B જો 'હા' તો કઈ જાતની તકલીફ પડે છે? :

૭0૫ આ શહેરમાં તમારી જાતિના લોકો સાથે તમારો સંપર્ક કેટલો છે? :
ખૂબ જ : ૧
સાધારણ : ૨
ઓછો : ૩
બિલકુલ નહીં : ૪

૭0૬ આ શહેરમાં તમને જેની સાથે આત્મીયતા હોય એવા તમારા ત્રણ મિત્રોનાં નામ આપશો?



નામ જાતિ :
ઉંમર વ્યવસાય :

૭0૭ આ શહેરમાં તમારા નજીકના પારિવારિક મિત્રો કોણ છે? :
પોતાની જાતિના લોકો : ૧
બિનઆદિવાસી જાતિના લોકો : ૨
જાતિના (પોતાની) અને બિનઆદિવાસી : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૭0૮ આ શહેરમાં બિનઆદિવાસી લોકો/મિત્રો તમારે ત્યાં કયાં કારણોસર આવે છે? :
મળવા, વાતો કરવા : ૧
તહેવારો નિમિત્તે : ૨
લગ્ન, જન્મ આદિ પ્રસંગોએ : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૭0૯ તમે શહેરના બિનઆદિવાસી મિત્રોને ત્યાં કયાં કારણોસર જાઓ છો? :
મળવા, વાતો કરવા : ૧
તહેવારો નિમિત્તે : ૨
લગ્ન, જન્મ આદિ પ્રસંગોએ : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૭૧૦ તમે માનો છો કે શહેરમાં રહેવાથી સામાજિક પ્રતિષ્ઠા વધે છે? :
હા : ૧
ના : ૨
કોઈ ફેર પડતો નથી. : ૩

૭૧૧ તમને તમારા ગામની જિંદગી કરતાં શહેરની જિંદગી વધુ સારી લાગે છે? :
હા : ૧
ના : ૨

૭૧૧/A શા માટે? :

૭૧૨ તમે ભવિષ્યમાં કયાં સ્થાયી થવાનું વિચારો છો? :
આ શહેરમાં : ૧
અન્ય શહેરમાં/ગામમાં : ૨
તમારા પોતાના ગામમાં : ૩
કહેવું મુશ્કેલ છે. : ૪

## વિભાગ-૮ સમૂહ માધ્યમો

૮૦૧ તમે તમારા ઘરે જ છાપું મંગાવો છો? :
હા : ૧
ના : ૨

૮૦૧/A જો 'ના' તો તમે તે ક્યાં વાંચો છો? ક્યાંથી લાવીને વાંચો છો? :
ઑફિસમાં : ૧
પાડોશીને ઘરેથી : ૨
લાઈબ્રેરીમાં : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૮૦૨ તમે છાપાં મહિનામાં કેટલી વાર વાંચો છો? :
લગભગ રોજ : ૧
અઠવાડિયે એક વાર : ૨
મહિનામાં એક વાર : ૩
પ્રસંગોપાત્ત : ૪
ક્યારેય નહીં : ૫

૮૦૩ તમે કઈ કઈ ભાષાનાં છાપાં વાંચો છો? :
ગુજરાતી : ૧
હિન્દી : ૨
અંગ્રેજી : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૮૦૪ તમને છાપામાં સૌથી વધુ શું વાંચવું ગમે છે? :
સમાચારો : ૧
રાજકીય અને વર્તમાન સમસ્યાઓને લગતા લેખો : ૨
હળવું મનોરંજન આપતી પૂર્તિઓ : ૩
મહિલાઓને લગતા લેખો, વાર્તાઓ, કૉલમો વગેરે : ૪
અન્ય (સ્પષ્ટ કરશો) : ૫

૮૦૫ તમને લાગે છે કે છાપાંઓમાં આદિવાસી સમાજને લગતા સમાચારો/ માહિતી આવે છે? :
અવારનવાર : ૧
પ્રસંગોપાત્ત : ૨
ક્યારેક : ૩
બિલકુલ નહીં : ૪

૮૦૬ તમને લાગે છે કે છાપાંઓમાં આદિવાસી સમાજ અને તેની સાંસ્કૃતિક બાબતોને લગતા લેખો આવે છે? :
હા : ૧
ના : ૨

૮૦૬/A જો 'હા'તો તેમાં મુખ્યત્વે કઈ જાતની માહિતી રજૂ કરવામાં આવે છે? :

૮૦૭ રેડિયો ઉપર આદિવાસી જાતિ કે સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને કોઈ કાર્યક્રમ રજૂ થતો હોય તેવું આપના ધ્યાનમાં છે? :
હા : ૧
ના : ૨



૮૦૭/A જો 'હા' તો કયો? કેવા પ્રકારનો? :

૮૦૮ તમે ફિલ્મ જુઓ છો? :
હા : ૧
ના : ૨

૮૦૮/A જો 'હા' તો ક્યાં? :
થિયેટરમાં : ૧
ટીવી પર : ૨
વિડિયો પર : ૩

૮૦૮/B તમને કયા પ્રકારની ફિલ્મો વધુ ગમે છે? :
સામાજિક : ૧
ધાર્મિક : ૨
રહસ્યવાળી : ૩
અન્ય (સ્પષ્ટ કરશો) : ૪

૮૦૯ તમે ટીવી જુઓ છો? :
લગભગ રોજ : ૧
અઠવાડિયામાં એકાદ વાર : ૨
મહિનામાં એકાદ વાર : ૩
પ્રસંગોપાત્ત : ૪
ક્યારેય નહીં : ૫

૮૧૦ તમને કઈ ચેનલના કાર્યક્રમો જોવા સૌથી વધુ ગમે છે? :

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી/સ્થાનિક ચેનલ | ૧ | ઝી | ૪ |
| રાષ્ટ્રીય ચેનલ | ૨ | સ્ટાર | ૫ |
| લત્તાની ખાનગી ચેનલ | ૩ | બીબીસી | ૬ |
| | | અન્ય | ૭ |

૮૧૧ તમને ટીવી પર કયા કાર્યક્રમો જોવા સૌથી વધુ ગમે છે? :
સમાચારો : ૧
ફિલ્મ અને તેની પર આધારિત કાર્યક્રમો : ૨
મનોરંજક શ્રેણીઓ : ૩
માહિતીસભર કાર્યક્રમો : ૪
શૈક્ષણિક કાર્યક્રમો : ૫
મહિલાઓને લગતા કાર્યક્રમો : ૬
અન્ય (સ્પષ્ટ કરશો) : ૭

૮૧૨ ટીવી ઉપર આવતા કાર્યક્રમોની તમારી ઉપર, તમારા પરિવાર પર કોઈ અસર થાય છે? :
હા : ૧
ના : ૨

૮૧૨/A જો 'હા' તો કેવા પ્રકારની? વિગત આપશો. :

૮૧૩ ટીવી ઉપર આવતી જાહેરખબરોની તમારી જીવનશૈલી ઉપર કોઈ અસર થતી હોય એવું તમને લાગે છે? :
હા : ૧
ના : ૨
૮૧૩/A જો 'હા' તો કઈ રીતે? :
૮૧૪ તમને લાગે છે કે નીચેના સમૂહ માધ્યમો આદિવાસીઓ માટેની સરકારની નીતિઓ અને વિકાસલક્ષી કાર્યક્રમો અંગેની માહિતી રજૂ કરે છે? :

| | વારંવાર (૧) | ક્યારેક (૨) | બિલકુલ નહીં (૩) |
|---|---|---|---|
| છાપાં | ૧ | ૨ | ૩ |
| રેડિયો | ૧ | ૨ | ૩ |
| ટીવી | ૧ | ૨ | ૩ |

૮૧૫ તમારી દૃષ્ટિએ આદિવાસી સમાજમાં આ જાતની માહિતીનો પ્રચાર કરવામાં કયાં કયાં માધ્યમો અસરકારક અથવા ઉપયોગી બની શકે? :

| | | | |
|---|---|---|---|
| છાપાં | ૧ | ફિલ્મ | ૬ |
| રેડિયો | ૨ | શેરી નાટકો | ૭ |
| ટીવી | ૩ | જાતિના ભણેલા આદિવાસીઓ | ૮ |
| પોસ્ટરો | ૪ | અન્ય (સ્પષ્ટ કરશો) | ૯ |
| ભીંતપત્રો | ૫ | | |

૮૧૬ આદિવાસીઓ માટેની સરકારી નીતિઓ/કાર્યક્રમો અંગેની સૌથી વધુ માહિતી તમને કોના દ્વારા મળે છે? :

| | | | |
|---|---|---|---|
| છાપાં દ્વારા | ૧ | સગાંસંબંધી/જાતિના લોકો દ્વારા | ૫ |
| રેડિયો દ્વારા | ૨ | સહકર્મચારીઓ દ્વારા | ૬ |
| ટીવી દ્વારા | ૩ | અન્ય (સ્પષ્ટ કરશો) | ૭ |
| પતિ દ્વારા | ૪ | | |

૮૧૭ તમને રાજકીય ઘટનાઓથી વાકેફ કરવામાં અને રાજકીય વિચારસરણી ઘડવામાં નીચેનાં માધ્યમોએ કોઈ ભૂમિકા ભજવી હોય એમ તમને લાગે છે? :

| | | | | |
|---|---|---|---|---|
| છાપાં | હા | ૧ | ના | ૨ |
| રેડિયો | હા | ૧ | ના | ૨ |
| ટીવી | હા | ૧ | ના | ૨ |

## વિભાગ-૯ 'સ્વ' અંગેના ખ્યાલો

૯૦૧ તમે તમારા ગામમાં રહેતી તમારી જાતિની ઓછું ભણેલી કે અભણ સ્ત્રીઓ સાથે કેટલી નિકટતા અનુભવો છો? :
ખૂબ જ : ૧



સાધારણ : ૨
ઘણી ઓછી : ૩
બિલકુલ નહીં : ૪
૯૦૨ તમે તમારી સાથે નોકરી કરતી બિનઆદિવાસી સ્ત્રી સાથે કેટલી નિકટતા અનુભવો છો? :
ખૂબ જ : ૧
સાધારણ : ૨
ઘણી ઓછી : ૩
બિલકુલ નહીં : ૪
૯૦૩ તમને લાગે છે કે શહેરની બિનઆદિવાસી સ્ત્રીઓ સાથે તમે પૂરેપૂરો તાલ મિલાવી શકો છો? એમની સાથે ભળી ગયા છો? :
સંપૂર્ણ રીતે : ૧
ઘણા અંશે : ૨
કેટલેક અંશે : ૩
બિલકુલ નહીં : ૪
૯૦૪ તમને લાગે છે કે શહેરના બિનઆદિવાસી લોકો તમારી સાથે કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર તમારી સાથે ભળે છે ? :
સંપૂર્ણ રીતે : ૧
ઘણા અંશે : ૨
કેટલેક અંશે : ૩
બિલકુલ નહીં : ૪
૯૦૫ તમને લાગે છે કે તમારા કરતાં ગામડામાં રહેતી નોકરી નહીં કરતી આદિવાસી સ્ત્રીનું જીવન વધુ સારું અને સ્વતંત્ર છે? :
હા : ૧
ના : ૨
કહી ના શકાય : ૩
૯૦૬ તમારા મતે શહેરી હિન્દુ સમાજ કરતાં આદિવાસી સમાજમાં સ્ત્રીઓનો મોભો અને સ્વતંત્રતા —
વધુ છે : ૧
ઓછાં છે : ૨
સરખાં છે : ૩
૯૦૭ 'આદિવાસી' તરીકે ઓળખાવામાં તમે કેવી લાગણી અનુભવો છો?

# પરિશિષ્ટ-૨

## સંદર્ભસૂચિ


1. Fischer, Eberhard and Shah, Haku : ***"Vetra Ne Khambha" Memorials for The Dead,*** Gujarat Vidyapith, Ahmedabad (1973)
2. Ghurye, G. S. : ***The Scheduled Tribes,*** Popular Press, Bombay (1963)
3. Glazer, Nathan and D. P. Moynehan (eds.) : ***Ethnicity,*** Harvard University Press, England (1975)
4. Khubachandani, L. M. : ***Tribal Identity,*** Indian Institute of Advanced Study, Shimla and Indus Publishing Company, New Delhi (1992)
5. Lal, R. B. : ***Modern Industry and Tribals,*** Tribal Research and Training Institute, Gujarat Vidyapith, Ahmedabad (1980)
6. Narayanan, Leila : ***Ethnicity in Urban Context,*** Rawat Publications, Jaipur (1989)
7. Shah, P. G. : ***Tribal Life in Gujarat,*** Gujarat Research Society, Bombay (1964)
8. Srinivas, M. N. : ***Caste in Modern India and Other Essays,*** Asia Publishing House, Bombay (1962)
9. Srinivas, M. N. : ***Social Change in Modern India,*** Orient Longman, Bombay (1972)
10. Vidyarthi, L. P. and Lal, R. B. : ***Cultural Configuration of Ranchi : A Study of Pre-industrial city,*** Calcutta, (1969)


### ગુજરાતી ગ્રંથો


૧. ઝવેરી, મહેન્દ્ર કૃષ્ણલાલ : **સામાજિક પરિવર્તન,** ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (૧૯૭૭)

૨. ભટ્ટ, અરવિંદ : **ગુજરાતના ચોધરીઓ,** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (૧૯૮૫)







૩. મહેતા, રેખા : **આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન,** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (૧૯૮૯)

૪. શાહ, ઘનશ્યામ : **આદિવાસીઓ : ગઈ કાલે અને આજે** સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત (૧૯૮૫)

૫. શાહ, વિમલ : **ગુજરાતના આદિવાસી,** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (૧૯૬૮)


### અપ્રકાશિત અહેવાલો અને અભ્યાસ નિબંધો


(1) Patel, Tara : Education among Tribal Women in Gujarat (1983)

(2) Shah and Patel : A Study of The Scheduled Caste/ Tribe: Post Matric Scholars of Gujarat (1977)


(3) Shah and Patel : A Study of Social Context of Tribal Education in Gujarat (1981)


### પત્રિકાઓ


(1) Bulletin of the Cultural Research Institute (Special Issue on Scheduled Tribes) Volume 19: Number 1 and 2: 1992, Scheduled Castes and Tribes Welfare Department, Government of West Bengal

(2) Cultural Forum (Special Issue on Tribal Culture of India) Volume 11: Nos. 1-2, Oct. 1968 - Jan. 1969, Ministry of Education, Government of India

(3) Lokayan Bulletin 10:5:6 1994 (Special Issue on Tribal Identity)



સુરત જિલ્લાના એક ગામડાનું ધોડિયા જાતિનું આદિવાસી કુટુંબ



ગામડાંમાં વસતું ગામીત જાતિનું એક કુટુંબ : ગામડાંમાં પણ આદિવાસીઓની નવીન પેઢીના પહેરવેશ પર શહેરી સંસ્કૃતિની અસર આવી ગઈ છે. અહીં આદિવાસી કુટુંબના માતા-પિતા પરંપરાગત પહેરવેશમાં છે. જ્યારે દીકરીએ શહેરી ઢબ પ્રમાણે વસ્ત્રો પહેર્યાં છે.



વાલોડ તાલુકાના (સુરત જિલ્લો) આદિવાસી ગામડાનું એક ઘર




વસાવા જાતિના આદિવાસી લોકો





જંગલમાં લાકડાં કાપવા
જતી ગામીત જાતિની
સ્ત્રીઓ

ખેતરમાં કામ કરી રહેલી
આદિવાસી મહિલાઓ





દેવરુ (કેટલીક આદિવાસી
જાતિઓમાં ઝાડની નીચે મૂકવામાં
આવતું ધાર્મિક સ્થાનક)



પરંપરાગત નૃત્ય (નાચણું) કરી રહેલી આદિવાસી સ્ત્રીઓ





ગામીત જાતિની એક વૃદ્ધા



ગામીત જાતિની આદિવાસી કિશોરી



રાઠવા જાતિની આદિવાસી કન્યાઓ



પારંપારિક નૃત્ય કરી રહેલી ભીલ ગરાસિયા જાતિની સ્ત્રીઓ





ભીલ ગરાસિયા જાતિના પુરુષો તેમના હથિયાર તીર-કામઠાં સાથે



ફોર્ટ સોનગઢ(સુરત જિલ્લો)ના હાટમાં આદિવાસી સ્ત્રી-પુરુષો



ડાંગ વિસ્તારની આદિવાસી સ્ત્રીઓ





ખેતરમાં કામ કરતી ભીલ ગરાસિયા જાતિની સ્ત્રીઓ



સાબરકાંઠા જિલ્લાની ભીલ ગરાસિયા જાતિની આદિવાસી મહિલા





શહેરમાં નોકરી કરતી ભીલ ગરાસિયા જાતિની આદિવાસી મહિલા



ચૌધરી જાતિનું આદિવાસી દંપતી





શહેરમાં રહેતું આદિવાસી દંપતી



ગામડાંમાં રહેતી આદિવાસી કન્યા





ગોર્યો વ્રતની ઉજવણી કરી રહેલી, શહેરમાં વસતા આદિવાસી કુટુંબની કન્યા



**નેતરકામ કરતી ગામીત સ્ત્રીઓ**

(તસવીર સૌજન્ય : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)